
# પ્રગટ ભજનાવલી



પ. પૂ. પ્રગટ પુરૂષોત્તમ ભગવાન ( ભાદરણ )

# પ.પૂ.ડૉ. હીરાલાલ ગણપતરામદવે

(ભરૂચ)



જન્મઃ- (આશરે) ૧૮૮૯ અક્ષરવાસ :- ૧૯૬૬



જગદીશચંદ્ર ભુપતરાય ભટ્ટ



હંસાબેન જગદીશચંદ્ર ભટ્ટ

## શ્રી પુરૂષોત્તમસત્સંગ મંડળ - અમદાવાદ વિભાગ.



સંવત ૧૯૮૭ પોષ સુદ ૧૧ સ્થળ : હઠીભાઈની વાડી

# પ. પૂ. પ્રગટ પુરૂષોત્તમભગવાન
# ( ભાદરણ )



જન્મ: સંવત ૧૯૧૯ પોષ વદ છઠ તા. ૧૧-૧-૧૮૬૩

દેહોત્સર્ગ : સંવત ૧૯૯૬ ભાદરવા સુદ ૧૪ તા. ૧૫-૯-૧૯૪૦

## પ્રગટ પ્રભુ શ્રી નારાયણ મુની મહારાજ (ભાદરણ)



જન્મઃ- સંવત ૧૯૪૯ વૈશાખ સુદ આઠમ ર૩-૪-૧૮૯૩
અંર્તધ્યાન :- સંવત ૨૦૧૦ પોષ વદ ચોથ ૨૧-૧-૧૯૫૪

# અનુક્રમણિકા

## વિભાગ - પહેલો મુક્ત શ્રી ગોવિંદભાઇ માસ્તરકૃત કાવ્યો :-


| અ.નં. | કાવ્યની વિગત. | પૃષ્ઠ |
|---|---|---|
| | મંગળાચરણ, શણગાર, આરતી, પ્રાર્થના વિગેરે. | ૧ થી ૮ |
| ૧ | માજી ઝૂલાવે ભાવે પુરૂષોત્તમલાલને રે. | ૮ |
| ૨ | આ હીંડોળો હીંચે છે હરિનો હીંડોળો. | ૯ |
| ૩ | આવજો મારા મહોલમાં રે મન મોહનરાય. | ૯ |
| ૪ | ખેલ કર્યા અલબેલે ખડકે અંતરમાં. | ૧૦ |
| ૫ | આ અરજ સૂણો અવિનાશી. | ૧૦ |
| ૬ | હાય હોય રે માયા ફૂટે માથું ફોડી. | ૧૧ |
| ૭ | આવ્યો અવસર અમુલખ શ્રાવણ માસનો. | ૧૧ |
| ૮ | ગોપીનો વેશ ધર્યો ગીરધારી. | ૧૨ |
| ૯ | વચનામૃત વાલાનાં રે સૂણવા. | ૧૩ |
| ૧૦ | આવો ભાદરણવાળા છેલ છોગાળા. | ૧૩ |
| ૧૧ | ફાગણનો સંત સમાજ આવ્યો હરખાતો. | ૧૪ |
| ૧૨ | સમજો શાણા સંતો સાનમાં રે. | ૧૪ |
| ૧૩ | સુખકારી સમૈયો આવીયો. | ૧૫ |
| ૧૪ | છાસઠ માગશર માસમાં હરિ બોલ્યા રે. | ૧૬ |
| ૧૫ | વીણાં ગામનાં રે ગંગાબાઈનાં એવાં વેણ. | ૧૭ |
| ૧૬ | ધોળા સાધુ કેરી વાત. | ૧૮ |
| ૧૭ | એક અલૌકિક ખેલ મચાવ્યો. | ૧૯ |
| ૧૮ | ઓગણીસેં સિત્તેર સાલે જેઠ માસની બીજ જોને. | ૧૯ |
| ૧૯ | ભજ નિશદિન ભગવાન જીવડા. | ૨૦ |
| ૨૦ | આવો પુરૂષોત્તમ સ્વામી મારે મહોલે આવો. | ૨૧ |
| ૨૧ | રુદિયામાં ધારો મહિમા રુદિયામાં ધારો. | ૨૧ |
| ૨૨ | અલબેલો આંગણિયે આવ્યા રે. | ૨૨ |
| ૨૩ | સંતો પ્રીત કરીને મારા પ્રભુજી પધાર્યા. | ૨૩ |
| ૨૪ | સંતો ભર દરિયા માંહીં હવે વહાણ આવ્યું છે. | ૨૪ |

| | | |
|---|---|---|
| ૨૫ | મોહનની મોરલી વાગી ઝબકીને હું તો જાગી. | ૨૫ |
| ૨૬ | સમર સુખકંદ શ્રી વ્રજચંદ. | ૨૬ |
| ૨૭ | મરમાળા મરમાળા મોહનવર મરમાળા રે. | ૨૭ |
| ૨૮ | જગજીવન જગદીશ જપી લે જીવડા રે જગમાં. | ૨૭ |
| ૨૯ | મનહર મૂરતિ માવા ઉરમાં ઉતારૂં. | ૨૮ |
| ૩૦ | આરે અવસરની હું તો જાઉં રે બલિહારિ. | ૨૮ |
| ૩૧ | એક સમે શ્રીજી સારંગપુર ગામ રે. | ૨૯ |
| ૩૨ | સમરૂં શ્રી હરિ તમને અતિશે ભાવ કરી. | ૩૨ |
| ૩૩ | સૂણો સૌ હરિજન રે કહું એક વાતલડી. | ૩૨ |
| ૩૪ | શામળા સુંદર વર વાલા રે. | ૩૩ |
| ૩૫ | હંમેશાં રાખજે જ તું વચનો પાળ સુખી કરૂં જ હું. | ૩૩ |
| ૩૬ | મુક્તની શિક્ષાપત્રી. | ૩૪ |
| ૩૭ | પછી પ્રભુ કહે સૂણો હરિજન સહુ તમે. | ૪૦ |


**વિભાગ - બીજો મુક્ત શ્રી નરસિંહભાઇ ઝવેરભાઇ**

**(નરસિંહ કાકા ) કૃત કાવ્યો.**


| અ.નં. | કાવ્યની વિગત. | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શ્રી પુરૂષોત્તમ આખ્યાન | ૪૨ |
| ૨ | ધન્ય ધન્ય છે ભાદરણ ગામને રે મારા વાલા. | ૫૩ |
| ૩ | સમૈયો આવ્યો શામનો સંતનો મેળાવડો. | ૫૪ |
| ૪ | અલબેલા ઉતાવળો આવ્ય. | ૫૭ |
| ૫ | મને ચઢી રે ખુમારી નવ ઉતરે. | ૫૮ |
| ૬ | ભલે આવ્યા પ્રગટ ભગવાન, આજ મારે આંગણિયે. | ૫૯ |
| ૭ | પ્રભુજી પ્રગટયા ભાદરણ ગામમાં રે. | ૫૯ |
| ૮ | પોષ સુદી ચોથ તમે આવ્યા'તા | ૬૧ |
| ૯ | મિત્ર સાચા તમે મારે એક છો. | ૬૨ |
| ૧૦ | હવે હું તો પુરૂષોત્તમને કહું છું રે. | ૬૨ |
| ૧૧ | થઇ હું તો રાજી રે મોહન મૂરતિ જોઇને. | ૬૩ |
| ૧૨ | આજ આજ મારી હોડી બુડી છે મહી જળમાં. | ૬૩ |

| | | |
|---|---|---|
| ૧૩ | ગોમતીએ ગજબ કીધો રે, મહીસાગરે માગ જ દીધો રે. | ૬૪ |
| ૧૪ | જ્ઞાન જ્યારે તું બદલાયું રે. | ૬૪ |
| ૧૫ | આજ આજ ઝેર ચઢીયેલ સરવેને ઝાઝું. | ૬૫ |
| ૧૬ | પુરૂષોત્તમજી રે મારો પાલવડો શે સાહ્યો. | ૬૫ |
| ૧૭ | આ પ્રગટના લાડીલાને કોણ રોકે. | ૬૬ |
| ૧૮ | ઓ અક્ષરધામી છો સદા સ્વામી અવતારના અવતાર. | ૬૬ |
| ૧૯ | વાલા મારા વહેલા આવજો. | ૬૭ |
| ૨૦ | આવો હરિ આવો હરિ, સંતોને દર્શન દેવા ફરી. | ૬૮ |
| ૨૧ | ધન્ય વૃંદાવન બંસી રે, બટની છાંયા રે જ્યાં. | ૬૮ |
| ૨૨ | મારા મન ગમતા મહારાજ મારે ઘેર આવો રે. | ૬૮ |
| ૨૩ | અમદાવાદેથી વાલો આવિયા, ઉતર્યા છે નડિયાદ ગામ જો. | ૬૯ |
| ૨૪ | વાટડલી જોઉં છું હરિ વહેલા આવજો. | ૭૦ |
| ૨૫ | પુરૂષોત્તમ સાર્યા ધર્યા શણગાર. | ૭૧ |
| ૨૬ | પ્રભુજી પ્રગટયા રે પુરૂષોત્તમ ભાદરણમાં. | ૭૨ |
| ૨૭ | હવે હું તો હરિ સંગાતે બંધાણી છું હેતે વાલા. | ૭૭ |
| ૨૮ | મન ગમતા મોહન મારે મંદિર આવ્યા. | ૭૯ |
| ૨૯ | વાલા મારા વહેલા આવો. | ૭૯ |
| ૩૦ | વણતેડયા તમે તો આવીયા. | ૮૦ |
| ૩૧ | ભાદરણ ગામને ગાંદરે રે. | ૮૦ |

## વિભાગ - ત્રીજો શ્રી પ્રગટ ભજનાવલીનાં ભજનો

| અ.નં. | કાવ્યની વિગત. | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે. | ૮૨ |
| ૨ | સજની કોડે આનંદ ઘેર પુરૂષોત્તમ પધાર્યા. | ૮૩ |
| ૩ | હાં' લાલ વારે આવો તો વહેલા આવજો રે. | ૮૪ |
| ૪ | ભજો પુરૂષોત્તમ ભગવાન કમ્મર કસી કસીને. | ૮૫ |
| ૫ | પુરૂષોત્તમલાલ તમે લાગો છો પ્યારા. | ૮૬ |
| ૬ | પુરૂષોત્તમ વર છેલ આવ્યા ચાલો જોવા જઈએ રે. | ૮૮ |
| ૭ | અહોનિશ મારે આંગણે સંતનાં સન્માન હો. | ૮૮ |
| ૮ | પુરૂષોત્તમ પ્રગટ થયા રે. | ૮૯ |

| | | |
|---|---|---|
| ૯ | મારૂં વિમાન અધ્ધર જાય. | ૯૧ |
| ૧૦ | આવો પુરૂષોત્તમ હો મારે મંદિરિયો. | ૯૨ |
| ૧૧ | ઘરમાં તીરથ બારણે તીરથ. | ૯૨ |
| ૧૨ | આજ કળિયુગમાં પરચા પૂર્યા પ્રભુજી. | ૯૩ |
| ૧૩ | જુઓ ગુરૂજીએ ઘેલાં રે કીધાં. | ૯૪ |
| ૧૪ | આજ ભવજળ પાર ઉતરિયાં રે. | ૯૪ |
| ૧૫ | પ્રભુ ભજવામાં શાંની લાજ રે. | ૯૪ |
| ૧૬ | સમૈયો આવ્યો શ્યામનો રે કેમ બેસી રહેવાય. | ૯૫ |
| ૧૭ | પીયા પીયા તો ફિર ક્યા રોવના. | ૯૬ |
| ૧૮ | સખી અદ્‌ભુત ભાગ્ય છે આપણાં. | ૯૭ |
| ૧૯ | પુરૂષોત્તમનું રટણ રૂદિયામાં ચાલે. | ૯૮ |
| ૨૦ | જમોને જમાડું રે જીવન મારા. | ૧૦૦ |
| ૨૧ | હાંજી ભલા સાધુ હરિકીરે સાધ. | ૧૦૧ |
| ૨૨ | વચન લોપી જાણે સુખ લેશું રે. | ૧૦૨ |
| ૨૩ | ભાગ્ય જાગ્યાં આજ જાણવાં. | ૧૦૩ |
| ૨૪ | આનંદ આપ્યો અતિ ઘણો રે. | ૧૦૪ |
| ૨૫ | હાલોને સંતો હાલિયે રે લોલ. | ૧૦૫ |
| ૨૬ | સાવ સોનાની મારી વેલડી રે લોલ. | ૧૦૬ |
| ૨૭ | મારા વાલારે અક્ષર ધામની વાટે વહેલા આવજો. | ૧૦૯ |
| ૨૮ | ભગવાન કામ કરે તેનાં, નિર્મળ અંતર છે જેનાં. | ૧૧૦ |

**વિભાગ - ચોથો : પરચુરણ કાવ્યો.**

| અ.નં. | કાવ્યની વિગત. | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | કક્કા કરે સદગુરૂનો સંગ. | ૧૧૦ |
| ૨ | દરદ મીંટાવ્યા મેરા દીલકા. | ૧૧૪ |
| ૩ | સદ્‌ગુરૂ બાંણ ઘાયલ કર્યું જીવે. | ૧૧૪ |
| ૪ | હારે મારા વાલાજી શું વાલપ દીસે રે. | ૧૧૪ |
| ૫ | ઓ તારા લટકાને, ને ઓ તારા મુખડાને. | ૧૧૫ |
| ૬ | આવો તો રૂડો અવસર રે ઓળખવા એક હરી. | ૧૧૬ |
| ૭ | મારે મંદિરિયે પધારો મનના મોહનજી રે. | ૧૧૮ |

| | | |
|---|---|---|
| ૮ | તારા બાનાની બલિહારીરે લાલજી લટકાળા. | ૧૧૮ |
| ૯ | તારી મોરલીએ મહારાજ મન હરી લીધાં રે. | ૧૧૯ |
| ૧૦ | મારા ઘર પછવાડે કારેલી. | ૧૨૧ |
| ૧૧ | આજ મારે આનંદની હેલી રે. | ૧૨૧ |
| ૧૨ | મુને પ્રગટ મળઅયા પુરૂષોત્તમનો આજ. | ૧૨૨ |
| ૧૩ | મારી વેણીનાં બાર બાર ફૂલ. | ૧૨૩ |
| ૧૪ | એકડે એક પાળો પુરૂષોત્તમ આજ. | ૧૨૪ |
| ૧૫ | પાતળીયાલાલ પ્રેમધરીને આવો મારે આંગણે. | ૧૨૪ |
| ૧૬ | હળવે હળવે હળવે પુરૂષોત્તમ. | ૧૨૫ |
| ૧૭ | મારા સમર્યા પહેલાં રે વહેલા આવજો. | ૧૨૬ |
| ૧૮ | રહી જાવો શ્યામ તમે આજની રાતલડી. | ૧૨૬ |
| ૧૯ | તમને કીયા સંતોએ તેડાં મોકલ્યાં. | ૧૨૬ |
| ૨૦ | રીસાયાં રસીક સંગાતે રે રાધા. | ૧૨૭ |
| ૨૧ | અલી ગાંડી ગોવાલણી દાંણ દેને. | ૧૨૭ |
| ૨૨ | હાંરે કાન ખેલે કાલીન્દ્રિને કાંઠડે. | ૧૨૮ |
| ૨૩ | હરિજી મારે હૈયે રહેજો. | ૧૨૯ |
| ૨૪ | એકવાર એકવાર પ્યારા પુરૂષોત્તમ. | ૧૨૯ |
| ૨૫ | જ્ઞાન ખીચડી ચડે ઓ સંતો. | ૧૩૦ |
| ૨૬ | મીઠા વહાલા કેમ વીસરો. | ૧૩૦ |
| ૨૭ | કઠણ ચોટ છે કાળની રે. | ૧૩૦ |
| ૨૮ | તમે રે ઉધ્વજી અમને જ્ઞાન બતાવ્યું. | ૧૩૧ |
| ૨૯ | અક્ષરની વાસી વાલો આવ્યા અવની પર. | ૧૩૩ |
| ૩૦ | અક્ષરના વાસી મારે મંદિરે પધાર્યા. | ૧૩૩ |
| ૩૧ | જ્ઞાની રે ગુરૂજી મળીયા રે | ૧૩૫ |
| ૩૨ | અણું અણુંમાં નીરખું મારો નાથ. | ૧૩૫ |
| ૩૩ | પ્રભુ આવો તે રંગ મને શીદ છાંટયો. | ૧૩૬ |
| ૩૪ | એક મને તારો આધાર શામળા. | ૧૩૬ |
| ૩૫ | પાતળીયા ઘેર પધારો રે. | ૧૩૭ |
| ૩૬ | હોળી તો વ્રજવાસી ખેલે. | ૧૩૭ |

| | | |
|---|---|---|
| ૩૭ | મારે ઘેર આવ્યા રે સુંદિર વર શામળિયો. | ૧૩૭ |
| ૩૮ | સુણો સારંગપૂરની વાત, રમે હરિ રંગતાળી. | ૧૪૦ |
| ૩૯ | છપૈયા ગામે પ્રગટયા પુરૂષોત્તમ. | ૧૪૩ |
| ૪૦ | મારા વાલા અત્યાર સુધી ક્યાં રે ગયા'તા. | ૧૪૪ |
| ૪૧ | બેની મુને મળીયા પુરૂષોત્તમ રાય રે. | ૧૪૪ |
| ૪૨ | જય પુરૂષોત્તમ બોલો ભાઇ જય. | ૧૪૫ |
| ૪૩ | અક્ષર ધામના રાજા ધિરાજ. | ૧૪૫ |
| ૪૪ | મોરલીમાં ગાયું એવું શું તેં કનૈયા | ૧૪૬ |
| ૪૫ | લટકાળા મંદિરિયે આવ્યા. | ૧૪૭ |
| ૪૬ | હાંરે હું તો આવી છું પૂજાને કાજ. | ૧૪૮ |
| ૪૭ | જીવન આવો જમવાને. | ૧૪૮ |
| ૪૮ | પાલવડો પકડી પ્રભુ મારી આગળ ફરે છે. | ૧૪૮ |
| ૪૯ | તમો આવોને મંદિર મારે, પધારો. | ૧૪૯ |
| ૫૦ | સાંભળ સજની રે હો સુખડું. | ૧૪૯ |
| ૫૧ | પુરૂષોત્તમને પ્રેમથી પાયે લાગું. | ૧૫૦ |
| ૫૨ | જાગુમાં જોયા જેવું છે રામ જેને તેને રે. | ૧૫૧ |
| ૫૩ | આવો આવો જશોદાના કાન ગોઠડલી કરીએ રે. | ૧૫૨ |
| ૫૪ | મારા વાલાના વનમાંય વાગે રૂડી વાંસલડી. | ૧૫૩ |
| ૫૫ | નટવર નેણની રે થઇ અંતર આરપાર. | ૧૫૩ |

## વિભાગ- પાંચમો.

| | | |
|---|---|---|
| ૧ | **મુક્ત શ્રી ગોવિંદભાઇ માસ્તરકૃત.** | |
| | શ્રી ગુરૂ જ્ઞાન ગીતાના અધ્યાય ૧ થી ૯ | ૧૫૫ થી ૧૭૩ |
| ૨ | **મુક્ત શ્રી ગોવિંદભાઇ માસ્તરકૃત.** | |
| | શ્રી ગુરૂ ગોવિંદજ્ઞાન ગીતાના અધ્યાય ૧ થી ૪ | ૧૭૩ થી ૧૮૧ |

## વિભાગ - છઠ્ઠો.

| | | |
|---|---|---|
| ૧ | તા. ૧૫-૯-૧૯૧૪ નું શ્રી ગુરૂ ગોવિંદની સહાયતાથી શિષ્ય શ્રી નારાયણ મુની કૃત શ્રી પ્રગટ પુરૂષોત્તમ જ્ઞાન લીલામૃતનું તારણ (અધ્યાય ૧ થી ૧૭) | ૧૮૨ થી ૨૦૨ |
| ૨ | આરતી, પ્રાર્થના, સ્તુતી ભજન... | ૨૦૩ી ૨૦૬ |

મુક્ત શ્રી પટેલ ગોવિંદભાઈ ડુંગરભાઈ માસ્તર



(ઉમરેઠ) ભાદરણ

શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમોનમઃ

# શ્રી પ્રગટ ભજનાવલી



## મંગલાચરણ

**अहो भाग्यम्, अहो भाग्यम, नंद गोप व्रजौकसाम् ।**
**यन्मित्रम् परमानंदम्, पूर्ण ब्रह्म सनातनम् ॥**

## (વિભાગ – ૧)

પ. પૂ. શ્રી પ્રાગજી મહારાજના શિષ્ય
શ્રી ગોવિંદભાઈ માસ્તરકૃત કાવ્યો.
શ્રી પુરુષોત્તમ લીલાસાગર ગ્રંથમાંથી અનુવાદ

## શાર્દુલવિક્રીડિત

પાટીદાર કુળે તમે પ્રગટિયા, પ્યારા પ્રભૂ પ્યારથી,
પૈસાદાર થયા ગરીબ ઘરના, કીર્તિ વધી ત્યારથી;
બાંધી ભવ્ય મકાન રાજ્ય કરતા, ભેળા કરી ભક્તને,
જાદૂ કામ વડે ઠગાઈ કરતા, લાગો બધા ભક્તને. ૧
આ શાળા અભિયાસ પાર કરવો, ધાર્યો અમે આ સમે,
બીજી તો નથી માંડવી પ્રથમથી, બોલ્યા હરિ પ્યાર મે;
મંડાશે પછી અન્ય તો નવનવે, દ્વારે ફરી વારની,
આ લોકે રહીશું અમે કરી દયા ઈચ્છા પ્રમાણે પછી. ૨

## તૂણકમ્

મિત્ર ભાવ રાખતા, સમાન ભાગ આપતા,
કામ કાજમાં સદા, ત્વરા ઘણી બતાવતા;
અત્ર જેમ દેહ ગેહ, લોક સુખ ઘો સદા,
તેમ હે દયાળ બ્રહ્મ, સુખ આપશો કદા. ૧
આપીયા હજાર કોલ, 'સુખીયા કરીશ હું',
કેમ જાઉં વીસરી જ, બોલ 'માં ડરીશ તું'
ધીર કેમ ધારવી, ઘણી જ બીક કાળની,
મે'ર થાય સેજ તો, મળેજ સેવ પાયની. ૨

## વૈતાલિયમ્

સકળ જગત નાથ હે હરી, મહિ પળમાં કરૂણા ઘણી કરી;
નિજ જન મન મેલ બાળીયા, શરણ લઈ ભવ તાપ ટાળિયા. ૧
ગુણલા નવ વીસરે કદા, જગ તાતા તમને રટુ સદા;
મૂરતિ ઉરમાં ઉતારીને, દ્રગ તૃપ્તિ નવ થાય જોઈને. ૨
એવી ઈચ્છા રહે મને, તે માટે વા'લા વસો કને;
કે'શો છુટે શરીર જો, ઈચ્છા પૂરી થાય તે જ તો. ૩
કે'શો જે પાત્ર જો બનો, મનસુબો પૂરાય આપનો;
તો કહું હે નાથ માહરા, મનમાં રોષ ધરો નહિ જરા. ૪
છોડાવો દેહ હે હરી, ધારો તેજ શકો તમે કરી;
ધારી જો પાત્રને ઘડો, શું થાયે તમને જ દાખડો. ૫

શા માટે વાર થાય છે, વણ સમજે મન તો મૂઝાય છે;
સમઝાવો જ્ઞાનને કરી, વિનવું વાર હજાર હે હરી. ૬
ગોવિંદો દાસ તાહરો, કાઢે છે ગુણનો જ ઉભરો;
નિર્ગુણ કરશો તમે જદા, આવું નહિ બોલેજ તે કદા. ૭
માથે શરબંધ શ્રી હરી, ખેંચે વૃત્તિ વેગમાં ખરી;
તેમાં તોરા ઝબૂકતા, ઝૂલે છે મન માંહી મા'લતા. ૮
ભાલે તો આડ કેસરી, ચાંદલીયો કયમ જાય વિસરી;
આંખલડી તેજની ભરી, નિરખીને જીવડો ગયો ઠરી. ૯
કુંડળ કાને જડેલ છે, ગાલે ગોળ મટોળ ચંદ છે;
નાશા શોભા અધિક છે, બત્રીસી ભુખમાં અનૂપ છે. ૧૦
વદન કમળ નિરખી દ્રગે, મૂછ નિરખી જોઈ રહુ ટગે;
અધળ પ્રવાળાં અનુપ છે, હૈડે હાર હજાર ફૂલ છે. ૧૧
જામો ઝળકે ઝિકે કરી, શોભે કુંદન હાર ઉતરી;
મોતી માળા મને વસી, નિરખી વૃત્તિ ના શકે ખસી. ૧૨
સેલું છે લાલ રેશમી, બુટ્ટાદાર રહ્યું મને ગમી;
કુંદન કાંડે કડાં વળી, વીંટી વેઢ સહિત આંગળી. ૧૩
હીરાગળ હાથમાં ગ્રહ્યા, રૂમાલો મનમાં વસી જતાં;
બાંહે બાજુ બિરાજતા, જોરે તે મનમાં ગરી જતાં. ૧૪
સેલુ કે'ડે કસ્યું દીસે, છેડા બે લટકે જ બે દિસે;
મખમલ લેંઘો ઝબૂકતો, મોજડી પર રહી મોજ મારતો. ૧૫
આવ્યા ધરી વેષ વાલમો, દરશનનો આવ્યો ભલો સમો;
હિંડોળે ઊભલા હરી, ઊંચા બે હાથો વળી કરી. ૧૬
શિક્ષાપત્રી ગ્રહી કરે, નેણે મટકુ એક ના ભરે;
પંક્તિ બે ગોપી ગોપની, ઊભી છે બે પાસ નાથની. ૧૭
નિરખે હરખે કરી હરી, સરવે જન જોઈ ગયાં ઠરી;
ઘંટો રણક્યા ધ્વનિ થયા, વાગ્યાં ઢોલ જ શંખ ફૂંકીયા. ૧૮
શબ્દે દિગ્પાળ ડોલીયા, વૈમાને ચઢી દેવ આવીયા;
વિધિથી આરતી કરી, ભાવિ ભક્તે ભેટ ધરી. ૧૯
પછી વાલો ખુરશી વિષે, હિંડોળે બેઠા વળી દિસે;

નમીને સૌ સંત નાથને, બેઠા છે સન્મુખ આસને. ૨૦
કીરતન ગાયાં પછી ઘણાં, સૂણ્યાં શું કહુ ભાગ્ય તે તણાં;
વાતો કરીને પ્રમોદિયા, શાંતિના રસ્તા બતાવીયા. ૨૧
એવી લીલા હંમેશની સંભારો કરી પ્યાર રોજની;
આ લોકે સુખ આપશે, પરલોકે તો અક્ષરે વસે. ૨૨

## આરતી કીજે પુરૂષોત્તમ સ્વામી-રાગ

આરતી આજ અનૂપ ઉતારું, હરિ નખ શીખ રૂપ હૃદય વીચ ધારૂ. આ;
ચરણ કમળે ચારૂ શ્વેત મોજડિયો, શ્વેત ધોતી જરકશી ગડી પડિયો.આ. ૧
સુંદર સદરો શ્વેત બદન પર, સુંદર કલગી ટોપી શીર ઉપર. આ;
ટોપીમાં તોરા ચોરે ચિત્ત મોરા, ઝળક ઝળક છબી નવલ કિશોર. આ. ૨
ભાલમાં આડ કેસર કરી ભાળી, કુમ કુમ ચાંદલિયે હદ વાળી.આ;
ગાલ બકડી કરણ કડી છાજે, ઉતરી હાર ને કંઠી વિરાજે. આ. ૩
હેમ કડાં શ્વેત રૂમાલે, વેઢ વીંટી કર પત્રિકા ભાળે. આ;
એવી છબી અપખંડ રહો દ્રઢ આગે, દાસ નારાયણ એ વર માગે. આ. ૪

## હરીગીત - પ્રાર્થના

ભગવાન હે પ્રગટ્યા તમે, કરતા મનુષ્ય ચરિત્રને,
પરદેશથી આવેલ ભક્તો, ભેટતા ભરી બાથને;
ખાધા પીધા ની ખબર પૂછી, ભાવથી બોલાવતા,
થાકેલ માંદા વૃદ્ધના, ચરણો વળી ચંપાવતા; ૧
ક્યારેક છાતી મધ્ય ચાંપી, ચરણ શાંતિ આપતા,
ક્યારેક મસ્તક ઉપર બે, હસ્ત કમળો સ્થાપતા;
એવા અનાદિ કૃષ્ણ પૂરણ, બ્રહ્મ જે પરમાત્મા,
નમું ધર્મ ને ભક્તિ તણા સુત, હે પ્રભુ પુરુષોત્તમા. ૨
દર્શન તમારાં ઈચ્છતા, આવે નવા જ હરિજનો,
જાણે નહીં ઘર પારકુ, વરતન પ્રભુ તે રીતનો;
રાખો તમે તેથી કરી, મનમાં ઘણું હરખાય રે,
જાણે અનાદિ પ્રીત, આ ભગવાન સાથે માહરે. ૩
તે ભક્ત જન અર્પણ કરે, જે પુષ્પ ચંદન ભાવથી;
સ્વીકારતા કરી પ્યાર, વારંવાર સહજ સ્વભાવથી.

આ પ્રફુલ્લ એવું હદય, પંકજ કર્ણિકાનું પુષ્પ છે;
છે મોગરો ફૂલેલ જાણે, પૂર્ણ શશિ સમ મૂખ છે. ૪
આ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ, પ્રલય લીલા આપની,
એવા તમો કિશોર મૂર્તિ, ભક્તિ ઉત્તમ જાતની;
છો જગનિવાસા ચર્ણકમળો, મૂક્ત જેનાં પૂજતા. નમું. ૫
ને નિસ્પ્રયોજન દયા સ્થાનક, ધર્મ સર્ગો પ્રેરતા,
છો કાળ સર્ગ અધર્મના ને, ભક્ત જન સુખ આપતા;
કરને વિષે સુંદર ગ્રહીને, માળિકા તુલસી તણી,
સંભારતા નિજ ભક્તજનને, પ્રીતડી લાવી ઘણી. ૬
આ સબીજ રૂડો યોગ તેના, અર્થને સમજાવતા
આ પૃથ્વી ઉપર પાપ વધતાં, દિવ્ય દેહ તમે ધરી,
સંસાર સાગર જીવ તાર્યા, ભક્તની રક્ષા કરી;
કરૂણાળુ કોમળ નયન દ્રષ્ટિ, ભક્ત દળ નિહાળતા,
ભ્રકુટી વિલાસે ત્રાસ પ્રેરી, કાળને કંપાવતા;
મુખચંદ પૂરણ ચિત્ત હરતા, આતમના આતમા નમું. ૭
આ અધર્મીને અસુર ખોટા, ખ્યાલના કરનાર જે,
પોતા પ્રતાપે નાશ કરતા, કાળના પણ કાળ હે;
પોષણ કરો છો સર્વ રીતે, ભાગવત્ ધર્મો તણું,
ને પરમ આનંદ મૂરતી, મુની વૃંદ સેવે છે ઘણું. ૮
પ્રગટ્યા તમે અવની વિષે, નિજ પ્રેમી ભક્તો કારણે,
લાડો લડાવો નવ નવાં, ને બીક કાઢી બારણે;
હે ભક્ત જનની અલ્પ વસ્તુ, શ્રેષ્ઠ કરીને માનતા,
વળી એમને ઈચ્છિત વરોને, હેત કરીને આપતા, ૯
કે'નું ધરો છો ધ્યાન મીંચી, આંખને હો બાપલા,
બેઠા થકી ઉભા રહી, કોના જપો છો જાપલા;
મુકતો ઘણા ઉદ્ધવ સુદામા, વિદુર ધ્રુવ પ્રહલાદ રે,
વળી લક્ષ્મી રાધા ગોપીઓ, જોઈ રહ્યાં મુખ આદરે. ૧૦
રાખી ઉઘાડાં નેત્ર દર્શન, દાનને તો દીજીએ;
ઝાઝુ ઘટે નહીં બોલવું પણ બાળ બુદ્ધિ કીજીએ;

મોટા પ્રભુ હે ભક્ત વત્સલ, પ્રસન્ન થોજો બાપલા,
વાણી ગુણાનુંવાદ કરજો, જીભ જપજો જાપલા. ૧૧
કિર્તન કથાદિ શ્રવણ કરવા, કરણ શ્રદ્ધા આપજો,
આ આંખડી દર્શન તમારાં, દાસનાં વળી રાખજો;
સેવા તમારી હાથ કરજો, પાય તીરથ ચાલજો,
મસ્તક નમો તમને સદાએ, મજ ચરણમાં મહાલજો;
હે પ્રગટ પુરુષોત્તમ તમે જે, છો અનાદિ મૂરતી,
માગું તમારી પાસ વર એ, આપજો કરી સૂરતી. ૧૨

**વસંતતિલકા**

આ મૂરતી પૂરવ પૂન્ય વડે મળે છે, આ મૂરતી સમરતાં દુઃખડાં ટળે છે,
આ મૂરતી મન ગમે સુખ શાન્તિ થાય, આ મૂરતી ઉર ધરે ભવરોગ જાય;
આ મૂરતી પરમ પાવન કામ ધેનું, આ મૂરતી પ્રગટ છે ધર ધ્યાન તેનું;
આ મૂરતી સરવ શાસ્ત્ર તણો જ સાર, આ મૂરતી અકળ કેમ પમાય પાર.

આ પ્રાણનાથ નિરખી નયણાં ઠરે છે,
આ હિંચકો હૃદયમાં મુજને ગમે છે;
આ મૂરતી મનનથી ઉરમાં ઉતારો,
આ ધામ ઠામ વસવા અવતાર મારો; ૧
આ ગામ વાસ મળીયો અવતાર જેનો,
આ ઓળખ્યા જગપતી ધન્ય જન્મ તેનો;
આ જોગ રોજ જગમાં સુખદા સદાય,
આ સંત સંગ મળીયો ગરવો ગણાય; ૨
હે તાત આજ અવની તળમાં પધારી,
ભેગાં કર્યાં નિજ જનો મમતા વધારી;
કાઢ્યા કલેશ સહુના અજ્ઞાન કાપી,
ધારો અખંડ સુખીયા કરવા તથાપી. ૩

દાતા સદા સુખ તણા જગમાં તમો છો, ભૂલા પડેલ અમને ભવમાં ગમો છો;
ભૂલો સુધારી સુખડાં કરતા જ સ્વામી, વંદુ સદા વિનયથી અગણિત નામી.
જો આઠ જામ હરિમાં મનડું રખાય, એકાદશી નિયમથી થયેલી ગણાય,
ઈન્દ્રિ આહાર, સઘળા તજતાં વિચારી, રાજી થઈ મલપતા મળશે મુરારી;

જોગી તણું જીવન તો વનવાસ માગે, ભોગી ભલે ભવનમાં ભટકાય રાગે.
જોગી વસે નગરમાં જર જોરૂ ચા'ય, રાગી થતાં વિષયનો નરકેજ જાય.

પાપો અનેક જનમે, જીવનાં કરેલાં, ૪
કાયિક વાચિક મને ભવમાં થયેલાં;
શબ્દે તથા સ્પરશથી, રસ રૂપ ગંધે,
તે તે પ્રકાર બળશે હરિને સંબંધે;
માટે સંબંધ હરિનો, સરવે પ્રકારે,
કલ્યાણકારી સમજો ભવ પાપ બાળે;
ચિંતામણી સુખકરી, હરિ મૂર્તિ આજ,
સંભારતાં સુધરશે સઘળાં જ કાજ.
આઠો પહોર સુરતી, કરનાર સંત, ૫
જ્ઞાની બની જગતનો બનશે મહંત;
સત્તા અનેક મળશે, હરિને પ્રતાપે,
માયા જ કાળ કરમો નહિં દુઃખ આપે;

બોલ્યા હરિ કરી કૃપા સુણજો તમે સૌ, નિશ્ચે થયો જ સૌને અરધો અમારો,
બાકી રહ્યા નિરવિકલ્પ હવે પછીના, પુરા થએ સુખ થશે દઢતા જ રાખો.

મુદ્દા જ ચાર સમજી મનમાં ઉતારો, ૬
જાણો ઉપાય સુખનો દુઃખ ટાળનારો;
બીજે નથી જગતમાં સુખ લેશ માત્ર,
જોજે વિચારી જીવડા દુઃખદાય ગાત્ર;
જીવો મરો સુખી રહો દુઃખથી પીડાઓ,
કલ્યાણ થાવ અથવા નવ તે જ થાઓ;
સ્વર્ગ જવાય નર્કે કદી વાસ થાય,
ઈચ્છા ન કોઈ ભગતે મનમાં રખાય.
વાસો અદા સુખ તણો ચરણે હરીને, ૭
કાં સંતમાં સુખ રહ્યું ભજને કરીને;
રાખો અખંડ સુરતી હરિ મૂરતીમાં,
શાબાશ જન્મ જગમાં શુભ કિરતીમાં;
સારા પુરુષ યતનો કરવા વિચારી,

ઈચ્છા પ્રભુ પ્રસન્નતા દૃઢ ટેક ધારી;
મૂર્તિ સદા નિરખવી હરિ હેત કાજે,
ગોવિંદ ગાય ગુણલા હરિના સમાજે. ૮

**મંદાક્રાંતા**

પ્યારા મારા નમન કરીને, હેતથી વિનવું છું,
શાન્તિ દાતા સકળ જગને, આપને એ કહું છું;
રાખી પાસે વિનય શીખવી, વાસના છેક ટાળો,
જેવો તેવો તરણ સરખો, દાસ હું છું તમારો. ૧

સ્વામી મારા, નમન તમને, હાથ જોડી કરું છું;
મારા સામી, નગર કરજો, ધ્યાન એવુ ધરું છું;
માયા મારી, મદન રીપુને, ક્રોધ આદી વિડારો,
ત્યારે થાશે, મમ જનમ તો, સુખનો આપનારો. ૨

**કવિતા**

શ્યામ શીર પાઘ લાલ, લાલ ચંદ ભાલ છે. ટેક
નયન મધ્ય ટસર લાલ, લાલ ઉભય ગાલ છે. શ્યામ-૧
લાલ ચંદ ગાલ લાલ, જીભ અધર લાલ છે. " -૨
કર્ણ કડી નંગ લાલ, નાક ચિબુક લાલ છે. " -૩
લાલ કંઠ લાલ પુષ્પ, હાર લાલ શાલ છે. " -૪
હસ્તની હથેળી લાલ, નખ મણી જ લાલ છે. " -૫

**ભજન (૧) હાલરડુ**

જશોદાજી ઝૂલાવે ભાવે બાલ કનૈયાને રે,
ઝૂલે પારણીએ રૂપાળો નટવરલાલ;
માડી વદન કમળ પર વારે કોટીક ચંદને રે,
ઝગમગ ઝળકે રૂડુ બાળ કુંવરનું ભાલ. જસોદાજી. ૧
માથે વાળ મનોહર કોમળ સુવર્ણ રંગના રે,
નયન કમળને નિરખી હરખે વારંવાર;
વાંકી ભ્રકુટી ઉતર્યા મદ કામના રે,
નિર્મળ નાશા કાને કુંડળ કડીઓ સાર.જશોદાજી. ૨

કોમળ કંઠે મોતી માળા રૂડી શોભતી રે,
કોમળ કરની રાતી આંગળીઓની હાર,
કોમળ છાતી કોમળ પેટ કટી મન લોભતી રે,
કોમળ સાથળ ઢીંચણ ચરણ કમળ નિરધાર. જશોદાજી. ૩
કાલા બોલા લાગે વહાલા માત તાતનેરે,
પાડોશીને જોતાં વાધે નવલો પ્યાર;
મોહન મૂરતી મનમાં રાખી કરતાં વાતને રે,
પ્રભુજી પ્રગટ્યા ગોવિંદ બેડો કરવા પાર. જશોદાજી. ૪

### ભજન (૨) હીંડોળો

આ હીંડોળો હીંચે છે, હરિનો હીંડોળો હીંડોળો;
આ રૂપાળો દીસે છે, હરિનો હીંડોળો હીંડોળો..ટેક
આ લાકડીઓની શોભા સારી, પતરાં જડીને પાટ સમારી;
મશરૂ ગાદી કામણગારી, આ ઓછાડે હદવાળી... હરિનો. ૧
જડ્યાં પાટીઆં પાછળ તકીએ, સજ્જડ બાંધ્યાં છે લાકડીએ;
જાજમ નાંખી વાળી ગડીએ, આ શ્વેતાંબર નીરખીએ...હરીનો. ૨
મખમલ તકિયો લાલ પટાળો, લાલ ઓશીકું મખમલ ભાળો;
પધારીયા પાટે લટકાળો, આ કર લટકાં નિહાળો...હરિનો. ૩
તકિયા પાછળ ચીજ રાખીઓ, ચક્કુ કાતર વાળ ચીપીઓ;
પરચુરણ પૈસાદિ પાઈઓ, આ નાણાંની કોથળીઓ... હરિનો. ૪
પૈસા માટે શ્વેત કટોરી, ટાટ પતાસાં રૂમાલ ટોળી;
પુસ્તક પાનાં ચંદન ગોળી, આ ઢગ ચીજો નિહાળી... હરિનો. ૫
એક મને હીંડોળો ધારે, મનહર મૂરતિ મન ઉતારે;
સહેજે ભવસાગરને તારે, આ ગોવિંદ ગુણસંભારે... હરિનો. ૬

### ભજન (૩) ઉતારો વેઠની ગાંસડીરે' એ રાગ.

આવજો મારા મહોલમાં રે, મન મોહનરાય;
હુંસે હુંસે મારા હોલમાંરે, મન મોહનરાય. ટેક
સોળ શણગાર તમે લાવજો વહાલારે; વાટડી જોઉં દિનરાતમાંરે.મન.૧
દૃઢ શ્રદ્ધા અને સ્વધર્મ લાવજોરે; લાવજો વળી વૈરાગ્યને રે.મન.૨
સર્વ પ્રકારે ઈન્દ્રિયો નિગ્રહ રે; અહિંસાને બ્રહ્મચર્યને રે.મન.૩

સાધુ સમાગમ આતમ નિષ્ટારે; લાવજો લાવજો લહેરમાં રે.મન.૪
મહાત્મ સહિત પ્રભુ નિઃશ્ચળ ભક્તિરે; સંતોષ ને નિર્દભતારે.મન.૫
દયા સાગર તમે દયાને લાવજોરે; તપ ત્રિભોવન રાયજી રે.મન.૬
ગુણે મોટા જે ભક્ત હરિનારે; તેને વિષે ગુરુ ભાવને રે.મન.૭
ગુરુ ભાવ રાખીને બહુ પ્રકારેરે; માનવા તેને કરી પ્યારને રે.મન.૮
બરોબરીયામાં સુહૃદ ભાવનેરે; ઉતરતાંમાં શિષ્ય ભાવને રે.મન.૯
શણગાર લાવીને મને સજાવજોરે; સેવામાં રહુ કરી પ્યારને રે.મન.૧૦
દસ ગોવિંદની વિનંતી સુણજોરે; પ્રીતે પુરુષોત્તમ રાયજી રે.મન.૧૧

**ભજન (૪) "સુંદર શામળિયા" એ રાગ.**

ખેલ કર્યા અલબેલે, ખટકે અંતરમાં;
કૂદે નાચે બોલે, વસીયા છે મનમાં.....ટેક
અલબેલાજી અઢળક ઢળિયા, બાથ ભરીને મુજને મળિયા;
તન મન તાપ સમૂળા ટળિયા, અંતરવૃત્તિમાં ઉતરિયા. ખટકે. ૧
ગરબે ગાતા લટકાં કરતાં, ગોપીજનમાં ભેળા ફરતા;
તાળી પાડે નીચા નમતા, પગના ચાળા મનમાં ગમતા. ખટકે. ૨
જમવા ટાણે ખેલ મચાવે, કિરતન ગાવે હાવે ભાવે;
કર લટકાં કરી મન લલચાવે, હસતા હસતા સન્મુખ આવે. ખટકે. ૩
મમર્મતણી વાતો સમજાવે, ખટકો રાખી ખોટ બતાવે. ૪
પ્રેમ કરી પાસે બોલાવે, ગોવિંદ ગુણલા નિશદીન ગાવે. ખટકે. ૫

**ભજન (૫) ગરબી નાટકની.**

આ અરજ સુણો અવિનાશી, અલબેલા અક્ષરવાસી. ટેક.
અજ્ઞાની જીવડો આ તો, આ ખેલ કરે મદમાતો;
શરણે રાખો અવિનાશી. અલબેલા. ૧
તમને વિસારી ફરતો, જગમાં કોઈથી નહીં ડરતો;
મનમાં ન ધરો અવિનાશી. અલબેલા. ૨
મિથ્યા વસ્તુ મન ચા'તો, દુઃખદા દ્રવ્યે લોભાતો;
શરણે રાખો અવિનાશી. અલબેલા. ૩
હરિ મૂર્તિ મન ઠેરવો, જગ ઈચ્છાઓ વિસરાવો;
આપો મૂર્તિ અવિનાશી. અલબેલા. ૪
દુઃખદા વસ્તુ સંતાપો, ઈચ્છે તો પણ નવ આપો;

પાસે રાખો અવિનાશી. અલબેલા. ૫
રાજી રે'જો જગરાયા, અરપી છે મન ધન કાયા;
ગોવિંદ વિનવે અવિનાશી. અલબેલા. ૬

### ભજન (૬) માયાનો રાજીઓ

હાય હોય રે માયા કુટે માથું ફોડી,
હાંરે એણે છેડો વાળ્યો આઘુ ઓઢી રે. હાય હોયરે. ટેક.
માયા કુળ સંહાર્યું હરિએ, દયા એ નવ લાવ્યા જરીએ,
માયા નજરો નજર, એ જુએ રે, હાય. ૧
કામ ક્રોધ લોભ શત્રુ સંહાર્યા, મોહ ઈર્ષ્યાને માનને માર્યા;
સ્વાદ સ્નેહનાં બંધન, ટાળ્યાં રે, હાય. ૨
દેહ નગરમાં રાજ જે કરતા, કદી કોઈથી જે નવ ડરતા;
તેને મારી કર્યા, રડવડતારે, હાય. ૩
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિને, રાજ લઈ દઈ દીધું એમને;
માયા રાજીઓ ગાય, ગોવિંદનેરે, હાય. ૪

### ભજન (૭) મોહનને ગમવાનેઃઈચ્છો માનુની-ગરબી

આવ્યો અવસર અમુલખ શ્રાવણ માસનો,
આવ્યાં હરિજન હરિ દર્શનને કાજ જો;
ભાવે ભાવે ભેટે છે ભગવાનને,
મોંઘા મૂલા મળિયા છે મહારાજ જો. આવ્યો. ૧
વાતો કરિયો વાલમજી વિગતે કરી,
સુણજો શાણા સંતો રાખી ચિત્ત જો;
વિચારીને વરતો વરતન વહાલથી,
શાંતિ થાશે રહેશે મન નિશ્ચિંત જો. આવ્યો. ૨
વણ ખપનું કારજ કાંઈએ કરવું નહીં,
કહેવું સુણવું વદવું નહીં કોઈ વેણ જો,
અવશ્ય ખપનું વિચારીને વર્તવું,
રાખો મનને સ્થિર અચળ દિન રેણ જો. આવ્યો. ૩
નવરી વેળા ભજન વિના નવ ગાળવી,
કથા વારતા કિર્તન કરવું ધ્યાન જો;

સત્વ ગુણે સમજીને મૂરતી ધારવી,
જો ધારો રાજી કરવા ભગવાન જો. આવ્યો. ૪
ભજન થતાં સાક્ષીમાંથી જે ઉપડે,
સંકલ્પો તે સઘળા થશે સિદ્ધ જો;
દેહ ઈન્દ્રિ મન જીવ તણા ખોટા પડે,
સમજી વિચારી કરવા નહીં પ્રસિધ્ધ જો. આવ્યો. ૫
વાતો એમ અનેક કરીને આ સમે,
આપ્યાં સુખડાં પોતે દીન દયાળ જો;
દિન દિન પ્રત્યે સંભારી તે રાખવાં,
ક્ષિણ કરે નહીં ભક્તિ માયા કાળ જો. આવ્યો. ૬

**ભજન (૮) આજ સખી આનંદની હેલી - રાગ ગરબી.**

ગોપીનો વેશ ધર્યો ગિરધારી, મૂરતી બની અતિ કામણગારી;
ગોપીનો વેશ ધર્યો ગિરધારી. ટેક.
ભક્ત મનોરથ પુરણ કરવા, લાડીલો લાડ લડાવે સમરવા;
આ લોકનાં સર્વે સંકટ હરવા. ગોપીનો. ૧
સોનેરી કોરની સાડીને પહેરી, રાસ રમે રણછોડજી લે'રી;
ચપળ નેણાં રહ્યાં નાથને ઘેરી. ગોપીનો. ૨
ભાલમાં કુમકુમ ચંદ વિરાજે, કાનમાં કુંડળિયાં અતિ છાજે;
નટવર નિરખી રતી પતિ લાજે. ગોપીનો. ૩
કનક કડાં કાંડે શોભે છે સારાં, વળગ્યાં વેગે મન ચિત્ત હમારા;
નેણાં કાનુડાનાં કામણગારાં. ગોપીનો.૪
તાળી લે છે વહાલો ગોપીઓ સાથે, પગ ઠમકે લટકાં કરે હાથે;
ખેલ અલૌકિક રચિયો નાથે. ગોપીનો. ૫
કીન ખાપ કમખો ધર્યો બહુનામી,ચરણે નેપુરધર્યો નવરહી ખામી;
ઘુંઘટડો તાણે અંતરજામી ગોપીનો. ૬
ફેર ફરે રંગ રાસડા ગાવે, ગોપીના હાથમાં હાથ મીલાવે;
મૂરતી મનોહર મનમાં રે ભાવે, ગોપીનો. ૭
સંત મંડળ ચારે પાસ વિરાજે, હરખ અતી ગોપી ગોપને આજે,

ખેલ ખેલ ગોપ ગોવિંદ કાજે. ગોપીનો. ૮

### ભજન (૯) પ્રભાતિયું

વચનામૃત વાલાનાં રે સુણવા, ગોપ ગોપી આવે;
જ્ઞાન અલૌકિક ગિરિધર વરનું, સૌને મન ભાવે. વચનામૃત. ૧
શિક્ષાપત્રી મુક્તની વાંચી, અર્થો સમજાવે,
અર્ધાંગનાનો અર્થ કરીને, મર્મો બતલાવે. વચનામૃત. ૨
છોગાલિયું તારૂં છે લારે મારા, અંતરમાં અટકે;
પૈઠણ ઉપર છોગાલિયું છે, મનમાં તે ખટકે. વચનામૃત. ૩
યમ નિયમાદિ સાધન વિના સમાધિ આવે;
છોગાલિયું તેને જાણવું ભાઈ, મનડાં લલચાવે. વચનામૃત.૪
મન વાણી ને કર્મથી સંતો ,હરિ સન્મુખ જોવું;
મોટામાં મોટુ સુખ છે એ તો શા માટે ખોવું. વચનામૃત. ૫
મોળું પડે છે જગ સુખ જાણો, હરિનું સુખ આવે;
આવ્યા વિના કેમ મોળ થયું તે કારણ બતલાવે. વચનામૃત. ૬
પાપ અનંત પ્રકારનાં તેમાં મોટું તે શું છે;
હરિ વિના બીજે ઠેકાણે, હેત કરે તે છે. વચનામૃત. ૭
વચનામૃત છેલ્લા પ્રકરણનું, સત્તરનું સમજો;
મૃગનું બાળક ભર્તને ભારે, વિઘ્ન કરે ડરજો. વચનામૃત. ૮

### ભજન (૧૦) રાગ. માઢ

આવો ભાદરણવાળા, છેલ છોગાળા, લટકાળા ભગવાન;
પ્રભુ પરમ કૃપાળા, દીન દયાળા, મરમાળા ભગવાન. ટેક;
પૂરણ પ્રેમથી પૃથ્વી પધાર્યા, પ્યારા પ્રાણ આધાર;
ભવસાગરમાં ડુબકાં મારતા, તારવા જીવ અપાર રે. આવો. ૧
કામ ક્રોધ મદ લોભને મારી, સંતોને દેવાને સૂખ;
આનંદ સાગરને ઉભરાવી, ટાળવા તમામ દુઃખ રે. આવો. ૨
લોક બિચારા અમને તમારા, ગણે જગતની માંય;
કરો તમારા પૂરણ પ્યારા, સાચે સાચા આં'ય રે. આવો. ૩
મૂરતી તમારી કામણગારી, દીજીએ તેનું દાન;
એક જ વાનું નાનામાં નાનું, આપવું છે ભગવાન રે. આવો. ૪

કૃપા કર્યા વિના કામ ન થાશે, ગુણ નથી તલભાર;
વહેલી કે મોડી કરવી જ પડશે, છૂટકો નથી થનાર રે. આવો. ૫
રાજી થઈને કામ જ કરવું, બનાવી પાત્ર અનૂપ;
આઠે પહોર હજુરીઓ થઈને, ગોવિંદ સેવશે રૂપ રે. આવો.૬

**ભજન (૧૧) ("વારિ વારિ રે સુંદિર શ્યામ" એ રાગ)**

ફાગણનો સંત સમાજ, આવ્યો હરખાતો;
મૂરતી જોવાને કાજ. આવ્યો.ટેક.
એક અનુપમ ગામ પલાણા, ભક્ત લાલજી નામ રે,
ઘોડી શણગારીને લાવ્યો, લઈ જવા ઘનશ્યામ. આવ્યો. ૧
શોભીતા શણગાર સજીને, ઉંટ ઉપર થઈ સવાર રે;
આવ્યો નોકર સાથે એ તો, કર ઝાલી તલવાર. આવ્યો. ૨
વારંવાર કરે છે વિનંતિ કૃપા કરીને નાથ રે;
મારે ઘેર પધારો પ્યારા, મંડળ લઈને સાથ. આવ્યો. ૩
વહાલ કરી વાલમજી બોલ્યા, આવું તારે ઘેર રે;
દિવ્ય સ્વરૂપે મુક્ત લઈને, કરને લીલા લહેર. આવ્યો. ૪

**ભજન (૧૨) " પ્રભુજી પ્રગટ્યા ભાદરણ ગામમાં રે " એ રાગ.**

સમજો શાણા સંતો સાનમાં રે, જગની ઈચ્છા સઘળી ત્યાગવી રે,
રાખી હરિ મૂરતીમાં ટેક જો, જ્ઞાની થઈને જગની વાસના રે;
ટાળો રાખી મનમાં ટેક જો, સમજો શાણા સંતો સાનમાં રે. ટેક,
વ્યવહારે દુ:ખ ઉપર સુખ છે રે, હજાર વાતોની એક વાત જો;
હરિનું સુખ તો નયણું સુખ છે રે, જુઓ વિચારી દિનને રાત જો.સમજો.
વારા ફરતી ગુણ વરતે સદા રે, રજ તમ સત્વ વળી નિરધાર જો;
સત્વે શાન્તિ પામી જીવમાં રે, સમરી લેવા જગદાધારી જો. સમજો.
વૃત્તિ સ્થિર કરવામાં માલ છે રે , બનતો ઉદ્યમ કરવો બાપ જો;
સાચે ભાવે સત્સંગ જે કરે રે, થાશે બ્રહ્મરૂપ તે આપ જો. સમજો.
હરિ મૂરતીમાં હેત વધે ઘણું રે, રાજી કરવા કરવું કાજ જો;
હું અક્ષર છું એવું માનવું રે, માંહી પ્રગટ રહ્યા મહારાજ જો. સમજો.
ઉદ્ધત બનવું નહીં વ્યવહારમાં રે, વરતો સૌની રીતે રીત જો;
પ્રભુની સામા તો થાવું નહીં રે, જગમાં થાશે મોટી જીત જો.સમજો.

મનના સંકલ્પો મટશે જુદા રે, ચઢશે સાચા સુખની લહેર જો;
તે સુખ પામી નવ ફૂલી જવું રે, સમૈયે નવ રહેવું ઘેર જો. સમજો.
શોક ન કરવો કોઈ પ્રકારનો રે, રહેવું મગન સદા મનમાંય જો;
ધાર્યું ધરણીધરનું થાય છેરે, દુશ્મન દાસ તણા નવ હોય જો. સમજો.
સાચી શીખામણની  વારતા રે, વહાલે કરી ઘણી આ વાર જો;
સમજી સવળે રસ્તે ચાલશે રે, સુખિયા થાશે તે નિરધાર જો. સમજો.

**ભજન (૧૩) પિચકારી મને નવ મારશો. એ રાગ.**

સુખકારી સમૈયો આવિયો, વહાલે જ્ઞાન કર્યું છે અપાર રે. સુખ;
સાંખ્ય યોગ વેદાંતની વાતડી, પંચ રાત્ર તણી નિરધાર રે. સુખ.
ચાર શાસ્ત્ર સવિકલ્પનાં થયાં, નિરવકલ્પનાં થયાં બે જ રે. સુખ;
વેદાંત પંચરાત્ર બાકી રહ્યાં, પૂરાં કરવાં ધારિયાં છે જ રે. સુખ,
પ્રથમ બાવનમાં રીત વર્ણવી, સમજાવી છે તે  રૂડી પેર રે. સુખ;
વળી વાતભક્તિ ભેદની કરી, રસીક જ્ઞાન માર્ગ કરે મે'ર રે. સુખ,
ભક્ત ભેદ ત્રણ પછી વર્ણવ્યા, આત્મા રૂપ બ્રહ્મ રૂપ સાર રે. સુખ;
અક્ષરરૂપ ત્રીજો ભેદ તો થયો, કરી વારતા વિગતવાર રે. સુખ,
પ્રથમ વીસ આત્મારૂપનું કહ્યું, બ્રહ્મરૂપ પ્રથમ છવ્વીસ રે. સુખ;
મધ્ય બાસઠ અક્ષર રૂપનું, એવું બોલિયા છે જગદીશ રે. સુખ,
કનિષ્ટ મધ્યમ ઉત્તમ ભક્તની, કરી વારતા વિગતવાર રે. સુખ;
મૂરતી ધારતાં મધ્યમ થાય છે, ઉત્તમ પામે છે સાંખ્ય વિચાર રે. સુખ,
સાંખ્ય વિચાર આત્મામાં મળે, શમી જાય જગતના ઘાટ રે. સુખ;
બ્રહ્મ પ્રકાશ ત્યારે  તો થાય છે, અધો ઉર્ધ્વ વ્યાપે સડેડાટ રે. સુખ,
અનંત બ્રાહ્માંડમાં વ્યાપી રહે, એક રસ અક્ષરનું તેજ રે. સુખ;
વેદાંત શાસ્ત્ર તેનું સાચું થયું, નિરાકાર પરબ્રહ્મ છે જ રે. સુખ,
ઘાંચ એ મોટી આગળ આવશે, તેને ઓળંગવાને કાજ રે. સુખ;
મોટા પુરૂષનાં વાક્ય વિચારવાં, સદા સાકાર છે મહારાજ રે. સુખ,
પ્રગટ મૂરતી ધારવી તેજમાં, રાજી થતાં હરિ દરશાય રે. સુખ;
સર્વે સાધન તેને પૂરાં થયાં, એમ બોલિયા છે જગરાય રે. સુખ,

**ભજન (૧૪) પછી શામળિયોજી બોલીયા મને સાંભળે રે - એ રાગ**

છાસટ માગસર માસમાં હરિ બોલ્યા રે;
કરી વાત અનુપમ નાથ પડદા ખોલ્યા રે
સવિકલ્પનું જે પાપ છે હરિ, તે તો લોકના શાસ્ત્ર પ્રમાણ પડદા. ૧
પણ સવિકલ્પના શાસ્ત્રમાં " એ તો બંધન ગણાય "
લોક શાસ્ત્ર પ્રમાણથી " કરે વિષય ભોગ જે જન. ૨
શાન્તિ રહે નહીં " બળે અંતરમાં અંગાર; "
પાળે સવિકલ્પના શાસ્ત્રને હરિ રહે શાન્તિ અંતર મોઝાર. પડદા. ૩
હવે નિર્વિકલ્પના શાસ્ત્રની " વાત સાંભળજો દઈ ચિત્ત; "
અંતર શાન્તિ હોય ઘણી " ભગવાનમાં ના વળગાળ. " ૪
ઝાડ પથરાને લાકડાં હરિ " પ્રભુ મૂરતી સિવાયની ચીજ; "
જોઈ સાંભળી એ પાપથી " હરિ મૂરતીમાં નવ વળગાય. " ૫
પ્રથમ આઠમાં વર્ણવી " તેની વિગતવાર કથાય; "
પ્રથમ સત્તાવીસમાં " વળી પંચાળે ત્રીજા મોઝાર. " ૬
સમજણની વાત વર્ણવી " પ્રભુ નિવાસ સર્વ પ્રકાર; "
પ્રથમનું અઢારમું " તે તો ત્યાગી સારૂં નિરધાર. " ૭
પ્રથમનું સત્તાવીસમું " તે તો ઈશ્વર સ્થિતિનું જાણ; "
વળી પ્રથમનું વીસમું " કરવા વિષયી મુમૂક્ષુ સાર. ૮
મધ્ય બાસટનું જાણજો " મૂળ અક્ષર રૂપ થવાય; "
સાંખ્ય પૂરો થયો જાણજો " પછે યોગનો છે ઉપદેશ. " ૯
નિર્ગુણક્રિયા હરિભક્તની " મધ્ય અગીયારમાં નિરધાર; "
અંતરવૃત્તિથી વાંચવું" દેશે અંતરજામી જ્ઞાન. " ૧૦
નવું નવું સમજાવશે " તેની જાણ થશે નિરધાર; "
શાસ્ત્ર વાંચી સિધ્ધ કરવાં" પૂરે સાક્ષી જયારે પડે કામ." ૧૧
ત્રાણ અવસ્થા ને ગુણમાં " રહે ધનનું હેત સમાન; "
ધન જેવું હેત રામમાં " કરવું કરીને ઘણો પ્યાર.; ૧૨
સ્ત્રીનું હેત વધે ઘટે " વધે રજમાં તમમાં જાય; "
સત્વમાં થાય કમી ઘણું " એવું ન કરવું હરિ મોઝાર. " ૧૩
સ્ત્રી દોષનું ધ્યાન કરવું " પરૂ પાચ નરકથી ભરેલ; "

કરવો સાક્ષાત્કાર એહનો " પછી એ માર્ગે નવ જવાય. " ૧૪
આહાર અન્નનો કરતાં " એક કોળિયો પણ નિરધાર; "
ઓછું ખાવું એવી આગના હરિ પાળો તેને થશે ઘણું સુખ. પડદા; ૧૫
ઉઘરાણી ઉઘરાવીને " ઘેર રોકડ રાખવું દ્રવ્ય; "
આવે અણધાર્યું ખર્ચ તો " નવ ધક્કો થાય લગાર. " ૧૬
ઐશ્વર્ય દર્શન હરિના હરિ, પુર્વે દીઠેલ જે જે હોય; પડદા; "
સંભારી રાખવાં એકઠાં " દેશ કાળ દોષ પરઠાય. " ૧૭
અગર ફેર પડે વર્તમાનમાં " રોકડથી થાય તેનો નિકાલ; "
ધક્કો લાગે નહીં જીવમાં " રહેશે અંતર શાંતિ સદાય. " ૧૮

**ભજન (૧૫) ગરબી ગોપીઓનાં અંગ.**

વીણા ગામનાં રે, ગંગાબાઈનાં એવાં વેણ;
હરિના શબ્દથી રે, ખબર રહે નહીં દીન બે રેણ.....૧
ભાન જતું રહે રે, વૃત્તિ ઉંડી ઉતરી જાય;
ઉત્તમ એ ગણ્યાં રે, હરીએ ગોપી ગણની માંય. ૨
જોઈતી બા તણા રે, શબ્દ સુણોને પ્યારા જન;
ધીમા ઉતાવળા રે, હરિના શબ્દ સૂણીને મન. ૩
સુખ કે દુઃખ તણી રે, મુજને ખબર રહે નહીં કાંય;
હરિ કહે આવીઆંરે, એ તો બીજા નંબર માંય. ૪
ઈચ્છાબાઈ નીરે, વાત સુણોને પ્રેમી જન;
હરિ મૂરતી તણોરે, આનંદ વરતે મારે મન. ૫
હરિ બોલે કરી રે, મૂન્ય રહે તો પણ આનંદ;
હોય આનંદમાં રે, ઉદાસી ભાળી સુખકંદ. ૬
સર્વે વાતમાં રે, મારે આનંદ રે'છે ઉર;
હરિજી બોલીઆરે, ત્રીજે નંબર છે જરૂર. ૭
આણંદ ગામાનાંરે, સૂરજબાની આવી વાત;
ધીમે ઉતાવળે રે, હરિને શબ્દે રહુ રળીઆત. ૮
પણ ઉદાસમાંરે, જ્યારે દેખું છું મહારાજ;
સુખડુ રહે નહીંરે, નંબર, ચોથો પાડ્યો રાજ. ૯
હરખે બોલીઆંરે, હરખાબાઈ લાવી પ્યાર;

ધીમા શબ્દથીરે, વરતે આનંદ ઉર અપાર. ૧૦
બોલ ઉતાવળારે, આપે નહીં એવો આનંદ;
નંબર પાંચમોરે, આવ્યો બોલ્યા આનંદ કંદ. ૧૧
ભાદરણ ગામનાંરે, દિવાળીબાનાં જે વેણ;
આનંદ થાય છેરે, સૂણી મોટા સાદે કે'ણ. ૧૨
ધીમા શબ્દથીરે, સુખ પડે નહીં અંતરમાંય;
બોલ્યા શ્રી હરી રે, છઠ્ઠો નંબર આવ્યો આંય. ૧૩

**ભજન (૧૬) ચોપાઈ (જેકરી) ધોળા સાધું.**

ધોળા સાધુ કેરી વાત, સાંભળજો શાણા સાક્ષાત;
ચતુર્દશીત આદિતવાર, જેષ્ટ શુક્લ પક્ષે નિરધાર. ૧
ભાદરણમા બોલ્યા ભગવાન, ધોળા સાધુ કેરૂં જ્ઞાન;
છોડી દેવું ઘરનું કામ, રાખીને ખાધાના દામ. ૨
મરતા સુધી પહોંચે જેમ, સંચી રાખો ફાવે તેમ;
ભજન કરે રહી હરિની પાસ, છોડી દેવી બીજી આશ. ૩
સગાં કુટુંબીને પરહરો, ધરણીધરનું ધ્યાન જ ધરો;
પ્રભુ પાસે મન થાકી જાય, મંદિરમાં રહેતાં અકળાય. ૪
ત્યારે જાવું બીજે ગામ, રહેવું જાણી સુંદિર ઠામ;
કથા વારતા કિરતન ધ્યાન, કરતાં મન રાખો મસ્તાન. ૫
વેચાતુ લાવીને અન્ન, રાંધી ખાવું રાજી મન;
પ્રેમી જન કોઈ આવે પાસ, પૂછે વાત પ્રભુની ખાસ. ૬
કરવું તેને સાચું જ્ઞાન, ભાદરણમાં પ્રગટ્યા ભગવાન;
જે ગામે રહેતાં નવ ગમે, તો તે બીજે ગામે રમે. ૭
એમ છતાં મન જો અકળાય, પ્રગટ પ્રભુની પાસે જાય;
શાન્તિ પામે તેનું મન, રામ ભજનમાં રહે મગન. ૮
એમ કરીને ગાળે કાળ, રાત દિવસ રાખી સંભાળ;
પ્રભુ પ્રગટને રાજી કરે, તો તે સંકટ સર્વે રહે. ૯
આ લોક પામે આનંદ, પરલોકે તો પરમાનંદ;
શ્રેષ્ઠ મુક્ત અક્ષરનો થાય, રાખે શ્રી હરિ સેવા માંય. ૧૦
કરવાનું સર્વે થઈ ગયું, એને કાંઈ બાકી નવ રહ્યું;
શ્રી હરિ બોલ્યા'તા નિરધાર, લખીઓ તેનો ટૂંકો સાર. ૧૧

### ભજન (૧૭) 'સાંકળાં શ્રી નાથજીને શોભેરે' એ રાગ.

એક અલૌકિક ખેલ મંચાવ્યો, ગોપી જન મન ભાવ્યો રે;
આવો રસ બસ થઈને. ટેકે.
ગામમાંથી દહીં દૂધ મંગાવ્યાં, માંથે મટુકી ને ગાતાં રે આવ્યાં;
મીઠડાં ગોરસ લાવ્યાં રે. આવો. ૧
આજ રસીલા રાસ રમાડો, મનના મનોરથ પૂરા રે પાડો;
મચાવો રંગ અખાડો રે. આવો. ૨
મહુધાની દિવાળી ભાગ રખાવ્યો, હરખા ધરમપૂરને મન ભાવ્યો;
દામ બેનો ખરચાયો રે. આવો. ૩
માથે કળશ ચઢાવીને આવ્યાં, દાણ લીલાનાં કિરતન ગાયાં;
હરીએ દૂધ લૂટાવ્યાં રે. આવો. ૪
ગોપ ગોપી ને રે વહેંચીને પાયાં, મહીડાં હતાં તે ગોળીમાં નંખાયાં;
વાંસે વલાંણાં તણાયાં રે. આવો. ૫
એક બાજુ પ્રભુ નેતરાં તાણે, બીજી બાજુએ ગોપીઓ વલાંણે;
વારા ફરતી મોજ માણે રે. આવો. ૬
માખણ કાઢીને રોટલે મેલ્યાં, પ્રભુને આપીને ખાંતે રે ખેલ્યાં;
રંગ મચાવી રેલ્યાં રે. આવો. ૭
માખણ રોટલો લૂંટાવી દીધો, હાથ આવ્યો રસ પ્રીતેરે પીધો;
ખેલ અલૌકિક કીધો રે. આવો. ૮

### ભજન (૧૮)

### શ્રી નરસિંહભાઈ વિષે ધીરજધરને અરે અધીરા' એ રાગ.

ઓગણીસેં' સિત્તેર સાલે, જેઠ માસની બીજ; જોને;
કૃષ્ણ પક્ષમાં નરસી પહોંચ્યા, ભાદરણને મંદિર. " ૧
નરસીભાઈ નારયણ જોડે, બેઠા હરિને ધામ; "
ઝવેરભાઈને સર્વે સોંપી, ઘરડાં કેરાં કામ. " ૨
વૈરાગ્યે વહેવાર છોડ્યો, ભક્તિ કરવા ભાવે; "
સગાં કુટુંબી ટળવળે છે, શું કરવું ભાઈ હાવે. " ૩
કાગળ લખીને હરિમે કહાવો, નરસીને કંઈ કહોને; "
બાળકડાંને નાનાં મેલ્યાં, પોષણ થાશે શાને. " ૪

નરસી કાકે સૂણી વાણી, લોકડિયાંની એવી; ”
શાન્તિથી સંદેશો કહાવ્યો, થાશે જોવા જેવી. ” ૫
હવે પાછો હું નવ આવું, પ્રીત પ્રભુમાં લાગી; ”
સગાં સહોદર સરવે ખોટાં, જોયું મેં તો જાગી. ” ૬
ચટકી મારા ચિત્તમાં લાગી, ભ્રમણા મારી ભાગી;
મુજને તો મરજીવો જાણો, મારી આશા ત્યાગી. ” ૭
નારાયણને શરણે નરસી, આનંદે ઊભરાય; ”
ગોવિંદ મૂરતી પુરુષોત્તમની, ઊતારી ઊરમાંય. ” ૮
એવી લીલા જે કોઈ ગાશે, આણીને ઉમંગ;
શ્રી હરિ તે પર રાજી થાશે., ટળશે માયા ફંદ. ” ૯

**ભજન (૧૯) જીવ વિષે.**

ભજ નિશદિન ભગવાન જીવડા, ભજ નિશદિન ભગવાન;
તુંને થાશે અલૌકિક જ્ઞાન. જીવડા. ભજ. ટેક.
વિષય વાસના તજી દે ભાઈ, કર પ્રભુ સંગે દઢ સગાઈ,
જગમાં થાશે તારી મોટી વધાઈ, રહેશે તારી બધે છવાઈ;
હાંરે તું તજી દેને તોફાન. જીવડા-ભજ. ૧
શબ્દ હરિણિના પ્રાણ હરે છે, સ્પર્શનું પાપ હસ્તિને હણે છે,
રુપે પતંગ દીવામાં બળે છે, રસ લોભે જળ મીન મરે છે;
હાંરે થાય ગંધથી ભ્રમર અવસાન. જીવડા-ભજ. ૨
છૂટ્યો છુટ્યો એક વિષય જ્યારે, પ્રાણ હરે એક એકના ત્યારે,
પંચ ભેળા મળી એક પટારે, કેમ મૂકે જીવ જરૂર મારે;
હાંરે ત્યજ પંચયનું અજ્ઞાન. જીવડા-ભજ. ૩
સાર જગતમાં ગોવિંદ જ્ઞાન, તજવું ત્રણ દેહનું અભિમાન,
રાખવું મન હરિમાં ગુલતાન, જન્મ ધર્યો ભજવા ભગવાન;
હાંરે ધર ધરણિધરનું ધ્યાન. જીવડા-ભજ. ૪

**પદ ૨-મન વિષે.**

મનડું કેમ વશ થાય, પ્રભુજી મનડું કેમ વશ થાય;
હાંરે કાંઈ સૂઝે નહીં ઉપાય-પ્રભુજી-મનડું. ટેક
અનાદિ પંચ વિષય અભ્યાસી, ભગવાન સંભારતાં જાય નાશી,

ક્યારેક થાય વિષયમાં ઉદાસી, ક્યારેક તીવ્ર વેગે રહે પ્રકાશી;
હાંરે મારે શું; કરવું જગરાય-પ્રભુજી-મનડું. ૧
ક્યારેય શબ્દ જગતના સુણીને, તીવ્ર વેગે એ ઉઠે છે ધૂણીને,
ક્યારેક વળગે છે રૂપમાં ઉડીને, ક્યારેક રહે છે રસમાં બૂડીને;
હાંરે વળી ગંધ સ્પર્શમાં ધા'ય-પ્રભુજી-મનડું. ૨
ભોગવી ભોગ થાય નવ રાજી, ન ભોગવે તોય થાય કુરાજી,
એમ બે વાતે નડે છે એ પાજી, હારી જવા બેઠો જીતેલી બાજી;
હાંરે તેથી જીવડો બહુ અકળાય - પ્રભુજી - મનડું. ૩
ઉપાય પ્રભુજી બતાવો સાચો, હવે પાયો નવ રાખવો કાચો,
મન મારું અખંડ મૂરતિમાં રાચો, કહ્યું ન માને તો મારો તમાચો;
હાંરે સદા દાસ ગોવિંદ ગુણ ગાય - પ્રભુજી - મનડું.૪

### ભજન (૨૦) રાગ - ધોળ

આવો પુરુષોત્તમ સ્વામી, મારે મહોલે આવો;
આવીને આપો તમે મળીને રે લ્હાવો. આવો. ટેક.
સુખડાંના સાગર તમે, મારેમન ભાવો;
રસીયા ચતુરવર લક્ષ્મીવર કહાવો. આવો - ૧
પ્રેમ કટારી મારી, તમે નાસી જાઓ;
ઘણું સંભારુ તેમ મોંઘા મોંઘા થાઓ. આવો - ૨
તમ પર પ્રભુજી મારા, અમારો શો દાવો;
તનડું તપે છે પ્રભુ વહેલા વહેલા ધા'વો. આવો - ૩
નટવા થયા છો ત્યારે, નાટકને ભજાવો;
ગોવિંદના સ્વામી, મોહન મોરલી બજાવો. આવો - ૪

### ભજન (૨૧) રાગ - ધોળ - આજ સહેલી મેં તો હરિ રસ પીધો.

રુદિયામાં ધારો મહિમા, રુદિયામાં ધારો;
ધારી વિચારી ઉર, મૂરતી ઉતારો - મહિમા. ટેક.
ઉત્પત્તિ સ્થિતિ લય અનંત ભૂવનનો;
અક્ષરપતિ પુરુષોત્તમની ઈચ્છાય. મહિમા. - ૧
સર્વમાં વાલો અન્વય વ્યક્તિરેકપણે છે;
વ્યતિરેક થકા વળી અન્વય વિચારો. મહિમા. - ૨

પ્રત્યક્ષ વાલો જેવા અહિંયા રહ્યા છે;
તેવાને તેવા અણું અણું પ્રત્યે વિરાજે. મહિમા. - ૩
અંતરજામી વાલો સર્વના સ્વામી;
એના ડોલાવ્યા વિના તરણું ના ડોલે. મહિમા. - ૪
સંબંધ સુદ દુ:ખ કેરો જીવોનો;
અનંત બ્રહ્માંડે રહ્યો પ્રભુના કરમાં. મહિમા. - ૫
જેટલું ભગવાન કરે એટલું જ થાય;
એવા પ્રભુજી જયારે, પૃથ્વી પધારે. મહિમા. ૬
ઘોડે ચડે તો ભાર ઘોડો ઉપાડે;
પણ એને જાણો છો ઘોડાના આધાર. મહિમા. ૭
પૃથ્વીયે ધાર્યા પણ પૃથ્વી આધાર;
એમ વિચારો મહીમા ઉરમાં ઉતારો. મહિમા. ૮
રાતે દર્શન વાલાનું ચંદ્ર ઉજાશે;
અંધારી રાતે વળી દીવા મશાલે. મહિમા. ૯
દીને દેખાય વાલો દીનકર પ્રકાશે;
પણ અગ્નિ સૂરજ શશીને પ્રકાશે દાતા. મહિમા. ૧૦
અપાર મહિમા જેનો અપાર શક્તિ;
પાર પામે ન વેદ કહે નેતિ નેતિ. મહિમા. ૧૧
નરનાટક ધરી પુરુષોત્તમ સ્વામી;
અનંત જીવો કરવા અક્ષરધામી. મહિમા. ૧૨
ગીરધર ગુણ ગાય ગોવિંદ ગીતે;
પૂરવને પૂન્યે પામી પ્રીતમજી પ્રીતે. મહિમા. ૧૩

## ભજન (૨૨) રાગ - ધોળ.

અલબેલો આંગણીએ આવ્યા રે;
સાચા સંતો સંગાતે લાવ્યા રે. ટેક
હરખે હરખે હરિને હું જોઈ રહું, શોભા આંની શી રે કહું;
સ્થિર જોઈ રહ્યાં સહુ, અલબેલો..... ૧
ઉંચે આસન અવિનાશી શોભતા, સર્વે અંગો અંગ જોતા,
દુકરિત સર્વે ખોતા, અક્ષરમૂર્તિ એને મ્હોતા.....અલબેલો. ૨

સ્વસ્તિક આસન વાળી શોભી રહ્યા, સ્થિર તને બેઠા ભયા;
લખનાર શું લખે લહિયા, ઘણા ગુણો આવી રહ્યા.....અલબેલો.૩
સનમુખ બેસી રહું સામટું, અહોનિશ નામ રટું;
વિઘ્નકારી કરું કટું, બની જાશે સર્વે લટુ.....અલબેલો.૪
નખ શીખ કાન્તિ તો ઝળકી રહી, ચરણમાં વૃત્તિ ગઈ;
ઝાંઝરની જોડી સહી, જરકશી ધોતી ભઈ:....અલબેલો.૫
જરકશી જામો બુટ્ટાદાર પહેર્યો, લાલ લટકે જીવ હર્યો;
છૂટી રહી તેજ સેર્યો, પ્રેમથી આ લાલ ઘેર્યા.....અલબેલો.૬
વીંટી વેઢ ઘોડા અને પોંચીઓ, સાંકળા કર રચી રહ્યો;
પ્રેમીના પ્રેમથી ભયો, મુખથી નવ જાય કહ્યો.....અલબેલો.૭
કંઠે મોતીહારની આ સેર્યો ઝુકે, છાની છાઈ ઉતરી મૂકે;
એરીંગની વાત શું કહે, કહેતામાં તો કાઢી મૂકે.....અલબેલો.૮
મંદ હાસ્ય મુખડું આ પ્રફુલ્લિત, ખીતલિયાળા કરે હીત;
સંભારતા થાય જીત, જોગી ઝૂંડનું છે વીત્ત.....અલબેલો.૯
ટીબકડી જોઈ રહું જમણે ગાલે, કરી દીધી વાલે વ્હાલે;
પડ્યાં હવે એને પાલે, છુટ્યા પડ્યે ઘણું સાલે. અલબેલો.....૧૦
ઝીણી મૂંછ નાસિકા છે નમણી, આંખલડી બની છે રમણી;
ભાલની જગ્યા છે બમણી, ચાંદલીએ ધાર્યા ઘણી.....અલબેલો.૧૧
શીર પર ટોપી મોતી તોરાતણી, કલગીએ વૃત્તિ હણી;
મગન મનેથી બણી, પહેરી પુરુષોત્તમધણી.....અલબેલો.૧૨
રાત દિવસ રુદિયામાં રમી રહો, બોલ્યાંચાલ્યાં સર્વે સહો;
કહેવાનું હોય તે કહો, સદા રહો અહો અહો.....અલબેલો.૧૩
સંતો સર્વે મુજ પર રહેજો, જેમ તેમ ઉગારી લેજો;
અવગુણ રહ્યા છે સહેજો, રાજીપાનો વર દેજો.....અલબેલો.૧૪
સંતો સાથે શામળિયાની સગાઈ કીધી, ઘણા દિનની અરજી લીધી;
સર્વે વાતે થઈ સીધી, મળ્યા નારાયણ નીધિ અલબેલો. ૧૫

## ભજન (૨૩)

સંતો પ્રીત કરીને. મારા પ્રભુજી પધાર્યા; ૧
દયા લાવીને મારા દોષ નિવાર્યા. સંતો ટેક.

કુમકુમ પુષ્પ વડે વધાવી લીધા,
ઉંચે આસને પછી બેસાડ્યા સીધા;
પાવલીઆ પખાળીને પ્રેમેથી પીધા. સંતો. ૨
કંકુ લપેટ્યું ચરણાવિંદે અપાર,
હાર ને તોરા હરખે પહેરાવ્યા સાર;
ચાંદલિયો કરી ચિત્ત કર્યું એકતાર. સંતો. ૩
ધૂપ દીપથી રુડી આરતી ઉતારી,
ધારી ધારીને મેં તો મૂરતી ધારી;
સુખની સેર્યો છૂટી ન્યારામાં ન્યારી. સંતો. ૪
સનમુખ બેસી મેં તો સામું રે જોયું,
કોટી જનમનું દુકરીત જોતામાં ખોયું;
પૂરવના બીજ બળ વડે મનડું મોહ્યું સંતો. ૫
હાથે ઝાલીને મેં તો હરિને હલાવ્યા,
પ્રેમી સેવકે પાક ઘણા બનાવ્યા,
કરગરી કહેતાં વાલો આસને આવ્યા. સંતો. ૬
ભાત ભાતની મેં તો પીરસી રસોઈ,
મોહનજીની મૂરતી જમતાં જોઈ;
જોત જોતામાં હાથ નાંખ્યા છે ધોઈ. સંતો. ૭
એલચીનો મુખવાસ આપ્યો હાથે જ મારે,
કૃપા કરી છે આજ આવી આ વારે;
બ્હાનાં કાઢ્યારે વિના વાત કરી ભારે. સંતો. ૮
વાતો ચિતોમાં વખત વીતવા લાગ્યો,
ખોયલા દિવસનો ખાંગો હવે જ ભાંગ્યો;
મુનિના મહારાજનો ડંકો રે વાગ્યા. સંતો

**(૨૪) શ્રી મુની માહારાજ. સજની કોડે આનંદ ઘેર-રાગ.**

સંતો ભરદરિયા માંહીં હવે વહાણ આવ્યું છે;
તરવાની આશા નથી, ત્યારે કહ્યું છે-સંતો. ટેક. ૧
આવ્યા ત્યાંથી રે પાછું નવ વળાય,
પાછું રે જાતાં મનમાં ઘખારો થાય;

ઘખારો થાય ત્યાં તો કેમ જવાય-સંતો ૨
વાને વેગેરે પાણી ઉછળે અપાર,
વહાણ ઉંચા નીચી થાય નિરધાર;
ઉગરવાની આશા નથી લગાર - સંતો. ૩
વહાણ ડૂબે તો દુઃખ અપરમપાર,
ડૂબતાં જાતું રહેવાય પાણી મોઝાર;
પાણી માંહીં રહે છે મઘર અપાર - સંતો. ૪
હળવું હાંક્યાથી પંથ કપાય નહીં,
ઉતાવળામાં ઘાંચો ઘણી ભરાઈ;
ઝપાટે વહાણ ભાંગી જાય વાત કહી-સંતો, ૫
સંતો સાથે રે જ્યારે શ્યામ કૃપા કરશે,
જોખમ ભરેલું વહાણ ત્યારે રે તરશે;
કૃપા કરશે ત્યારે વહાણ ઉગરશે. સંતો. ૬
ઝપાટેથી રે વહાણ પાર જ કાઢો,
ધીમે ચલાવી તમે નહીં કાઢો દહાડો;
ઝપાટો કરી વહાણ ભાંગી ના પાડો-સંતો. ૭
શ્રધ્ધા જાય તો લાંબો પંથ જ થાય,
વેગે ચલાવો તો વહાણ ભાંગી જ જાય;
બૂડે તો જળમાં મીન મઘર ખાય-સંતો. ૮
એકેય સૂઝ પડતી નથી હો નાથ,
કૃપા કરીને રાખો હવે સંગાથ;
મુનીને વરવા હવે ઝાલોને હાથ-સંતો.

## (૨૫) ભજન મુક્ત શ્રી ઈચ્છાના માસ્તર-ડભોઈ

મોહનની મોરલી વાગી, ઝબકીને હું તો જાગી. ટેક.
સ્વર આવે જંગલમાંથી, હું ગભરાણી ઘરમાંથી;
મારા ચિત્તમાં ચટકી લાગી, ઝબકીને હું તો જાગી. મોહનની ૧
બાળકડાં રડતાં મેલી, તન ભાન ભુલી થઈ ઘેલી;
લાલાની લગની લાગી, ઝબકીને હું તો જાગી. મોહનની. ૨
આભુષણ અવળાં ધારી, હરી સંગે હેત વધારી;

મોહન મળીયા લ્હે લાગી, ઝબકીને હું તો જાગી. મોહનની. ૩
ઘરવાળો તો ગભરાયો, ઘર ખટપટમાં રોકાયો;
ઘર છોડી હું તો ભાગી, ઝબકીને હું તો જાગી. મોહનની. ૪
ગોવિંદ ગીરધરને પામી, મારી સકળ વેદના વાંમી;
ભાઈ થઈ રહી હું વૈરાગી, ઝબકીને હું તો જાગી. મોહનની. ૫

### પદ-૨

મારો અઢળક ઢળીયો વા'લો, પુરુષોત્તમ જોવા ચાલો. ટેક.
વાલો ઉભા છે જાુમનાં ઘાટે, આપણને મળવા માટે;
પેલો મોહન મોરલીવાળો, પુરુષોત્તમ જોવા ચાલો. મારો. ૧
જાુગતે પુરુષોત્તમ જોઈ, મન રહ્યું છે મારું મોહી;
ઓ બેની પેલો નીહાળો, પુરુષોત્તમ જોવા ચાલો. મારો. ૨
તમે સાચાના છો સંગી, અખંડ આનંદ અભંગી;
નીજદાસ તણો રખવાળો, પુરુષોત્તમ જોવા ચાલો. મારો. ૩
પુરુષોત્તમ મનડું મોહ્યું, દુઃખ જનમ મરણનું ખોયું;
હરિવરને તેડી હાલો, પુરુષોત્તમ જોવા ચાલો. મારો. ૪
ગોવિંદ ગુણ ગાતાં તારા, વીતે છે દહાડા મારા;
દરશન દેવાને દયાળા, આવોને મારા વાલા. મારો. ૫

### ભજન (૨૬) રાગ-પહાડી ગઝલ

સમર સુખકંદ શ્રી વ્રજચંદ, લાવી પ્રેમ મનમાં;
તજી બધા ફંદ, ભજ ગોવિંદ, ભાવે જીવ ભવમાં. સમર-૧

### સાખી

પંચ વિષય અળગા કરી, ભાવે ભજ ભગવાન;
સુખકારી એ શામળો, બીજાું દુઃખ તમામ;
નહીં સુખ ક્યાંય, સમજ મનમાંય, જીવડા ઘાટ ઘડમાં. સમર. ૨

### સાખી

અનિત્ય સુખ આ જગતનું, આવે ને વળી જાય,
પરપોટો પાણી તણો, પળમાં પ્રલ્લય થાય;
અટળ સુખ શામનું, નવ નાશ, પામે કોઈ પળમાં. સમર. ૩

## સાખી

ધાર હરિનું રુપ તું, સદા હૃદય મોઝાર,
બ્રહ્મ માની નિજ આતમા, રટ હરદમ મોરાર;
વસે સદા શાંન્તિમાં ગોવિંદ, પાસે શંકા કરમાં. સમર. ૪

## (૨૭) ગરબી.

મરમાળા મરમાળા મોહનવર મરમાળા રે. ટેક.
મોરલી મનોહર વાઈને વાલા;
માર્યા છે પ્રેમના ભાલા. મોહનવર. ૧
સુખ સંસાર બધાં ઝેર થયાં છે;
નીરખીને ધર્મલાલા. મોહનવર. ૨
પ્રાણજીવન તમે પ્રાણથી પ્યારા;
પુરુષોત્તમ પ્રેમાળા. મોહનવર. ૩
ગોવિંદ ગોપાલ ગીરધર ગુણલા;
ગાય ગોપી ગોવાળા. મોહનવર. ૪

## (૨૮) રાગ-બનઝારો.

જગજીવન જગદીશ જપી લે જીવડારે જગમાં. ટેક.
મનુષ્યદેહ આપ્યો છે હરીએ, હેતે હરનીશ હરિ સમરીએ;
વિષય વિકાર બધા વિસરીએ-જીવડારે. જગમાં. ૧
કામ ક્રોધને દૂર કરી લે, જ્ઞાન વૈરાગ્યને દઢ ધરીને;
ભક્તિથી ભગવાન ભજીલે-જીવડારે. જગમાં ૨
સુખ જગતનાં મિથ્યા જાંણી, જાણ જે જન તું ઝાંઝવાં પાણી,
સાચું સુખ તો સારંગપાણી-જીવડારે. જગમાં. ૩
ગોવિંદના સ્વામીની લીલા, વાંચી વારમવાર રસીલા;
આનંદ કરને ઓ મોજીલા-જીવડારે. જગમાં. ૪

## પદ ૨

ભય ભંજન ભગવાન ભજી લ્યો ભાવથી રે ભવમાં, ટેક.
ભામીની ભવમાં ભમાવે છે, તાન ત્રિકમનું તોડાવે છે;
છૈયાં છોકરાં ભરમાવે છે-ભાવથી રે. ભવમાં. ૧

કામ ક્રોધને કાઢી મેલી, મોહ મમતાને નાંખો ઠેલી;
બળીઆને કરજો ભાઈ બેલી-ભાવથી રે. ભવમાં. ૨
ધર્મ જ્ઞાનને સિધ્ધ કરીને, વિવેકે વૈરાગ્ય ધરીને;
ભક્તિથી ભગવાન વરીને-ભાવથી રે. ભવમાં. ૩
ગોવિંદજી ગોવરધનધારી, ગૌ ગોપી પ્રતિપાળ વિહારી;
મોહન મૂરતી ઉરમાં ધારી-ભાવથી રે, ભવમાં. ૪

## (૨૯) મૂર્તિ વર્ણન

મનહર મૂરતી માવા ઉરમાં ઉતારું;
નખશીખ નીરખી નયણે રુદિયામાં ધારું. મનહર. ટેક.
ચરણ કમળની શોભા સારી, આંગળીઓ નાજુક રુપાળી;
નખમણી પર તન વારું, નિશદીન સંભારું. મનહર. ૧
જોઉં મોજડીઓ તારા ચળકે, સોનેરી ઝીકે બહુ ઝળકે;
તોડે ઘુઘરી ઘમકે, રણકે કાન ધરું. મનહર. ૨
ઝીક ભર્યો મખમલ સુરવાલ, હીરાગર નાડી છે લાલ;
ચાંદીને કંદોરે મન ખેંચ્યું મારું. મનહર. ૩
ભરત ભરેલો મખમલ જામો, ચિત્તાડે ચોટ્યો દેખું સામો;
ફૂલ મોતી માળાઓ નયણે નિહાળું. મનહર. ૪
કાંડે કુંદન કડાં રસાળ, હસ્તકમળ નખમણીઓ લાલ;
વીંટી વેઢ રુમાલો ભૂધરના ભાળું. મનહર. ૫
નિર્મળ નાશા ગાલો ખાસા, કાંને કુંડળિયો બેઉ પાસા,
નયન કમળ નિરખતાં ઉરમાં અજવાળું. મનહર. ૬
ભાલ વિશાળ ચંદો લાલ, કેસર ચંદન આડ રસાળ;
માથે ટોપી તોરા કલગી છે ચારું. મનહર. ૭
મૂરતિ માવાની મરમાળી, નખશીખ નીરખી આજ રુપાળી;
પુરુષોત્તમલાલાની ગોવિંદ ઉર ધારું. મનહર. ૮

## ભજન (૩૦) મોતીભાઈ મુખી. વીણા.

આ રે અવસરની હું તો જાઉં રે બલિહારી;
અચળ અનાદિઘરનાં મહાસુખ માણે, મારી વેળા વળી છે. ટેક.
પ્રિતમની પ્રીતે હું તો થઈ રે પોતાની;

પૂરવેનું સગપણ મારે, શોધી ને કાઢ્યાં. મારી વેળા. ૧
પૂન્ય વર પામીનો મેં સ્નેહ બંધાણો;
જ્યાં રે જોઉં ત્યાં પોતે, પુરુષોત્તમ સ્વામી. મારી વેળા. ૨
પુરુષોત્તમ વરની હું તો થઈ રે પટરાણી;
શૂન્ય શિખરની સહેજે, મહાસુખ માણું. મારી વેળા. ૩
મુક્તિ મહોલ્લામાં હું તો વાસો વસી છું;
ભવનો ભય ભાગ્યો, જમનું જોર ના ચાલે. મારી વેળા. ૪
દયાળદાસે ગાયો સૂરતાનો વિવાહ;
અનુભવીઆ હોય તે લેજો, અનુભવમાં ધારી. મારી વેળા. ૫

પદ ૨

નટડીએ ખેલ રચ્યો, ચોરે ચોગાનીએ;
દોર વિના રે બીજું નજરે ના દેખે, જેની સૂરતા લાગી છે;
સૂરતા લાગી છે જેની બ્રહ્મણા ભાંગી છે. ટેક.
પતંગને દીપક સાથે સ્નેહ બંધાણો;
તન મન ધન જેણે, અર્પી છે દેહ. જેની સૂરતા. ૧
મીનને જળની સાથે સ્નેહ બંધાણો;
પ્રાણ તજે રે પણ, પ્રીતો ના તૂટે. જેની સૂરતા. ૨
નાદના મોહયા પેલા મૃગલા મરે છે;
શબ્દના માર્યા પેલા, સંત ગળે છે. જેની સૂરતા. ૩
શૂરાના મારગ તો એવા રે કહીએ;
ગોવિંદના સ્વામી મારા, હ્રદિયામાં રહીએ. જેની સૂરતા. ૪

## (૩૧) ઘોળ-સર્વે સખી જીવન જોવાને ચાલોરે-રાગ.

એક સમે શ્રીજી સારંગપુર ગામ રે,
સભા ભરી પવિત્ર જીવાખાચર ધામ રે;
સ્વામી મુક્તાનંદજીએ પૂછ્યું પ્રશ્ન રે,
શાસ્ત્રમાં જે કહ્યું છે પુરુષ પ્રયત્ન રે. ૧
તેણે કરી કેટલું કારજ થાય રે,

તથા પ્રભુ કૃપાથી કેટલું કહેવાય રે;
ત્યાં તો પછે શ્રીજી બોલ્યા સુખકંદ રે,
સૂણો હવે ઉત્તમ મુક્તાનંદ રે. ૨
સદગુરુ સતશાસ્ત્ર વચન રે, તેણે કરી દઢ વૈરાગ્ય જેને મન રે;
દઢ શ્રધ્ધા બ્રહ્મચર્ય અષ્ટ પ્રકાર રે,
જેને હોય ફેર પડે ન રતિભાર રે. ૩
વળી જેને અહિંસા ધર્મમાં પ્રીતિ રે,
પરિપક્વ આત્મનિષ્ઠાથી માયા જીતી રે;
જે જન હોય એ પંચ લક્ષણ યુક્ત રે,
તે જન થાય અનાદિ માયાથી મુક્ત રે. ૪
જન્મ મરણ દુઃખ તેનું જાય ટળી રે,
છોડું જાતાં સાલ ન ઉગે જેમ ફરી રે;
કરે પુરુષ પ્રયત્ન આટલું કામ રે,
થાય જન તે વડે આત્મ સત્તાવાન રે. ૫
એવા જન ઉપર હરિકૃપા થાય રે,
કૃપા થાતાં એકાંતિક ભક્ત થાય રે;
નિરંજન પરમ શામ્ય મૃપૌતિ રે,
અંજન માયા તે થકી ટળી જેની પ્રીતિ રે. ૬
ભગવાનના તૂલ્યપણાને તે પામે રે,
શુભ અશુભ કર્મ પાપથી વિરામે રે;
પ્રભુ પેઠે કર્મે કરી ન બંધાય રે,
લક્ષ્મી પેઠે લીન્ન રહે સદા પ્રભુમાંય રે. ૭
ક્યારેય વળી મૂર્તિમાન થકો તેહ રે,
અતી હેતે સેવામાં રાખે નીજ દેહ રે;
વળી થાય સ્વતંત્ર ભગવાન જેમ રે,
પ્રભુ કૃપા વડે સામર્થી પામે એમ રે. ૮
પૂછે પ્રશ્ન નિત્યાનંદ સ્વામી ત્યારે રે,
પંચ અંગે સંપૂર્ણ હોય જન જ્યારે રે;
કૃપા થાય એમાં નહિ શક કાંય રે,

પણ કોઈ એકાદ અંગે ન્યૂન હોય રે. ૯
કહો પ્રભુ તેની તો શી ગતિ થાય રે,
પછે બોલ્યા શ્રીજી આંણીને કૃપાય રે;
ન્યૂન અંગવાળો જે જન હોય રે,
આત્યાંતિક મોક્ષ ન પામે જન સોય રે. ૧૦
અક્ષર વિના બીજાં હરિનાં જે ધામ રે,
તેને પામે સવાસનિક સકામ રે;
જન્મે દેવ મનુષ્યમાં ઘણી વાર રે,
અનેક જન્મે પામે તે કીરતાર રે. ૧૧
ભક્ત માટે નર્ક ચોરાશીમાં ન જાય રે,
એવી ગતિ અધૂરા ભક્તની થાય રે;
પછે જ્યારે થાય પંચ અંગે જાુક્ત રે,
હરિ કૃપા પાત્ર થઈ થાય મુક્ત રે. ૧૨
પામે પછે ગુણાતિત અક્ષર ધામ રે,
એમ જ્યારે મેળવે અંગ તમામ રે;
થાય અતિ નિરવાસનિક જ્યારે રે;
આત્યાંતિક મોક્ષ પામે જન ત્યારે રે. ૧૩
પછે બોલ્યા નૃસિંહાનંદ સ્વામી રે,
આજ દેહે કેમ કરી ભાગે ખામી રે;
પછી શ્રીજી બોલ્યા એમ વળી વાણી રે,
ખબરદાર થઈ મંડે શ્રધ્ધા આંણી રે. ૧૪
કસર સર્વે આ દેહે મટી જાય રે,
અગર અંત સમે નિર્વાસનિક થાય રે;
થાય અતિ પ્રીતિ ભગવાન માંય રે,
કૃપા થાય કસર ન રહે કાંય રે. ૧૫
અંતકાળે અક્ષરમાં થાય વાસ રે,
હરિકૃપા થકી થાય હરિનો દાસ રે;
માટે એક દેહે અથવા અનંતે રે,
અથવા એક ઘડી મૃત્યુ આડી અંતે રે. ૧૬

ત્યારે પણ વૃત્તિ પ્રભુમાં જોડાય રે,
કસર ટળી આત્યંતિક મોક્ષ થાય રે;
વચનામૃત અગીયારમું સારંગપુર રે,
દાસ ગોવિંદ ગાય પ્રભુની હજૂર રે. ૧૭

**(૩૨) રાગ-સુંદર શામળિયા.**

સમરું શ્રી હરિ તમને અતીશે ભાવ કરી;
વિસારું નહીં હરિને મનથી એક ઘડી. ટેક
શામળિયા તમે સહાય કરો છો, ભવજળ રોગ તમામ હરો છો;
પૂજું પ્રેમથી વાલા, તમને ગીરધરજી. સમરું. ૧
અવગુણ અપરાધ કાંઈ ન જોયા, મોહનજી તમે મુજ પર મોહ્યા;
સંભારું નીશદિન મનમાં, ગુણલા ગોવિંદજી. સમરું. ૨
જ્યારે ભીડ પડે છે ત્યારે, આવો છો દોડી અમારી વ્હારે;
મૂરતી તમારી વાલા, વિસરું કેમ કરી. સમરું. ૩
કોટી કોટી પ્રણામ તમોને, સેવામાં રાખજો પ્રભુજી અમોને;
ગોવિંદ તમને ગાઉં, હરખે હેત કરી. સમરું. ૪

**(૩૩) રાગ-ઓરા ઓરા ને આવો રે મોહન મરમાળા.**

સૂણો સૌ હરિજન રે, કહું એક વાતલડી;
પ્રભુ પ્રગટ બિરાજે રે, ઠરે જોઈ છાતલડી ૧
જેની રાખી આ પૃથ્વી રે, સ્થિર લોક ધરી;
જેના વરસાવ્યા વરસે રે, બારે મેઘ બીક ભરી. ૨
આકાશે તારામંડળ રે, જેનું રાખ્યું સ્થિર રહ્યું;
જેની બીકે સૂરજ શશી રે, ફરે કરી એનું કહ્યું. ૩
અનંત આશ્ચર્ય પૂર્વનાંરે, થયાં જે જે આજે થાય;
વળી હવે જે થાશે રે, તે સૌ આ થકી જ થાય. ૪
આ તો સર્વના સ્વામી છે રે, પ્રભુ અંતરજામી;
કર્યું એનું થાય છે રે, રાખો મન બહુ નામી ૫
કરો દઢ નિશ્ચય રે, પ્રભુજી પ્રગટ તણો;
દાસ ગોવિંદ કહે છે રે, થાશે તેથી લાભ ઘણો. ૬

## (૩૪) રાગ લાવણી.

શામળા સુંદર વર વાલા રે (૨),
રાત દિવસ તવ સમરણ સ્વામી, પુરુષોત્તમ લાલા. ટેક.
ગુણલા ગીરધર તારા ગાઉં (૨),
એક ચિત્ત અંતરમાં ધારી, અખંડ સુખીયો થાઉં;
દુઃખ છે દારૂણ સુખ માયા રે (૨),
મરમ ગૂઢ આ સમજત નાહીં, રંક અરુ રાયા;
સુખરુપ એક તમે વાલા રે (૨), રાત દિવસ તવ. ૧
સુખ છે કીંચીત માયામાં રે (૨),
દુઃખ તણો પછી પાર ન આવે, ઘેલો તું થા માં;
સુખના સિંધુ ગીરધારી રે (૨),
જનમ મરણ દુઃખ ટાળનહાર, અખંડ સુખકારી,
જગતના કારણ નંદલાલા રે (૨), રાત દિવસ તવ. ૨
ભૂલમાં ભમું રાત દહાડો રે (૨),
ભવસાગરમાં ગોથાં ખાતો, બહાર મુને કાડો;
થયા અપરાધ ઘણા સ્વામી રે (૨),
ક્ષમા માગું હું વારંવાર, હો અંતરના જામી,
રાખજો બિરદ ગોવિંદલાલા રે (૨), રાત દિવસ તવ. ૩

## (૩૫) વૈતાલ્યમ્

હંમેશા રાખજે જ તું, વચનો પાળ સુખી કરુંજ હું;
દરશન માટે હરિજનો, આવે મંદિરમાંય તેહનો. ૧
પંઈ પાણી ચાંપવા પગો, એ સેવામાં ના કરો દગો;
નવરાવી ધોતી ધોઈને, બેસાડો જ બિછાવી આસને. ૨
આવી ટેવો જ રાખવી, નાનપણમાંથી જ વાળવી;
દીધો છે દાખલો વળી, સાંભળતા સંશય જશે ટળી. ૩
સૂંધાં વાંસો સિધા ,ણા, જાડપણામાં તો નહીં મણા;
પરથમથી વાળશે જદા, તો ઝાઝે ભાવે જશે સદા. ૪

દસ વીસ પચાસ જાણજે, એવા મૂઘાં થાય માનજે;
ઉછળતાં વાળવે કરી, વળતાં વાર ન લાગશે જરી. ૫
વળતી જો વાળવા જશે, વળશે નહિં તે તોજ ભાગશે;
એવી રીતે કરું જ જો, દુઃખ જશે થાશે વળી મજો. ૬
સેવાના પૂન્યને બળે, આવે નહિં રોગાદિ આકળે;
આવી રીતે સુખી કરે, અક્ષરના પતિ દુઃખડા હરે. ૭
નિજ જનને સુખ આપતા, મનના સર્વે ત્રાસ કાપતા;
મુનીના પર મહેર રાખજો, છબિલા છેલ તમે જ આવજો. ૮

**ભજન (૩૬) દાંડી. મુક્તની શિક્ષાપત્રી**

સકળ જગત કરણ ધરણ ધારનારા,
અકળ વિકળ પ્રબળ શરણ રાખનારા;
અજબ ગજબ ગરવ સરવ ટાળનારા,
નમન નમન નમન નાથ હે હમારા. ૧

**શાલિની**

શિક્ષાપત્રી મુક્તની મોક્ષકારી, પુરુષોત્તમજી હસ્ત લેખી ઉતારી;
એકાંતિક ભક્ત અર્થો બતાવે, ત્યારે તેનો ભાવ પૂરો જ આવે. ૨

**રાગ ગાથાનો**

નિરાહાર કહેતાં વિષય સુખનો, ત્યાગ કરો એમ જાણજો રે;
માયિક સુખ ભોગવવું નહીં, એવું મને દ્રઢ આણજો રે. ૩
ભગવદ્ગીતાનો અધ્યાય બીજો, ઓગણ સાઠમો શ્લોક છે રે;
વાંચી જોતા સર્વે સમજણ પડશે, માયિક સુખ ભોગ ફોક છે રે. ૪
ખાવાની વાત કરી છે વાલમજી, થોડું થોડું ખાવું વિચારી રે;
એક વખતનું બંને વખતમાં, ખાવું દ્રઢ ટેકને ધારી રે. ૫
પૂછેલા પ્રશ્નના ઉત્તર આપો, ભેદ તેનો કહું વર્ણવી રે;
ઉપયોગ જેટલો વહેવાર વાતે, વણ ખપનો ન કાઢો ચવી રે. ૬
જ્ઞાનની વાતે તો શાસ્ત્ર પ્રમાણે, હા પડે તેમ તે આપવો રે;
પણ વધીકું બોલવું નહીં, વિચારીને બોલ કાઢવો રે. ૭

વધીકો શબ્દ સાંભળવો નહીં, વધીકું કરવું નહીં કાંઈ રે;
એવા ઘણા પરકારના ભેદો, શરત રાખવા સમજી રે. ૮
અખંડ મટકા રહિત રહેવું, સ્થિર રાખવી વરતી રે;
સદ્ વિચાર કહેતાં દેહ આત્મા, જુદા છે એમ જાણો નક્કી રે. ૯
મોઢેં તથા મને ભજન કરવું, બહાર તથા આતમા માંહી રે;
એ બે પ્રકારે ધ્યાન જ કરવું, એ વિના પળ ન પાડવી રે. ૧૦
એ ચારમાંથી ગમે તે એક, અખંડ રાખવું વિચારી રે;
વહેવાર કરવો ત્યારે જાણવું, સો વર્ષ જીવવું છે વળી રે. ૧૧
એવું જાણીને ચોક્કસ રીતે, કરવો દઢ વિચારીને રે;
ભક્તિ કરવી ત્યારે જાણવું, જાશે આ દેહ જ પડીને રે. ૧૨
છાંણે લીંપીને ભોંય સુણાર્યો, હોય એવું મને માનવું રે;
સ્થિર મન થાય ત્યારે જ ભાઈ, જીવન મુક્તિમાં ભળવું રે. ૧૩
મુક્ત જેને થાવું હોય જ તેને, અટકી પડે જ એટલો રે;
દહાડે તથા રાતે વહેવાર કરવો, દેશ કાળે થાય જેટલો રે. ૧૪
બાકીની ઉપાધિ ત્યાગ જ કરવી, અવશ્ય વેઠ ઉતારવી રે;
સત્વ ગુણ જ્યારે વરતે ત્યારે, હરિ મૂરતી ધ્યાન ધારવી રે. ૧૫
નાસ્તિકપણાના ઘાટ જ ભૂંડા, રજ તમ માંહી થાય છે રે;
ભગવાનનો છેડો નહીં આવે, જાણી મન અકળાય છે રે; ૧૬
રજ તમમાં તેથી બહાર ધારો, કાં કરો કથા કીરતન રે;
સત્વ ગુણ માંહી સુખજ વરતે, કામાદિ ઘાટ શમે મન રે. ૧૭
વાસના સર્વે દબાઈ જાય, આનંદ ઉર ઉભરાય છે રે;
ત્રણ દેહ થકી જુદો જ વરતે, શાસ્ત્ર વિધી વરતાય છે રે. ૧૮
રજ તમમાં ખોટા સંકલ્પ થાય, રોકે દેહ જવા દે નહીં રે;
પ્રથમ ચોસટના પરમાણે, પીંડ બ્રહ્માંડ છે મૂરતિ રે. ૧૯
તેમાં જે આપણે દોષ પરઠીએ, એ દોષ પીંડમાં આવશે રે;
માટે સમગ્ર પીંડ બ્રહ્માંડ, નિર્દોષ છે એમ જાણજે રે. ૨૦
સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત એ છે, ભગવાન સત્ય જગત મીથ્યા રે;
વિષય ખોટા એ ત્રણ જાણી, દહાડો કાઢવા કરો કથા રે. ૨૧
તથા સામાને સારૂ વાંચો, શાસ્ત્ર બધાં રચ્યાં તે સારૂ રે;

ભગવાનને વશ કરવા માટે, પ્રહલાદે યુદ્ધને આદર્યું રે. ૨૨
લડાઈ અનેક યુગ જ ચાલી, વશ થયા નહીં વાલમો રે;
ભગવાન બોલ્યા મૂરતી મારી, ધાર સદા મને ધ્યાનમાં રે. ૨૩
આ લોકના તાલે પાર ન આવે, અવસ્થા પૈસા મનુષ્યની રે;
દિવસે દિવસે વધ ઘટ થાય, જ્ઞાન વળી દિન જામની રે. ૨૪
ત્યારે ફરી જાય મનડું ભાઈ, માટે આ લોકનું ઠેલવું રે;
જે સમે જેમ બને એમ સારૂ, આઘું પાછું ન વિચારવું રે. ૨૫
કારણ વિચારેલું નથી રહેતું, હરી ઈચ્છા બળવાન છે રે;
અશુભ સંકલ્પ ધ્યાનમાં થાય, બંધ રાખે ગુણવાન છે રે. ૨૬
બંધ ન રહે તો ઉપાય બીજો, કથા વારતા કિરતન રે;
ઉત્તમ સંકલ્પ કહેવાય એ તો, વારે વારે વિચારો મન રે. ૨૭
ગાફલમાં છે ચોર ગુજારો, દેહ આતમા વહેવારમાં રે;
માટે નિરંતર શરત રાખો, અંતર બહાર વિચારમાં રે. ૨૮
ખબરદાર રહી દરવાજે, સાચવો શાસ્ત્ર વિધી ધન રે;
છેલ્લાનું નવમું વિચારી રાખો, સવળી વાત સદા મન રે. ૨૯
સાધુ થાવું હોય ભગવાન સાધી, સામ દામ ભેદ રાખવો રે;
પીંડ બ્રહ્માંડ વહેવાર ચલાવવો, દંડનો ત્યાગ જ કરવો રે. ૩૦
પોતાને ભણવું શીખવું ભાઈ, પોતાના કલ્યાણ કારણે રે;
સામો આવે જો સંગ જ કરવા, ભણાવવો શાસ્ત્ર પ્રમાણે રે. ૩૧
તે સમે ભગવાન ઉપાડે એવું, જ્ઞાન કરો સુખદા સદા રે;
આ લોક પરલોક કલ્યાણ કર્તા, ગોઠવી નવ રાખો કદી રે. ૩૨
જ્ઞાન કરવું ત્યારે એવું જ કરવું, દેહ ઈન્દ્રિ મનનો પાર રે;
સામાના જીવમાં દૃઢ કરીને, ચોંટે ન નીકળે તે બહાર રે. ૩૩
સાંભળવું ત્યારે તાકીને જોવું, શું કહે છે ગુરૂજી વેણ રે;
છીપની મચ્છીના મોઢાની પેઠે, અમૃતબીંદુસમાં કહેણ રે. ૩૪
મેઘની ગર્જના સમાન વાણી, કાટકા જેવી ન બોલવી રે;
સુણીને સામાને ફીટકાર લાગે, પાપ લાગે વાત તોળાવી રે. ૩૫
ધન દાર અને માનને સારુ, નથી ધાર્યો દેહ જાણજો રે;
તપ કરી રાજી ભગવાન કરવા, ધાર્યો છે એમ જ માનજો. ૩૬

અન્ન મીઠા વિના સ્વાદ ન લેવા, જે દુઃખ પડે તે વેઠવું રે;
વિષય સુખનું દુઃખ જ વેઠો, મુક્તનું તપ ભલું હવું રે. ૩૭
પાણી પાઈને ગામ જ લેવું, બતકને નવ ફોડવી રે;
હિંમતભેર રહે મુખ ઉંચું, ફોકટ ટેક ન તોડવી રે. ૩૮
સત્ય વચન કાઢો શાસ્ત્ર પ્રમાણે, હીત કહેતાં ખપના બોલ રે;
પ્રિય વાણી હોય કામની તોયે, સુખ દુઃખદા કરો તોલ રે. ૩૯
દુઃખદા બોલવું બંધ જ રાખો, સુખદા વાણી વદો સદા રે;
કઠણ દુઃખદા વચન કહેવું, બહુ હેત હોય જો જદા રે. ૪૦
દેહાભિમાન કે લોભને અર્થે, નવ વદો વસમાં વેણ રે;
વિવેક એવો રાખીને વદવાં, સત્ય હિતને પ્રિય કહેણ રે. ૪૧
બીજા પુરુષ સામે નવ જોવું, ચિત્ત પાતળિયામા પ્રોવું રે;
બનતા સુધી કુંવારી વૃત્તિ, રાખવી અવશ્યનું જોવું રે. ૪૨
કુંવારી વૃત્તિને વહાલો વરે છે, શરત રાખવું સમજી રે;
ત્યારે યોગ સધાય જ ભાઈ, જીતે આસન આળસ તજી રે. ૪૩
પૂંઠે પડે વાંદરા જેવી કહેતાં, બેસણી ભાઠાં પડે લાલ રે;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ, એકાંતિક ભક્તિમાં માલ રે. ૪૪
દેહ હાલે નહીં તે ધર્મ જાણો, જ્ઞાન હું અક્ષર આતમા રે;
વૈરાગ્ય સંકલ્પ થાય તે કાપો, ભક્તિ જોવા પરમાતમા રે. ૪૫
ઉંઘમાં જાય વિષયી કહેવાય, મુમૂક્ષુ તો ભજને સુવે રે;
મુક્ત તો મોક્ષના મારગ માંહે, મૂરતિમાં સુવે કહેતાં જાુવે રે. ૪૬
કામ બાણથી કંપતાં બીકે, ગોપી હરીમાં રહે લીન રે;
મનેન્દ્રિ વિષયે જાય લોભાય, પાછુ વાળે ભજન કીન રે. ૪૭
મનને વિષયમાં જવા દેતાં, તીન તાપમાં તપે તે જ રે;
માટે ધ્યાન ભજનમાં રાખો, સદાય શાન્તિ કરે એ જ રે. ૪૮
દેહ રૂપી આ ગાડલુ ભાઈ, ચીંદરડીથી ચલાવવું રે;
જર જોરૂ અર્થે કરવી મજૂરી, અન્ન ખૂબ ખાવા આપવું રે. ૪૯
ત્યારે ઈન્દ્રિયો છૂટી જ થાય, કામ કરે જ આનંદમાં રે;
પણ જ્યારે બેસી રહેવાનું હોય. તપે વળે વ્રજચંદમાં રે. ૫૦
નિરવિકારાનંદને કહ્યું જે, જોડો તારે નવ પહેરવો રે;

સૂળો વાગી પગે ફોડલા પડ્યા, તો પણ પહેર્યો નહીં એવો રે. ૫૧
પહેરવાની આગના થઈ ત્યારે, પગ છોલાયા ન કાઢીયો રે.
એવું ન કરવું આપણે ભાઈ, વિવેક પણ વિચારીઓ રે. ૫૨
વિષય પીડા અતીશે જ થાય, દઃખ મટે એમ વર્તવું રે;
પણ વધુ દેહને દુઃખકારી, વિષય ભોગમાં ન જવું રે. ૫૩
મનનું અતિશે દુઃખ જ હોય, તે મટે એટલા ભોગવો રે;
વચનામૃતનાં વાક્ય પ્રમાણે, સરળ મારગ શોધવો રે. ૫૪
જીભે જેટલા સવાદ લઈએ, તેટલા સંકલ્પ ભોગના રે;
ટાળ્યા ટળે નહીં દુઃખ જ દે છે, સવાદ કારણ રોગના રે. ૫૫
ભોગવે દુઃખ મટી જાય તે તો, નહીં તો બે દિન વિતશે રે;
વીર્ય બળી જશે સર્વત્ર ત્યારે, દુઃખ એ ઘાટનું ટળશે રે. ૫૬
પ્રથમ પ્રકરણ અઢારે વાંચો, ભેગું કરી ખાઓને અન્ન રે;
બનતા સુધી જુદ્દુ ન ખાવું, ગુણ દબાવો દ્રઢ મન રે. ૫૭
ભર્તજી જેવી દયા ન કરવી, જન્મ મરણ લેવરાવવા રે;
દયા તો ડાકણ થઈને ખાય, શાસ્ત્રના શબ્દ વિચારવા રે. ૫૮
મોટું પેટ રાખવું કહેતાં, જગતની પેઠે ખમવું રે;
મોટા માણસ ખમે છે જેમ, સરવ વાતમાં શમવું રે. ૫૯
લક્ષ્મી ઉપર નજર ન રાખો, કારણ પતિવૃત્તા નારી રે;
રાખીએ તો ભગવાન જ જાય, પૂંઠે ફરે લક્ષ્મી સારી રે. ૬૦
ભગવાન રાખીએ તો લક્ષ્મીજી, આપણી પૂંઠે ફરે ફેરા રે,
માટે ભગવાન રાખવા ભાઈ, મૂળ સદા જે સુખ કેરા રે. ૬૧
ચોવીસ કલાકમાં થોડું ઘણું, લાંબું થવું શબ આસને રે;
ભજન કરવા શીખવું સંતો, શબ આસન કરી મને રે; ૬૨
શરત રાખીને રાત દહાડાની, માનીનતા કાઢી નાખવી રે;
ભગવાન અર્થે લોભ ન રાખો, તેલ બત્તી રાતે બાળવી રે. ૬૩
યોગ થાય સુખ દઃખ સંબંધી, મહારાજની મરજી થકી રે;
તેને તે સુખ જ માનવું મનમાં, સંભારવી હરી મૂરતી રે. ૬૪
સુખ થયું કે આ દુઃખ થયું હવે, શુંય થશે ન વિચારવું રે;
નિરંતર પર્વતની પેઠે, મનને સ્થિર જ રાખવું રે. ૬૫

આઠ માસ જળ સૂરજ ચૂસે, ચતુર માસમાં વરસે રે;
તેમ સમૈયે જ્ઞાન વરસવું, બીજે હરી ઊર ધારશે રે. ૬૬
કથા વાર્તા કિર્તન ધ્યાન, કરીને કાળને કાઢવો રે;
સુષુપ્તિમાં જાય પરલોક બગડે, ફરીથી નવો આદરવો રે. ૬૭
તે માટે નવ ચાલે તો જ ભાઈ, સુષુપ્તિને ભોગવવી રે;
બહુ વખત જે ખરીને ખોટી, વાણી મોટાએ ઉચ્ચારવીરે. ૬૮
બીજાના જીવમાં પેસીને તે તો, સાચી થઈ દીએ મનવી રે;
વરતવા લાગે વાણી પ્રમાણે, માટે સાચી વાણી બોલવી રે. ૬૯
હાંસી મશ્કરીમાં પણ જૂઠું, ન બોલવું શરત રાખવી રે;
દસુંદની તો વાત ન કરવી, સર્વસ્વ તન મન ધન પાખી રે. ૭૦
ત્રણ દીએ એવું જ્ઞાન જ કરવું, પ્રત્યક્ષનું જ્ઞાન તો એવું રે;
દસુંદ જ્ઞાન પરોક્ષવાળાને, વાડા બાંધી પરાણે લેવું રે. ૭૧
સિદ્ધિયો ગ્રહણ કરવી નહીં, ઠગીને મૂરતીથી પાડે રે;
માયામાં જન્મ લેવરાવે, સિદ્ધાંત સિદ્ધિયો તો તાડે રે. ૭૨
એક સુધારવું કરોડ ચૂકી, ભગવાનમાં વૃત્તિ જોડવી રે;
હરિમાં વૃત્તિ રહેતી હોય જ્યારે, કામ બગડે નવ તોડવી રે. ૭૩

## વૈતાલીયમ્

મન ભૂખે ખાન ના કરો, ખાવું તન ભૂખે હૃદે ધરો;
જેવું જેને મળે વળી, ખાતાં ભૂખ પીડા જશે ટળી. ૭૪
ગુરુ મરજી સાચવો સદા, ગુરુ રાજીપે જાય આપદા;
ક્ષણ ભંગુર દેહ બેયનો, કથળે કામ પડે જ એકનો. ૭૫
ફરી આવો તાલ ના મળે, સદ્‌ગુરુ બીન ભવરોગ ના ટળે;
મળશે વિષયો નવા નવા, દર્લભ સદ્‌ગુરુ સંત પામવા. ૭૬
સંપૂર્ણ પ્યાર મેળવો, મરજી પાળી જીવ હેળવો;
વચનામૃત વાક્ય પાળવાં, શિક્ષાપત્રીનાં વિચારવાં. ૭૭
મન કર્મ વચને સદા રહી, ગુરુ પરસનતા તે જ જાણવી;
અક્ષરના ઈશ રીઝશે, સેવામાં નિજ પાસ રાખશે. ૭૮

## શાર્દૂલવિક્રીડિત


આ લોકે અવતાર આજ હરિનો, શા કારણે તો થયો,
દેવા દર્શન દાન દાસ જનને, હું તો વિચારી રહ્યો;
આપે બોધ અનેક રોગ હરતા, ભેગા કરી સંતને,
વંદે તે જગરાયને વિનયથી, ગોવિંદ રાખી મને. ૭૯

## ભજન (૩૭) મનહર છંદ

પછી પ્રભુ કહે સુણો, હરિજન સઉ તમે;
આવતો સમૈયો કરવો, વદી એકાદશીએ,
ચાતુરમાસ અહીં રહેવું, કાયર ન મન કરવું,
વૈરાગ્ય નિવૃત્તિ ધર્મ, તપને આદરીએ;
સિદ્ધ દશા પામો તમે, રાજી થઈએ ઘણું અમે, ૧
યમો નિયમો પાળીને, જોગ સિદ્ધ કરીએ,
હરિજન સુણી વાણી, પ્રભુજીની કૃપા જાણી,
વચન મનમાં ધાર્યા, કહ્યાં જે જે હરીએ.
બાકીનાં જે રહ્યાં જન, ભાદરણ જવા મન,
હરિની સાથે મગન, તૈયારી તો કરે છે,
ગાડાંમાં ભર્યો સામાન, કરતાં હરિ ભજન,
સ્થિર મન સ્થિર તન, હરિ જોઈ ઠરે છે,
ગાડે બેઠા ભગવન, સાથે થોડાં હરિજન, ૨
બીજા કરતા સ્તવન, ગાડા પૂંઠે પળે છે,
દેવાણ છોડી સ્વજન, સાંજે દસમીને દન,
ભાદરણમાં મોહન રૂપબાને મળે છે.
ગરીબને કહ્યાગરી, દોષ નહિ જેમાં જરી,
પતિ ભગવાન વરી, નરભાવ રહે છે.

પછી જાણ્યા પતિ હરિ, હરખ હરખ ભરી,
ઘટે એમ સેવા કરી, દુઃખ સુખ સહે છે;
મરણ દુઃખથી ઠરી, સંભાર્યા હૃદેમાં હરિ, ૩
હરિ બોલ્યા કૃપા કરી, 'શાને તું તો ડરે છે',
દેહ ત્યાગ કળા ખરી, શીખવી જરાએ જરી,
છોડી દેહ ધામે ડરી, હરિ સેવા કરે છે.
હોળીનો સમૈયો આવ્યો, હરિજન મન ભાવ્યો,
ભાદરણમાં મચાવ્યો, મન શાન્ત કરે છે,
આવ્યાં ઘણાં હરિજન, તજી પોતાનાં ભોવન,
કરતાં હરિ સ્તવન, હરિ જોઈ ઠરે છે;
ભેટી ભાવથી મોહન, ભેટ મૂકીને મગન, ૪
બેઠાં વાળીને આસન, પ્રભુ ધ્યાન ધરે છે,
નિરખીને ભગવન, ઉતારે મૂરતિ મન,
સ્થિર રાખીને લોચન, પ્રતિલોમ કરે છે.
વૈશાખ સમૈયા પછી, શ્રાવણ સુદની તીથી,
મહુધે ચીમનલાલ, વિષયને ભોગવે,
અંતર તો સુનું પડ્યું, અતિશે બળાપે બળ્યું,
તેથી ઘણી પ્રીતિ કરી, હરિની સ્તુતિ કરે; ૫
રાતે મહારાજ આવ્યા, ચીમનને મન ફાવ્યા,
મળ્યા કરી મોટી દયા, અંતર દુઃખ હરે,
એમ ભક્ત જન વા'રે, કરતા જગદાધાર,
પ્રણામ વારંવાર, સચ્ચિદાનંદ. હરે.

કવિ શ્રી પૂ. નરસીંહભાઈ ઝવેરભાઈ ભગત - નડીયાદ



જન્મઃ સંવત ૧૯૪૨ આસો સુદ - ૫ તા. ૨-૧૦-૧૮૮૬

॥ શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ ॥

વિભાગ  બીજો

પ.પૂ. શ્રી પ્રાગજી મહારાજના શિષ્ય શ્રી નડિયાદના પટેલ ઝવેરભાઈ જેસીંગભાઈના સુપુત્ર કવિ શ્રી નરસિંહભાઈ ભગતનાં કાવ્યો.

## (૧) શ્રી નરસિંહકૃત શ્રી પુરુષોત્તમ આખ્યાન.

આ મહાન સંત શ્રી. પા. પુરુષોત્તમ જીવાભાઈનો જન્મ તદ્દન ગરીબ અવસ્થામાં ભાદરણના ખાનદાન પાટીદાર કૂળે સંવત ૧૯૧૯ના પોષ વદ ૬ ના રોજ આણંદ મુકામે થયો હતો. પેટ પોષણ માટે સ્વામીનારાયણ ધર્મનાં પુસ્તકો લખવા માંડ્યાં. વડતાલમાં પણ તે જ કામ કરી વડોદરા મીલમાં શાળ ખાતામાં નોકરી કરતા અને સાધુ સમાગમ કરતા. તેવામાં શ્રી પ્રાગજી માહારાજમાં ભાવવાળા સાધુઓની વાતો સાંભળવી નહીં અને ઝેરનું પારખું લેવું નહીં-તેવી સાધુ વાતો કરતા. તે અરસામાં શ્રી મહાપુરુષદાસજી વિગેરે સાધુનું ઠાસરાના વિજ્ઞાનદાસજીનું મંડળ ત્યાં આવ્યું. તેમણે મહુવાની વાટ બતાવી અને તુરત જ તેમનું મન ત્યાં ગયું. અને સંવત ૧૯૩૬ માં નીચે પ્રમાણે ગુરુનું રટન કરતાં કરતાં મહુવા જવા નીકળ્યા.

હાં રે હો મહુવાના દરજીડા, તું મારે મન વસીઓ રે;
તું મારે મન વસીઓ-શામળિયા. હાંરે હો. મહુવાના. ટેક.
તારો મને રંગ લાગ્યો રે, તારો મને રંગ લાગ્યો-દરજીડા. હાં રેહો. ૧
તેં મારું ચિત્ત ચોર્યું રે, તેં મારું ચિત્ત ચોર્યું-દરજીડા. દરજીડા. હાં રેહો. ૨
મેં તારું નામ સૂણ્યું રે, મેં તારું, નામ સૂણ્યું-દરજીડા. હાંરે. ૩

સૂણી મારું મન મોહ્યું રે, સૂણી મારું મન મોહ્યું-દરજીડા. હાંરે. ૪
તારો મને મોહ લાગ્યો રે, તારો મને મોહ લાગ્યો-દરજીડા. હાંરે. ૫
હું તો તારે ગામ આવું રે, હું તો તારે ગામ આવું-દરજીડા. હાંરે. ૬

વગડામાં ચાલતાં ચાલતાં બે રસ્તા આવ્યા. કોઈ હતું નહીં. તેથી કયે રસ્તે જવું ? તેથી મૂંઝવણ થતાં અર્ધો કલાક નીચે પ્રમાણે ધૂન આદરી—

વા'રે આવો રે, વા'રે આવો રે, મારા ચિત્તડાના ચોર –
મારા મનડાના મોર - ૧
દોડી આવો રે, દોડી આવો રે, મારા ચિત્તડાના ચોર. મારા. ૨
મહુવા વાળારે, ઓ મહુવા વાળા રે, મારા ચિત્તડાના " " ૩

ધૂન કરતાં ગુરુજીનો હાથ દેખાયો. અને મારગ જડ્યો. તેથી હર્ષઘેલા થતા તે મહુવા પહોંચ્યા. પ્રાગજી ભગત સામા જ મળ્યા. અને તેમને જ પૂછયું કે, " પ્રાગજી ભગતનું ઘર ક્યાં છે? " તેમણે કહ્યું કે, " હું જ પ્રાગો હૈ " ગુરુજી જ્ઞાતીઓએ દરજી હતા. એટલે કપડાં સીવીને દિવસો પસાર કરતા. સાધુઓની પજવણી વિગેરે કારણોને લીધે કોઈપણ તેમના ભક્તને પોતાની પાસે રહેવા દેતા નહીં. તેથી શ્રી પુરુષોત્તમ મહારાજ એક શેઠાણીને ત્યાં નોકર તરીકે રહ્યા. શેઠાણીનું બધું જ કામ કરે. અને બદલામાં બે ટંકખાય. અને રાત્રે બહાર ઓટલા ઉપર સૂઈ રહેતા. તેમને ઉંઘ કે આળસ તો હતાં જ નહી. આખી રાત્રી ભજન ગાતા અને ગુરુનું સ્મરણ કરતા. એક દિવસ ગુરુના વિરહમાં અશ્રુધારા સાથે ગદ્‌ગદ્‌ કંઠે થઈને નીચે પ્રમાણે ગાવા લાગ્યા —

આવો અલબેલડા હો, મારે મંદિરિયે. ટેક.
ભક્તોના ભોગી હો-મારે; સંતના સખા હો-મારે. ૧
ભાવના ભૂખ્યા હો-મારે; પ્રેમના તરસ્યા હો-મારે. ૨

જેવો વિરહ શ્રી પુરુષોત્તમ માહારાજને થયો, તેવો જ વિરહ શ્રી પ્રાગજી માહારાજને પણ થયો. અને પોતાને મુકામે જ નીચે પ્રમાણેનો આલાપ અશ્રુધારા સાથે ગદ્‌ગદ્‌ કંઠે થઈને ગુરુજી પણ કરવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ રામાનંદ

સ્વામીને પત્ર લખ્યો ત્યારે તેના ઉત્તરમાં:સ્વામીએ લખ્યું કે, "જેમ તમને ઈચ્છા છે મારી, તેમ અમને ઈચ્છા છે તમારી; માટે આવીશ હું ઉતાવળ્યે, થાશે સુખ તે તમને મળ્યે." આવી આદિ અનાદિની સાચા ગુરુ શિષ્યની રીત જ છે.

**શ્રી પ્રાગજી માહારાજ -**

વહાલા મારા પશા હો, ગાંડાના રે વેશમાં;
વહાલા મારા પશા હો, તું હાલ્યો રે પરદેશમાં. ૧
વહાલા....તું વગડાની રે વાટમાં, વહાલા-તું હાલ તોરે ઉચાટમાં. ૨
" " હું વગડા માંહી આવ્યો " " મેં મારગડો બતાવ્યો. ૩
" " હું તારે ને કારણે " " હું નીકળી આવ્યો બારણે. ૪
" " તું આવ્યો રે નગરમાં, " " રહ્યો વણીકનારે ઘરમાં. ૫
વહાલા...તેં ચિત્તડું રે ચોર્યું છે; વહાલા...મારું મનડું રે મોહ્યું છે. ૬
" " ચિત્ત મારું ચડ્યું રે ચગડોળે; " " ભાન મેં તો મેલ્યું રે ભાગોળે. ૭
" " હું ભૂખ્યો રે ભમૂં છું; " " હું તરસ્યો રે ફરું છું. ૮
" " ભક્તોનારે ભાગ્યમાં; " " લખ્યો તને નરસીના લલાટમા. ૯

આવી રીતે શ્રી પુરુષોત્તમ માહારાજને યાદ કરતાં કરતાં શ્રી પ્રાગજી માહારાજને નીચે પ્રમાણે વિચારો આવ્યો —
" ગુજરાતમાં મુમુક્ષુની ઠઠ ભરી છે. ચરોતરનાં મોટાં ભાગ્ય છે. મારે ત્યાં આવવું છે. આગળ જોગી સેવ્યા. અત્યારે ભોગી સેવીએ છીએ. હવે કંઈ સુખી ખમીશું? સત્સંગી થઈએ કે કુસંગી થઈએ. માંથે છેડો નાંખવો છે. આખા ભગવાન થવું છે. " વિગેરે વિગેરે.

શ્રી પુરુષોત્તમ મહારાજ શેઠાણીને ત્યાં ઓટલા ઉપર સૂતા સૂતા, શેઠાણીને જણાવવા પૂરતું જ પોતાનું વૃત્તાંત નીચે પ્રમાણે ગાવા લાગ્યા.

**રાગ-પીજની ભાગોળે રે.**

ગામ ઘણું છેટું રે, ઘર નથી મોટું રે;
માબાપ ઝંખે રે, તે તો મને ડંખે રે. ૧

ગુણે ઘરવાળી રે, મૂકી છે બે'કારી રે;
પેટે પુત્રવંતી રે, દુઃખે દહાડા ગણતી રે. ૨
નથી ઘરનો કે ઘાટનો રે, છું ભર દરિયે રે;
વીતી કોને કહીએ રે; ૩
મળે પ્રભુ મારો રે, હાથ આવે આરો રે;
જવું કયે રસ્તે રે, દેખું મારી દ્રષ્ટિ રે. ૪

વળી કોઈ વખત પોતાના પૂર્વ જન્મના સ્વરૂપનું જ્ઞાન થઈ આવતાં આનંદમાં આવી નીચે પ્રમાણે ગાતાઃ -

**-: રાગ ઉપરનો ચાલુ :-**

પૂર્વના યોગી રે, અમે નહીં ભોગી રે;
મેલા ઘેલા રહીએ રે, ગાંડામાં ગણાઈએ રે. ૫
કોઈને ના કહીએ રે;
મળવાને ઠાકર રે, રહ્યા છીએ ચાકર રે. ૬
આદર્યું શિરસાટે રે, રહ્યા ખાધા માટે રે;
કામ બમણું કરીએ રે, પગાર ના લઈએ રે. ૭

આવી રીતે શ્રી પુરુષોત્તમ મહારાજ દિવસો પસાર કરતા. એક દિવસ વાળુ વખતે રાત્રે શેઠાંણીના છોકરાને હિંડોળતાં હિંડોળતા શ્રી પુરુષોત્તમને વિચાર આવ્યો કે, અત્યાર સુધી મેં મારી આપવીતી ગાઈ. પરંતુ ગુરુજીને કાંઈ સંભાર્યા નહીં, પરંતુ ગુરુજી ધંધે દરજી છે, માટે તેમના ધંધા મુજબ તેમનું સ્મરણ કરુ. આમ વિચાર કરી શ્રી પુરુષોત્તમ મહારાજે ગુરુ સ્મરણ કરવા માંડ્યુ. એટલે ગુરુજી શ્રી પ્રાગજી મહારાજને પણ તેમના તરફનો પ્રેમ ઉત્પન્ન થતાં એમના મુકામ ઉપર બેઠે બેઠે ગાવા લાગ્યા - કેવી રીતે - તો શ્રી પુરુષોત્તમ મહારાજ જે લીટી ગાય તે લીટીનો શ્રી પ્રાગજી મહારાજ પોતાના મુકામ પર રહ્યે રહ્યે ઉત્તર આપે :—

રાગ - એકડે એક પાળો પુરુષોત્તમની ટેક —

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, દોહિલા રે દિવસ તું તો સાંધજે;
ઓ દરજીડા, અવગુણ અવળાઈ અંદર રાખજે. ૮

હવે શ્રી પ્રાગજી મહારાજ તેનો જવાબ આપે છે-

દોહિલા દિવસ સાંધું, હું અવળું અંદર રાખું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૯

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, નવલો ને ન્યારો તું ઘાટ કાઢજે;
ઓ દરજીડા, વિરહની વેલો તું ઉપર ટાંકજે. ૧૦

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

ઘાટ કરું હું ન્યારો; સહુ જનને લાગે પ્યારો;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૧
નથી કાંઈ વાકું, હું વિરહની વેલ ટાંકું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૨

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, કાતરનો ગુણ તું કાતરે કાપજે;
ઓ દરજીડા, સોયનો ગુણ તું સોયે સાંધજે. ૧૩

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

કૃપા કાતરે કાપું, હું પ્રેમની સોયે સાંધું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૪

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, ટાંકે ને ટાંકે રે બેલું બાંધજે;
ઓ દરજીડા, બોલ્યું ને ચાલ્યું તું ટાંકે સાધજે. ૧૫

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

ટાંકે બેલું બાંધું, હું સગપણ સાચું સાધું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૬
આતમ બુદ્ધિ રાખું, હું સર્વે તારું સાંખું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૭

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, વાયદાથી વહેલું તું સીવી રાખજે;
ઓ દરજીડા, છેટેથી આવ્યો છું ફેરો ના પાડજે. ૧૮

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

હું વાયદાથી વહેલું આપું, હું ફેરો કદી ના પાડું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૧૯

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, સીવવાની સીલાઈ તું મુખે માગજે. ૨૦

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

તું મારો ઠાકર, હું બનું તારો ચાકર;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૧
તું મારો શેઠ, હું કરું તારી વેઠ;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૨

શ્રી પુરુષોત્તમ મહારાજ ગાય છે-

ઓ દરજીડા, પુરુષોત્તમની અરજી રુદિયે રાખજે. ૨૩

શ્રી પ્રાગજી મહારાજ ગાય છે-

સૂણી તારી અરજી, મન વિચારે છે દરજી;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૪
જેવી તારી અરજી, એવી છે મારી મરજી;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૫
નિંદ્રા ગઈ છે નાશી, હું તુજ પ્રેમનો પ્યાસી;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૬
પશલો પશલો થાય છે, અજંપા જાપ જપાય છે;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૭
તુજ પાસે રાતે આવું, હું ચોરમાં ગણાવું;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૮
ઉપાય નથી બીજો, સ્વપ્ન વિના સીધો;
ઓ પશલા, વિરહે તારે હું વેચાણ છું. ૨૯

પછી તે જ રાત્રે શ્રી પ્રાગજી મહારાજે શ્રી પુરુષોત્તમ મહારાજને સ્વપ્નમાં

દર્શન દીધાં. તે કેવાં? તો જાણે શ્રી પુરુષોત્તમ મહારાજને, શણગારે સહિત શ્રી પ્રાગજી મહારાજ મહુવાના ચૌટા વચ્ચે મળ્યા, અને ભેટી પડ્યા. આવાં શ્રી પ્રાગજી મહારાજનાં દર્શન થવાથી શ્રી પુરુષોત્તમ મહારાજને ઘણો આનંદ થયો.

હવે જે રાત્રે દર્શન દીધાં તે બીજે જ દિવસે સવારે સાચાં પડ્યાં. કેવી રીતે તો, શ્રી પુરુષોત્તમ મહારાજ શેઠાણીની ગાયના સારું ખોળ લેવા બજાર જતા હતા, ત્યારે શ્રી પ્રાગજી મહારાજ સામા મળ્યા. બંનેની એક નજર થઈ ગઈ એટલે એક બીજા ભેટી પડ્યા. પછી શ્રી પ્રાગજી મહારાજ શ્રી પુરુષોત્તમને કહેવા લાગ્યા કે, હે પશલા, ! હું તારા પર ઘણો પ્રસન્ન થયો છું. મારી સારું હવે તું આવું નીચું કામ કરીશ નહીં, તું હવે ઘેર જા.મારું સર્વસ્વ તને આજથી સોંપ્યું. માટે ઘેર જઈને તું ઐશ્વર્ય-સત્તા ચલાવ. આમ કહી શ્રી પ્રાગજી મહારાજે શ્રી પુરુષોત્તમ મહારાજને રજા આપી.

**આ રીતે ઉપરની લીલા નીચેના ભજનમાં ગાઈ છે.**

સ્વપ્નમાં જે થાય છે, મુખે પુરુષોત્તમજી ગાય છ;
ઓ સંતો, સાંભળતાં સુખરુપ છે. ૩૦

**રાગ-પીજની ભાગોળે રે.**

સૂણી મારી અરજી રે, મળ્યા મને દરજી રે;
આવે મુજ સામા રે, પહેર્યા જરીના જામા રે. ૩૧
રાગ-એકડે એક રાખો પુરુષોત્તમની ટેક.
પાઘ આંટાવાળી, આ છોગલીએ હદવાળી;
હો પ્રગજી, કૃપા સાગર કીરતાર છો. ૩૨
મુખડું પૂનમચંદ, આપે અતિ આનંદ. હો પ્રગજી ૩૩
મંદ મંદ હસે, આંખેથી અમૃત વરસે. હો પ્રાગજી. ૩૪
ચાંદલિયો રુડો ભાલ, કંઠે છે મોતીમાળ. હો પ્રાગજી. ૩૫
ધોયેલી પહેરી ધોતી, એ મોજડીઓને મળતી. હો " ૩૬
હું તો જાતો રસ્તે, ઝાલ્યો છે મને હસ્તે. હો " ૩૭
જોયું છે મુજ સામું, પૂરે છે મારી હાંમું. હો પ્રાગજી ૩૮
લોક લાજ મેલી ખોલી ત્યાં પ્રેમની પેટી. હો " ૩૯
પડ્યા મને ભેટી, ત્યાં મળી જયોતે. હો " ૪૦
તાણી મેલી પોક, મેગા થયા ત્યાં લોક,

હો ભાઈઓ, જોવાની જુક્તિનો બડો તાલ છે. ૪૧
અન્યો અન્ય પૂછે, આ બે જણને તે શું છે. હો ભાઈઓ. ૪૨
ધોળો કાઠિયાવાડી, આ મેલો મારવાડી. હો ભાઈઓ. ૪૩
બાપ મૂવો આજ કે ગયું છે એમનું રાજ. હો " ૪૪
આકાશે દેવ આવ્યા, તે તો વૈંમાન લાવ્યા. હો " ૪૫
કરે પુષ્પ વૃષ્ટિ, એ પૈસા થઈને પડતી હો. " ૪૬
થઈ થોડી વાર, ત્યા શાન્તિ થઈ લગાર;
હો ભાઈઓ, ગુરુ ચેલાનો એક તાર છે. ૪૭
બંને પડ્યા જુદા, મુખેથી વેણ વદ્યા;
ઓ પશલા, મુજ હૈયાનો તું હાર છે. ૪૮
બહું થયું બસ, આ વધશે તારા જશ. ઓ પશલા. ૪૯
હવે તું કર્ય માં આવું, તે મુજથી નથી સહેવાતું. ઓ. " ૫૦
ઘેર તું તો જાજે, સુખી બહુ તું થાજે. ઓ પશલા. ૫૧
ગુરુભક્તિ કેવી, ન થાય કોઈથી એવી;
ઓ સંતો, શીરને સાટે મોંઘો માલ છે. ૫૨
નરસિંહે સૂણી જેવી, સૂણાવી સૌને તેવી;
ઓ સંતો, સાંભળતાં સુખરુપ છે. ૫૩

પછી ગુરુ શ્રી પ્રાગજી મહારાજની ઘેર જવાની આજ્ઞા થતાં શ્રી પુરુષોત્તમ પોતે ખોળનો ટોપલો લઈ શેઠાણીને ત્યાં ગયા. અને શેઠાણીની રજા લીધી, કે હવે હું ઘેર જાઉં. છું, માટે તમારી રજા લઉં છું—

શાન્તાબેન શેઠાણીનું નામ છે,
પુષ્પાબેન તેમની દીકરીનું નામ છે.

### રાગ - આનંદ આપ્યો અતિ ઘણો રે-

કહું છું પુષ્પાબેન સાંભળો રે;
જઉં છું શાન્તાબેન આવજો સંદેશો કહાવજો રે. ૫૪
તમારું સર્વે સંભારજો રે;
જઉં છું રે ઠાલે હાથે રે -શાન્તાબેન.....આવજો. ૫૫

આડે અવળે નથી કાઢિયું રે;
નથી આપ્યું કોઈને તલભાર રે -શાન્તાબેન.....આવજો. ૫૬
નોકરી કરી છે ખરા ખંતથી રે;
નથી આવી ચૂક લગાર રે -શાન્તાબેન.....આવજો. ૫૭
તમારે મારે લહેણું એટલું રે;
ઋણ છૂટે રસ્તે પડનાર રે - શાન્તાબેન.....આવજો. ૫૮

આવી રીતે કહ્યું એટલે શેઠાણીએ કાલાવાલા કરી કહેવા માંડ્યું.

- રાગ ઉપરનો ચાલુ-

વળતાં શાન્તાબેન બોલિયાં રે, ભોજન કરતા જાવ રે - ગાંડાલાલ;
તમારા વિના અમને નહીં ગમે રે. ૫૯
શાને રિસાયા કોણે દૂભાવ્યા રે;
મનડાં કેમ મૂઝાયા રે - ગાંડાલાલ..... તમારા. ૬૦
પુષ્પા રુવે તમારી બેનડી રે;
બાબો રુવે પારણામાંય રે - ગાંડાલાલ.....તમારા. ૬૧
ગાય રુવે છે ભાં કરી રે;
વાછડી રુવે છે લાંબે સૂર રે - ગાંડાલાલ.....તમારા. ૬૨
પોપટ રુવે છે પાંજરે રે;
મેના કરે કીલકાલ રે -ગાંડાલાલ.....તમારા. ૬૩
તમ વિના સૂનું મારું આગણું રે;
તમ વિના સસૂનાં ઘરબાર રે - ગાંડાલાલ.....તમારા. ૬૪
કહું છું સૂણો મારી વિનતી રે;
ભોજન કરતા જાવ રે - ગાંડાલાલ.....તમારા. ૬૫
આંણી દયા પછી અંતરે રે;
પાછા વળ્યા પોતે આપ રે - પુરુષોત્તમ-
તમારી ભક્તિ અમને સાંભરે રે. ૬૬

શેઠાણીએ બહુ કાલાવાલા કર્યા, એટલે પોતે મનમાં દયા લાવીને શેરીએથી પાછા વળી શેઠાણીને ત્યાં ગયા અને જમીને પોતે ચાલી નીકળ્યા. તે ભાદરણ આવ્યા ત્યારે તેમનાં માતા પિતા,ભાઈ તથા ધર્મ પત્નિ રુપબાઈ તથા

તેમના ભક્તો દરેક તેમનાં લાંબા વિયોગના દુઃખના ઉદ્‌ગારો કહેવા લાગ્યા. માતૃશ્રી તો તેમને દેખાતાંની સાથે જ કહેવા લાગ્યાં — માતૃશ્રી કહે છે —

બાનજીબા કહે છે, આવો મારા ભાઈલા;
આટલા દિવસો, ક્યાં તમે ગયેલા.......૬૭
જીવડો ઝંખે ને, વાટ જોતી ઝાઝી;
ઉંઘે અજંપે, જતી'તી હું જાગી.......૬૮
સાંભરી આવે આંખે, ખરી પડતાં આંસુ;
જાણે શ્રાવણીએ, વરસે ચોમાસું.......૬૯
મોંઘીના મોં સામું, નહોતું જોવાતું;
હૈયું એનું રહેતું, સદા મૂઝાતું.......૭૦
જોષીડા આવે, જોષ જોવડાવતા;
પશ્ચિમ દિશાનાં, એંધાંણ મળતાં.......૭૧
પંથડો ન્યાળી ન્યાળી, નેણાં રે પાક્યાં;
વાટડી જોઈ જોઈ, અમે રે થાક્યાં.......૭૨
આંગણે બોલ્યા આજ વાયસ વાંણી;
આવશે મારો ભાઈલો, લીધું એમ જાણી.......૭૩
મન મંદિરનાં, ખુલ્લાં થયાં બારણાં;
ડોસીએ ભાઈલાનાં, લીધાં ઓવારણાં.......૭૪

**હવે પિતાશ્રી કહે છે રાગ — ઉપરનો —**

જીવાભાઈ કહે છે, આવ્યા પશાભાઈ;
આવ્યા ગયાનો, કાગળ લખ્યો નહી.......૭૫
હૈયામાં શગડી ને, બળતી'તી છાતી;
મુખેથી ના કહીએ, પુરુષની જાતી.......૭૬
ચિંતાની ચિત્તમાં, ચટકી રે લાગી;
તેણે ગાતર ગયા, મારા ભાગી.......૭૭
દુઃખ કહી ડોસે, હળવું કર્યું હૈયું;
ફરી આવું ના, કરશો એમ કહ્યું.......૭૮

**હવે મોટાભાઈ ત્રિકમભાઈ કહે છે —**

ત્રિકમભાઈ કહે છે, આવ્યા નાના ભાઈ;

ખુશીનો કાગળ, એકેય લખ્યો નહી.......૭૯
લોક પુછે તેને, અમે શું કહીએ;
ગરબડ ગોટા વાળી, પતાવી દઈએ.......૮૦
ઢંગડા તમારા, જોઈને રે આવા;
લોકડિયાં કહે છે, થઈ ગયા બાવા.......૮૧
સમાજમાં શું, મોં લઈને ફરીએ;
હળવા કરી નાખ્યાં છે સગા ભાઈએ.......૮૨

**રુપબાઈ કાંઈ બોલતાં નથી, પણ તેમની વર્તણુક ઉપરથી તેમનો પ્રેમ જણાય છે —**

રુપબાઈ ને આંખે, આંસુડાં રે પડતાં;
મુખેથી અક્ષર, એકે નથી કહેતાં.......૮૩
ઉત્તમ પ્રેમની, એ છે એંધાણી;
દાસ નરસિંહની, એવી છે વાણી.......૮૪

**પછી તેમના ભક્તો ગાવા લાગ્યા —**

આવો ને મારા, રઢિયાળા પુરુષોત્તમ રે;
વાલા તમારી, જુગમાં ન મળે જોડ રે.....આવોને........૮૫
મોર મુગટ ને, મુખ પર મોરલી ધારી રે;
ખમ્મા હો વાલા, અક્ષરના ગિરધારી રે.....આવોને........૮૬
પીળાં પિતાંબર શોભે, ધર્મના લાલા રે;
મેં બલિહારી, જાઉ અક્ષરના વાલા રે.....આવોને........૮૭
ત્રિકમ તારા, તેજ તણો નહિ પાર રે;
માણેક મોતી ને, હિરલે જડિયા હાર રે.....આવોને........૮૮
ફૂલના ગજરા ને, ફૂલણિયાળા તોરા રે;
કેંડે શોભે, સોનાના કંદોરા રે.....આવોને........૮૯
ફૂલ ગુલાબી ને, ફૂલે ભરાવું ફૂલવાડી રે;
દાસ નરસૈં ને, દર્શન દેજો દહાડી રે.....આવોને.......૯૦

ઉપર મુજબનું કાવ્ય મહારાજે અંતરમાં ઉપાડ્યું તેવું ગાયું છે. જેમ મુક્તાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીના વૃતાંતનો પત્ર શ્રી રામાનંદ સ્વામીને લખ્યો, તેના અંતમાં લખ્યું કે,

" લખ્યું છે મારી બુદ્ધિ પ્રમાણ, સર્વે જાણી લેજો સુજાણ;
ઓછું અધિકું જે લખાણું હોય, કરજો ક્ષમા અપરાધસોય "

તેમ અનુક્રમ અનુક્રમપણાની ક્ષમા સાથે વિરમું છું.પા. નરસિંહભાઈ ઝવેરભાઈ બીન જેસંગભાઈ ભગત. વિઠ્ઠલ કન્યા વિદ્યાલય સામે, અક્ષર ભૂવન,નડિયાદ.

### ભજન (૨) રાગ - ગરબી.

ધન્ય ધન્ય છે ભાદરણ ગામને રે ...મારા વાલા;
ધન્ય ધન્ય પુરુષોત્તમના નામને રે .....મારા વાલા. ૧
ધન્ય તે એમનાં માતને રે...મારા વાલા;
ધન્ય તે એમના તાતને રે.....મારા વાલા. ૨
ભક્તિ બજાવી બાળા વેશમાં રે...મારા વાલા;
ડંકો વાગ્યો બધા દેશમાં રે.....મારા વાલા. ૩
ગમ પડી ગુરુ ગોતવા રે...મારા વાલા;
મત પંથે તે માંડ્યુ શોધવા રે.....મારા વાલા. ૪
એમ કરતાં વડોદરે આવીયા રે...મારા વાલા;
મહાપુરુષને મનડે ભાવીયા રે.....મારા વાલા. ૫
બતાવી મહુવાની વાટડી રે...મારા વાલા;
ઉઘડવા હૈયાની હાટડી રે.....મારા વાલા. ૬
મન જઈને બેઠું મહુવે રે...મારા વાલા;
પછી ચાલી ગયા સો ગઉએ રે.....મારા વાલા. ૭
અન્યો અન્ય મળી છે આંખડી રે...મારા વાલા;
ત્યાં તો ફૂલી છે પ્રેમની પાંખડી રે.....મારા વાલા. ૮
જીવ એક થયો ને કાયા જુજવી રે...મારા વાલા;
ગુણ ગાય નરસૈંયો કવી રે.....મારા વાલા. ૯

### પદ - ૨

સંવત ઓગણી સત્યાંસીની સાલમાં રે...મારા વાલા;
શુભ આસો વદીના દિવસમાં રે .....મારા વાલા. ૧
મારે વાલે આણી'તી ઉદાસી રે...મારા વાલા;
જાણે અક્ષરમાં જઉં નાશી રે.....મારા વાલા. ૨

પણ રહ્યા અહીં શાને કારણે રે...મારા વાલા;
કહું સૂણો ઘરમાંથી આવી બારણે રે.....મારા વાલા. ૩
ધન્ય નારણ મુનિના મૂન્યને રે...મારા વાલા;
જેણે વાલાને રાખ્યા રમૂજમાં રે ...મારા વાલા. ૪
ધન્ય દીવાળીબાના ઘરકામને રે...મારા વાલા;
જેણે રોકી રાખ્યા સુંદીર શ્યામને રે...મારા વાલા. ૫
ધન્ય કમુ સીતાની સેવા રે...મારા વાલા;
જોઈ વાલાએ ધાર્યુ રહેવા રે...મારા વાલા. ૬
ધન્ય ગોવિંદભાઈની કમાઈને રે...મારા વાલા;
જેણે રોકી રાખ્યા વેવાઈને રે.....મારા વાલા. ૭
ધન્ય પોકર ભગતની પ્રીતિ રે...મારા વાલા;
મારા વાલાથી ના શકી તૂટી રે...મારા વાલા. ૮
ધન્ય મીરાં બાઈની રીતી રે...મારા વાલા;
જેને વાલો શક્યા નહીં જીતી રે...મારા વાલા. ૯
ધન્ય સરવે સંતોની સેવા રે...મારા વાલા;
નરસીનો નાથ આપે મીઠા મેવા રે...મારા વાલા. ૧૦

### ભજન (૩) સમૈયો.

સમૈયો આવ્યો શામનો, સંતોનો મેળાવડો.ટેક
હાલોને સંતો હાલીએ રે લોલ,
જઈએ અક્ષરધામ, મારા વાલમજી લોલ ;
સમૈયો આવ્યો શામનો, સંતનો મેળાવડો..... ૧
આવી કંકોતરી ત્યાં થકી રે લોલ,
જુઓ લખ્યું એની માંય, મારા વાલમજી લોલ;
સુદી બારસ સોમવારનો, સંતનો મેળાવડો..... ૨
તે જોઈ સંતો ચાલીયા રે લોલ,
આવીયા અક્ષરધામ, મારા વાલમજી લોલ;
ભાવે પ્રભુને ભેટવા, સંતોનો મેળાવડો..... ૩
સનમુખ આસન પાથર્યા રે લોલ,
બેઠા ઘટે તેવી રીત, મારા વાલમજી લોલ;

સુખ સાગરમાં ઝીલવા, સંતનો મેળાવડો..... ૪
પલાણામાંથી આવીયા રે લોલ,
કુબેરભાઈ કરી કોડ, મારા વાલમજી લોલ;
મોતીકાકા આદીક રે, સંતનો મેળાવડો..... ૫
આવ્યા કલ્યાણભાઈ આવીયા રે લોલ,
મકનદાસ મહંત, મારા વાલમજી લોલ;
પ્રાગજીભાઈ કરી પ્રીત રે, સંતનો મેળાવડો..... ૬
ગરવાં ગંગાબા આવીયા રે લોલ,
મંગળ ચતુર તેના સૂત, મારા વાલમજી લોલ;
સદા ને અંબાનો સાથ રે, સંતનો મેળાવડો..... ૭
છોટાભાઈ આવીયા છેલમાં રે લોલ,
છપાયા ગુણસુંદરી માંય મારા વાલમજી લોલ;
છાપાવાળાને હાથ રે, સંતનો મેળાવડો..... ૮
મોટાભાઈ આવ્યા મહાલતા રે લોલ,
લઈ પરિવાર સાથ, મારા વાલમજી લોલ;
નટવર નાથુ નાથી બેન રે, સંતનો મેળાવડો..... ૯
રૂક્ષ્મણી આવ્યાં ને લલીતા રે લોલ,
કીકો કીકી લઈ સાથ, મારા વાલમજી લોલ;
જોઈતારામ ને પરસન રે, સંતનો મેળાવડો..... ૧૦
હરખાબા આવ્યાં હરખથી રે લોલ,
ખુશાલભાઈની સાથ, મારા વાલમજી લોલ;
જીજીબાઈ હનુમાન રે, સંતનો મેળાવડો..... ૧૧
જોરાભાઈ આવ્યા જોરથી રે લોલ,
રામાની રૂડી રીત, મારા વાલમજી લોલ;
ગુણે ભર્યા ગુણવાન રે, સંતનો મેળાવડો..... ૧૨
વલ્લવદા આવ્યા વહાલથી રે લોલ,
સગાંને લઈને સાથ, મારા વાલમજી લોલ;
મોટાં મન છે એમનાં, સંતનો મેળાવડો..... ૧૩
રાવસાહેબ આવ્યા રાજતા રે લોલ,

રૂક્ષ્મણી હરીગંગા જ, મારા વાલમજી લોલ;
કમુ કરવાને કલ્લોલ રે, સંતનો મેળાવડો..... ૧૪
બાપુ આવ્યા છે બોધતા રે લોલ,
જેને તેને કરે વાત, મારા વાલમજી લોલ;
પ્રગટ પ્રભુની સાક્ષાત રે, સંતનો મેળાવડો..... ૧૫
મણી ને મીરાં આવીયાં રે લોલ,
મોંઘાં ને બાપઈ ની જોડ, મારા વાલમજી લોલ;
અંબા આવ્યાં છે ખરે ખાંત રે, સંતનો મેળાવડો..... ૧૬
ઉમીયા બા આવ્યાં ઉમંગથી રે લોલ,
બેચરભાઈ તેના ભ્રાત, મારા વાલમજી લોલ;
કાવ્ય કરે ભલી ભાત રે, સંતનો મેળાવડો..... ૧૭
કાનપુરમાંથી આવીયા રે લોલ,
જીવણભાઈ કરી જોર, મારા વાલમજી લોલ;
વેવણ લઈને સાથ રે , સંતનો મેળાવડો..... ૧૮
પોકારો આવ્યો પ્રીતથી રે લોલ,
વદાને ઝાઝેરૂ વહાલ, મારા વાલમજી લોલ;
મારવાડના રહેનાર રે, સંતનો મેળાવડો..... ૧૯
ઈચ્છા બા આવ્યાં ઈચ્છતાં રે લોલ,
ઉકેલવાનું પૈણત, મારા વાલમજી લોલ;
ભાવે પ્રભુને ભેટવા, સંતનો મેળાવડો..... ૨૦
ગામ વસોમાંથી આવીયાં રે લોલ,
છોટાભાઈ આદિ જન, મારા વાલમજી લોલ;
ઘણી ઘણી નાત જાતનાં, સંતનો મેળાવડો..... ૨૧
ભાઈશંકર ભલે આવીયા રે લોલ,
ગગા કરવા ગુણગાન, મારા વાલમજી લોલ;
વીણાનાં રહેનાર રે, સંતનો મેળાવડો..... ૨૨
માધુજી આવ્યા મહાલતા રે લોલ,
બાઈબાને બહોળાં બળ, મારા વાલમજી લોલ;
મનમાં મળવા માવ રે, સંતનો મેળાવડો..... ૨૩

રામનારાયણ આવ્યા રાજતા રે લોલ,
મૂકીને ગુરૂનું ઘર, મારા વાલમજી લોલ;
કેશવલાલ ને જડાવ રે, સંતનો મેળાવડો..... ૨૪
ગામો ગામથી આવીયાં રે લોલ,
ઝા'ઝેરાં આ જન, મારા વાલમજી લોલ;
કહેતાં ના આવે પાર રે, સંતનો મેળાવડો..... ૨૫
ગાય શીખે ને સાંભળે રે લોલ,
કરાવે જે જન પાઠ, મારા વાલમજી લોલ;
તેના ટળે સંતાપ રે, સંતનો મેળાવડો..... ૨૬
ભારે મેળાની ભીડમાં રે લોલ,
નરસૈયો થયો નીહાલ, મારા વાલમજી લોલ;
પ્રગટ પ્રભુને પ્રતાપ રે, સંતનો મેળાવડો..... ૨૭

## ભજન (૪)

અલબેલા ઉતાવળા આવ્યા, વાટડી હું જોઈ રહી છું. ટેક
તારે કાજે ઘર છોડ્યું, નથી કર્યુંકાંઈ થોડું;
ગણતરી કેમ ના ગણાય.વાટડી હું જોઈ...૧
ભાવતું ભોજન છોડ્યું, અન્ન ખાધું થોડું થોડું;
કામ કર્યું કેમ ના ગણાય.વાટડી હું જોઈ...૨
મુખડાના બહુ મીઠા, જીભના તો તેવા જૂઠા;
દિલ તારૂં નહીં દરિયાવ.વાટડી હું જોઈ...૩
સૂકું સાલ તું તો દીધું, લીલું મેં તો માની લીધું;
બારણાં બંધ કેમ કરાય.વાટડી હું જોઈ...૪
સ્વપનામાં સાંભરે છે, જાગરાતમાં વિસરે છે;
કરાવો હવે ક્યો રે ઉપાય.વાટડી હું જોઈ...૫
હૈયાનો હાર જે છે, દૂર દૂર શાથી રહે છે;
કોના ઘરનો ને કેવો એ ન્યાય.વાટડી હું જોઈ...૬
વાયદા સહુ વહી ગયા, દીન ગણતાં દીન થયાં;
ઉંઘ તારી હવે તો ઉડાડ્ય.વાટડી હું જોઈ...૭

દોયલા દિનોનો દાસ, કરગરી કહે છે ખાસ;
ઝટપટ જાગીને આવ.વાટડી હું જોઈ...૮

**ભજન (૫) ખુમારી.**

મને ચઢી રે ખુમારી નવ ઉતરે,
મારા ગુરૂએ આપ્યું મને જ્ઞાન, ખુમારી નવ ઉતરે... ટેક
મને જ્ઞાન આપીને ગરવી કરી, ટાળ્યું અનાદિનું અજ્ઞાન.ખુમારી...૧
મારા કર્મનાં બંધન કાપીયાં, મારી કર્મની રેખપરમેખ.ખુમારી...૨
બેની સંશયને શોક મારા હણ્યા, તું તો અંતરની આંખે દેખ.ખુમારી...૩
મારાં જનમ મરણ ને આધિ વ્યાધિ, હવે હરિયે લીધાં છે હાથ.ખુમારી...૪
બેની મરજી એનીમાં મારે રહેવું, જેવો જોગ આપે તેની સાથ.ખુમારી...૫
બેની જે સમે જેવું એને ગમે, તેમ રાજી રાજી રહુમન.ખુમારી...૬
આ તો વાત અલૌક્કિ અલેખ છે, મારા ગુરૂજીને ધન્ય ધન્ય.ખુમારી...૭
મારે આનંદ સાગર ઉલટ્યો, મારે હૈડે હરખ અગાધ.ખુમારી...૮
બેની બાકી હવે મારેકાંઈ નથી, મને લાગી અખંડ સમાધ.ખુમારી...૯
મારા ગુરૂજી પૂરણ પુરુષોત્તમ, અનાદી એ સાકાર સ્વરૂપ.ખુમારી...૧૦
માવો મનુષ્ય થઈને ફરે મહી તળે, તોય કોટી બ્રહ્માંડના ભૂપ.ખુમારી..૧૧
એનો સોનેરી સબંધ મારેમન વસ્યો,મોતી તોરો કરે હાલાહાલ.ખુમારી...૧૨
એનું ભાલ ભર્યું કેસર ચંદને, બેની ચાંદલિયો જોઈ લાલ.ખુમારી..૧૩
વાંકી ભ્રકુટી એની વાંકા વાળની, નેણે અમૃત દ્રષ્ટિ અપાર.ખુમારી...૧૪
નમણી નાસીકા જોઈને નાથની, શુકખેદ પામે મન મોઝાર.ખુમારી...૧૫
શોભે સૂર્યસમ ટીબકડી ગાલની, જોઈ કુંડળીયાં બેઉ કર્ણ.ખુમારી..૧૬
મીઠી વાણી માવાની છે હાસ્યની, સૂણી થઈ રહી એને શર્ણ.ખુમારી...૧૭
એનું મુખ જોઈને બની બાવરી, ઘેલી થઈને બેઠી ઘરમાંય.ખુમારી...૧૮
ઘેલી કેવી તે કવી કહે કથી, ખાઈ ઘરનું ગાડા કેડે જાય.ખુમારી....૧૯
એનો કંઠ શોભાડે છે કોડથી, મોંઘો મૂલો મોતીડાનો હાર.ખુમારી...૨૦
બેની જામો મખમલનો ઝીકે ભર્યો, જોઈ ખેસ લાલ બુટ્ટાદાર.ખુમારી...૨૧
બેની કાંડે કડાંના સોના સાંકળાં, ચિત્ત ચોંટ્યું જોઈ વીંટી વેઢ.ખુમારી...૨૨
હાથ હજુરીયોને તુળસી માળ છે, જોને કસ્યું કસબી શેલું કે'ડે.ખુમારી..૨૩

જોઈ સુરવાલ એનો સાચી ઝીકનો,બેની મોજડી મન હરનાર.ખુમારી..૨૪
એનું રૂપ જોઈને રીઝે નહિ, નથી ત્રણ લોકે એવી નાર.ખુમારી...૨૫
જોઈ નખ શીખ મૂરતી નાથની, ગાઈ જેવી પડી મને ગમ.ખુમારી...૨૬
લાગી રટના નરસીંને દિન રાતમાં, જય બોલે મુખે પુરુષોત્તમ.ખુમારી...૨૭

**( શ્રી મુની મહારાજ ) (૬) રાગ - ગરબી.**

ભલે આવ્યા પ્રગટ ભગવાન, આજ મારે આંગણીએ;
મને આપ્યું અલૌક્કિ જ્ઞાન, મુખથી શું ભણીએ. ટેક.
ગાતા ને વાતા ગુરુ ઘેર આવ્યા, મોંઘે મોતીડે વધાવ્યા રે;
ત્રિકમને તેડીને મેં તો, પાટ ઉપર પધરાવ્યા...આજ. ૧
ચંદન ચરચ્યું ચતુર વરને, પહેરાવ્યા પુષ્પના હાર રે;
આરતી ઉતારી અતિ ઉમંગે, નીરખ્યા મેં ધર્મકુમાર...આજ. ૨
સોનેરી શીરબંધ શીર પર શોભે, મખમલ જામો લાલ રે;
કુંદનનાં કડાં બેઉ કરમાં, વેઢ વીંટીને રુમાલ...આજ. ૩
ભોયેલી ધોતી પહેરી છે ધોળી, કસબી કોર રસાળ રે;
મોહન પાવમાં મોજડી મોંઘી, શોભા અપરમપાર...આજ. ૪
નયણે નીરખી પુરુષોત્તમને, અંતરમાં ઉતારૂં રે;
વૃત્તિ થાવા તવ આકારે, માગી રહ્યું મન મારું...આજ. ૫
નરસૈંના સ્વામી શ્યામળારે, તમે ભક્ત વત્સલ ભગવાન રે;
દીન દાસ પર દયા કરીને, દીજીએ એટલું દાન...આજ. ૬

**ભજન (૭) રાગ - ગરબી - પદ-૧.**

પ્રભુજી પ્રગટ્યા ભાદરણ ગામમાંરે,ઓગણી ઓગણપચાસની સાલ જો;
ગઢડે જગન થયો' તો તે સમે રે,
ગુરુએ પ્રીત જણાવ્યું વહાલ જો...પ્રભુજી. ૧
પછે પ્રભુજી ત્યાંથી આવીયા રે, પટલમાં પુરુષોત્તમ છે નામ જો;
પીજ ગામમાં તો છતા થયા રે, મૂકીને બંને મોટાં ધામજો...પ્રભુજી. ૨
માથે છેડો પ્રભુએ નાખીઓ રે, આખા ભગવાન થયા આજ જો;
સ્ત્રી પુરુષને સુખ આપવું રે, એવું બોલ્યાં છે મહારાજ જો...પ્રભુજી. ૩
ભજન સ્મરણનો આદર કર્યો રે, સમાધિમાં દેખાડે નીજ ધામજો;

ત્રણ માસે અવીધા ઉકળી રે, કહે નરસી વડતાલ ગામ જો...પ્રભુજી. ૪

**પદ - ૨**

ગુરુને પત્ર તો વળી લખીયો રે, વીહારીલાલે મહુવા ગામ જો;
શિષ્ય તમારો વળી પશલો રે,
પૂજાય ભગવાન થઈ પીજ ગામ જો...ગુરુને. ૧
મહુવેથી તો પત્ર આવીયો રે, મહારાજ ઉપર પીજ ગામ જો;
હથીયારએ ઉંચા તમે મૂકજો રે, લેજો પડે જયારે કામજો...ગુરુને. ૨
ગુરુની આજ્ઞાથી ઘેર ગયા રે, કરવા લાગ્યા ખેતીનુ કામ જો;
ત્રણ વરસ તો છાના રહ્યા રે, પ્રભુજી પોતે ભાદરણ ગામ જો...ગુરુને. ૩
ઓગણીચોપનની વળી સાલમાં રે, દેહને મૂકી ગયા ગુરુ ધામ જો;
ઉદાસી નીજ જનની ટાળવા રે,
નરસીનો નાથ આવ્યા વડતાલ ગામ જો...ગુરુને. ૪

**પદ - ૩**

દરવાજે આવીને ઉભા રહ્યા રે, નીજ ભક્તોને મળવા કાજ જો;
પરચો મોટો તો વળી ત્યાં થયો રે,
સુખ સજ્જામાં પટલ થયા મહારાજ જો...દરવાજે. ૧
ભગત સર્વે તો આવી મળ્યા રે, જાણી લીધો સર્વે સાર જો;
શોક સર્વેનો શમી ગયો રે, આનંદ ઉલટ્યો છે અપારજો... દરવાજે. ૨
પ્રભુ એ જ્ઞાન તો ચલાવીયું રે, ભસઈ ગઈ ભક્તોની બહુ ઠઠ જો;
તેને જોઈને વિચાર કીધેલો રે, લઈ લઉં ગણપત કેરો મઠજો..દરવાજે. ૩
ગણપતને તો પરચો આપીયો રે, સોંપ્યું સર્વે તન મન ધન જો;
નરસીના નાથ તો મઠમાં ગયા રે, સાથે લઈને સ્વજન જો...દરવાજે. ૪

**પદ - ૪**

મઠમાં જઈને વાલો બોલીયા રે, સાચો ભગવાન હોય આજ જો;
કોઠાની માંહે પરવેશ કરે રે, કાચાનું કાંઈ ન ચાલે કામ જો...મઠમાં. ૧
આવું વચન વાલાનું સાંભળી રે, હરિજન હરખ્યાં છે અપાર જો;
ગુરુનું વચન તો સિધ્ધ થયું રે, મટી ગઈ અથડાંમણ આવારજો..મઠમાં. ૨
સર્વે જને પછી વિનંતી કરી રે, બ્રહ્મવિદ્યા ભણવા કાજ જો;
વળતાં વચન વાલે ઉચ્ચારિયાં રે, સમૈયા કરું કહ્યું મહારાજ જો.મઠમાં. ૩

સુદી એકાદશીએ આવવું રે, ભાદરણ ગામે સર્વે સાથ જો;
નરસીના નાથની લીલા જે થઈ રે,
ભાદરણની ગોવિંદ માસ્તરને હાથે જો...મઠમાં. ૪

### ભજન (૮) વા વાયા ને વાદળ ઉલટ્યાં - એ રાગ

પોષ સુદી ચોથે તમે આવ્યા'તા,
વણ તેડ્યા તે નડીયાદ ગામ, કુવાને કાંઠે ઉતર્યા'તા. ૧
તમારી સાથે હરિજન ત્રણ હતાં, ચોથા પોતે પુરુષોત્તમરાય..કુ. ૨
તમે મીરાંને ગામમાં મોકલ્યાં'તાં, કરવાને અમને જાણ..કુ. ૩
મીરાં ગામમાં આવીને બોલ્યાં'તાં, પ્રભુ પધાર્યા છે એવી વાંણ..કુ. ૪
અમે સરવે દર્શને આવ્યાં'તા, આવી પૂછી તમારી પેર..કુ. ૫
ક્યાંથી આવ્યા તમારે ક્યાં જાવું, બહુ સોંઘા થયા કરી મે'ર..કુ. ૬
તે સાંભળીને તમે બોલ્યા'તા, આવ્યા ભાદરણથી કરવા લે'ર..કુ. ૭
તમે કંકોતરીને દેખાડતા'તા, કે'તા જાવું અમદાવાદ શહેર..કુ. ૮
તમને રાત રહેવાનું અમે કહ્યું તું, ત્યાં તો તમે પાડતા નાય..કુ. ૯
તમે ગાડીએ બેસવા ગયા'તા, તમને અકળને કેમ કળાય..કુ. ૧૦
તમે સ્ટેશનથી પાછા આવ્યા'તા, ચારજણના થઈ આવ્યા સાત..કુ. ૧૧
આવી ખેતરમાં ઓરડીએ ઉતર્યા'તા,
રહ્યા ચોથ પાંચમ બે રાત, ખેતરની ઓરડીએ ઉતર્યા'તા..ખે. ૧૨
તમે ચીમનને દર્શન દીધાં'તા, ઓસરીમાં ધ્રુજતા આપ..ખે. ૧૩
પોષ માસમાં ટાઢ બહુ હતી, તમે રાતે તાપતા તાપ..ખે. ૧૪
ચતુર બાપાના મનમાં ઉપડ્યું'તુ, આજ જવું ગામ નડીયાદ..ખે. ૧૫
કહે જવાનું કારણ શું છે ભાઈ, મન ખેંચી લાવ્યું કરી વિવાદ..ખે. ૧૬
ઓચ્છવલાલને જીવણ આવ્યા'તા, ધગટ સૂરજબા રુક્ષ્મણી નામ..ખે.૧૭
ડહી મંગુ ને નરસિંહ નડીયાદનાં,
મણી જોઈતી મૂકી ઘરકામ, અમદાવાદ તો ગયા'તા..... ૧૮
ભગત મથુર ને મીરાંને લાવ્યા'તા,
લક્ષ્મી સ્વરુપ દીવાળીબા આપ.અમદાવાદ..... ૧૯
એમ હરિજન પંદર થયાં'તા,
તમે સોળમા નરસીના બાપ.અમદાવાદ..... ૨૦

## ભજન (૯) ગરબી - (પીચકારી મને ના મારશો.)

મિત્ર સાચા તમે મારે એક છો, તમે નોધારાના આધાર રે...મિત્ર. ટેક
પ્રથમ દેહ ગેહ મિત્રો હતાં, તેને સુખે હતો હું સુખી જ રે...મિત્ર. ૧
અનુભવમાં પણ સાચું હતું, ખોટું થયું તમને દેખી જ રે.....મિત્ર. ૨
જેમ જોગ તમારો વધતો ગયો, તવ મૂરતીનો લાગ્યો પાસ રે.મિત્ર.૩
સાચું માનેલું તે ખોટું થયું, મન થયું સરવથી ઉદાસ રે......મિત્ર. ૪
નજરે દેખ્યું અને અનુભવ્યું, ખોટું થઈ ગયું તે સરવ રે....મિત્ર. ૫
મુક્તિ મુક્તિને ધામ અદ્રશ્ય રહ્યું, તેનો કેમ કરી રહે ગર્વ રે.મિત્ર. ૬
પાપ પૂન્યમાં હું જાણું નહિ, શું હશે ધરમને અધર્મ રે......મિત્ર. ૭
એક શરણ તમારે આવી રહ્યો,રાખો નરસીને જેમ ફાવે તેમ રે.મિત્ર.૮

## ભજન (૧૦) ધોળ - સ્તુતિ

હવે હું તો પુરુષોત્તમને કહું છું રે,
બેઉ કર જોડીને વિનંતી કરૂં છું રે. ૧
ઓ મારા નાથ પકડો મુજ હાથ રે;
હવે મને સદાય રાખો સંગાથ રે. ૨
ઓ મારા ધણી ભાળો મારા ભણી રે;
હવે તમે વાર કરશો નહિ ઘણી રે. ૩
ઓ મારા જીવન લ્યો મારૂં મન રે;
તમે મારે નિરધનનું છો ધન રે. ૪
ઓ વનમાળી જાવું બલિહારી રે;
કરો મને સર્વ પ્રકારે તમારી રે. ૫
ઓ નીસપ્રેહી થાવ મારા સ્નેહી રે;
હવે તમે ખામી કંઈ રાખશો નહીં રે. ૬
ઓ નીરગુણ ઓ નીરવીકાર રે;
થાવ મારા નોધારાના આધાર રે. ૭
નરસીના નાથ કરો હવે મહેર રે;
આજ મારે થાય તે લીલા લ્હેર રે. ૮

## ભજન (૧૧)

થઈ હું તો રાજી રે મોહન મૂરતી જોઈને.. ટેક.
સોનેરી શિરબંધ માથે શોભે છે ; તોરો રહ્યો છે બિરાજી.. થઈ હું તો. ૧
મોહન મુખડું મનમાં ગમે છે; ગીત ગાય છે એ ગાજી..થઈ હું તો. ૨
સોનેરી શેલુંને મખમલ જામો, ઝીકની શોભા ઝાઝી...થઈ હું તો. ૩
મખમલ લેંઘો ને પગે ઝાંઝરીયા, ઠમકે ઘુઘરી ગાજી... થઈ હું તો. ૪
રૂપાળાનું રૂપ જોઈને, કોટીક કામ છબી લાજી.......થઈ હું તો. ૫
વાલમજીનો વેશ જોઈને, દુરીજન મરે છે દાઝી......થઈ હું તો. ૬
દુરીજન લોક મારી નિંદા કરે છે, જગત થયું છે પાજી..થઈ હું તો. ૭
લોકડીયાંની લાજ ન લાવું, મારે મન એ મૂળા ભાજી..થઈ હું તો. ૮
હરી સંગાતે હું હેતે બંધાણી, તેમાં શું કરે પંડિત કાજી..થઈ હું તો. ૯
નીરગુણ નાથને ગુણમાં ખેલે, જાણે માંડી બાજીગરે બાજી..થઈ હું તો. ૧૦
બહુનામી છે નરસીનો નાથ, પણ ફોઈએ પાડ્યું છે પશાજી..થઈ હું તો. ૧૧

## ભજન (૧૨) વાલવોડ હોડી ડૂબી. તે વિષે

આજ આજ મારી હોડી બૂડી છે મહી જળમાં;
અને ઘણો આનંદ વર્ત્યો તે પળમાં રે...આજ. ટેક.
અમે ભાદરણ ગામ થકી ચાલ્યાં,
નાનાં મોટા ઘરડાં ને ગાડે ઘાલ્યાં;
જઈ વાલવોડના આરામાં મહાલ્યાં રે.....આજ. ૧
પ્રભુ બેસી રહ્યા આંણે આરે,
હોડીએ બેઠાં પચાસને સુમારે;
કામ કર્યું તે વગર વિચારે રે.....આજ. ૨
હોડી ચલાવી ધીરે ધીરે,
પેસવા લાગ્યું છે માંહીં ઝાઝું નીરે;
હોડી બૂડી પહોંચી નહીં તીરે રે..... આજ. ૩
જોડાં પોટલાં ને છત્રીઓ સુધાં,
સર્વે જન પાણી માંહીં ખૂટ્યાં;
શૂન્યકાર થઈ રહ્યું છે ત્યાંહી રે..... આજ. ૪

કલાક વાર થઈ પછી જ્યારે,
ધીમે ધીમે આવ્યાં સૌ આરે;
પુરુષોત્તમ ધા'યા ત્યાં વ્હારે રે ..... આજ. ૫
કાંઈ ચીજ નથી ત્યાં તણાઈ,
નજરે જોએલી આ મેં ગાઈ;
નરસી પામ્યો ત્યાં ઘણી નવાઈ રે..... આજ. ૬

### ભજન (૧૩) રાગ - સદાનો

ગોમતીએ ગજબ કીધો રે, મહીસાગર માગ જ દીધો રે.ટેક.
ગોમતી નામ મોટું ગણાએ, મહિમા મોટો મહી માંય,
જગતનાં લોક જાણીને મોટી, તીરથ કરવા જાય;
તીર્થે ડા'મ ટાઢો દીધો રે... મહીસાગરે. ૧
કંઈક નાના ને કંઈક મોટાં, કંઈક નર ને નાર,
કંઈકને ઘેર કેર વર્તાયો, થઈ રહ્યો હાહાકાર;
ભૂડાઈમાં ભાગ જ લીધો રે...મહીસાગરે. ૨
મહી માતા નદી મોટાં છે, સાગરની ઉપમાય;
પ્રચંડ પૂરમાં વહે સદાએ, તો'ય તે તો સ્થિર થાય;
તણાવા કાંઈ ન દીધો રે.....મહીસાગરે. ૩
સંવત ઓગણીસો અગના એંસીમાં, બની આ સઘળી વાત,
વૈશાખ વદી પડવા દિને, પ્રગટથી સાક્ષાત;
પરોક્ષે તો કાંઈ ન કીધો રે.....મહીસાગરે. ૪

### ભજન (૧૪) રાગ સદાનો

જ્ઞાન જ્યારે તું બદલાયું રે, દહાડે હવે સુખનો આવ્યો રે..ટેક.
ખૂણીયું હતું તે ઉઘાડું થયું, જાણ્યું સરવે જન,
પ્રગટ મુખે એમ કહે છે, જાતે હું ભગવાન;
ભગતનો ભેદ જ ભાગ્યો રે..... દહાડો. ૧
ધ્યાન હવે આ મૂરતિનું ધરજો, મુખે કહે મહારાજ,
મસ્તક હવે છેડો નાખ્યો છે, ઓ સંતો તમારે કાજ;
પટલે તો પાઠ ભજાવ્યો રે..... દહાડો. ૨

જેને જેમ પ્રીતિ થાય, તેને માટે તેવી રીત,
સાકટંબામાં નોંતરું આજે, ખોટું નહીં એ ખચીત;
રંગીલે રાસ રમાડ્યાં રે..... દહાડો. ૩
પ્રગટ પ્રભુ ને પ્રગટ કલ્યાણ, પ્રગટ સરવે વાત,
પ્રગટથી તો પૂરણ બની, સેવું દીન ને રાત;
નરસીને તો પ્રેમ પમાડ્યો રે..... દહાડો. ૪

### ભજન (૧૫) રાગ - હોડીનો

આજ આજ ઝેર ચઢીએલ સર્વેને ઝાઝું,
તેને દેખીને દીલમાં દાઝું ર......આજ. ટેક.
પ્રાણ પ્યારાં હરિજન મારાં, દીધા જેરથી દુઃખી થનારાં;
દેહ છોડીને જણાય જનારાં રે.....આજ. ૧
ખાધા પ્રસાદથી ઝેર ચઢીયું, ના ખાધો તેને ના નડીયું;
અનુમાને નક્કી એમ ઠરીયું રે.....આજ. ૨
એક ગબડ્યું ને બીજું પડ્યું, ત્રીજા ચોથાને આ શું થયું;
પાંચ સાત પચીસે ગયું રે.....આજ. ૩
પચાસ સાઠ સીત્તેર ને સો એ, ગયું દોઢસોને લગભગ બસોએ ;
ખાધો તેમાં બાકી નહિ કોઈએ રે.....આજ. ૪
બાઈ ભાઈ બાળકોને બુઢ્ઢાં, ઝેર ચઢીએલું મારા સુદ્ધાં;
લાંબી સોડે તે સર્વે સૂતા રે.....આજ. ૫
આવી તાંણ્યો ને જીભ થઈ ટૂંકી, ટૂટી નાડી જતાં દેહ મુકી;
પુરુષોત્તમે રાખેલાં રોકી રે.....આજ. ૬
કીયા જનમનું વાળવા વેર, ઝેર આપી કર્યો કાળો કેર;
મારે વહાલે કરી લીલા લહેર રે.....આજ. ૭
આ છે પરમપરાની રીતે, ભગત પ્રાગજીએ ખાધેલું પ્રીતે;
નરસીના નાથે લીધું તેવી રીતે રે.....આજ. ૮

### ભજન (૧૬)

પુરુષોત્તમજી રે, મારે પાલવડો શે સાહ્યો;
પુરુષોત્તમજી રે, તમે વનમાં ચારતા ગાયો.
પુરુ.મનમાં સમજી મૂકી દેજો, પુરુ. પુછે કહેવું હોય તે કહેજો. ૧

પુરુ. મારે મારગ હું તો જાતી; પુરુ. તેમાં તમારૂં શું ખાતી.૨
પુરુ. મારાં મહીડાં લૂંટાઈ જાશે ; પુરુ. તેમાં તમારૂ શું જાશે.૩
પુરુ. મારો હાર હૈયાનો તૂટે; પુરુ. વનમાં કોળી હોય તે લૂટે.૪
પુરુ. મારે સાસુનું છે સાલ; પુરુ. દાણ દઈશું આવતી કાલ.૫
પુરુ. નણદી નાની છે પણ મોટી; પુરુ. માથે આળ મૂકશે ખોટી.૬
પુરુ. મારી જેઠાણી શેઠાણી; પુરુ. મને પાડશે એ હેઠાણી.૮
પુરુ. મારી દેરાણી મહારાણી; પુરુ. મને પૂમડે પાશે પાણી.૯
પુરુ. મારો સસરો શહેરનો સૂબો; પુરુ. તુજને જેલમાં રાખશે ઊભો.૧૦
પુરુ. મારો જેઠ શહેરનો શેઠ; પુરુ. તુજને સોંપશે શહેરની વેઠ.૧૧
પુરુ. મારો દીયેર છે દાણીગર; પુરુ. તમને છેતરશે કરી છળ.૧૨
પુરુ. મારો પરણ્યો છે પનોતો; પુરુ. મુજને પૂરશે ઘરમાં એતો.૧૩
પુરુ. મારે એક તમારી આશ; પુરુ. રહેજો નરસૈયાની પાસ.૧૪

## ભજન (૧૭)

આ પ્રગટના લાડીલાને કોણ રોકે;
એ તો અક્ષરધામમાં ઠેઠ પો'કે. આ પ્રગટના. ટેક.
ભવ બ્રહ્માદિ એનો મારગ મૂકી, પેલો બળિયો એને દેખીને હેઠ. આ;
ભૂત ભૈરવ એને દેખીને ભડકે, પેલી માતા નાસે ઉભી સડકે. આ. ૧
કામ ક્રોધ લોભને મારે મુક્કે, મોહ ઈર્ષાને મારતાં નવ ચૂકે. આ;
ધર્મ જ્ઞાન વૈરાગ ભક્તિને સંગે, રમે અક્ષરમાં અતિ ઉછરંગે. આ. ૨
કોટી ગંગા યમુનાને કોટી રેવા, એતો પ્રગટના લાડીલાની કરે સેવા. આ;
ચાર ધામ ચૌદ લોક અડસટ કહીએ.
એ તો લાડીલાને ચરણે જાણી લઈએ. આ. ૩
બે નિષ્ઠા સાંખ્યને યોગ લાવે, તેને આડો વિક્ષેપ કાંઈ નવ આવે. આ.
આ નરસયો ધૂમ માર્ગ નહીં ઢુંઢે,
એ તો અર્ચી માર્ગે અણું નહીં છેટે. આ. ૪

## ભજન (૧૮) રાગ - માઢ

ઓ અક્ષરધામી, છો સદા સ્વામી, અવતારના અવતાર;
પ્રભુ પૂરણ કામી, છો નિષ્કામી, સદા તમે સાકાર.. ૧
ઓ સ્વામી શાસ્ત્રમાં શોધીને જોયું, જડ્યો છે આ સાર;

સેવક અમારે રહેવું જ પડશે, છૂટકો નથી થનાર રે.ઓ અક્ષર. ૨
જે જે તમારી બરોબરીઆ થાવા ગયા થઈ સુજાણ;
વળી જે જે મોટા થાય છે, તેને મેં જોઈ હાંણ રે.ઓ અક્ષર.૩
શાસ્ત્રની માંહે લખ્યું છે પહેલું, બીજું મુખે કરી કહો વિવેક;
ત્રીજું પ્રત્યક્ષ નજરે દેખાડ્યું, એ ત્રણે એકનું એકરે.ઓ અક્ષર. ૪
સેવક થવામાં સદાય મારું, રાજી રહેજો મન;
વાલાજી તમ પાસે વિનંતિ કરીને, માગું છું એ વચન રે..ઓ અક્ષર. ૫
બીજા મારા સંકલ્પ સામું, જોશો નહિ ભગવાન;
સેવક થવાનો એક જ સાચો, માની પૂરો હામ રે..ઓ અક્ષર. ૬
જેવું સમજાયું તેવું મેં ગાયું, મનની બુઝાવા દાઝ;
જેવું મારું સારું થાય તેમ, કરજો ઓ મહારાજ રે..ઓ અક્ષર. ૭
સંબંધીમાં હેત જીવને જેવું, તેવું તમારી સાથ;
નિત્ય નિત્ય નવું નવું રે થાજો, ઓ નરસીના નાથ રે..ઓ અક્ષર. ૮

### ભજન (૧૯)

(વાલા મારા વહેલા આવજો;)

પ્રભુ તારો ફરી ફરીને દર્શન આપજો. વાલા મારા. ટેક
પ્રભુ તારો વિયોગ કેમ કરી સહેવાશે, તનડું તપશે કોણ ટાઢું કરશે...
વાલા મારા..... ૧
પ્રભુ તારે વિયોગે રોઈ રોઈને રહીશું, દીલડાની દાઝે કોને કહીશું...
વાલા મારા..... ૨
ઘરનો ધંધો ગમે નહીં, ઘરનાં ગામનાં કહે ગાંડી થઈ...
વાલા મારા..... ૩
ખાવું ને પીવું સૂઝે નહીં, શુધ્ધ ને સાનનું ઠેકાણું નહીં...
વાલા મારા..... ૪
ઘાયલ થઈ છું ઘા રુઝે નહીં, ઉપાય એનો કાંઈ સૂઝે નહી...
વાલા મારા..... ૫
જોષીડા જોષ જોઈ જોઈને થાક્યા, વૈદે વિરહ રોગને ના પારખ્યાં...
વાલા મારા..... ૬
હ્રદયે ફરે પ્રભુ તારી માળા, દર્શન દેજો જીવાભાઈના લાલા...
વાલા મારા..... ૭

બેઉ કર જોડી દાસ નરસી કહે છે,સંત પર દયા દ્રષ્ટિ તારી બહુ રહે છે...
વાલા મારા..... ૮

## ભજન (૨૦)

આવો હરિ, આવો હરિ, સંતોને દર્શન દેવા ફરી...ટેક.
ડોકિયું કરીને દૂર ના જાતા, આઘા આવીને જુઓ જરી..સંતોને.
બારણાં બંધ કરી એકલા ના બેસાતા, આવ્યાને આવકાર આપો જરી..સંતોને.
આવ્યાને આવકાર આપતાં તમને, શાની ખોટો આવી ખરી..સંતોને.
ભાંણું પીરસીને પાછું ના લેતા, મનડાં મોટાં રાખો જરી..સંતોને.
મીઠું બોલી મજાગ ના કરતાં, વિશ્વાસ દઈના જાતા ફરી..સંતોને.
થોડું કહ્યામાં ઠીક રહ્યું છે, ઝાઝું કહેતા ના જાતા ડરી..સંતોને.
નરસૈંયો નિત્ય નૂરનું કહે છે, આવજો વહેલા વેગ કરી..સંતોને.

## ભજન (૨૧)

ધન્ય વૃંદાવન બંસી રે બટની છાયા રે જયાં હરિ બેસતા;
શ્રી જાુમનાજી પૂન્ય તણો નહિ પાર, ન્હાવા હરિ બેસતા..ટેક.
ધન્ય ધન્ય એ વ્રજની વૃક્ષવેલી, ધન્ય ધન્ય એ સરખી સાહેલી;
ધન્ય હરિ વળગ્યા જેના બેલી, ધન્ય વૃંદાવન.. ૧
ધન્ય ધન્ય એ વ્રજની ધે'નુને, ધન્ય ધન્ય વાલાની વેણુંને;
ધન્ય કામણગારાં નેણુંને, ધન્ય વૃંદાવન..૨
ધન્ય ધન્ય કરણ પૂતના માશી, ધન્ય જમન તણી ટાળી ફાંસી;
વાલે મુક્તિ પમાડ્યા ગોકુળવાસી, ધન્ય વૃંદાવન..૩
કંઈ કંસ રાજાનાં કારજ કર્યા, રાજા અગ્રસેન શિર છત્ર ધર્યા;
મે'તા નરસૈયાને અખૂટ ભર્યા, ધન્ય વૃંદાવન..૪

## ભજન (૨૨) રાગ - ગરબી

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવો રે;
હું તો તલસું તમારે કાજ, હસીને બોલાવો રે..ટેક
વાલા વિનંતી સાંભળો રે, લાવી મનમાં પ્યારા;
કામ ક્રોધ મદ લોભથી રે, મને ઉગારો અણેવાર..મારે.
દ્રોહ તમારા ભક્તોનો રે, મારે થયો હોય કોઈવાર;
માફી માવા મને આપજો રે, હું તો માગું છું વાર હજાર..મારે.

સ્વરૂપ તમારૂં દિવ્ય છે રે, સદા મનુષ્ય આકાર;
માગું છું માવા એટલું રે, તેમાં વૃત્તિ રહે એક તાર..મારે.
સંત સમાગમ શામળા રે, દેજો વળી નિશદીન;
કુસંગથી તો ઉગારજો રે, ઝાઝું શું કહું જાણ પ્રવીણ..મારે
યોગ્ય અયોગ્ય વચન તમારાં, નિસ્તર્ક બુદ્ધિ તેની માંય;
શુભ અશુભ ચરિત્ર છે રે, રહે દિવ્ય ભાવ ત્યાં સદાય..મારે.
મન ગમતું નરસીએ માગીયું રે, જેવી પડી એને ગમ;
ગમતું કરતો તમે તમ તણું રે, મારા મહારાજ પુરુષોત્તમ..મારે. ૧

**ભજન (૨૩) રાગ - રાજીયાનો**

શ્રી પ્રાગજી મહારાજના શિષ્ય મુક્ત શ્રી નડિયાદના પા. ૨
ઝવેરભાઈ જેસીંગભાઈ સ્વધામ પધાર્યા બાબાત.
અમદાવાદેથી વાલો આવીઆ, ૩
ઉતર્યા છે નડીયાદ ગામ જો, બાપુ પધારશે સ્વધામમાં;
બાપઈબાની રંગ ડેલીઓ, બેઠા સભા ભરી ત્યાંય જો..બાપુ. ૪
બાપુ કેમ નથી બોલતા, બારમાં થઈ ગયાં બંધ જો..બાપુ;
હા પ્રભુ કહી બાપુ બોલીયા, રાજી થયો કહે રાજ જો..બાપુ.
સુણી વાત એવી શામની, નરસૈયો મન મૂજાંય જો બાપુ; ૫
એવી વાત બની એ સમે, વિત્યા દિવસ પછી કંઈક જો..બાપુ.
ધોયલાં પહેર્યા બાપુ એ ધોતીયાં, પથારી કરી પોતે હાથ જો; ૬
મારે જવું છે સ્વધામમાં.
બોલાવો મારાં હરિભક્તને, સૌને છેલ્લા પરણામ જો; ૭
બાપુ પધાર્યા સ્વધામમાં..
હાટે પૂછે હાટવાણીઆ, ચોરે પૂછે ચારણ ભાટ જો..બાપુ. ૮
રાણી પૂછે રંગમહેલમાં, દાસી પૂછે દરબાર જો..બાપુ;
શેરીએ પૂછે નાનાં છોકરાં, રસ્તે પૂછે નગર નાર જો..બાપુ. ૯
પણઘટે પૂછે પાણીઆર, માર્ગે પૂછે મહીઆર જો..બાપુ;
નિશાળે પૂછે નિશાળિયા, હેતે પૂછે હેડ માસ્તર જો..બાપુ. ૧૦
કોલેજે પૂછે સ્કોલરો, પ્રીતે પૂછે પ્રિન્સિપાલ જો..બાપુ;
કચેરીએ પૂછે કોટવાળ, માનમૂકી પૂછે મામલતદાર જો..બાપુ. ૧૧

કોરટમાં પૂછે કારકુન, જલદીથી પૂછે મોટા જજ જો..બાપુ;
દવાખાને પૂછે ડોક્ટરો, વહાલથી પૂછે ઘણા વદ જો..બાપુ.
મંદિરે પૂછે મહંતો, ભાગોળે પૂછે ભેખ જો..બાપુ; ૧૨
ગોંદરે પૂછે ગોવાળીઆ, જંગલમાં પૂછે ઝાડ જો..બાપુ.
વાટે પૂછે વટે મારગુ, ગામડે પૂછે ઘણા જન જો..બાપુ;
સમૈયામાં પૂછે શાંમળો, હેતે પૂછે શાણા સંત જો..બાપુ.
દેતાં ઉત્તર મારા બાપનો,થાકી ગયું મારું મુખ જો..બાપુ;
ન્હોતા રિસાયા ન્હોતા રૂઠિયા, ન્હોતા માંદા પોતે આપ જો..બાપુ;
નરસૈયો દીલ દીલગીરી છે, શામની કોણ પૂરે સાખ જો..બાપુ.

### ભજન (૨૪) ગરબી

વાટલડી જોઉં છું હરિ વહેલા આવજો,
નહીં આવો તો વણશી જાશે વાત જો;
તનડાના તાપ ને દીલની દાઝને,
તમો વિના તો કોણ બુઝાવે આજ જો.. વાટ. ૧
શેરડીઓ વાળી ને ફૂલડાં વેરીઆં,
પાથરણાં પથરાવ્યાં પહોળા ચોક જો,
ઢોલીડો ઢાળ્યો રે હરિ મારે આંગણે,
ઉપર આવી પધારો છ ચોર જો.. વાટ. ૨
ઓરડીઓ લીંપ્યા ચંદન ગારથી,
કેસર કેરાં છાંટ્યા ઉપર છાંટ જો;
દીવડીયા કીધા ઘીના મેં ઘણા,
વાલમ વહેલા આવે તેને માટે જો.. વાટ. ૩
હીંડોળો બાંધ્યો હરિ મેં હીમનો,
જડિયાં માંહી માણેક મુક્તાફળ જો;
સખિયોની શોભા હરિ હું શી કહું,
મખમલ ગાદી ઓછાડ્યા મલમલ જો..વાટ. ૪
રસોઈઓ કીધી બહુ રસે ભરી,
સરસ બનાવ્યા તાજા ઝાઝા પાક જો.
પાપડ ને તળી રે ઝાઝી પાપડી,

સરસ સુધારી કરીયાં ઝાઝાં શાક જો..વાટ. ૫
બાજટિયાં ઢાળ્યા હરિને બેસવા,
કંચન ઝારી ભરિયાં જાુમનાં જળ જો;
પીરસવાને પ્રીત ઘણી છે મુજને,
કહેજો વાલમ કરીને કાંઈક કળ જો..વાટ. ૬
મુખવાસે સોપારી લવીંગ એલચી,
બીડલીયાં કંઈ વાળ્યાં બાસઠ પાન જો;
સોનાનાં સોગટડાં હરિની બાજીએ,
પરવારીના પાસા રમજો કાન જો.. વાટ. ૭
પોઢણિયાં કરજો હરિ મારા મહોલમાં,
વીજણો લઈને ઊભી ઢોળું વાય જો;
પાવલિયા ચાંપુ નરસીના નાથના,
વાલમ વિના તો જાુગ તુલ્ય રજની જાય જો.. વાટ. ૮

### ભજન (૨૫)

### શણગાર - મથુરભાઈ ભગત. અવિધા

પુરુષોત્તમરાય સારા ધર્યા શણગાર,
વિનવું વારમવાર સારા ધર્યા શણગાર,
શોભાનો નહી પાર સારા ધર્યા શણગાર,
માથે મેવાડી મેળીયાં ને ધોતી, ખભે ખંભાતી ખેસ. સારા..૧
બાંયે બાજુ બંધ બેરખાં ને પોંચી, દસે આંગળીએ વેઢ.સારા..૨
જરકસીનો જામો રે પહેર્યો, બંડી બુટ્ટાદાર.સારા..૩
મખમલનો વાલે સુરવાળ પહેર્યો, હીરની નાડી લાલ.સારા..૪
પુરુષોત્તમ વાલે નામ ધર્યું છે, ભજે તે ઉતરે પાર.સારા..૫
નિગમ જેને નેતિ નેતિ ગાવે, શેષ ન પામે પાર.સારા..૬
કે'ડે કટારો વાંકડી રે, શીરોહી તલવાર.સારા..૭
પાયે મખમલની મોજડી રે પહેરી, ચાલે ચમકતી ચાલ.સારા..૮
નરસૈંનો સ્વામી શામળો રે, વારી રમાડ્યાં રાસ.સારા..૯

## ભજન (૨૬) ચેષ્ટાના પદો - પદ-૧

પ્રભુજી પ્રગટ્યા રે, પુરુષોત્તમ ભાદરણમાં;
આનંદ વધ્યો રે, અતી ઘણો મારા મનમાં.૧
સહેજ પ્રકૃતિ રે, એમની હું તો ગાઉં;
હવે હું તોભવમાં રે, કેદી પાછી ન આવું.૨
વાલો ઉઠે રે, સૂર્ય ઉગ્યાથી પહેલા;
એક જ ડાંડીએ રે, ડંકો દે વેલા વેલા. ૩
સાન ઉઠ્યાની રે, સૌને એ સમઝાવી;
મોહનજીનો રે, એ લીલા મન ભાવી.૪
જાય જાજરે રે, વાર લાગે વળી ઝાઝી;
વાર ન લાગે રે, દાંતણમાં કહું ગાજી.. ૫
ના'વા નાથ રે, ચકલીએ જાય ચાલી;
વસ્ત્ર પહેર્યાનું રે, લાવે હાથમાં ઝાલી... ૬
આગલ્યાં દિવસનું રે, જઈ ઠામે ભરેલુ;
જેમ હોય ઠંડુ રે, ના'વા મને વસેલું... ૭
જેમ હોય ઠંડુ રે, અતિ પ્યારુ તે લાગે;
ઝીલતાં જુએ રે, તેનાં દુખડાં ભાગે... ૮
નાહીને વસ્ત્ર રે, નીજ હાથે નીંચોવે;
તેને લાવી રે, ડે'લોમાં સુકવે... ૯
હીરકોરી ધોતી રે, પેહેરે ચારે છેડે;
નરસીનો નાથ રે, ખભે ખેસને આડે.. ૧૦

### પદ-૨

બન્ને ડાંડીએ રે, ડંકો દે સ્વર ગાજે;
તેને સાંભળી રે, મેઘ નગારાં લાજે... ૧
સાન સેવાની રે, સૌને એ સમજાવી;
ભેગાં થાય રે, સર્વે દોડતાં આવી... ૨
કોઈ હરિજન રે, સેવાને સજાવે;
પ્રીત કરીને રે, ચંદન ઘસી લાવે...૩
વાલો આવી રે, બેસે જયારે આસને;

ચંદન ચરચી રે, રાજી થાયે મને...૪
ફરે પ્રકંમા રે, પ્રભુ પ્રસાદી આપે;
ખાતાં રે, ખાંતા રે, ભવનું દુઃખડું કાપે...૫
કરતા માનસી રે, આંખોને મીંચાવે;
પટ મુરતીને રે, પ્રભુ આગે પધરાવે...૬
સ્તુતિ કરે રે, ગદ્ગદ્ કંઠે ગીરા;
જાપ જપે રે, મુખે ધીરા ધીરા...૭
ફરે પ્રંકમા રે, તેની શી કહું શોભા;
ફેરવે માળા રે, એક પગે રહી ઊભા.૮
દંડવત્ દેવે રે, ત્વમેવ માતા પિતા;
એ શ્લોક બોલી રે, પાઠ કરે પૂનીતા...૯
પાસે હરિજન રે, બેઠા હોય સહેજે;
નરસીનો નાથ રે, તેને કહે છે જે જે..૧૦

## પદ-૩

પછે પ્રભુજી રે, પહેલા જાય પ્રેમે;
સૂર્ય નારણના રે; નીત દરસનને નેમે...૧
અંગે ઉમંગે રે, શ્વેત કબજાને ધારે;
માથે ટોપી રે, ઝીક ભરેલી ભારે...૨
ક્યારેક ખેસને રે, બાંધે માંથે છેલો;
છોગાં મૂકી રે, રુપાળો રંગ રેલો...૩
બેસે હીંચકે રે, કીરતન કરતા કોડે;
ભક્ત ચિંતામણી રે, રાખે વચનામૃત જોડે.૪
ક્યારેક ધીમા રે, ઉતાવળા વળી વાંચે;
સાર તેનો રે, વિચારવા આંખ મીંચે૫
સહેજ સ્વભાવે રે, આંખ રહે ઢાળેલી;
પાસે હરીજન રે, કથા કરે ઓ હેલી...૬
ત્યારે પોતે રે, લઈને ફેરવે માળા;
સિદ્ધ આસને રે, બેસીને મરમાળા...૭
ક્યારેક પાટીએ રે, બેસે ટેકો દઈને;

હીંચકા ખાય રે, પગ એડીઓ દઈને..૮
ક્યારેક ભગવત રે, વારતા કરવા વિરાજે;
અતિ શૂરવીરતા રે, ગંભીર વાણી ગાજે..૯
ઈંદ્રી અંતઃકરણ રે, પાર જીવમાં જાય;
નરસીના નાથનો રે, શબ્દ કદી ન ભૂલાય.૧૦

## પદ-૪

નિત નિત નવું રે, જ્ઞાન મુખે વરસાવે;
દ્રષ્ટાંત દઈને રે, બહુ પેરે સમજાવે... ૧
શું સમજ્યો છો રે, કહીને સાર કે'વડાવે;
ફેર પડે કહેતાં રે, બીજી વાર સમજાવે. ૨
જ્યારે જમવા રે, વાલાને બોલાવે;
સાન એવી રે, થાળીને ખખડાવે... ૩
લઈને લાલજી રે, વાલો જાય વહેલા;
તેને જોઈ રે, હરિજન થાય ઘેલા... ૪
આસન પાથર્યુ રે, હોય તેને ભાળી;
તે પર બેસે રે, પ્રભુ પલાંઠી વાળી... ૫
જરમન લોટો રે, જરમનની હોય થાળી;
પીરસે પાક રે, પ્રીત કરી દીવાળી... ૬
એક જમણે રે, બે વસ્તુ જ્યારે હોય;
કોળીએ કોળીએ રે, ભેગું કરી ખાય... ૭
હાથ હજુરીઓ રે, લઈને માંખ ઉડાડે;
એક ફેરે રે, સૌને સાથે જમાડે... ૮
ફેર હોય લેવું રે, માપ કહીને માંગે;
પીરસતાં પ્રભુને રે, સંતને રે પ્યારું લાગે.. ૯
પીરસે ત્યારે રે, ધીમે રહી કહે બસ;
નરસીના નાથના રે, પાવનકારી જસ... ૧૦

## પદ-૫

એવી લીલા રે, હરિની ગાઉં હેતે;
ચળુ કરે છે રે, પ્રભુ પવાલે પ્રીતે... ૧

પછે ચંબુ રે, લઈને જાએ બા'રે;
કોગળા કરીને રે, ખૂબ મુખને ખંખાળે.. ૨
પછે આવી રે, હીંડોળે હરિ હીંચે;
મોહનજીને રે, ફેલ વ્યસન નવ રચે. ૩
ક્યારેક ચીપીયો રે, લઈ દાડીને ખૂંટતા;
ક્યારેક સૂતા રે, સોડ તાણીને છતા... ૪
ક્યારેક પ્રવરતી રે, કાંઈ પ્રભુજી કરતા;
કરે મન ગમતું રે, બીજાને પૂછતા... ૫
કામકાજમાં રે, ત્વરા ઘણી બતાવતા;
પાર તેનો આવે રે, ત્યારે હરિ જંપતા... ૬
વાળુ કરે રે, વાલમ દહાડા છતા;
હોય ઉનાળો રે, ચાલી ચોકમાં જતા.. ૭
સંત ભેળા રે, શામળીઓ બેસતા;
ભેળા બેસી રે, વાત પ્રભુની કરતા...૮
કીરતન ગાય રે, ક્યારેક વારા ફરતી;
ભેળા પ્રભુ રે, પોતે પણ ઝીલતા... ૯
નવ જ્યારે વાગે રે, સૂતાનો છે નેમ;
નરસીના નાથ કહે રે, હવે બોલશો નહીં એમ..૧૦

### પદ-૬

પોતે પોઢી રે, પહોર પછી જાગતા;
પુસ્તક પાનું રે, લઈ હીંચકે બેસતા... ૧
ચોકીવાળો રે, જયારે સાદ દીએ;
હરી બોલે રે, અમે જાગીએ છીએ..૨
ક્યારેક વાલો રે, મંદિર માંહી ફરતા;
બારી બારણાં રે, જાળીને વળી જોતા.. ૩
જાગીએ છીએ રે, એવા સાદને કરતા;
પાછા આવી રે, હીંચકે બેસતા... ૪
સઘળી લીલા રે, મેં તો લાલની દીઠી;
ગાતાં મનમાં રે, મુજને લાગે મીઠી... ૫
હોય સમેયૌ રે, હરીજન આવે હેતે;

દંડવત કરે રે, પ્રભુજીને પ્રીતે... ૬
ત્યારે વાલો રે, બોલે છે બસ કહી;
બહુ થાયું રે, રાખો મારા ભાઈ... ૭
પછે બાથમાં રે, લઈ ભૂદરજી ભેટતા;
જમણે હાથે રે, બરડાને થાબડતા... ૮
હરીજન હેતે રે, ભેટ પ્રભુને ધરતા;
વસ્ત્ર અલંકાર રે, લાવે પ્રીતે લતા... ૯
હાર ને તોરા રે, ધારે શોભે કેવા;
નરસીનો નાથ રે, બને જોયા જેવા... ૧૦

## પદ-૭

પછે પ્રભુજી રે, પ્રીત કરી પૂછતા;
ક્યાં ખાધુ તું રે, ક્યારે નીકળ્યા હતા..૧
કેટલું ચાલ્યા રે, થાક્યા તમે હશો;
તરસ્યા હો તો રે, હમણાં પાણી પીશો..૨
જળ ઉનું ટાઢું રે, જેવું રુચે નહાવો;
પછી જમીને રે, જરાક લાંબા થાવો... ૩
જળની ક્રીડા રે, જાદવજીની જોઈ ને;
મનડું મારું રે, રહ્યું છે વળી મોહીને..૪
સામા સામી રે, હરી હરીજન નવરાવે;
જળમાં તાળી રે, દઈને કીરતન ગાવે...૫
જળ ઢોળાવાને રે, વાલાને બહુ વેગ;
તેને જોઈ રે, લાજે બારે મેઘ... ૬
પછે પ્રભુજી રે, પહેરે ધોયેલી ધોતી;
પહેરે પીતાંબર રે, તેને હું તો જોતી... ૭
ક્યારેક ગરબે રે, સંત ભેગા ગાતા;
નીચા નમતા રે, કર તાળીને દેતા... ૮
ગાજે ઘુઘરી રે, ઝાંઝરની પગ ઠમકે;
તેને સાંભળી રે, મુનીવરનાં મનચમકે.૯
ગોપી ભેળા રે, ગાય જ્યારે ગીરધારી;
નરસીનો નાથ રે, સામા લેતા તાળી.. ૧૦

## પદ-૮

જમવાં ટાંણે રે, ખૂબ ખેલ મચાવે;
નીચે પંગતમાં રે, હરીજન કીરતન ગાવે.૧
એક એક કોળીઓ રે, સૌને ભાણે ભરતા;
કરે પ્રસાદી રે, મોહન મનમાં ગમતાં..૨
ક્યારેક આરતી રે, કરવાને કોઈ આવે;
કર શીખપત્રી રે, ભૂદર લેતા ભાવે... ૩
માથે મંડીલ રે, શોભે મોતી તોરો;
ભાલે ચંદન રે, વચ્ચે કુમકુમ ગોળો... ૪
કાને કુંડળ રે, લીલમ ઝગમગ ઝળકે;
લવીંગ બુટ્ટીનાં રે, જોવાને મન અટકે... ૫
ગાલ ટીબટડી રે, મુખડુ પૂનમચંદ;
હાસ્ય કરીને રે, હસે વળી મંદ મંદ... ૬
મોતીની માળા રે, ઉતરીઓની હાર;
વેઢ વીંટી રે, દસ આંગળી મોઝાર... ૭
મખમલ જામો રે, સોનેરી છે શેલું;
બીજુ કે'ડે રે, શ્વેત દીસે કસેલું... ૮
મખમલ લેંઘો રે, મોજડીઓને ધારુ;
વાલો કરે રે, નીજ જનનું રખવાળું... ૯
પુરુષોત્તમની રે, લીલા લાંબી ઘણી;
આ તો થોડી રે, યત્ કીચીંત મેં ભણી... ૧૦
જે કોઈ પ્રીતે રે, શીખે સૂણે ગાશે;
નરસીનો નાથ રે, તે પર રાજી થાશે... ૧૧

## ભજન (૨૭) ગરબી - ચિહન

હવે હું તો હરિ સંગાથે, બંધાણી છું હેતે વાલા;
લોકડિયાંની લાજ મેં તો, ખોઈ નાંખી ખાંતે વાલા... ૧
પુરુષોત્તમની સાથે મેં તો, પૂરણ સગપણ કીધું વાલા;
મોહનજીનું મહેણું મેં તો, માથે માંગી લીધું વાલા... ૨
લોકડિયાંની હવે હું તો, શાને રાખું બીક વાલા;
મેં તો મારા મનમાં સમજી, કીધું ઠીકા ઠીક વાલા... ૩

મોહનજીની મૂરતિ જોઈ, થઈ હું તો ન્યાલ વાલા;
મસ્તક તાલ વિશાળ ભાલ, ભ્રકુટી રસાળ વાલા... ૪
વદન કમળને નીરખી હું તો, થઈ દીવાની સરખી વાલા;
શબ્દ શામળીયાનો સૂણી, મનમાં ઘણું હરખી વાલા... ૫
વક્ષ સ્થળ તો વહાલું લાગે, લક્ષ્મીજીનો વાસ વાલા;
મારા મનમાં પળે પળે, મળવાની છે આશ વાલા... ૬
ઉદર શોભા જોઈ હું તો, થઈ ગઈ શીતળ વાલા;
નાભી ઊંડી અંતની મૂંડી, બ્રહ્માનો વાસ ભીતર વાલા... ૭
કટી લીંગ જોઈ બનું દીંગ, ભૂલી લોકની લાજ વાલા;
જંગા જાુગલ જે કોઈ નીરખે, તેનું થાય કાજ વાલા... ૮
સાથળ જાનું ફણા પીંડી, ઘૂંટી ને વળી પાની વાલા;
ઉર્ધ્વ રેખું હું તો દેખુ, પગ આંગળીઓ નાની વાલા... ૯
નિરગુણ મૂરતિ નારાયણની, સદા નિરવીકાર વાલા;
નિગમ કહે છે નેતી નેતી, પમાય કેમ પાર વાલા... ૧૦
આતુરતા તો અંગે ઘણી, ને કરો હવે શયન વાલા;
નરસી કહે ઓ નારાયણ, થઈને પ્રસન્ન વાલા... ૧૧

**શયન પોઢે પ્રભુ સકળ મુની કે શામ - રાગ**

પોઢો પ્રભુ નોંધારાના આધાર,
શ્રી પુરુષોત્તમ પ્રેમથી આવ્યા, આજ અવની મોઝાર.પોઢો. ટેક
મુક્ત મોટા વાલા તમને ઈચ્છે છે, માન મૂકીને સરવ પ્રકાર;
તે હાથ આજ અમારે આવ્યા, હારે જઈએ વારણે વારંવાર.પોઢો. ૧
ગોવિંદ ગુણલા નિશદીન ગાઈએ, વળી કરીએ તમ સાથે પ્યાર;
દાસ નરસી કર જોડીને કહે છે, હાંરે તેથી થઈએ અમે ભવપાર.પોઢો. ૨

**ભજન (૨૮) આજ સાહેલી મેં તો હરિ રસ પીધો - રાગ**

મન ગમતા મોહન મારે મંદિર આવ્યા;
થાળ ભરીને મેં મોતીડે વધાવ્યા.મારે મંદિર.. ટેક
હરિવરને તેડી મેં તો પાટે પધરાવ્યા;
ધામના ધામી મારા મનડામાં ભાવ્યા.મારે મંદિર.. ૧
અગર કપુરથી મેં તો આરતી ઉતારી;
શુદ્ધ ને બુદ્ધ ભૂલી પુરુષોત્તમ ભાળી.મારે મંદિર.. ૨

નાથને નીરખી મારાં નયણાંજ ઠરિયાં;
જનમો જનમનાં મારાં કારજ સરિયાં. મારે મંદિર.. ૩
હરિને જમાડ્યા મેં તો મારે જ હાથે;
પૂરણ યજ્ઞ કીધો આજ મારે નાથે. મારે મંદિર.. ૪
પાનનાં બીડલાં મે તો વાળી વાળી આપ્યાં;
શાન્તિ પમાડી મારાં સહુ દુઃખ કાપ્યાં. મારે મંદિર.. ૫
અક્ષરના વાસી મુજને ભલે રે મળીયા;
નરસૈના સ્વામી મુજ પર અઢળક ઢળિયા. મારે મંદિર.. ૬

## ભજન (૨૯)

વાલા મારા વહેલા આવો, તમને નીરખી હું લેઉં લ્હાવો. વાલા;
વાટ જોઈ રહી છું વિરહમાં, સાથે સંત સઘળાને લાવો. વાલા. ૧
રુપ તમારું છે રઢિયાળું, કોટીક કામ દેવોને લજાવો. વાલા;
તમને નીરખી હું થઈશ ઘેલી, શુદ્ધ બુદ્ધ મારી તજાવો. વાલા. ૨
ચાલતા ચાલ પ્રભુજી ગજ કેરી, શેરી મારીને શોભાવો. વાલા;
પહેર્યા ઝાંઝરની ઘૂઘરીને, રુમઝુમ રુમઝુમ કરતા રણકાવો. વાલા. ૩
શણગાર પહેરી સર્વે શોભીતા, મનડાં મારાંને લોભાવો. વાલા;
પાટે પધારી પ્રિતમ પ્યારા, મધુરે સ્વરે મોરલી વાવો. વાલા. ૪
સૂણવા ભેગી થશે સૌ સહેલી, અધુરામૃત સૌને પાવો. વાલા;
પિત્તળ લોટા જળે ભરીશ, દાડમ દાતણ તમે ચાવો. વાલા. ૫
ઝાઝાં જળ જમુનાનાં લાવીશ, નાહીને સંતોને નવરાવો. વાલા;
તેલ ફૂલેલ ચોળીશ શરીશે, સુવાસ ચો તરફ ફેલાવો. વાલા. ૬
રસોઈ કરીશ હું રસે ભરી, જમીને સંતોને જમાડો. વાલા;
લવીંગ સોપારી ને એલચી, પાનનાં બીડલાં તમે ચાવો. વાલા. ૭
પાથર્યા પલંગમાં પ્રભુજી પોઢી, પંખે વાવલિયા ઢોળાવો. વાલા;
નરસૈંયાના વાલા પુરુષોત્તમ, પ્રેમ રસને પ્રભુ ખૂબ પાવો. વાલા. ૮

## ભજન (૩૦) પીચકારી મને નવ મારશો - રાગ

વણતેડ્યા તમે તો આવીઆ; હાંરે પ્રીતની જણાવી રીત રે. વણ.
સખા ભાવને સાથે લાવીઆ; હાં રે સની ભણાવી રીત રે. વણ.
જી રે શાસ્ત્રની વળી શાખથી; લાવ્યા ઉપદેશની મોટી ખાણ રે. વણ.
શંકા સમાધાન લાવ્યા વળી; લાવ્યા ઉપદેશની મોટી ખાણ રે. વણ.

એવી રીતના આવીને બોલીઆ; આંટી મનની હવે તારી મેલ રે. વણ.
એવું સૂણીને આનંદ ઉલટ્યો; થઈ રંગની રેલમછેલ રે. વણ.
સામે સુખ દીધું ઘણું સાંભરે; હાં રે શીતળ તન મન થાય રે. વણ.
સુખ એ જયારે જાય છે વિસરી; કાળજા તો કટકા થાય રે. વણ.
વળી ગરબડ ગોટા તો વળે; હાં રે ઉંઘ પણ નાસી જાય રે. વણ.
વળી કાયા પણ કંપે ઘણી; જીવડો તો બહુ અકળાય રે. વણ.
જીરે બેસવું પણ ગમે નહીં; સૂતાં પણ નવ રહેવાય રે. વણ.
જી રે એ દુઃખ સહન થાય નહીં; મુખેથી પણ ના કહેવાય રે. વણ.
જેને વીતી હશે તે જાણશે; વણ વીતે નવ સમજાય રે. વણ.
એવે સમે આવ્યા વળી આવજો; દાસ નરસી તમને વ્હાય રે. વણ.

### ભજન (૩૧) મંદિરનું વર્ણન આનંદ આપ્યો-રાગ.

ભાદરણ ગામને ગાંદરેરે, પશ્ચિમ દીસે મંદિર; શોભા તેની શી કહું રે.
ચોપાસે વંઢો શોભતો રે, દરવાજો એક સુંદીર. શોભા. ૧
દરવાજાની ડાબી બાજુએ રે, બારી મૂકી ઉત્તર મુખ; "
બારીથી અંદર પેસતાં રે, મનનું મટી જાય દુઃખ. " ૨
ચોકની શોભાને શી કહું રે, મંદિરની જુઓ જુક્ત; "
મંદિર પતરેથી મઢ્યું રે, જોતાં મૂઝાંઈ જાય મન. " ૩
બારી જાળી અને બારણાં રે, ચોપાસે નહીં તેનો પાર; "
કમાડ છે એક એકને રે, ધન્ય કારીગર કરનાર. " ૪
ચોપાસે ઓસરી શોભતી રે, ભોંય તળીએ છોયેલ; "
મંદિરમાં પરવેશ કરું રે, જોઉં છો પત્થર પાથરેલ. " ૫
સભા ખાનામાં શોભતો રે, હરિ હીંડોળો સાર; "
હીંડોળે હરિ બેસતા રે, સજે જુદા શણગાર. " ૬
મસ્તકે ટોપી મૂકતા રે, પાઘ વળી કોઈ વાર; "
ક્યારે ફેંટો બાંધતા રે, છોગાં મૂકી નિરધાર. " ૭
સોનેરી શરબંધ શોભતો રે, તોરા દીસે ઝાક ઝમાર; "
ક્યારેક તિલક એકલું રે, ક્યારેક ચંદન કપોળ. " ૮
શ્વેત કબજો ક્યારેક પહેરતા રે, શ્વેત કોટ કોઈ વાર; શોભા;
મખમલ જામો શોભતો રે, ઝીક ભરેલો રસાળ. " ૯
હીરકોરી જોટો પહેરતા રે, ક્યારેક ધોયલો માનચેસ્ટર; "

શ્વેત જોટે મોંળીઆં શોભતાં રે, ક્યારેક પીળું પીતાંબર " ૧૦
મખમલ લેંઘો ઝબૂકતો રે, મોજડી ઝીકે ભરેલ; "
પહેરે પુના લેધરના બુટને રે, દેશી સીવણીના સીવેલ. " ૧૧
કુંદન કડાં વીંટીં વેઢને રે, જોઈ બનું ચકચૂર; "
હંમેશાં હાથમાં રાખતા રે, હરિ હજુરીઓ હજુર. " ૧૨
આંખલડી અમૃત ભરી રે, નાસીકા શોભે સુંદીર; "
મુખે મીઠું મીઠું ગાવતા રે, ઘેરો સાદ ગંભીર. " ૧૩
મુખે આગે વળી શોભતી રે, પંક્તિ બે ગોપી ને ગોપ; "
પ્રભુ માંહી જેને પ્રીત છે રે, ન કરે વચનનો લોપ. " ૧૪
પ્રભુને પ્રસન્ન કરવા રે, ભક્તિ કરે ભલી ભાત; "
હરિકથાનું શ્રવણ કરે રે, કીરતન કરે જાત જાત. " ૧૫
પુરુષોત્તમ નામને રટે રે, કરે ચરણની સેવ; "
ચંદન ઘસીને ચર્ચતા રે, વંદન કર્યાની છે ટેવ. " ૧૬
દાસ ભાવે કોઈ સેવતા રે, કોઈને છે સખા ભાવ; "
આત્મ નિવેદન કરે રે, કોઈ ભેટે ભરી ભાવ " ૧૭
નવધા ભક્તિ એમ કરતાં રે, જેને જેવું છે અંગ. શોભા; "
અંગ ઓળખીને જે ભજે રે, તેને પ્રીત થાય પ્રભુ સંગ. " ૧૮
ગોપીની સભાની પાછળે રે, છૂટી જાયગા મોઝાર; "
પ્રભુજી પૂજા ત્યાં કરે રે, સંત ગરબો ગાનાર. " ૧૯
ગોપીની સભાની પાછળે રે, ઘંટીઓના બે હાર; "
ઘંટીની પાસે દાદરે, લીમ ફાનસનો નહીં પાર. " ૨૦
કૂવા ભણી પછી નીસરું રે, જોઉં ઉરામાં પત્થરની હાર; "
કૂવા માંહીં ડોકિયું કરું રે, મનમાં આવે વિચાર. " ૨૧
અગાસીઆ તરફ પછી રે, જઉં રસોડામાં જોવા; "
ચૂલ ને ચૂલા ત્યાં ઘણા રે, કર્યા છે મનને મો'વા. " ૨૨
જમવા બેસવાની જાગ્યમાં રે, જોઈ ઝાઝી મેં ચીજ; "
કીરસન લાઈટ બે શોભતાં રે, જાણે ઝબૂકે છે વીજ. " ૨૩
ત્રાણ ખખ્ખામાં ખામી નહીં રે, સઘળી કરી સારી સોઈ; "
એવી રીતે સઘળું જોઈને રે, નરસીનું મન રહ્યું મોઈ. " ૨૪

॥ શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમોનમઃ ॥

વિભાગ  ત્રીજો

## શ્રી પ્રગટ ભજનાવલીનાં ભજનો

(૧) (નિર્વિકલ્પ.) રાગ કાફી.

અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે;
જીવન મુક્ત જોગિયા, અંતર અરોગી રે. અનુભવી. ૧
જે શીખે જે સાંભળે, ત્રીપુટીને તાને રે;
મનનું કૃત્ય તે મન લગી, અસત્ય માને રે. અનુભવી. ૨
જ્યાં લગી જગ વિસ્તર્યો, મૃગ તૃષ્ણા પાણી રે;
તેમાં મોહન પામે મહામુની, સ્વપ્નું પ્રમાણી રે. અનુભવી. ૩
જેહ વડે આ જક્ત છે, તેને કોઈ ન જાણે રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી, તે સુખડાં માણે રે. અનુભવી. ૪

### પદ - ૨

અનુભવીને આપદા, અંતરથી ભાંગી રે;
અંતરાયામી ઓળખ્યા, ત્યાં લગ્ની લાગી રે. અનુભવીને. ૧
ઉર્મીને ત્રાણ ઈશણા, અહંતાને ત્યાગી રે;
જક્ત જીવન જોઈને, ત્યાં બુદ્ધિ જાગી રે. અનુભવીને. ૨
ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે, ત્રય તાપ ત્યાગી રે. અનુભવીને. ૩
અષ્ટ સિદ્ધિ નવનિધી, નીરમાલ્ય ત્યાગી રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી, રહે રામ રાગી રે. અનુભવી. ૪

### પદ - ૩

અનુભવીને અંતરે, રહે રામ વાસે રે;
તે બોલે તે સાંભળે, દ્રષ્ટિ પ્રકાશે રે. અનુભવીને. ૧
જ્યાં જુવે ત્યાં રામજી, બીજું ન ભાસે રે;
ભાત્ય દેખી ભૂલે નહિ, અનુભવ ઉજાસે રે. અનુભવીને. ૨
કેશરી કેરા ગંધથી, કરી કોઈ ત્રાસે રે;
આત્માના ઉદ્યોતથી, અજ્ઞાન નાસે રે, અનુભવીને. ૩
હું ટળ્યે હરિ ઢુંકડા, તે ટળાય દાસ રે,
મુક્તાનંદ મહાસંતને, પ્રભુ પ્રગટ પાસ રે, અનુભવીને. ૪

### પદ - ૪

અનુભવી આનંદમાં, ગોવિંદ ગાવે રે;
પ્રીત કરી પરીબ્રહ્મશું, ભવમાં ન આવે રે.અનુભવીને. ૧
મરજીવાને મારગે, જન કોઈક જાવે રે;
પહેલું પરઠે મોત તે, મુક્તાફળ લાવે રે.અનુભવીને. ૨
વેગે વહેતા વારીમાં, પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દીલ જ્યાં લગી, બ્રહ્મ નવ પ્રકાશે રે.અનુભવીને.૩
બ્રહ્મરુપ થઈ પરિબ્રહ્મને, જાએ તે જાણે રે;
એવા જીવન મુક્તના, ગુણ દેવ વખાણે રે.અનુભવીને. ૪
કાયા માયા કુંડ છે, જેમ ધોમ છાયા રે;
મુક્તાનંદ કહે ગુરુ મુખીમાં, પદ સમાયાં રે.અુનભવીને. ૫

### ધોળ (૨) સવિકલ્પ

સજની કોડે આનંદ, ઘેર પુરુષોત્તમ પધાર્યા;
આવી મારાં તનડાં કેરા, તાપ નિવાર્યા સજની..ટેક.
હરખેથી ઉઠી હું તો સન્મુખ ચાલી,
તેડી બેસાડ્યા મેં તો બાંયલડી ઝાલી;
વ્રજના વાલીડાને થાવાને વ્હાલી. સજની. ૧
સન્મુખ બેસી હું તો નિર્ખવા લાગી,
લોકડિયાની મેં મો લજ્જા રે ત્યાગી;
મુખલડું જોતાં મારી ભૂખલડી ભાગી. સજની. ૨

હરીને જમાડચા મેંતો હાથે સહેલી,
કુળની મર્યાદા મેં તો કોરે લઈ મેલી;
ગોવિંદને નિર્ખી હું તો થઈ રહી છું ઘેલી. સજની. ૩
પાનની બીડી મેં તો હર્ખેશું દીધી,
હસીને હુંશીલે વાલે મુખડામાં લીધી;
પ્રીતે ચાવીને મારા મુખડામાં દીધી. સજની. ૪
સંદર અગાશી મારી નૌતમ મેડી,
ઉંચે આવાસે મુજને એકાંત તેડી;
દિલડાંની રા'ડો મું તો હરિ આગળ રેલી. સજની. ૫
પ્રેમનાં આંસુ મારી નયણે ઝરે છે,
હાથે લુ'વે છે હરિ છાંયા કરે છે;
કંઠે વળગીને મારાં નયણાં કરે છે. સજની. ૬
મનગમતી મોજો વાલે મુજને રે આપી,
વચન પળાવી મુજને સ્થિર કરી સ્થાપી;
કોટી જન્મનાં દુઃખડાં નાંખ્યાં છે કાપી. સજની. ૭
રસના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,
કે'ડે ફરે છે જીવન પ્રાણ અમારો;
મુક્તાનંદ કહે છે મારો જન્મ સુધાર્યો. સજની. ૮

**ભજન (૩) ગરબી - નિર્વિકલ્પ.**

હાંરે લાલ વા'રે આવે તો વહેલા આવજો રે;
સાથે પુરુષોત્તમ પાતળાને લાવજો રે. લાલ. ટેક.
જ્ઞાન ભક્તિ વૈરાગ્યને લાવજો રે;
પૂરો પાત્ર બનાવી સ્થિર સ્થાપજો રે. લાલ. ૧
રુડો ધર્મ એકાન્તિક સ્થપાવજો રે;
સંત સેવામાં તત્પર બનાવજો રે. લાલ. ૨
પુરુષોત્તમરુપ કરી ખેલાવજો રે;
પૂરો નિશ્ચય છક્કો કરાવજો રે. લાલ. ૩
બધાં વિઘ્નોને દુર તમે કાઢજ્યો રે,
સાથે એકાન્તિક ભક્તોને લાવજો રે. લાલ. ૪

અલ્પ આયુષ્ય ક્ષણભંગુર દેહ છે રે;
મહા માયાની તાંણથી બચાવજો રે. લાલ. ૫
માયા સુખરુપ કરી માયામાં રાખજો રે;
પણ માયાનો ડાઘના લગાડજો રે. લાલ. ૬
મૂળ અક્ષર બનાવી કામ સારજો રે;
વળી નિષ્કામ ભક્તિ વધારજો રે. લાલ. ૭
લક્ષ્મી ઉપર નજર ના રખાવશો રે;
દાસી બનાવી સેવામાં રાખજો રે. લાલ. ૮
સુષુપ્તિ રુપ માયા જીતાવજો રે;
સામ્યાવસ્થાને તરત ઉડાવજો રે. લાલ. ૯
અક્ષર ધામનાં તે દ્વાર ઉઘાડજો રે;
ભરી મનવારો સે'જે ધપાવજો રે. લાલ. ૧૦
નિર્સંશય થઈને તમે ખેલજો રે;
પુરુષોત્તમનો સિક્કો ચલાવજો રે. લાલ. ૧૧
રુડાં ધામ અવિચળ બનાવજો રે;
કરી સમૈયાં આનંદ કરાવજો રે. લાલ. ૧૨
પુરુષોત્તમનો ડંકો વગાડજો રે;
નવે ખંડોમાં ભક્તિ ગજાવજો રે. લાલ. ૧૩
સાચો સત્સંગ પૃથ્વીયે નિભાવજો રે;
કરી કામ અલૌકિક સધાવજો રે. લાલ. ૧૪
ચાર મુક્તિની પાર દાન આપજો રે;
દેવો સૌને સેવામાં નિત્ય રાખજો રે. લાલ. ૧૫
દયા લાવીને અરજી આ સૂણજો રે;
દાસ મહાપ્રભુનો કરી સ્થાપજો રે. લાલ. ૧૬

**તા. ૨૬-૧૧-૪૩ શ્રી પુરુષોત્તમ.**

## ભજન (૪) નિર્વિકલ્પ.

ભજો પુરુષોત્તમ ભગવાન, કમ્મર કસી કસને;
એ છે આપણા તારણહાર, તારે હસી હસને. ટેક
અક્ષરધામે સંતમંડળ, આનંદે ઉભરાય છે;

હસ્તા આવે સંતો પાસ, આવે ખસી ખસીને. ભજો. ૧
પ્રગટ પ્રભુને પ્રીતે પાંમી, અક્ષરરુપ થવાય છે;
કાઢો માયા મનની બહાર, કાઢો ઘસી ઘસીને. ભજો. ૨
નિર્મળ અંતઃકરણ બનાવી, પાત્ર અનુપ બનાય છે;
સંતો આવે પ્રભુજી પાસ, આવે ધસી ધસીને. ભજો. ૩
કામ ક્રોધ મદ મોહ માન સૌ, દુશ્મન નાસી જાય છે;
કાઢો અંતર શત્રુ બહાર, કાઢો ડસી ડસીને. ભજો. ૪
દેહ ઈન્દ્રયો અંતઃકરણ, થરથર કંપી જાય છે;
મહામાયાનું ન ચાલે કાંય, રહેશે ભસી ભસીને. ભજો. ૫
નૈમિશારણ્ય ક્ષેત્ર અનુપમ, પ્રગટ પ્રભુની પાસ છે;
અંતર શીતળ કરજો ત્યાંય, પાસે વસી વસીને. ભજો. ૬
સમૈયામાં સંતમંડળમાં, મુક્તનું ધન વહેંચાય છે;
વિજ્ઞાન ભરજો અંતરમાંય, ભરો ઠસી ઠસીને. ભજો. ૭
સતયુગમાં સતગુરુ વિના જે, ગુરુ થવાને જાય છે;
તે તો જરૂર ઝાંખા થાય, પાપે બળી બળીને. ભજો. ૮
પુરુષોત્તમ ભગવાનનો ડંકો, વાગ્યો છે દશ દિશામાં;
નવખંડ ધરતીની માંય, વાગ્યો ગાજી ગાજીને. ભજો. ૯
શૂરવીર સંતો જ્ઞાન ઉછાળી, શૂરવીર થઈને ખેલજો;
જગને કાઢો માયા બહાર, મુક્તિ આપી આપીને. ભજો. ૧૦
ભર્તખંડ નવખંડની માંયે, ઉત્તમ જેહ ગણાય છે;
સ્વપ્ને પરાધીન નવ થાય, આઝાદી લાવી લાવીને. ભજો. ૧૧
અજીત માયા જીતી સંતો, અક્ષરધામે મહાલે છે;
હાંરે વર્ત્યો જયજયકાર, પ્રભુ ભજી ભજીને. ૧૨

**તા. ૨૬-૧૧-૪૩ શ્રી પુરુષોત્તમ.**

## ઠમક (૫) સવિકલ્પ.

પુરુષોત્તમ લાલ તમે લાગો છો પ્યારા;
લાગો છો પ્યારા ને મન હરનારા. પુરુષોત્તમલાલ. ટેક.
મુખડું જોતામાં હું તો બની છું ઘેલડી;
મળવાને મન લલચાય રે, પુરુષોત્તમલાલ. ૧

શુદ્ધ બુદ્ધ ભૂલી જોઈ તારા સ્વરુપને;
ભૂલી છું તનડાનું ભાન રે. પુરુષોત્તમલાલ.
કોટી બ્રહ્માંડ જેની ચપટીમાં માયે;
સુખ દુઃખોના સમૂહ રે, પુરુષોત્તમલાલ. ૩
ચાંદલિયો જોઈ ચિત્ત ચોરાયું ભાલમાં;
લાલ તીબકડી બે ગાલ રે, પુરુષોત્તમલાલ. ૪
માથે જરિયાની લાલ ટોપી મલકતી;
મોતી તોરાની શી વાત રે, પુરુષોત્તમલાલ. ૫
જરિયાની શણગાર ઝીકના ભરેલા;
પાય ઝાંઝર ઝમકાર રે, પુરુષોત્તમલાલ. ૬
મનુષ્ય થઈને વાલો મહિમાં ફરે છે;
કોટી બ્રહ્માંડના ભૂપ રે, પુરુષોત્તમલાલ. ૭
પાંચી કડાં બેઉ કાંડાંમાં શોભતાં;
મોજડી તે મન હરનાર રે. પુરુષોત્તમલાલ. ૮
કંઠે ગુલાબના હારો ઝબૂકતા;
કલગીની શોભા અપાર રે, પુરુષોત્તમલાલ. ૯
બ્રહ્મા વિષ્ણુ ને શિવ કોટી બ્રહ્માંડના;
આજ્ઞામાં રહે અહોનિશ રે, પુરુષોત્તમલાલ. ૧૦
શેષ સહસ્ર મુખે મહિમા ગાયે પણ;
પામે નહિ જેનો પાર રે, પુરુષોત્તમલાલ. ૧૧
કાળ કર્મ ને માયા થર થર કંપે પણ;
સંતો તણા સુખધામ રે, પુરુષોત્તમલાલ. ૧૨
સંતોના સેવક પોતે બનીને;
આપો છો બોધ અપાર રે. પુરુષોત્તમલાલ. ૧૩
મૂર્તિ મનોહર કામણગારી;
પૂરે છે ભક્તોની હામ રે, પુરુષોત્તમલાલ. ૧૪
લાડ લડાવતા ને પ્રેમે જમાડતા;
રંગે રમાડો છો રાસ રે, પુરુષોત્તમલાલ. ૧૫
શૂરવીર સંતો તમે ડંકો વગાડજો;
પુરુષોત્તમ ભગવાન રે, પુરુષોત્તમલાલ. ૧૬

**તા. ૨૨-૧૧-૪૩ શ્રી પુરુષોત્તમ.**

## વધામણું (૬) સવિકલ્પ.

પુરુષોત્તમ વર છેલ આવ્યા, ચાલો જોવા જઈએ રે;
મુક્તોની મંડળિયો લાવ્યા, ચાલો જોવા જઈએ રે. ૧
એ મંડળમાં કોણ કોણ આવે, ચાલો જોવા જઈએ રે;
હરિજનોનાં મંડળ આવે, ચાલો જોવા જઈએ રે. ૨
એ મંડળમાં કોણ કોણ નાચે, ચાલો જોવા જઈએ રે;
પ્રેમી જનો પ્રેમે નાચે. ચાલો જોવા જઈએ રે. ૩
મુક્તોની મંડળિયો આવી, ચાલો જોવા જઈએ રે;
હરિજનોના મનમાં ભાવી. ચાલો જોવા જઈએ રે. ૪
આનંદના ત્યાં દરિયો ઉલટ્યા, ચાલો જોવા જઈએ રે;
મુક્તજનોનાં જીવન પલટ્યાં. ચાલો જોવા જઈએ રે. ૫
હરિજનોનાં મંડળ ઉલટ્યાં, ચાલો જોવા જઈએ રે;
દુરિજનોને મનડે ખટક્યાં. ચાલો જોવા જઈએ રે. ૬
આનંદ આનંદ આનંદ છાયો, ચાલો જોવા જઈએ રે;
પુરુષોત્તમ વર મનડે ભાવ્યો. ચાલો જોવા જઈએ રે. ૭
દેશ દેશના હરિજન આવ્યા, ચાલો દર્શન જઈએ રે;
ભેટ અને સામગ્રી લાવ્યા. ચાલો જોવા જઈએ રે. ૮
ઘરનો ધંધો કોરે મૂકી; ચાલો દર્શન જઈ એ રે;
આનંદે બહુ દોટો મૂકી. ચાલો દર્શન જઈ એ રે. ૯
દુરિજનોની લજ્જા ત્યાગી, ચાલો દર્શન જઈ એ રે;
આપણે સૌ છીએ બડભાગી. ચાલો દર્શન જઈ એ રે. ૧૦
જ્ઞાનરૂપી બહુ અમૃત પીવા, ચાલો દર્શન જઈ એ રે;
હરિજનોનો આ છે વિવાહ. ચાલો દર્શન જઈ એ રે. ૧૧
હરિજનો પ્રેમે હરખેલા, ચાલો દર્શન જઈ એ રે;
જગતની શંકા ત્યાગેલા. ચાલો દર્શન જઈ એ રે. ૧૨

**સને ૧૯૩૭ - શ્રી પુરુષોત્તમ.**

## ગઝલ (૭) નિર્વિકલ્પ.

અહોનિશ મારે આંગણે, સંતનાં સન્માન હો;
સંત મંડળની મહીં, વળી ભક્તિ કેરાં દાન હો. ૧

પ્યારા પ્રભુના તાનમાં, મન પ્રેમમાં મસ્તાન હો;
સ્વાર્થી સગાં સાથે નહીં, પણ સંતનાં અભિમાન હો. ૨
નવ ભાતની ભક્તિ મહીં, અહોનિશ મારૂં તન હો;
પ્રભુ એક મૂર્તિની મહીં, દિનરાત મારૂં મન હો. ૩
માયાનાં મૂળ ઉડાવીને, વૈરાગ્યનાં જ જતન હો;
સંત સેવાની મહિં, કુરબાન મારું ધન હો. ૪
સંતો તણાં સન્માન જે, એ જ મારું માન હો;
ભેખમાં ભૂલો પડું નહીં, સત્યનું વળી ભાન હો. ૫
સાચો સમાગમ ઓળખી, સાચા શરણનું તાન હો;
પ્રગટ પુરુષોત્તમનું, અહોનિશ મારે ગાન હો. ૬
સંતમંડળ જ્યાં ભરાયે, ત્યાં જ મારો મુકામ હો;
સંતવૃંદે શ્યામ શોભે, તે જ અક્ષરધામ હો. ૭
માયામાં મન જાયે નહીં, અહોનિશ મારું ધ્યાન હો;
શૂરવીર અંગ બનાવવું, એ જ મારું નિશાન હો. ૮
ભગવાનના ગુણગાન ગાવું, એ જ મારું સ્નાન હો;
ભક્તિ સુધાસમ પ્રગટની, એ જ મારું પાન હો. ૯
પ્રેમી જનોનું મનન ઉરમાં, એ જ મારું ખાન હો;
માથે રહે ગાજી સદા, પુરુષોત્તમ ભગવાન હો. ૧૦

**તા. ૬-૧૨-૪૩ શ્રી પુરુષોત્તમ.**

**લાવણી (૮) સવિકલ્પ.**

પુરુષોત્તમ પ્રગટ થયા રે (૨);
ઘોર કળીમાં સતયુગ સ્થાપી, આનંદ ઉલટાવા. ૧
પ્રેમી ભક્તોને બહુ પ્યારા રે (૨);
રાત દિવસ તવ સમરણ સ્વામી, પુરુષોત્તમ લાલ. ૨
અલૌકિક કામ બહુ કીધાં રે (૨);
દર્શન આપી દુઃખડાં ટાળી, દાન બહુ દીધાં. ૩
ભક્તોનાં કષ્ટો સહુ કાપ્યાં રે (૨);
ભીડ ભંજન ભગવાન પ્રભુએ, અભય દાન આપ્યું. ૪
માયાને મૂળથી ઉડાવી રે (૨);

અલૌકિક મહા તેજોમય, તે મૂર્તિ મન ભાવી. ૫
મુક્ત મુમુક્ષુને મન ભાવ્યા રે (૨);
પ્રગટ પ્રભુને ઓળખિયા, તે સર્વે જન ફાવ્યા. ૬
પ્રભુની મૂર્તિ મસ્તાની રે (૨);
નવેખંડ છતરાઈ ચાલે, કેમ રહે છાની. ૭
બ્રહ્મસુખ આપ્યાં બહુ વાલા રે (૨);
રાતદિવસ તવ સ્મરણ સ્વામી, પુરુષોત્તમ લાલા. ૮
મહાપ્રભુનો ડંકો વાગ્યો રે (૨);
સાંભળતામાં મોહ તજી, સંસાર સહુ જાગ્યો. ૯
મહા માયાનો ભય ભાગ્યો રે (૨);
મુક્તતણાં મંડળ ઉલટીને, આનંદ બહુ જામ્યો. ૧૦
સમૈયે સહુજનો ચાલો રે, (૨);
જોવાને ઉછરંગ ભરેલો, પુરુષોત્તમ લાલો. ૧૧
અમુલખ અવસર આ આવ્યો રે (૨);
લખ ચોરાશી કૂટાયો, પણ ફેરો આ ફાવ્યો. ૧૨
અંતર શત્રુ સૌ માર્યા રે (૨);
જેની આગળ પંડિત ઋષિ, જ્ઞાની પણ હાર્યા. ૧૩
અજીતને જીત્યા આ વારે રે (૨);
દયા કરીને પુરુષોત્તમ, પ્રભુ ધા'યા છે વ્હારે. ૧૪
જરિયાની શણગાર ધારી રે (૨);
પુરુષોત્તમ મૂર્તિ લાગે, કામણ કરનારી. ૧૫
પહેરીને મોતીની માળા રે (૨);
રાત દિવસ તવ સ્મરણ સ્વામી, પુરુષોત્તમ લાલા. ૧૬
પુરુષોત્તમ રુપ કરિયા રે (૨);
મનના સંશય સઘળા કાપી, મૂર્તિમાં ઠરિયા. ૧૭
મુખથી વર્ણન નવ થાયે રે (૨);
પુરુષોત્તમનો મહિમા કદી, પુરો નવ થાયે. ૧૮
પ્રગટ ચિંતામણી મન ભાવી રે (૨);
પૂર્વ તણા પૂન્યે, પુરુષોત્તમની મૂર્તિ આવી. ૧૯

સમરજો સહુ ધર્મલાલા રે (૨);
રાત દિવસ તવ સ્મરણ સ્વામી. પુરુષોત્તમ લાલા. ૨૦

**તા. ૧૪-૧૨-૪૩ શ્રી પુરુષોત્તમ.**

## અનુભવ. (૯) નિર્વિકલ્પ.

મારું વિમાન અદ્ધર જાય, એવો અનુભવ મુજને થાય. મારૂં.ટેક
ગરુડ કેરી પાંખમાં, જયમ કીડી અદ્ધર જાય છે;
તેમાં પ્રયાસ કંઈ નવ થાય, એવો. મારૂં. ૧
અનંત જાતના ભેદ હતા તે, હવે ટળી સહુ જાય છે;
અંતે એક પ્રભુ દેખાય, એવો. મારૂં. ૨
દેહ ઈન્દ્રિયો અંતઃકર્ણ, પુરુષોત્તમ રુપ થાય છે;
પછી પુરુષોત્તમ ઓળખાય, એવો. મારૂં. ૩
ઈયળ મટીને ભમરી સંગે, ભમરી બની જાય છે;
પછી અદ્ધર ઉડી જાય, એવો. મારૂં. ૪
પારસ સંગે પારસ બનતાં, લોહા ટળી જાય છે;
તેમ જાણે તેવો થાય, એવો. મારૂં. ૫
સ્વરુપ સ્વરુપી ભિન્ન નથી, પણ ભિન્નપણું જણાય છે;
સાચું વિજ્ઞાન સમજાય, એવો. મારૂં. ૬
જ્ઞાન ક્રિયા ને ઈચ્છા શક્તિ, મહા પ્રભુની જણાય છે;
પછી હું પદ ઉડી જાય, એવો. મારૂં. ૭
રજના કોટાન કોટી ભાગમાં, મૂર્તિમાન જણાય છે;
અન્વય વ્યતિરેક કહેવાય, એવો. મારૂં. ૮
આત્યાંતિક પ્રલયને અંતે, પુરુષોત્તમ દેખાય છે;
પછી પૂરણ કામ મનાય, સાધન સર્વે પૂરાં થાય. મારૂં. ૯
સંત સમાગમ નિશદિન કરતાં, પ્રભુમય બની જવાય છે;
જેમ દુધ સાકર મળી જાય, એવો. મારૂં. ૧૦
મહાપ્રભુનું ચિંતવન કરતાં, પ્રભુમય બની જવાય છે;
તે કીટ ભ્રમર વત્ ન્યાય, એવો. મારૂં. ૧૧
જેમ નદી સાગરમાં મળતાં, નદી સાગર રૂપ થાય છે;
તેમ દાસ પ્રભુમાં સમાય, એવો. મારૂં. ૧૨

**સને ૧૯૩૭-શ્રી પુરુષોત્તમ.**

## શ્રી ભારતી બહેન-ભાદરણ. ગરબી (૧૦) નિર્વિકલ્પ.

આવો પુરુષોત્તમ હો ! મારે મંદિરિયે,
રસના રંગીલા હો ! મારે મંદિરિયે,
મારે મંદિરિયે કાના મારે મંદિરિયે,
આવો પુરુષોત્તમ હો! મારે મંદિરિયે, ટેક.
જ્ઞાન વૈરાગ્યનાં તોરણ બંધાવું;
ભક્તિની ભૂમિયો હો ! મારે મંદિરિયે. આવો..૧
જ્ઞાન વિજ્ઞાનના પ્રેમે નહવરાવું;
ધર્મની ધોતિયો હો ! મારે મંદિરિયે. આવો..૨
અખંડ વૃત્તિ રૂપી થાળ ધરાવું;
બ્રહ્મચર્ય ભાવના હો ! મારે મંદિરિયે. આવો..૩
પંચ વર્તમાનનાં બીડાં ધરાવું;
તેજના ફૂવારા હો ! મારે મંદિરિયે. આવો..૪
અખંડ આનંદના ઝલે ઝૂલાવું;
મસ્તીની દોરિયે હો ! મારે મંદિરિયે. આવો..૫
મૂળ અક્ષરધામે રમતો રમાડું;
વિરહની બાજીઓ હો ! મારે મંદિરિયે. આવો..૬
વિજ્ઞાન વિવેકના પલંગ પથરાવું;
નિશ્ચયનાં ગાદલાં હો ! મારે મંદિરિયે. આવો..૭
પુરુષોત્તમ રુપ કેરું નાટક ભજાવું;
ડંકો વગાડો હો ! મારે મંદિરિયે. આવો..૮

**તા. ૧૫-૬-૪૪ શ્રી પુરુષોત્તમ.**

## શ્રી કાન્તિલાલ બ્રહ્મભટ્ટ. તીરથ (૧૧) સવિકલ્પ.

ઘરમાં તીરથ બારણે તીરથ, આંગણિયે કાશી છબીલા.
પુરુષોત્તમ તારો પાલવ સાહ્યો, ક્યાં જાશો નાશી છબીલા;
જન્મો જન્મની દાસી તમારી, દાસી છું ખાસી છબીલા. ૧
ભૂરકી કે કંઈ મોહની નાંખી, તેની પડી નહી સૂઝ વાલા;
કાંમણ કીધું મન હરી લીધું, ચોરી લીધું ચિત્ત વાલા. ૨

શુદ્ધ બુદ્ધ ભૂલી થઈ હું ઘેલી, જોઈ અક્ષરના ભૂપ વાલા;
ક્રમી હવે કોઈ વાતે ના રહી, પામી પૂરણ કામ વાલા. ૩
લટકાળા તારાં લટકાં જોઈને, બની છું ઘેલી તૂર વાલા;
ધન હરે પણ ધોખો ન થાયે, એ છે પ્રગટની રીત વાલા. ૪
રાત દિવસ રુદિયામાં રટના, શું કર્યું તેં શ્યામ વાલા;
આનંદે અલમસ્ત ફરું છું, હાથ ન લાગે કામ વાલા. ૫
જ્યાં જોઉં ત્યાં પુરુષોત્તમ ભાસે, પુરુષોત્તમ પરિબ્રહ્મ વાલા;
હરતાં ફરતાં કામ જ કરતાં, સર્વે થયું સુગમ વાલા. ૬
નયણાં આગળ નિશદીન રહેજો, રહેજો મારે ઉર વાલા;
હરિજનો કહે છે કર જોડી, અઢળ ઢળ્યા ઘનશ્યામ વાલા. ૭

**પરચો (૧૨) સવિકલ્પ**

આજ કળિયુગમાં પરચા પૂર્યા પ્રભુજી,
પ્રભુ પુરુષોત્તમ સત્ય છો. ટેક.
અમે પાટણથી નાહવાને ચાલ્યાં, મહામુક્તોનાં મંડળ હાલ્યાં;
જઈ કુંવારીકા નદી મહાલ્યાં, પ્રભુજી. પ્રભુ.૧
ખાડા પાણીનું નિશાન નહીં, સરસ્વતિ નદીની મહીં;
પુરુષોત્તમ ધો'યા છે અહીં, પ્રભુજી. પ્રભુ.૨
બન્ને ખાડા કર્યા ત્યાં તૈયાર, પાણી નીકળ્યું ન લાગી વાર;
પુરુષોત્તમનામાં પાણી અપાર, પ્રભુજી. પ્રભુ.૩
પાણી પીધાં અને નાહ્યાં ધા'યાં, ઘણા જન્મોનાં દુક્તિ ખોયાં;
સહુ પુરુષોત્તમ વર મોહ્યાં, પ્રભુજી. પ્રભુ.૪
વાલે પૂછ્યું વરસાદ ક્યારે થાશે, થયો અમારી રહ્યા જે પાસે;
આઘા રહ્યા તે તો માર ખાશે, પ્રભુજી. પ્રભુ.૫
વાળી કહ્યું જે બીક છે તાજી, બીક લાગે છે કે નહિ ભાઈઆજી;
માથે પુરુષોત્તમ રહ્યા ગાજી, પ્રભુજી. પ્રભુ.૬
તેર વર્ષોથી ભક્તો ઘડું છું, સલાટરૂપ લઈને ફરું છું;
એવું કામ અલૌકિક કરું છું, પ્રભુજી. પ્રભુ.૭
સંવત બે હજાર ત્રણ સાલ, ખરો પર્ચો પૂર્યો ગઈ કાલ;
લૂંટ્યો અધિક સુદ આઠમે માલ, પ્રભુજી. પ્રભુ.૮

**તા. ૩૧-૭-૪૭ શ્રી પુરુષોત્તમ.**

## ગરબી (૧૩) સવિકલ્પ.

જુઓ ગરુજીએ ઘેલાં રે કીધાં,
એણે મારાં મનડાં હરિ હરિ લીધાં;
એણે મારાં ચિત્તડાં ચોરી ચોરી લીધાં. જુઓ. ટેક
વિરહની વેદના રે કોને કહીએ;
ગુરુજી વિના તો સખી ઘડીએ ન રહીએ. જુઓ. ૧
રાત દિવસ મને નિંદ્રા ન આવે;
કોઈ મારા શ્યામનો સંદેશો લાવે.૨ જુઓ. ૨
નથી ગમતો મુને ઘરનો રે ધંધો;
આરે સંસાર છે માયાનો ફંદો. જુઓ. ૩
ઉદ્ધવજી રે હું તો એટલું જ કહું છું;
હું તો પેલા સામા મંદિરિયામાં રહું છું. જુઓ. ૪
ભલે મળ્યા રે મહેતા નરસૈયા સ્વામી;
હું તો મારા મનમાં આનંદ પામી. જુઓ. ૫

## ભજન (૧૪) નિર્વિકલ્પ

આજ ભવજળ પાર ઉતરિયાં રે, આનંદ ભર્યા;
મારાં સર્વે તે કારજ સરિયાં રે, આનંદ ભર્યા. ૧
મેં તો લોકની લજ્જા ત્યાગી રે, આનંદ ભર્યા;
મારી મતિ મોહન સંગે જાગી રે, આનંદ ભર્યા. ૨
કામ ક્રોધ મોહ રોતા કરિયા રે, આનંદ ભર્યા;
મેં તો સુંદર વર ઉર ધરિયા રે, આનંદ ભર્યા. ૩
સહુ સાથે નાતો મેં તો તોડ્યો રે, આનંદ ભર્યા;
એક જગના જીવન સાથે જોડ્યો રે, આનંદ ભર્યા. ૪
મુક્તાનંદ કહે મોહન ઉર ધારી રે, આનંદ ભર્યા;
મેં તો દુર્મતિ દુગ્ધા વિસારી રે, આનંદ ભર્યા. ૫

## (૧૫) સવિકલ્પ શ્રી અશોકકુમાર - સોડપુર.

પ્રભુ ભજવામાં શાંની લાજ રે, કુળવાંનના કકડા;
ભક્તિનું ભાથું ભરો આજ રે, કુળવાંનના કકડા. ૧

શેરી સુધી તારી કામની, કુળવાંનના કકડા;
મસાણ સુધી તારા બન્ધવા, કુળવાંનના કકડા. ૨
ભાગોળ સુધી મા ને બાપ રે, કુળવાંનના કકડા;
બાંધશો સાથે પૂન્ય પાપ રે, કુળવાંનના કકડા. ૩
હાથી ઘોડા તો રહેશે પડી, કુળવાંનના કકડા;
સત્સંગ બુદ્ધિ તને ના જડી, કુળવાંનના કકડા. ૪
દોલત તારી રહેશે ધરી, કુળવાંનના કકડા;
ધાઈ ધૂતીને ભેગી જે કરી, કુળવાંનના કકડા. ૫
રાતદિવસ ધંધે ધાઈને, કુળવાંનના કકડા;
જાશો જમના માર ખાઈને, કુળવાંનના કકડા. ૬
સુખની સજ્જાએ પોઢતા, કુળવાંનના કકડા;
બોલાવે પણ નવ ઉઠતા, કુળવાંનના કકડા. ૭
ભાલા ઉપર સૂવાડશે, કુળવાંનના કકડા;
સાટકાના માર મારશે, કુળવાંનના કકડા. ૮
જેને માટે તે પાપો બહુ કર્યાં, કુળવાંનના કકડા;
તે તો સર્વે રહેશે અહિં ધર્યાં, કુળવાંનના કકડા. ૯
પાછલાંને દિવાળી થઈ ખરી, કુળવાંનના કકડા;
તારે માટે તો તે હોળી કરી, કુળવાંનના કકડા. ૧૦
હજુ પણ ચેતો તો સારૂં ઘણું, કુળવાંનના કકડા;
પછીથી પસ્તાશો ઘણું ઘણું, કુળવાંનના કકડા. ૧૧
અમુલખ અવસર જાય છે, કુળવાંનના કકડા;
પુરુષોત્તમ એમ ગાય છે, કુળવાંનના કકડા. ૧૨

**સને ૧૯૩૭ - શ્રી પુરુષોત્તમ.**

**ગરબી (૧૬) નિર્વિકલ્પ.**

સમૈયો આવ્યો શ્યામનો રે, કેમ બેસી રહેવા;
પ્યારા પુરુષોત્તમના ધામનો રે, કેમ બેસી રહેવાય. ટેક.
ચાર પ્રકારના નિશ્ચય કરાવ્યા રે;
પાંચ પુરુષપ્રયત્નનો રે, કેમ—સમૈયો. ૧
અંતઃકરણમાં વૃત્તિયો ઉતરી રે;

જાણપણે રહેવાય છે રે, કેમ—સમૈયો. ૨
ગુણાનુસારે ભક્તિ કરાય છે રે;
અવસર પુરુષોત્તમના પાઠનો રે, કેમ—સમૈયો. ૩
ઉમેદવારી ઉમંગે કરીને રે;
પૂરો છઠ્ઠો અધિકારનો રે, કેમ—સમૈયો. ૪
પ્રભુ થઈ મન ફરવાને ચ્હાય છે રે;
અવસર એ ગદ્ધા પચીસનો રે, કેમ—સમૈયો. ૫
મસ્તી ડાબી જીવરૂપે વરતવું રે;
ધ્યાન રાખો છે સ્ત્રી ત્યાગનો રે, કેમ—સમૈયો. ૬
છપ્પન ભૂતને વાળો પ્રભુમાં રે;
પ્રગટ પ્રભુના રંગના રે, કેમ—સમૈયો. ૭
સ્થિર વૃત્તિએ પ્રકાશ થાય છે રે;
વાસુદેવ ભગવાનનો રે, કેમ—સમૈયો. ૮
સાંખ્ય પૂરો થઈ હરિ પમાય છે રે;
ઉપદેશ થાય પછી યોગનો રે, કેમ—સમૈયો. ૯
અલ્પ આયુષ્યમાં કામ ઘણું છે રે;
હિસાબ નહિ મોટા દેવનો રે, કેમ—સમૈયો. ૧૦
પ્રગટ પ્રતાપે સહેજે એ થાય છે રે;
અનુભવી વિજ્ઞાનનો રે, કેમ—સમૈયો. ૧૧
પ્રકાશે પુરુષોત્તમ દેખાય છે રે;
ડંકો વાગ્યો ભગવાનનો રે, કેમ—સમૈયો. ૧૨

**તા. ૧૧-૪-૪૪ શ્રી પુરુષોત્તમ.**

### ભજન (૧૭) પીયા પાયા

પીયા પાયા તો ફિર ક્યા રોવાના;
રોવના રોવના રોવના રે, પીયા પાયા. ટેક.
પીયા પાયા સાર સબનકો; હાડચામ મેં ક્યાં જોવાના રે. પીયા. ૧
મગન ભયા મન મોહન સંગે; મગન હોઈ ક્યા રોવનારે. પીયા. ૨
બખ્તર પે'રકેરણમેં નિકસે; નરમ ગરમ ક્યા હોવનારે. પીયા. ૩
મુક્તાનંદ મોહસબ તજકે; શ્યામ ચરણ ચિત્ત પ્રોવનારે. પીયા. ૪

## ભજન (૧૮) સવિકલ્પ.

સખી અદ્દ્ભૂત ભાગ્ય છે આપણાં, પુરુષોત્તમ પ્રાણ આધાર;
જે છે પરાપાર, તે પ્રભુજી પધારિયા. ટેક.
જેને નેતિ નેતિ નિગમો કહે, જેની કિર્તિ કરે છે ઉચ્ચાર;
ને વદન હજાર, તે પ્રભુજી પધારિયા. ૧
જેનાં દર્શન દુર્લભ દેવને, ધરે શંકર જેહનું ધ્યાન;
કરે ગુણવાન, તે પ્રભુજી પધારિયા. ૨
જેને શારદા વર્ણવે સર્વદા, મુની નારદ સનક સમાન;
શોભે છે નિદાન, તે પ્રભુજી પધારિયા. ૩
જેને અર્થે જોગી જપ કરે, કરે અષ્ટાંગયોગ અભ્યાસ;
વસી વનવાસ, તે પ્રભુજી પધારિયા. ૪
યોગ યજ્ઞ કરે જેને પામવા, કોઈ સુખ તજી લે સન્યાસ;
દિલે થઈ ઉદાસ, તે પ્રભુજી પધારિયા. ૫
ભજે પ્રકૃતિ પુરુષ ભલા ભાવથી, પણ સમજે નહિ તેનો સાર;
પામે નહિ પાર, તે પ્રભુજી પધારિયા. ૬
બ્રહ્માવિષ્ણુ ને ભવ તે ભૂલા પડે, જેનો ન કરી શકે નિરધાર;
કે કેવો આકાર, તે પ્રભુજી પધારિયા. ૭
જેના તન એક રો'મના તેજમાં, કોટિ સૂર્ય શશી લિન્ન થાય;
ના જરિયે જણાય, તે પ્રભુજી પધારિયા. ૮
છેક રો'મ તણા એક છિદ્રમાં, આવાં વિશ્વ અસંખ્ય સમાય;
ન ગણ્યાં ગણાય, તે પ્રભુજી પધારિયા. ૯
મોટા મુક્ત ભજે જેને ભાવથી, ભજે અક્ષર પુરુષ અનેક;
ધરી દૃઢ ટેક, તે પ્રભુજી પધારિયા. ૧૦
જેની તૂલ્ય બીજો નવ જાણીયે, એ'ના જેવા તો એ જ છે એક;
છતે જોતાં છેક, તે પ્રભુજી પધારિયા. ૧૧
જેની આજ્ઞા થકી જુઓ જગતમાં, શશી સૂર્ય ફરે છે આકાશ;
કરે છે પ્રકાશ, તે પ્રભુજી પધારિયા. ૧૨
મેઘ વૃષ્ટિ કરે આખી સૃષ્ટિમાં, તે તો જેહના હુકમ પ્રમાણ;
કરે નિરમાણ, તે પ્રભુજી પધારિયા. ૧૩

સુખકારી શ્રી સહજાનંદજી, જે છે સુંદર શ્યામ સુજાણ;
સદા સુખ ખાણ, તે પ્રભુજી પધારિયા. ૧૪

**અત્યુત્તમ આનંદ. (૧૯) નિર્વિકલ્પ.**

પુરુષોત્તમ રટણ રૂદિયામાં ચાલે;
છૂટાં પડે અંતરમાં ઘણું સાલે. પુરુષોત્તમનું. ટેક.
પુરુષોત્તમ પુરુષોત્તમ સદા કરવું,
પ્રગટ પ્રભુનું નિત્ય ધ્યાન જ ધરવું;
કાળ, કર્મ, માયાથી કદીયે ના ડરવું. પુરુષોત્તમનું. ૧
ખાતાપીતાં ન્હાતાં ધોતા કામ કરતાં,
સારી ખોટી ક્રિયામાં હરતાં ને ફરતાં;
પ્રગટ પ્રભુ સંભારી અંતર ઠરતાં. પુરુષોત્તમનું. ૨
મળી મસ્ત મૂર્તિ મનોહર પ્યારી,
અહર્નિષ વિસરે નહિ રે વિસારી;
સંભારતાં ટાળે મહા દુઃખ ભારી. પુરુષોત્તમનું. ૩
મોહનવરની મૂર્તિ છે મહા મસ્તાની,
છુપાડી કેમ કરી રહે છાની;
પ્રેમાનંદ કહે દેખી બની છું દિવાની. પુરુષોત્તમનું. ૪

**પદ-૨**

પુરુષોત્તમ અખંડ રહ્યા મારે ઉર;
તેજ જાણે ઉગિયા અગણિત સૂર. પુરુષોત્તમ. ટેક
નાઠી માયા પાડી ખરેખરી ચીસ,
પ્રભુ સુખ દુઃખ મે'લે તે ખમીશ;
ખરેખરી વાત આ તો વશા વિસ. પુરુષોત્તમ. ૧
કાળ કર્મ માયાનાં બંધન તૂટ્યાં,
મનનાં નિર્વિકલ્પ ઘોડલાં છૂટ્યાં,
આવી એક મૂર્તિ દેખીને રે અટક્યાં. પુરુષોત્તમ. ૨
સુષુપ્તિનું નવ ચાલે રે જરાય,
આનંદના દરિયા સહેજે ઉભરાય;
છેવટે તો મહામાયા ઉલંઘાય; પુરુષોત્તમ. ૩

અહર્નિષ વૃત્તિ રહે તદાકાર,
વિજ્ઞાનીના પ્રેમ તણો નહિ પાર;
મુક્તાનંદ કહે પ્રભુ સદા છે સાકાર. પુરુષોત્તમ. ૪

પદ - ૩

પુરુષોત્તમ રૂપ બની કહું વાત,
બ્હેની પ્રભુ પ્રગટથી રે, સાક્ષાત. પુરુષોત્તમ રૂપ ટેક.
દેહ, ઈન્દ્રિ, અંતઃકર્ણ ના જણાય,
પ્રકાશમાં એક જ મૂર્તિ દેખાય;
ઈયળ મટી ભમરી જેમ બની જાય. પુરુષોત્તમ રૂપ. ૧
પુરુષોત્તમ વરની હું તો પટરાણી,
અન્ય ઘેર કેદી ભરું નહિં પાણી;
બની હું તો સર્વે સૈયરોમાં શાણી. પુરુષોત્તમ રૂપ. ૨
રાખી મેં'તો અખંડ વૃત્તિ કુંવારી,
પ્રગટ પ્રભુની રાખી અંગ ખુમારી;
વાલે મારે કામ કર્યાં બહુ ભારી. પુરુષોત્તમ રૂપ. ૩
ભેદી અષ્ટ આવરણ ને ત્રણ ગુણ,
ત્રણ અવસ્થા ને બીજાં જે સગુણ,
થયા ગુણાતિતાનંદ નિર્ગુણ. પુરુષોત્તમ.રૂપ.૪

પદ - ૪

થઈ ભક્તના ભક્ત હંમેશ રહેવું;
મુખે કદી કાયર વે'ણ ન કહેવું. થઈ ભક્તના. ટેક.
જીવ જેવા જીવ બની સદા રહેવું,
પુરુષોત્તમ પુરુષોત્તમ મુખે કહેવું;
ખરેખરા જીવન મુક્તજ થાવું. થઈ ભક્તના. ૧
અભિમાન અંગે ના રાખો જરાય,
માયા પર ગુણાતિત વરતાય;
સ્વધર્મ પ્રમાણે વરતો સદાય. થઈ ભક્તના. ૨
સંત સેવામાં સદા તત્પર રહેવું
જગ ઉપહાસ કરે તે તો ખમવું;

મહાપ્રભુના દાસ સદાય રહેવું. થઈ ભક્તના. ૩
જાણપણા રૂપ રહી દરવાજે,
અખંડ તું અંતરવૃત્તિમાં રહેજે;
માથે પુરુષોત્તમ ભગવાન ગાજે. થઈ ભક્તના. ૪

તા. ૧૦-૧૨-૪૩ શ્રી પુરુષોત્તમ

## થાળ (૨૦) સવિકલ્પ

જમોને જમાડું રે, જીવન મારા, (૨)
હરિ રંગમાં રમાડું રે, જીવન મારા. ટેક.
વાલાજી મારા, સોનાનો થાળ મંગાવું, (૨)
મોતીડે વધાવું રે, જીવન મારા. (૨) જમોને. ૧
વાલાજી મારા, ઘેબર જલેબી ને લાડુ, (૨)
જમોને થાય ટાઢું રે, જીવન મારા. (૨) જમોને. ૨
વાલાજી મારા, ગવરીનાં દૂધ મંગાવુ, (૨)
માંહી સાકર નંખાવું રે, જીવન મારા. (૨) જમોને. ૩
વાલાજી મારા, દૂધ કઢવેલાં ભલી ભાતે, (૨)
જમોને આવી ખાતે રે, જીવન મારા. (૨) જમોને. ૪
વાલાજી મારા,પાપડ પતાસાં ને પોળી, (૨)
જમોને ગળી મોળી રે, જીવન મારા. (૨) જમોને. ૫
વાલાજી મારા, તુવેરની દાળ કરી સારી, (૨)
વિવેકે વઘારી રે, જીવન મારા. (૨) જમોને. ૬
વાલાજી મારા, કઢી કરી છે બહુ સારી, (૨)
જમોને ગિરધારી રે, જીવન મારા. (૨) જમોને. ૭
વાલાજી મારા, આદા કેરીનાં અથાણાં, (૨)
વળી વાલ ને વટાણા રે, જીવન મારા. (૨) જમોને. ૮
વાલાજી મારા,જે જે જોઈએ તે માંગી લેજો, (૨)
ખારૂં મોળું કહેજો રે, જીવન મારા. (૨) જમોને. ૯
વાલાજી મારા, જળ રે જમુનાની ઝારી, (૨)
ઊભા છે બ્રહ્મચારી રે, જીવન મારા. (૨) જમોને. ૧૦

વાલાજી મારા, લવીંગ સોપારી તજ તાજી, (૨)
જમોને લાવું ઝાઝી રે, જીવન મારા. (૨) જમોને. ૧૧
વાલાજી મારા, પ્રેમા (તે) નંદના સ્વામી, (૨)
છો અંતરયામી રે, જીવન મારા. (૨) જમોને. ૧૨

**ભજન (૨૧) સાધુ ! નિર્વિકલ્પ**

હાંજી ભલા સાધુ, હરિકી રે સાધુ;
તનકી ઉપાધી તજે, સોહી સાધુ.ટેક..
માન અપમાને એકતા, સુખ દુઃખ મે સમભાવ;
અહિં કે સુખ તો અલ્પ હે, નહિ સ્વર્ગ કુ ચ્હાય. તનકી. ૧
લાલચ લોભ હરામ હે, ગ્રહે ન ગાંઠે દામ;
નારી નાગણી સમ તજે, રટે નિરંતર રામ. તનકી. ૨
મઠ ન બાંધે મમતા કરી, કઠતા કીધી ત્યાગ;
કબહુ ક્રોધ ન ઉપજે, સો સાચા વૈરાગ્ય. તનકી. ૩
ત્યાગે તીખા તમતમા, રસના ભોગ વિલાસ;
મુક્તાનંદ સો સંતકે, સદા રહત હરિ પાસ. તનકી. ૪

**જ્ઞાન ! પદ - ૨**

હાંજી ભલા જ્ઞાની, ગુણકે રે પાર;
જગ વ્યવહાર તજે, સોહી જ્ઞાની. ટેક..
સ્વપ્ન તૂલ્ય સંસારકુ, જાણી ત્યાગે આશ;
સ્વર્ગ આદિ જે ચતુર્ધા, તાસે રહે ઉદાસ. જગ. ૧
અષ્ટસિદ્ધિ નવ નીધિકું, જાણે માયા કૂપ;
મંત્ર જંત્ર મિથ્યા ગણે, તદાકાર તદ્રૂપ. જગ. ૨
જાત વરણ આશ્રમ તબ, જબ લગ સત્ય સંસાર;
નામ રૂપ સર્વે ભ્રમણા, ચૈતન્ય સબરસ સાર. જગ. ૩
અહંમમત ઉરસે પરહરે, ભજે બ્રહ્મ નિષ્કામ;
મુક્તાનંદ સો સંત કે, સદા દેખત હે રામ. જગ. ૪

**ત્યાગી ! પદ - ૩**

હાંજી ભલા ત્યાગી, તન સુખ ત્યાગ;
વ્રહ વૈરાગ્ય તપે, સોહી ત્યાગી.ટેક..

શીત, ઉષ્ણ, સુખ, દુઃખ વિશે, મન નહિ પામે ખેદ;

જયું તન કસની, ત્યું મન મગન, જાણે જડકો ભેદ. વ્રહ.૧

ઉલટ અન્ન સમ, જગત સુખ, જાણી ત્યાગે આશ;

તન મન કો મત ત્યાગ કે, આઠો પહોર ઉદાસ. વ્રહ.૨

ખાન પાન જો ના મીલે, તો ભી મન આનંદ;

પ્રારબ્ધ વશ દેહકું, ડારી ભજે ગોવિંદ. વ્રહ.૩

કનક કામની કો કબહું, ભૂલે ન કરે સંગ;

મુક્તાનંદ એહ સંત મત, આદિ જુગાદી અભંગ. વ્રહ.૪

**મન ! પદ - ૪**

હાંજી ભલા મનકા, મહેરમ મોય;

સદ્‌ગુરુ શ્યામ મીલે, ભલા મનકા. ટેક..

કંઈ વાર મેં યોગી ભય, બો'ત બડાયા કેસ;

તો હું મનમે હું ઠગ્યો, મેરો ચલ્યો ન લેશ. સદ્‌ગુરુ. ૧

કંઈ વાર મેં તીરથ કિયો, ડહોળ્યો દેશ વિદેશ;

ત્યું ત્યું મનકી મશ્કરી, બહુ વિધી દીન નરેશ. સદ્‌ગુરુ. ૨

ગાફન જે તે સૃષ્ટિમેં, કીધાં મન વશ કાજ;

સદ્‌ગુરુ વિના સુખ ન ભયો, રહ્યો હે મનકો રાજ. સદ્‌ગુરુ. ૩

જબ સદ્‌ગુરુ મીલે શબ્દકી, ટેર સુણાવી કાન;

મુક્તાનંદ મન કૃષ્ણમેં, લાગી રહ્યો એક ધ્યાન. સદ્‌ગુરુ. ૪

**વચન ! (૨૨) રાગ જકડ.**

વચન લાપી, જાણે સુખ લેશું રે;

તે તો કે'શું, કે'વાને જો રે રે'શું રે વચન. ટેક.

જ્યારે પશ્ચિમે પ્રગટશે રવિ રે, થાશે બીજ રહિત પૃથ્વી રે;

તોયે નહિ થાય રીત એ નવી રે વચન. ૧

આકાશ પુષ્પની માળાઓ થાશે રે, ઝાંઝુ જળ પાને જન ધરાશે રે;

તોયે એ વાત કાંઈ મનાશે રે વચન. ૨

સુત ષંઢથી પામશે નારી રે, મળશે માખણ વલોવતાં વારી રે;
તોયે વિમુખ સુખ રે'શે હારી રે વચન. ૩
એહ વાત પ્રમાણ છે પક્કી રે, તે તો ખોટી ન થાય કોઈ થકી રે;
કહે નિષ્કુળાનંદ એમ નક્કી રે વચન. ૪

## ધોળ (૨૩) નિર્વિકલ્પ - રાસ

ભાગ્ય જાગ્યાં આજ જાંણવાં, કોટિ થયાં કલ્યાણ (૨);
ઉધારો ન રહ્યા એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ. (૨) ભાગ્ય. ૧
અનાથપણાનું મે'ણું ઉતર્યુ, સદા થયાં સનાથ (૨);
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિયે હાથ. (૨) ભાગ્ય. ૨
કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ (૨);
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ. (૨) ભાગ્ય. ૩
અણસમજ અળગી થઈ, સમી સમજાણી વાત રે (૨);
પાંપળા સર્વે પરાં પળ્યાં, મળ્યા હરિ સાક્ષાત. (૨) ભાગ્ય. ૪
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ (૨);
ખોટ્ય મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ. (૨) ભાગ્ય.૫
ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર (૨);
સુખ તણી સીમા શી કહું, મને મોદ અપાર. (૨) ભાગ્ય. ૬
આજે આનંદ વધામણાં, હૈયે હરખ ન માય (૨);
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય. (૨) ભાગ્ય.૭
આજ અમૃતની એ'લી થઈ, રહી નહિ કાંઈ ખોટ (૨);
એક કલ્યાણનુંક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ. (૨) ભાગ્ય. ૮
રાંકપણુ તો રહ્યું નહિ, કોઈ માં કે'શો કંગાલ (૨)
નિરધનિયાં તો અમે નથી, મહા મળ્યો છે માલ. (૨) ભાગ્ય. ૯
કોણ જાણે તે આ કેમ થયું, આવ્યુ અણચિંતવ્યું સુખ (૨);
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યાં હરિ મુખોમુખ. (૨) ભાગ્ય. ૧૦
ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ (૨);
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ. (૨) ભાગ્ય. ૧૧

## ધોળ - વધામણું (૨૪) નિર્વિકલ્પ

આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ;
પુરુષોત્તમ પ્રગટી રે. ટેક.
અમૃતના સિંધુ ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ, પુરુ.૧
નિર્ભયની નોબત્યો વાગિયો રે, મળિયા મોહનરાય, પુરુ;
વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય. પુરુ. ૨
ખોટ્ય ગઈ છે ખોવાઈને રે, જીત્યનાં જાંગીર ઢોલ, પુરુ;
દુઃખ ગયું બહુ દિનનું રે, આવિયું સુખ અતોલ. પુરુ. ૩
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોંડ, પુરુ;
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહીં જોડ, પુરુ. ૪
સહુને પાર સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત; પુરુ;
નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત. પુરૂ.૫
સર્વેના સ્વામી જે શ્રી હરિ રે, સર્વેના કા'વિયા શ્યામ; પુરૂ;
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેના કરિયાં કામ. પુરૂ. ૬
પ્રગટ પુરુષોત્તમ નામનો રે, શક્કો બેસારિયો આપ; પુરુ;
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ. પુરૂ. ૭
ધામી જે અક્ષર ધામના રે, તેણે આપ્યો છે આનંદ; પુરૂ;
અખંડઆનંદ આપી જીવને રે, કાપ્યાં ભારે ભવ ફંદ. પુરૂ.૮
ખાતાં વળાવ્યાં છે ખોટ્યનાં રે, ખરી કરાવી છે ખાટ્ય; પુરૂ;
બંધ કીધાં બિજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ. પુરૂ. ૯
તિમિર ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણ બ્રહ્મ; પુરૂ;
અંધારૂં રહ્યું તું આવરી રે, તે ગયું થયું સુગમ. પુરૂ. ૧૦
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છો ઉદ્યોત; પુરૂ;
પૂર્વની દિશાએ પ્રગટ્યા રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત. પુરૂ. ૧૧
અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ; પુરૂ;
પૂર ચાલ્યાં તે પૃથ્વીયે રે, ધો'યા ધરતીના મળ. પુરૂ. ૧૨
ગાજ વીજ અને વર્ષવું રે, અગમ સુગમ કર્યું સોય; પુરૂ;
સહુ જનને સુખ આપિયાં રે, દુઃખી રહ્યું નહિ કોય, પુરૂ. ૧૩
ધર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત્ય; પુરૂ;

દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત્ય કુજાત્ય. પુરૂ. ૧૪
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન; પુરૂ;
ધન્ય ધન્ય આ અવતારને રે, ભલે મળ્યા ભગવાન. પરૂ. ૧૫
વારે વારે જાઉં વારણે રે, કર્યા અમારાં કાજ; પુરૂ;
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ. પુરૂ. ૧૬
કહીયે તે મુખથી કેટલું રે, આપીયો છે જે આનંદ; પુરૂ;
નિષ્કુળાનંદ જાય વારણે રે, સહેજે મળ્યા સહજાનંદ. પુરૂ. ૧૭

## ભજન (૨૫) સવિકલ્પ.

હાલોને સંતો હાલિયે રે લોલ,
જઈએ અક્ષરધામ, મારા વાલમજી લોલ;
આનંદસાગર ઝૂલવા, સંતનો મેળાવડો. ટેક.
સાચાં હરિજન આવિયાં રે લોલ,
મંડળનાં ઝાઝેરાં જૂથ, મારા વાલમજી લોલ;
પ્રગટ પ્રભુને પાયે લાગવા. સંતનો મેળાવડો. ૧
માણેક સ્થંભ રોપાવિયા રે લોલ, પ્રભુનાં ઝાઝેરાં વહાલ;
મારા વાલમજી લોલ, શ્યામ આવે સામા દોડતા સંતનો. ૨
દેશો દેશથી સંત આવિયા રે લોલ, મહંતો મેલીને માન;
મારા વાલમજી લોલ, હેતે હરિ રસ ઝીલવા. સંતનો. ૩
પૂર્વ જનમના પૂન્યથી રે લોલ, મળ્યો મનુષ્યાવતાર;
મારા વાલમજી લોલ, પ્રગટ પ્રભુના પહિચાણમાં. સંતનો. ૪
આનંદ બહુ ઉભરાય છે રે લોલ, શુદ્ધ બુદ્ધ ભૂલી જવાય;
મારા વાલમજી લોલ, પ્યારા પ્રભુના પ્રેમમાં. સંતનો. ૫
અમૂલ્ય અવસર જાય છે રે લોલ, લઈ લ્યોને રૂડો લ્હાવા;
મારા વાલમજી લોલ, મુખોન્મુખ મળ્યા માવ રે. સંતનો. ૬
જ્ઞાન ઝડી વરસાવતા રે લોલ, કઠણ હૈયાં ભેદાય;
મારા વાલમજી લોલ, ભાવે થવા બ્રહ્મરૂપ રે. સંતનો. ૭
રૂડા તે રાસ રમાડતા રે લોલ, ગાતા વાતા હરિજન;
મારા વાલમજી લોલ, આનંદ ને ઉછરંગમાં. સંતનો. ૮
બ્રહ્મખુમારીની ભાવના રે લોલ, જેની બીજી નહિ જોડ;

મારા વાલમજી લોલ, પૂરા કરવાને કોડ રે. સંતનો. ૯
સંતો કંગાલપણું કાઢજો રે લોલ, મળિયો મોટો માલ;
મારા વાલમજી લોલ, શૂરવીર થઈ ને ખેલજો. સંતનો. ૧૦
ભાવ ભક્તિના ભજવવા રે લોલ, થઈ પુરુષોત્તમ રુપ;
મારા વાલમજી લોલ, જન્મ મૃત્યુ ભય ટાળવા. સંતનો. ૧૧
સંશય સઘળા ટાળવા રે લોલ, ભેગા મળી હરિજન;
મારા વાલમજી લોલ, અક્ષરધામે મહાલવા, સંતનો. ૧૨

**સને ૧૯૩૭ - શ્રી પુરુષોત્તમ.**

### રાગ ઉપરનો (૨૬) સવિકલ્પ. શ્રી પાર્વતીબા રૂંદણ

સાવ સોનાની મારી વેલડી રે લોલ,
સદગુરૂ સુતારે ઘડી પીંજડી રે લોલ;
ધર્મના ધોરી ઝટ જોતાર્યા રે લોલ,
જઈને અક્ષરધામ છૂટિયા રે લોલ. ૧
અક્ષરધામમાં દિવા બળે રે લોલ,
મેં તો જાંણ્યું હરિ અહીં વસ્યા રે લોલ;
દૂધ સાકરનો શીરો કર્યો રે લોલ,
કંચનના થાળમાં ટાઢો કર્યો રે લોલ. ૨
જમતાં પુરુષોત્તમ સાંભળ્યા રે લોલ,
કંઠેથી કોળિયો ના ઉતરે રે લોલ;
પળમાં તેડાવું દિના નાથને રે લોલ,
કોળિયા ભરાવું જમણા હાથમાં રે લોલ. ૩
હું ને હરિ બે જમતાં રે લોલ,
વારા ફરતી કોળિયા આપાતાં રે લોલ;
સાવ સોનાનો મારો હિંચકો રે લોલ,
હિરની દોરી હરિના રે લોલ. ૪
હું ને હરિ બે હિંચતાં રે લોલ,
વારા ફરતી દોરી ખીંચતાં રે લોલ;
ભૂધરો તે ભક્તિનો લોભિયો રે લોલ,
આવીને અમને ભેટિયો રે લોલ. ૫

આનંદ સાગર ઝૂલતાં રે લોલ,
મન ફાવે તેમ મહાલતાં રે લોલ;
હૈયાની શુદ્ધ બુદ્ધ વિસરી રે લોલ,
બ્રહ્મરૂપ થઈ નિસરી રે લોલ. ૬

**સને ૧૯૩૭ - શ્રી પુરુષોત્તમ.**

## ગરબી. (૨૭) નિર્વિકલ્પ.

હાં રે મારા વાલા રે, અક્ષરધામની વાટે વહેલા આવજો;
હાં રે મારા વાલા રે,પ્રેમી જનને પ્રેમ કરી બોલાવજો. ૧
" " " પ્રેમી જનનાં હૈડાં તો હરખે ભર્યાં;
" " " તે દેખીને ચિત્તડાં મારાં અહીં ઠર્યાં. ૨
" " " અક્ષરધામમાં અખંડ લીલા થાય છે;
" " " પુરુષોત્તમ નાચે ને ગોપીયો ગાય છે. ૩
" " " સંતોના સમૈયા રૂડા થાય છે;
" " " જ્ઞાનના સાગરમાં સંતો ન્હાય છે. ૪
" " " અખૂટ આનંદ સ્હેજે ત્યાં લૂંટાય છે;
" " " અક્ષરના મુક્તો હેતેથી ધા'ય છે. ૫
" " " નરનારી ત્યાં દર્શન કરવા જાય છ;
" " " જ્ઞાનાગ્નિથી દેહનાં ભાન ભૂલાય છે. ૬
" " " ચડી ખુમારી ઉતારી ઉતરે નહીં;
" " " દુરિજન લોકો થાક્યાં મુજને બહુ કહી. ૭
" " " સંતોના સ્વામી તો અમને અહીં મળ્યા;
" " " દિન જાણીને પુરુષોત્તમ અઢળક ઢળ્યા. ૮

હાં રે મારા વાલા રે, જનમો જનમના ફેરા તો સર્વે ફળ્યા;
" " " મનના સંશય સઘળા તો સ્હેજે ટળ્યા. ૯
" " " આ'વી બ્રહ્મસભા તે જગમાં કંઈ નથી;
" " " આ'વા સંતો બ્રહ્માંડમાં જડતા નથી. ૧૦
" " " પુરુષોત્તમના ભક્તો પુરુષોત્તમના થશે;
" " " પુરુષોત્તમનું ભજન સઘળે ચાલશે. ૧૧
" " " નાનાં મોટાં મંડળ તો ભાંગી જશે;
" " " પુરુષોત્તમનું મંડળ દિન દિન જામશે. ૧૨
" " " બ્રહ્મશાંતિ વિશ્વમાંહી વરસાવશે,
" " " સમાધિમાં અક્ષરધામ બતાવશે. ૧૩
" " " ઘોર કળિયુગમાં સતયુગ ચલાવશે;
" " " પુરુષોત્તમનો સિક્કો જગમાં ચાલશે. ૧૪
" " " પુરુષોત્તમનાં અવિચળ ધામ બનાવશે;
" " " દુનિયા સઘળી નજરો નજરે ભાળશે. ૧૫

**સને ૧૯૩૭ શ્રી પુરુષોત્તમ.**

**સાચો ભક્ત ! (૨૮) નિર્વિકલ્પ.**

ભગવાન કામ કરે તાં, નિર્મળ અંતર છે જેનાં. ટેક.
સુષુપ્તિ માયા જીતે જીતાવે, સમાધિમાં લઈ જઈને લાવે;
મોટું ઐશ્વર્ય છે જેમાં, ભગવાન કામ કરે તેનાં. ૧
નિષ્કામ ભક્તિ હેતે કરે છે, પ્રગટ પ્રભુને પાસે રાખે છે;
દિન રાત મથે તેમાં, ભગવાન કામ કરે તેનાં. ૨

માયીક સુખની આશા ત્યાગે, પ્રગટ પ્રભુને આગળ રાખે;
સ્થિર વૃત્તિ કરે તેમાં, ભગવાન કામ કરે તેનાં. ૩
મહા માયા ઉલંઘી નાંખે છે, સિદ્ધિને દાસી કરી રાખે છે;
નિર્ગુણ પ્રકાશ છે જેમાં, ભગવાન કામ કરે તેનાં. ૪
અખંડ પ્રીતિ મહાપ્રભુમાં, હેત જેને નથી બીજા મુક્તોમાં;
જેને સંબંધ છે બેનો, ભગવાન કામ કરે તેનાં. ૫
અખંડ જે પરદુઃખ હરે છે, પ્રભુ વિસરતાં પોતે મરે છે;
જીવ્યાં સાર્થક છે તેનાં, ભગવાન કામ કરે તેનાં. ૬
માયામાં ડૂબેલો પોતે જણાવે, મહા માયા બ્રહ્મરૂપ બનાવે;
જોતાં અંતર ઠરે જેનાં, ભગવાન કામ કરે તેનાં. ૭
બ્રહ્મ વિદ્યાને ભણે ભણાવે, ભક્તિ સુધારસ પીવે ને પાવે;
ઝુલે આનંદ સાગરમાં, ભગવાન કામ કરે તેનાં. ૮
સ્વતંત્રપણે ખેલે મેળામાં, પરતંત્ર નહી જરા ચેલામાં;
ઉત્તમ મનુષ્ય દેવોમાં, ભગવાન કામ કરે તેનાં. ૯
પુરુષોત્તમના મંત્ર અજંપા, જપી અને થઈએ બળવંતા;
નામે કામ સર્યાં કંઈનાં, ભગવાન કામ કરે તેનાં. ૧૦
લક્ષ્મી સામી નજર ન રાખે, મહાપ્રભુને હૃદયમાં રાખે;
થઈ મસ્ત ફરે જગમાં, ભગવાન કામ કરે તેનાં. ૧૧
પુરૂષોત્તમ રૂપ બને બનાવે, વડવાનળ ને સંત કહાવે;
અજોડ છે ગજમાં, ભગવાન કામ કરે તેનાં. ૧૨

**તા. ૨-૨-૪૪ શ્રી પુરુષોત્તમ.**

# શ્રી પ્રગટ પુરુષોત્તમ નમો નમઃ

વિભાગ  ચોથો

## પરચુરણ કાવ્યો

### (૧) શ્રી પરૂષોત્તમ મહારાજ - ભાદરણ.

કકકા કર સદગુરુનો સંગ, રુદે કમળમાં લાગે રંગ,
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય;
લીંગ વાસના હોય જ ભંગ, કક્કા કર સદગુરુનો સંગ. ૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રી મુખે કહી સાક્ષાત,
જ્ઞાની મુની જોગી જતી, ગુરુકૃપા વિના સિદ્ધિ નથી;
જનમ મરણની મટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગગ્ગા ગુરુની સેવા કરો, પર નીંદા પરધન પરહરો,
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચિત્તમાં ધરો, ગગ્ગા ગુરુની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણું કહ્યે શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બહાર ભીંતર હરિ ભાળવા;
જોતાં જીવદશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહ્યે શું થાય. ૪
નન્ના નીરમળ તેની દશા, જેને હરિ રુદિયામાં વસ્યા,
પોતાના અવગુણને હણે, પરના તો રુદિયે નવ ગણે;
કોઈના દોષ ન દેખે કશા, નન્ના નીરમળ તેની દશા. ૫
ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણ તણો છે ભે,
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધિયે માંડી જાળ;
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬
છછછા છે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહીં,

દાનવ માનવ ને દેવતા, આધીન થઈ સૌ એ સેવતા;
હરિજન આગળ હારી રહી, છછછા છે માયા ગુણમયી. ૭
જજજા વીરલા જાણે ભેદ, માયા પ્રપંચ વીધી નિષેધ,
તે માયાનું તજવું માન, માયા પતિ ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિરવેદ, જજજા વીરલા જાણે ભેદ. ૮
ઝઝઝા ઝાંખી જોને તેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ,
વિના સરોવર અંબુજ સાર, વિના ભ્રમર ઉઠે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝઝા ઝાંખી જોને તેહ. ૯
નઞા નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર,
કાળ કર્મ નહીં લાગે લેશ, છે આનંદી હરિનો દેશ;
તે પદને પામે નીરધાર, નઞ નામ નાવ છે સાર. ૧૦
ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે,
નાના મોટા હરિના ઘાટ, કોઈ સુક્ષ્મ ને કોઈ વૈરાટ;
હરિને ભજતાં હું પદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક,
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજુ માની લેશે શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨
ડડ્ડા ડહાપણ મૂકી દે, સદ્‌ગુરુને શરણે જઈ રહે,
વચન તણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધિથી અળગો રહે, ડડ્ડા ડહાપણ મૂકી દે. ૧૩
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રુડા પુરુષને રુદિયેરહ્યું,
સમજ્યાં તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
રેણા રણ ચોરાશી તણું, તેનું વ્યાજ વધે છે ઘણું,
દાણી ગણમાં ડૂલી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમ કિંકર કરશે તા'પણું, રેણા રણ ચોરાશી તણું. ૧૫
તત્તા તારું આપ તપાસ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાછ,
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ હોય તો લાગે હાથ;
મૂરખના મનમાં નહીં ત્રાસ, તત્તા તારું આપ તપાસ. ૧૬

થથ્થા થીર તો રહેવું નથી, કોણ રંક કોણ પૃથ્વી પતિ, આજ કાલમાં
જાવું સહી, કોટી ઉપાયે રહેવું નહીં;
ભાવ ધરી ભજ કમળા પતિ, થથ્થા થીર તો રહેવું નથી. ૧૭
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઈને કરને સેવ,
પ્રેમ પુષ્પને ચંદન હાર, જ્ઞાન દિપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધધ્ધા ધારણા ધરજે ધીર, વાચ કાછ વશ રાખે વીર,
શબ્દ તણી ગ્રહજે સમશેર, શત્રુ દળમાં પાડે ભેદ;
સદ્‌ગુરુ બખ્તર પહેરે શરીર, ધધ્ધા ધારણા ધરજે ધીર. ૧૯
નન્ના નિશાન ગુરુનું છે, ધીર વીર પગ રોપી રહે,
કાયર નરનું નહીં ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ;
જીત્યા જગમાં નિરગુણ જેય, નન્ના નિશાન ગુરુનું છે. ૨૦
પપ્પા પૂરાની જેમ પ્રીત, મેરુ ચળે પણ ન ચળે ચિત્ત,
ધ્રુવની પેઠે અવિચળ રહે, સ્તુતિ નિંદા ને સુખ દુઃખ સહે;
નારાયણને નીરખે નીત, પપ્પા પૂરાની એ પ્રીત. ૨૧
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરિ સમરણ કરે,
જનમ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિ મહી;
જઠરા વાસ ન નિશ્ચય કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે. ૨૨
બબ્બા બોલે તેને જાણ, મૂકી દેને મનની તાંણ
હું મારું રુદિયેથી ટાળ, પરમારથમાં પીંડ જ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ. ૨૩
ભભ્ભા ભજન થકી ભય ટળે, નિશ્ચય કાળ કરાડ ન ગળે,
ભેખ ધરે જો સિધ્ધિ થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજન થકી ભય ટળે. ૨૪
મમ્મા માયા મનની જાણ, મારું તારું ખેંચા તાણ,
સઘળે સરખો આતમરામ, સાંધા વાંધા મનનું કામ;
માટે મન હરિ ચરણે આણ, મમ્મા માયા મનની જાણ. ૨૫
યય્યા જીવપણું જેહને, સંશય શોક સદા તેહને,
આતમબુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા ને આપદા;

દેહ દર્શી દેખે દેહને, યચ્યા જીવપણું જેહને. ૨૬
રરરા રામ ભજનમાં રહે, બીજું બકવું મૂકી દે,
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ના'વે સ્વાદ;
હરિનું હારદ હેતે ગ્રહે, રરરા રામ ભજનમાં રહે. ૨૭
લલ્લા લે તું આતમ લા'વ, ફરી ફરી નહીં આવે દાવ,
જીતી બાજી હારીશ નહીં, સમજુને શીખામણ કહી;
હવે ન ચૂકીશ આવો દાવ, લલ્લા લે તું આતમ લાવ. ૨૮
વવ્વા વેદ વચન નીરધાર, જે પ્રીછે તે પામે પાર,
ઉંચ નીચેનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદ્ગતિ;
સંશય શોક તજવો અહંકાર, વવ્વા વેદ વચન નીરધાર. ૨૯
શશ્શા સાધન સરવે થયું, જેનું ચિત્ત હરિ ચરણે રહ્યું,
હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન;
કોટી વિઘન ભય દુષકૃત ગયું, શશ્શા સાધન સરવે થયું. ૩૦
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુંજર કરે,
મીન મધર બહુ જળચળ જાત, જેવું બીબું તેવી ભાત;
મીસરી જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડનાં બીબાં ભરે. ૩૧
સસ્સા સઘળે સુંદર શ્યામ, હરિ વિના નહીં ઠાલો ઠામ,
અનેક રુપે એનાં નામ, આદિ અંતે એક જ રામ;
જો સમજે તો પૂરણકામ, સસ્સા સઘળે સુંદર શ્યામ. ૩૨
હહહા હરિ ભાળો ભરપૂર, દોષ કર્મ તો રહેશે દૂર,
રવિને રજની નહીં કા'કાળ, તેમ આતમા પૂરણ ભાળ;
નિર્મળ નયણે રાખો નૂર, હહહા હરિ ભાળો ભરપૂર. ૩૩
સૌ અક્ષર સંપૂર્ણ થયા, હરિગુરુ સંતે કીધી દયા,
અક્ષરે અક્ષરે આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ;
સંવત અઢાર બત્રીસની સાલ, ચૈતર સુદ સાતમ સોમવાર.
સંદેસર સાધુનું ગામ, ઠાકોર કુંજ વિહારી નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરિગુરુ સંતે કીધી દયા. ૩૪

### (૨) રાગ-ઠૂમરી. શ્રી પ્રાગજી મહારાજ.

દરદ મીંટાવ્યા મેરા દીલકા, મોઈ ઔષધ અમૃત પાયા રે. દરદ.ટેક.
વિદ મીલ્યા વ્રજરાજ વીહારી, નાડી દેખ ન આયા;
જ્ઞાન ધ્યાનકી ગોળી રે દીની, રંચ ન રોગ રહાયા રે. દરદ. ૧
ગયા રોગ મન ભયા નિરોગી, દીન ગીરધર દર્શાવ્યા;
પુરુષોત્તમ પરીબ્રહ્મ પૂરાતન, ભાવે સહીત મુને ભાવ્યા રે. દરદ. ૨
મીટ્યા વિષયકા રાગ મનોરથ, મૂળ મરમ સમજાવ્યા;
જન્મ મરણકા ઝગડા રે ચૂક્યા, અંતર અલખ લીખાવ્યા રે. દરદ. ૩
યોગ ભક્તિ વૈરાગ્ય ધ્યાનકા, ચૂરણ ચારુ બનાવ્યા;
દેવાનંદ કહે દયા કરી હરિ. ચરી હરિ આપ બતાવ્યા રે. દરદ. ૪

### ભજન (૩)

સદ્‌ગુરુ બાંણ ઘાયલ કયું જીવે જેને લાગ્યાં. ટેક.
રામ ભજનમાં રહે ભરપૂરા;
હાં રે જેની દેહદશા રે ઓલાણ-મરજીવા જીવે-જેને. ૧
જ્ઞાન ગરીબી સદા ગુલતાના;
હાં રે જેની હરદમ તાળી હંમેશ-અમીરસ ઓ પીવે-જેને. ૨
પ્રેમ સહિત પીયા સંગ રહેવે;
હાં રે જેની સહેજે અનુપમ સામ-પ્રેમપદ સો પાવે-જેને. ૩
ત્રિગુણાતિત મોટો બતલાયા;
પાયા ગગન મંડળકા ભેદ, ઓર તું કયું બી'વે-જેને. ૪
અંતર એક નિરંતર પેખે;
ગાય પ્રેમાનંદ નીરવાણ-અજવાળે એ દેખે-જેને. ૫

### શ્રી. ભાઈશંકરભાઈ - વીણા. ભજન (૪) મલાર.

હાં રે મારા વાલાજી શું વહાલપ દીસે રે;
તેનો સંગ શિદ તજીએ, તે વિના કોને ભજીએ. ટેક.
સનમુખ થાતાં રે શંકા ન કીજે, જો ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો સંગ. ૧
શૂળી રે ઉપર શયન કરાવે, તોય સાધુની સંગે રહીએ રે;

દૂરિજન લોક દૂર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો. ૩
અમૃતથી અતિ મીઠાં રે મુખથી, હરિનાં ચરિત્ર સૂણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો. ૪
નર્કકૂંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો. ૫

## પદ - ૨

હાં રે મારા હરિજીશું હેત ન દીસે રે;
તેને ઘેર શીદ જઈએ, તેને સંગે શીદ રહીએ. ટેક.
હેત વિના હુંકારો ન લેવો, જેનું હરખેશું હૈડું ન દીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યોમાં પ્રેમ ન દીસે રે. તેને. ૧
ભક્તિ ભાવનો ભેદ ન જાંણે, ભૂરાયો થઈ ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને. ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ઉંડું ને ઉંડું શોધે રે;
જાનવી તીરે તરંગ તજીને, પછી પટમાં જઈને કૂપ ખોદે રે. તેને. ૩
પોતાના સરખી કરી જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતિયાં કહે છે માયા રે. તેને. ૪

## શ્રી ભાઈશંકરભાઈ-વીણા. ભજન (૫)

ઓ તારા લટકાને ને ઓ તારા મુખડાને,
ઓ મારા સાહેબને ને ઓ મારા પરભુને;
રખનવાળો રામ ધણી છે, તેને મારી ન શકે કોઈ. ઓ. ટેક.
પરખેતરમાં પંખી વીયાણાં, અલ્યા એંડાં તે મેલ્યાં ચાર. ઓ. ૧
ઓ તારી ગોપીયોને ને ઓ તારી ટોપીયોને.
કૌરવ પાંડવનાં જુદ્ધ રે ચાલ્યા; આવ્યાં છે ચોટા ચોટ. ઓ. ૨
હાથી રે કેરો ઘંટ જ તુટ્યો, એંડાં ઢાંક્યાં ચાર. ઓ તારા. ૩
હોલો ને હોલી રામ ભજે છે, હોતાં કહરીનાં દાસ. ઓ તારા. ૪
તળે આવીને એક પારધી ઉભો, ઉપર શકરો બાજ. ઓ તારા. ૫
પારધીએ ભાઈ બાણ ચડાવ્યું, ઉપર શકરો બાજ. ઓ તારા. ૬
પારધી કેરો બાણ જ છૂટ્યો, વેંધ્યો શકરો બાજ. ઓ તારા. ૭
પોલમાંથી ભાઈ સર્પજ નીકળ્યો, ડસીઓ પારધી પાય. ઓ તારા. ૮

કાચબો ને કાચબી રહેતાં સાગરમા, હોતાં હરીનાં દાસ. ઓ તારા. ૯
હાં રે અલ્યા ઓર્યાં છે આંધણ માંય. ઓ તારા.
દાઝતી હું તો બેસ મારી પીઠ પર, તને મારી નશકે કોય.ઓ તારા. ૧૦
આ રે જનમની કાચબી કૂડી, રામૈયાની રીત છે રુડી;
હાં રે તને મારી ન શકે કોય. ઓ તારા. ૧૧
હાં રે છોગાળા વાત છે છેલ્લી, થાજો તમે બળતાના બેલી,
આટલી વાર જો અમે ઉગરિયે, પાણી થકી તો પાવ ના ધરીયે;
ધા'જો હળધર વીર. ઓ તારા લટકાને. ૧૨
ઓત્તર દખ્ખણની વાદળી રે ચાલી, વરસ્યો મુશળધાર. ઓ તારા. ૧૩

**ભજન (૬) શ્રી ભાઈશંકરભાઈ-વીણા.**

આવો તો રુડો અવસર રે, ઓળખવા એક હરિ;
મોઘોં તો મનુષા તન રે, ના'વે તારે ફરી. આવો. ટેક.
તન ધન જોબન પતંગી વણસે રે વારંવાર,
તે સારું શું જતન કરે છે, અલ્યા-સ્વપ્નું રે આ સંસાર;
મેલી તો એને મરવું રે, ડરવું દીલ દોષ ધરી. આવો. ૧
વાસ કરે નિજ વૈષ્ણવ જનમાં, મનમાં ન માને વાત,
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જનમ દુઃખ જાય;
ભક્તિ તો કરજો ભાવે રે, ધરમની તો ટેક ધરી. આવો. ૨
માયાની મોટપ મીથ્યા, નથી રે ઘડીનો નિરધાર,
દેવાનંદ કહે ભજ દુઃખ ભંજન, કરૂણાનીધિ કિરતાર;
કઠણ વેળામાં રે, રહેશે તારાં કારજ સરી. આવો. ૩

**પદ - ૨**

કાયા માયા કૂડી રે, રાખી તારી રહેશે નહીં;
જોને તું વિચારી રે, ઘેલા કેમ અક્કલ ગઈ. કાયા. ટેક.
નંદ રાજાને ઘેર અણગણ નાણું, ભરી રે સંચ્યા ભંડાર,
કોડી રે અંતે કામ ન આવી, જાતાં ન લાગી રે વાર;
ના ખાધા ના ખરચી રે, વેઠે મૂવો ભાર વહી. કાયા. ૧
રાવણ રિધ્ધિ સિધ્ધિ પૂરણ પામ્યા, ઈન્દ્રિ અધિક અભિમાન,
અજ્ઞાને અવરાણું અંતર, ભૂલી ગયા રે મૃત્યુ ભાન;

વાદળની છાયા રે, જોતાં જોતાં છેટે ગઈ. કાયા. ૨
ભજ ભગવાન માન તન મેલી, બેલી કર બળવીર,
લાલચ રાખો લક્ષ્મી વરની, ધારજો મનમાં ધીર;
અધમ ઓધ્ધારણ રે, અભે પદ આપે સહી. કાયા. ૩

પદ - ૩

કાળ તારી કેડે રે, આયુષ્યને ઓછી કરે;
મમતામાં મૂરખ રે, ખૂંત્યો તોયે ખબર નથી. કાળ. ટેક.
બાળપણું જોબન ગયું જોતાં, ઘરડો થયો તું ગમાર,
આજ કાલ કરતાં આવ્યો વાયદો, માથે છે જમના માર;વાર
નથી ઝાઝી રે, દીલમાં તું હજી ન ડરે. કાળ. ૧
ચાર જુગની એક ચોકડી, અલ્યાં ઈકોતેર અલપાય,
ઈન્દ્ર પડે અધિકારી થી ત્યારે, તું કોણ માત્ર કહેવાય;
ચોરાશીનું લગડું રે, માગી શીદ માથે ધરે. કાળ. ૨
લવ નિમેષ ઘડી મહુરત માથે, અલ્યા પહોર દિવસ પરમાણ;
બાર માસે કરી વર્ષ કહાવે, સૈકે તો જુગ રે જાય;
માથે તો તારે મોટું રે, ફરતું એવું ચક્ર ફરે. કાળ. ૩
કહ્યું કર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમૂલ્ય,
દેવાનંદ કહે દેખ વિચારી, અંતકરણ અકળ;
ભજ્યા તો વિના ભૂધર રે, જીવ તો બહુ જનમ ધરે. કાળ. ૪

પદ - ૪

પ્રભુ ભજી લ્યો પ્રણી રે, કીધી તો નર દેહ દયા;
હરિ હિતકારી રે, તારે સારું પ્રગટ થયા. પ્રભુ. ટેક
કલ્પતરુ કરુણાનિધિ કેશવ, મન વાંછિત ફળ દેત,
એ મૂરતી અંતરમાં ધારતાં, લાભ અલૌકિક લેત;
અગણિત આગે રે, જોને જગ જીતી ગયા. પ્રભુ. ૧
ભક્તાધિન નિગમ નેતી ગાવત, આવત અવની માંય,
પ્રગટસ્વરુપ ઓળખજે એવું, જે કરવું રહે નહી કાંય,જાણ્યા
તો વિના જગમાં રે, વહેતે પૂરે જાશો વહ્યા. પ્રભુ. ૨
સોમ સુભાવ પરમ સુખ સંપત્તિ, એહી પામ્યાનો ઉપાય,

અકળ સ્વરુપ ઓળખજે એવું જે, દુર્લભ દેવ ગવાય;
એવું તો તન આવ્યું રે, લેજો વ્રજરાજ વરી. પ્રભુ. ૩
નાંખ્ય ખજાને નિરભે નાણું, અલ્યા કર્ય ગોવિંદ ગુણગાન,
દેવાનંદ કહે દોષ નિવારણ, ભવ તારણ ભગવાન;
કરુણાના સાગર રે, વાલાજીને વેદે કહ્યા. પ્રભુ. ૪

### ભજન (૭) શ્રી પુરુષોત્તમ વીણાવાળા

મારે મંદિરિયે પધારો, મનના મોહનજી રે;
મારે દુ:ખનો આવે આરો, મનના મોહનજી રે. ૧
હું તો મોતીડે વધાવું, મનના આંગણિયે ફૂલડાં વેરાવું. મનના. ૨
હું તો હાથીડા બંધાવું, મનના સોના પાલખીઓ મંગાવું. મનના. ૩
હું તો હીંડોળે હીંચાવું, મનના સોના સાંકળીએ ઝુલાવું. મનના. ૪
મારે એક તમારી આશ, મનના હરિજનની પૂરજો આશ. મનના. ૫
હું તો વિમાને ઉડાડું, મનના રસબસ થઈ રંગે રમાડું. મનના. ૬
સોના સેજલડી બિછાવું, મનના પછી સિંહાસને પધરાવું. મનના. ૭
રુમઝુમ રુમઝુમ રાસ રચાવું, મનના હું તો વાજીંત્રો વગડાવું. મનના. ૮
હું તો આરતીઓ ઉતારું, મનના સોના મહોરે સગ ભરાવું. મનના. ૯
મોઘું મળવું છે તમારું, મનના મારું સર્વે છે તમારું. ૧૦

### ભજન (૮) શ્રી સાધીવાળાં ગંગાબા

તારા બા'નાની બલિહારી રે, લાલજી લટકળા;
તારી લાવણમાં લોભાણી રે, લાલજી લટકાળા. ૧
તારાં નેણાં ઉપર વારી રે, લાલજી. ૨
તારી મોરલિયે મન મોહ્યું રે, લાલજી;
મેં તો જોબન તમારું જોયું રે, લાલજી. ૩
તમે લટકે ગોવર્ધન તોળ્યો રે, લાલજી;
તમે લટકે કંસરાય રોળ્યો રે, લાલજી. ૪
તમે લટકે રમાડ્યાં રાસ રે, લાલજી;
ગુણ ગાય છે રણછોડદાસ રે, લાલજી. ૫

### પદ-૨

તારા મુખની મધુરશા મીઠી રે, કાનવર કાજગરા;
તારા દીલની દુલારી મેં તો દીઠી રે. કાનવર. ૧
તમે વાસુદેવ દેવકીના જાયા રે, કાનવર;
તમે નંદ જશોદા ઘેર આવ્યા રે. કાન. ૨
તમે મળતાં માશી મારી રે, કાન;
તારી પ્રીતે પિયારણ આંણી રે. કાન. ૩
તમે દાંણી થઈને દાંણ લીધાં રે, કાન;
મારી દહીની મટુકી લીધી રે. કાન. ૪
જઈ ગોવાળિયાંમાં પીધી રે, કાન;
વળી ભલા કીધા બ્રહ્મચારી રે. કાન. ૫
મેં તો જુક્તિ તમારી જાંણી રે, કાન;
તમે કદમ ચઢ્યા ચીર ચોર રે, કાન;
તે દહાડાની હારી ને દોરી રે, કાનવર કાજગરા. ૬

### પદ - ૩

તારું મુખ જોઈ મોહની લાગી, મનોહર મનગમતા;
હું તો બીહું છું લોકડાં ભાગી, મનોહર મનગમતા. ૧
મારી નણદલ હેરણાં હેરે, મનોહર;મને ઘરને બારણે ઘે'રે. મનો. ૨
શા બહાને કરીને બોલાવું મનો;મારી મનોહર મોહની લેજો.મ. ૩
ઘેર આવીને દર્શન દેજો, મનોહર મનગમતા. ૪
વશીકરણ વ્રજમાં નારી રે, વાલમો વશ કીધા;
જયાં તેડ્યાં ત્યાં આશભરી આવ્યાં, રે વાલમો વશ કીધા. ૫
રહે રુદે તમારૂં રૂપરે, વાલમો;પુરુષોત્તમ સુંદર સ્વરુપ રે. વા. ૬

### ભજન (૯) (શ્રી. ઈચ્છાબા-જંબુસરવાળાં)

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધાં રે;
મારી ગઈ છે શુદ્ધ ને શાન, કાંમણ કીધાં રે.ટેક
સાંભળતામાં શુદ્ધ બુધ ભૂલી, તન મન વ્યાકુળ થાય. મન;
પુત્ર પતિ પરિવાર સહુ કોઈ, મંદિર ખાવા ધા'ય. મન. ૧
એક એકથી ઉતાવળી, કાંઈ નીસરી આવી દેખાદેખ. કાંમણ;

આંખ્ય આંજી ટીલડી ચોડી, ઘમકે ઘુઘરા બાંધ્યા. મન. ૨
આવળાં આભુષણ પેરીયાં, કાંઈ નેપુર ધરીયાં કાંન મન;
આંખે સીંદુર સારીયાં રે, કાંઈ સે'થે કાજળ સાર. કાંમણ. ૩
સનમુખ આવી ઉભાં રહ્યાં, કાંઈ નયણે નિરખ્યા નાથ. મન;
નરસૈના સ્વામીને સંગે, પ્રેમે ભીડી છે બાથ. મન. ૪

## પદ - ૨

ત્યારે બોલ્યા હળધર વીર, અહીં શીદ આવી રે;
તને કોણે દીધો' તો સાદ, બુદ્ધિ ગુમાવી રે. ટેક.
માત પિતાનું કહ્યું ન માન્યું, તે ના કર્યો ઘરસંસાર. અહીં;
ખોયું પતિવૃત્તાપણું, કાંઈ તું તો તજી ભરથાર. અહીં. ૧
આ વેળાએ અડધી રાતે, કહોને શું છે કાજ. અહીં;
નિર્લજ થઈને નિસર્યો, તમેં ખોઈ કૂળ મરજાદ. અહીં. ૨
હું જાંણું છું વન જવાને, આવ્યાં સહુ નિરધાર. અહીં;
બંસી રે બટની કુસુમ કળી પર, ભ્રમર કરે ગુંજાર. અહીં. ૩
વેદ તણી મરજાદા લોપી, ના ગણ્યો સહુ સંસાર. અહીં;
નરસૈંના સ્વામીનાં વચન સુણીને, ગોપી થયાં નિરાશ. અહીં. ૪

## પદ - ૩

ત્યારે બોલ્યાં ગોપી જન, હવે ક્યાં જઈએ રે;
તમે પૂરો અમારી આશ, એમ ન કરીએ રે. ટેક.
માત પિતાનું કહ્યું ન માન્યું, ના ગણ્યો ઘર ભરથાર. એમ;
તમ વિના અમને કોઈ ના ગમે, સૂનો લાગે સંસાર. હવે. ૧
રમણ કરવા તમારી સાથે, રુડું વૃંદાવન. એમ ન;
ના કહેશો તો નિશ્ચય પડશે, તમ આગળ આ તન હવે ક્યાં. ૨
આશા ભર્યાં અમે આવીયાં રે, રમવાને તમ સાથ. હવે;
તેડી ને તરછોડીયાં રે, એ તમને ન ઘટે નાથ. હવે. ૩
અંતર પ્રીત જોઈ અલબેલે, હસીને ભીડી બાથ. હવે;
નરસૈંના સ્વામીએ રાસ માંડ્યો, શરદ પૂનમની રાત. હવે. ૪

## ભજન (૧૦) શ્રી હરખાબા-ધરમપુરા

મારા ઘર પછવાડે કારેલી, એ તો પુરુષોત્તમની પાળેલી,
એના ઘરમાં આંણ્યાં કોડિયા, તારી વાતો કરે પેલાં લોકડિયાં;
ઓ પુરુષોત્તમ, આ શો રંગડો જામ્યો રે વીણા ગામમાં. ૧
મારા ઘર પછવાડે કારેલી, એ તો મુની મહારાજની પાળેલી;
ખેતરમાં રોપ્યા આંબા, તારી વાતો કરે પેલા સુબા. ઓ. ૨
મારા ઘર પછવાડે કારેલી, એ તો કુબેર મહારાજની પાળેલી;
એ તો ઘરના છે બહુ સુખી, તારી વાતો કરે મોતી મુખી. ઓ. ૩
મારા ઘર પછવાડે કારેલી, એ તો નરસિંહકાકાની પાળેલી;
એનાં ઘરમાં આંણ્યો ખોળ, તારી વાતો કરે મોટો ગોળ. ઓ. ૪
મારા ઘર પછવાડે કારેલી, એ તો ગંગાબાની પાળેલી;
એના ઘરમાં આંણીટોપી, તારી વાતો કરે પેલી ગોપી. ઓ. ૫
મારા ઘર પછવાડે કારેલી, એ તો ગોવિંદ માસ્તરની પાળેલી;
એના ઘરમાં આંણ્યાં તુરિયાં, તારી વાતો કરે પેલાં કુરકુરિયાં. ઓ. ૬
મારા ઘર પછવાડે, એ તો દિવાળીબાની પાળેલી;
એના ઘરમાં આંણી દૂધી, તારી વાતો થાયે છેડા સુધી. ઓ. ૭
મારા ઘરમાં પછવાડે કારેલી, એ તો ગણપતરામની પાળેલી;
એના ઘરમાં આંણ્યાં કોકરડાં, તારી વાતો કરે પેલાં છોકરડાં. ઓ. ૮
મારા ઘર પછવાડે કારેલી, એ તો હરખાબાની પાળેલી;
એના ઘરમાં આંણી ગોળી, તારી વાતો કરે પેલી ટોળી. ઓ. ૯
મારા ઘર પછવાડે કારેલી, એ તો બાપઈબાની પાળેલી;
એના ઘરમાં આંણ્યાં દાતરડાં, તારી વાતો કરેપેલાં ભરવાડાં. ઓ. ૧૦
મારા ઘર પછવાડે કારેલી, એ તો ઈચ્છા માસ્તરની પાળેલી;
એના ઘરમાં આંણી થાળી, તારી વાતો કરે પેલા માળી. ઓ. ૧૧
મારા ઘર પછવાડે કારેલી, એ તો હરિજનોની પાળેલી;
એના ઘરમાં આંણ્યા લોટા, તારી વાતો કરે મોટા મોટા. ઓ. ૧૨

## ભજન (૧૧) શ્રી પુરુષોત્તમ વીણાવાળા.

આજ મારે આનંદની હેલી રે, આજ મારે દિવાળી આવી રે;
પ્રભુ આવ્યા સંત લાવ્યા, અમીના વાયરા વાયા. આજ. ટેક.

અક્ષરધામના ધાંમી મારે આવિયા;
ભલે આવ્યા મન ભાવ્યા, ત્રિવિધિના તાપ ટાળ્યા. આજ.૧
પ્રભુ આવ્યા પુરુષોત્તમને આંગણે,
અષ્ટ સિદ્ધિ નવ નિધિ, પ્રભુ આવ્યા કરી પ્રીતિ. આજ.૨
સર્વે સખીઓ સોના ફૂલે છાબ ભરો;
છાબ ભરો દુઃખ હરો, પ્રેમથી વંદન કરો. આજ.૩
પ્રેમી જનો લઈ લ્યોને રુડો લ્હાવો;
અવસર નહીં આવે આ'વો, મોંઘે મોતીડે વધાવો. આજ.૪
તે તો આવ્યા મંદિર મારે રુમઝુમ કરતા;
તેજના અંબાર ભર્યા, અલૌકિક નાદ કર્યા. આજ.૫
રો'મે રો'મે આનંદની શે'રો છૂટી;
ચોરાશીની બેડી તૂટી, પ્રભુ મૂરતી હ્દે ખૂંતી. આજ.૬
આજ મેં તો અમીનો ઘૂંટડો પીધો;
મુને મારગ જડ્યો સીધો, જનમ સફળ કીધો. આજ.૭
સર્વે હરિજન કહે શીષ નામી;
કોઈ વાતે નવ રહી ખામી, પૂર્ણ પુરુષોત્તમ પામી. આજ.૮

## ભજન (૧૨) શ્રી પુરુષોત્તમ સ્વામી. બોચાસણ.

મુને પ્રગટ મળ્યા પુરુષોત્તમ આજ, આનંદ અંતર છાઈ રહ્યો,
મારાં સર્વે જનમનાં સરીયાં કાજ. આનંદ. ટેક.
મેં માયાને કાઢી બા'રી, પ્રભુ અખંડ અંતરમાં ધરી;
મારી રક્ષા કરશે વ્હાલો નાથ. આનંદ. ૧
મારા કામ ક્રોધ મદ લોભ ગયા, મારા જનમોજનમના ફેરા ફળ્યા;
મારું અંતર શુદ્ધ થયું છે આજ. આનંદ. ૨
હવે જગત બિચારું શું કરશે, મારું દર્શન કરશે તે તરશે;
આ દેહ ધર્યો પુરુષોત્તમ કાજ. આનંદ. ૩
હું લોક નિંદાથી નવ ડરું, હું આનંદમાં અલમસ્ત ફરું;
પ્રભુ પ્રગટનો કેફ રાખી આજ. આનંદ. ૪
હું નટવર કાંઈ નવ કરી શકું, નથી ભક્તિ થાતી કહું છું ખરું;
તમ કૃપાથી મારે આનંદ આજ. આનંદ. ૫

## ભજન (૧૩) શ્રી પુરુષોત્તમ વીણાવાળા.

મારી વેણીનાં બાર બાર ફૂલ, અંબોડલે શોભે સખી. ટેક.
પહેલું તે ફુલ મહાપ્રભુનું શોભતું,
બીજું તે ફુલ ગોવિંદ માસ્તરનું ઓપતું;
તેણે ઉજાળ્યા અવતાર. અંબોડલે...મારી.૧
ત્રીજું તે ફુલ કુબેર ભગવાનનું મહેંકતું,
મહાપ્રભુનું જ્ઞાન હૈયામાં ગૂંજતું,
ચાકરના ઠાકર ગણાય. અંબોડલે...મારી.૧
ચોથું તુ ફુલ ધર્મપિતાનું શોભતું,
નૈષ્ટિક બ્રહ્મચર્યવૃત્ત ચિત્તડાને લોભતું;
જેની સુવાસો અપાર. અંબોડલે...મારી.૨
પાંચમું તે ફૂલ મુની નારણનું શોભતું;
મોજડી દેખીને મન માયામાં લોભતું;
જેના તપની નથી રે સીમાય. અંબોડલે...મારી.૩
છઠ્ઠું તે ફૂલ ભગત દેવજીનું શોભતું,
આખું કાનમ જેણે કર્યું છે ગાજતું;
હાથીનું બચ્ચું ગણાય. અંબોડલે...મારી.૪
સાતમું તે ફુલ વીણા ગંગાનું શોભતું,
ગોપી મંડળ નિત્ય હેતે અજવાળતું;
નંબર પહેલો એ ગણાય. અંબોડલે...મારી.૫
આઠમું તે ફુલ ઈચ્છા માસ્તરનું શોભતું,
પરણત ઉકેલી જીવન સંગ્રામ ખેલતું;
માથા સાટેનો એ માલ. અંબોડેલે...મારી.૬
નવમું તે ફુલ બાઈ હરખાનું શોભતું,
દસ અગિયાર મોંઘો-બાઈબાને ઓપતું;
ધ્વાદશ દિવાળી ગણાય. અંબોડલે...મારા.૭

## ભજન (૧૪) શ્રી કાન્તિલાલ બ્રહ્મભટ્ટ. નડિયાદ.

એકડે એક, પાળો પુરુષોત્તમનો ટેક;
હરિજનો અમૂલ્ય લ્હાવો લઈ લ્યો. ૧
બગડે બે, બોલો પુરુષોત્તમની જે. હરિજનો. ૨
તગડે તઈણ, દરશન કરીએ અંતર માંહીં. હરિજનો. ૩
ચોગડે ચાર, ઉંડો કરોને વિચાર. હરિજનો. ૪
પાંચડે પાંચ, હરિજનને ના'વે આંચ. હરિજનો. ૫
છગડે છો, દુરિજનીયાં રાખે ભો. હરિજનો. ૬
સાતડે સાત, મારો ઉંઘ આળસને લાત. હરિજનો. ૭
આઠડે આઠ, ભણો પુરુષોત્તમના પાઠ. હરિજનો. ૮
નવડે નઉ, કોટી વંદન કરીએ સહું. હરિજનો. ૯
એકડે મીંડે દસ, આનંદ આપો એટલે બસ. હરિજનો. ૧૦
બેઉ એકડે અગિયાર,ભક્તિથી તરીએ ભવપાર. હરિજનો. ૧૧
એકડે બગડે બાર, મળ્યો મનુષ્યનો અવતાર. હરિજનો. ૧૨
એકડે તગડે તેર, મોહ માયા શું કરે વેર. હરિજનો. ૧૩
એકડે ચોગડે ચૌદ, પ્રગટનો જોગ મળ્યો છે બહુ જ. હરિજનો. ૧૪
એકડે પાંચડે પંદર, ચીત્ત ચોંટ્યું એની અંદર. હરિજનો. ૧૫
એકડે છગડે સોળ, કામ ક્રોધાદિકને મેલ. હરિજનો. ૧૬
એકડે સાતડે સત્તર, પુરુષોત્તમ છે આપણું છત્તર. હરિજનો. ૧૭
એકડે આઠડે અઢાર, માયા નાઠી પાડી રા'ડ. હરિજનો. ૧૮
એકડે નવડે ઓગણી, હું તો પુરુષોત્તમ વર પરણી. હરિજનો.૧૯
બગડે મીંડે વીસ, માયા નાઠી પાડી ચીસ. હરિજનો. ૨૦

## ભજન (૧૫) શ્રી. કાન્તિલાલ ભાવસાર. અમદાવાદ

પાતળીયા લાલ, પ્રેમ ધરીને આવો મારે આંગણે;
અલબેલાજી (૨) હેતે પ્રીતે રમીએ જમીએ આપણે. ટેક.
અલબેલા આવો એકાંતે, નિઃષંક થઈને નિરાંતે;
ખૂબી કરવા આવો ખાંતે. પાતળીયાલાલ. ૧
વાતોથી હેત વધારીને, ફુલડેથી સે'જ સમારીને;
રહુ હાજર તન મન વારીને. પાતળીયાલાલ. ૨

રસીયાજી રુદીયા પર રાખું, કદી કઠણ વચન કહીં નવ દાખું;
વીજણલો લઈને વા નાંખું, પાતળીયાલાલ. ૩
ત્રિકમજી આંખ્યોના તારા, મન ગમતા મોહન મરમાળા;
નારાયણદાસ તણા પ્યારા પાતળીયાલાલ. ૪

**ભજન (૧૬) શ્રી પુરુષોત્તમ વીણાવાળા.**

હળવે હળવે હળવે પુરુષોત્તમ, મારે મંદિરીયે આવ્યાં રે;
મોંઘે મોંઘે મોંઘે મેં તો, મોતીડે વધાવ્યાં રે. ટેક.
ભૂલી ભૂલી ભૂલી હું તો, ઘરનો ધંધો ભૂલી રે;
ફૂલી ફૂલી ફૂલી હું તો, હરિમુખ જોઈને ફૂલી રે. ૧
કીધું કીધું કીધું મજને, કામણ કાંઈક કીધું રે;
લીધું લીધું લીધું મારું. ચીત્તડું ચોરી લીધું રે. ૨
મીઠું મીઠું મીઠું મોહન, મુખડું તારું મીઠું રે;
દીઠું દીઠું દીઠું સુખ, અક્ષરનું સર્વે દીઠું રે. ૩
ત્યાગી ત્યાગી ત્યાગી મેં તો, શંકા સર્વે ત્યાગી રે;
ભાગી ભાગી ભાગી મારી, ભવની ભ્રમણા ભાગી રે. ૪
જાગી જાગી જાગી હું તો, મોહ નિંદ્રાથી જાગી રે;
લાગી લાગી લાગી લગની, તારી સાથે લાગી રે. ૫
ટાળી ટાળી ટાળી મારી, લખ ચોરાશી ટાળી રે;
ભાળી ભાળી ભાળી મોહન, મુખડું તારું ભાળી રે. ૬
કાશી કાશી કાશી ના ગઈ, ગંગા ને વળી કાશી રે,
દાસી દાસી દાસી હું, વણમૂલી થઈ છું દાસી રે. ૭
પરણી પરણી પરણી હું તો, પુરુષોત્તમ વર પરણી રે;
કરણી કરણી કરણી મારી, પૂરવ જનમની કરણી રે. ૮
ફળીયાં ફળીયાં ફળીયાં, સર્વે તીરથ મારે ફળીયાં રે;
બળીયાં બળીયાં બળીયાં, સદ-ગુરુનાં શરણ બળીયાં રે. ૯
મળીયા મળીયા મળીયા મુને, પુરુષોત્તમ સ્વામી મળીયા રે;
ટળીયા ટળીયા ટળીયા સર્વે, અવગુણ મારા ટળીયા રે. ૧૦

### ભજન (૧૭) શ્રી પુરુષોત્તમ વીણાવાળા. બેડલી

મારા સમર્યા પહેલા રે વહેલા આવજો,
મારી બેડલીને બૂડતાથી તારજો, રે હો જી હો રામજી. ટેક.
ગુરુના ચરણનો પ્રતાપ, જપી લે અજંપાના જાપ,
ટળશે ત્રીવિધિના તાપ, રે હો જી હો રામજી;
હાં રે ધન્ય રે બલિહારી, ગુરુ જેણે સેવીઆ. રે હો જી હો . ૧
ગુરુ મારો સુણીને પોકાર, મારી વે'લી કરજો વહાર,
તમે મારા તરણ તારણહાર, રે હો જી હો રામજી;
આ ભવથી બેડલી મારી તારજો. રે હો જી હો... ૨
ગુરુજી મારા ગુણનું છે ધામ, મળ્યું મુને અવિચળ ઠામ,
મટી ગયું ચોરાશીનું કામ, રે હો જી હો રામજી;
ભાઈ ફેરો રે ટાળ્યો રે ભવ ફંદનો, રે હો જી હો. ૩
હવે હું તો નહી ફરું ખાલી, ગુરુજીએ લીધો હાથ ઝાલી,
હું તો અમરાપુરમાં મહાલી, રે હો જી હો રામજી;
મારી સૂરત ઠરી રે નીજ ઠામમાં, રે હો જી હો... ૪

### ભજન (૧૮) શ્રી પાર્વતી બા. પાટણ.

રહી જાવો શ્યામ તમે આજની રાતલડી;
વિનવે આ ભોળી ગોવાલણી. રહી જાવ. ટેક.
કંકુ કેસરના સાથીયા પુરાવશું, ફુલડા વેરાવું વ્રજવાટડી. રહી. ૧
આશો પાલવના તોરણ બંધાવશું, ઉઘડશે હૈયાની હાટડી. રહી. ૨
સુના મંદિરીયામાં જ્યોતો જગાવશું,
મીઠી કરીશું વાલા વાતડી. રહી. ૩
બાઈ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી છાતલડી. રહી. ૪

### ભજન (૧૯) શ્રી પાર્વતી બા. પાટણ.

તમને કીયા સંતો એ તેડા મોકલ્યાં;
તમને કીયા મુક્તોએ દીધાં માન. પધારોને લાલજી. ૧
તમને બબુબા સંતો એ તેડા મોકલ્યાં;
તમને પરશન બા મુક્તોએ દીધાં માન. પધારોને લાલજી. ૨

તમને ઉતારા આપીશું ઓરડા, તમને આપીશું મેડીના મ્હોલ. પ..૩
તમને નાવણ આપીશું કુંડીઓ, તમને ઝીલણ જુમનાનાં નીર. પ..૪
તમને ભોજન આપીશું લાપસી, તમને ખોબલે પીરસીશું ખાંડ. પ..પ
તમને મુખવાસ આપીશું એલચી, તમને બીડલે બાસઠ પાન. પ..૬
તમને રમત આપીશું બાજીયો, તમને ખાંતે ખેલાવીશું નાથ. પ..૭
તમને પોઢણ આપીશું ઢોલીયા, તમને રમવા આપીશું ગોપીયો. પ..૮

## ભજન (૨૦) શ્રી પાર્વતી બા. પાટણ.

રીસાયાં રસીકે સંગાતે રે રાધા;
બોલું નહીં શ્યામ સુંદીર સાથે બાધા. રીસાયાં. ટેક.
વાલે રે મારે હસીને આપી'તી મને તાળી,
કહેતા હતા રાધા મને ઘણી વહાલી;
જોઈ રે વાલા ઠાલી ઠકરાઈ તામારી. રીસાયાં. ૧
સખી રે મેં તો મુગુટમાં જોયું ધારી,
દીઠી એક જોબન નૌતમ નારી;
એણે પહેરી મારા સરીખી રે સાડી. રીસાયાં. ૨
સખી રે હું તો જુમનાજી ગઈતી પાણી,
બેની એક વાત વાલાની મેં જાણી;
મને મેલી એને કરી પટરાણી. રીસાયાં. ૩
સખી રે મને ઘરમાં ન સૂઝે કાજ, દૂરીજન છોને કરતાં રે વાત;
વાલા રે મારા બળભદ્રજીના ભ્રાત. રીસાયાં. ૪
માનીતી કઠણ વચન કેમ બોલો;
અંતરની વાત કદાપી ન ખોલો. માનીતી. ટેક.
મંદિર હું તો કોઈ તણે નથી જાતો, દૂરીજન છોને કરતાં રે વાતો;
સાચું જુઠું કોઈ કહે તે દિલમાં ના લાવો. માનીતી. ૫
આજ પછી નામ ન લઈશ તું મારું,
એમાં કાંઈ માન ઘટે નહીં તારું;
સાંભળતાંમાં નેત્ર નીચાં હું તો ઢાળું. માનીતી. ૬

## ભજન (૨૧) શ્રી પાર્વતી બા-પાટણ

અલી ગાંડી ગોવાલણી દાણ દેને; હાંહાં રે રઝળતા દૂર રહેને.

અલી જૂઠી ગોવાલણી બોલ જોઈને,
હાં હાં રે કે આવજે મુખ ધોઈ ને. ૧
અલી જૂઠી ગોવાલણી દાંણ દેને,
હાં હાં રે કે આવજે મુખ ધોઈ ને. ૨
અલી ચપચપ કરતી ચૂપ રહેને, હાં હાં રે કહેવું હોય તે કહેને. ૩
અલી કહેવાનું છે પણ કાલ કહીશું, હાં હાં રે દાણ તો પહોર દઈશું. ૪
અલી ડાચુ તમાચા ત્રણ માંગે, હાં હાં રે કે બોલણે બાંણ વાગે. ૫
અલી વાગે તો જોવા ચાલ જઈએ, હાં હાં રે કે મેણલાં સીદ સહીએ. ૬
રંગભીના ઋષિરાજના રંગ રસિયા, હાં હાં રે વ્રજમાં સીદ વસીયા. ૭

## ભજન (૨૨) શ્રી શાન્તાબહેન પાટણ

હાંરે કાન ખેલે કાલીન્દ્રીને કાંઠડે, ગેડ લઈને ગોપાળ. (૨) ખેલે. ટેક.
રમતાં રમતાં તે દડો ઉછાળ્યો રે, પડ્યો જામનાંની માંય (૨);
કછોડો વાળીને કદમે ચઢ્યા, જળમાં કીધો જંપાપાત (૨) જો ખેલે. ૧
પળમાં પાતાળ જઈ પહોંચીયા રે, જ્યાં વસે છે કાળી નાગ જો. (૨)
ઠેલીં કમાડ ઉઘાડિયાં, હાંરે શોધ્યો પેસવાનો લાગ (૨) જો ખેલે. ૨
કાળીનાગ ત્યાં પોઢી રહ્યા રે, નાગણ લે છે સંભાળ (૨) જો;
દેખી હરિને લાગ્યાં પૂછવા, હાંરે અલ્યા કેનું છે બાળ (૨) જો ખેલે. ૩
એવાં માબાપ તારાં કોણ છે રે, મેલ્યો રઝળતો આજ (૨) જો;
શાને કારણ આંહીં આવીઓ, હાંરે તારે કોનું છે કામ (૨) જો ખેલે. ૪
નથી ઓળખતો મારા નાથને રે, એની અગ્નિ સરખી ઝાળ (૨) જો;
ફૂંકે ઉભા ફાટી જશો, અલ્યા ખૂટ્યો તારો કાળ (૨) જો. ખેલે. ૫
બણગાં ફૂંકી મા બિવરાવશો રે, તેથી હું નહી બ્હીનાર (૨) જો;
આયુષ્યનીદોરી મારા હાથમાં, અલીઓ ઘેલી નાર (૨) જો ખેલે. ૬
નંદબાવાનો હું છું બેટડો રે, મારૂં કાનકુંવર નામ (૨) જો;
જલદી જગાડ તારા નાગને, મારે એનું છે કામ (૨) જો. ખેલે. ૭
આળસ મરડીને બેઠો થયો રે, જાણે ઝરતા અંગાર (૨) જો;
મુખે ફૂંફાડા મારતો, હાં રે માથે ઉભા મોરાર (૨) જો. ખેલે. ૮
નાથ ઘાલી એના નાકમાં રે, પકડી ઝાલી એની બાંહ્ય (૨) જો;
લાગ્યા શ્રી નટવર નાચવા, એની મરડી નાંખી મૂછ (૨) જો. ખેલે. ૯

નાગણીઓ સહુ વિનવે રે, એમના જોડી બે હાથ (૨) જો;
દીન જાણીને દયા કરી, દીન બંધુ દીનાનાથ (૨) જો. ખેલે. ૧૦
વિનંતી વનિતાની સાંભળી રે, આપ્યું જીવત દાન (૨) જો;
ત્યાંથી નસાડી મૂક્યા નાગને, એવા શ્રી ભગવાન (૨) જો. ખેલે. ૧૧

**ભજન (૨૩) શ્રી બબુબા - પાટણ**

હરિજી મારે હૈયે રહેજો, પુરુષોત્તમ છો રુડા વાલા;
સાચું નાણું શામળિયાનું, સર્વે વાતે પુરા વાલા. ૧
પુરુષોત્તમ પોતે પ્રગટીયા, લીલાના વિસ્તાર વાલા;
વિજ્ઞાનના પ્રકાશમાંથી, બુદ્ધિ કીધી સારી વાલા. ૨
નારાયણ નામ છોડી દીધાં, મોટા છો મહારાજ વાલા;
રાંકને રડવડતાં મેલી, મૂળ અક્ષરને આપ્યું રાજ વાલા. ૩
ચારે ખાંણો છોડી દીધી, સંકટમાંથી કાઢ્યાં વાલા;
ભલે પધાર્યા ભાર ઉતાર્યા, આવી લીધો અવતાર વાલા. ૪
પાપી ઉપર પરસન થઈને, ટાળ્યો જમનો માર વાલા;
હરિયે જ્યારે કીરપા કીધી, સંતોનો સંગ આપ્યો વાલા. ૫
સંતો સાથે શામળિયાનો, અંતરમાં આનંદ વાલા;
છેલ્લો ફેર સૂફળ ફળીયો, કહે છે મુક્તાનંદ વાલા. ૬

**ભજન (૨૪) શ્રી શાન્તા પુંજાલાલ - અમદાવાદ**

એક વાર એક વાર પ્યારા પુરુષોત્તમ, મારે મંદિરીયે આવો રે;
અક્ષરધામના ધામી પુરુષોત્તમ, મારે મંદિરીયે આવો રે. ટેક.
સોનાના લોટા વાલા જળે ભરાવું, દાડમ દાતણ દઈશ. પુરુષોત્તમ. ૧
સોનાની કૂંડી વાલા જળે ભરાવું, ઉના તે નીરે નવરાવું. પુરુષોત્તમ. ૨
કસબી કિનારની વાલા ધોતી મંગાવું;ખભે નંખાવું ખેસ. પુરુષોત્તમ. ૩
ચંદન કેસરની વાલા આરચા કરાવું, આંખલડી અંજાવું. પુરુષોત્તમ. ૪
ફૂલ ગુલાબના વાલા હાર મંગાવું, પ્રેમ કરી પહેરાવું. પુરુષોત્તમ. ૫
અક્ષર ઓરડીએ વાલા પાટ બિછાવું, આનંદથી આરતી ઉતારૂં. ૬
સેવ સુંવાળી વાલા લાપસી બનાવું, ખોબલે પીરસું ખાંડ. ૭
લવિંગ સોપારી વાલા એલચી મંગાવું;
મુખવાસ પાનનાં બીડાં. પુરુષોત્તમ. ૮

સાવ સોનાનાં વાલા સોગટાં મંગાવું, ભક્તો રમતો રમાડે. પુરુષોત્તમ. ૯
સાવ સીસમનો વાલા ઢોલીયો ઢળાવું,
મશરુ તળાઈઓ બીછાવું. પુરુષોત્તમ. ૧૦
સંતમંડળ પ્રભુ સહુ કર જોડે, દરશન દેવાને આવો કોડે. પુરુષોત્તમ. ૧૧

**ભજન (૨૫) શ્રી ચંચળબહેન - પાટણ**

જ્ઞાન ખીચડી ચડે, ઓ સંતો ભાઈઓ, જ્ઞાન ખીચડી ચડે. ટેક.
તનની તપેલી ને પ્રેમનું પાણી, કાષ્ટ કાષ્ટ માંહીં બળે. ઓ સંતો. ૧
દયા રે કેરી દાળ જ ઓરી, ભ્રાંતિ ભાત માંહીં ભળે. ઓ સંતો. ૨
મન રે કેરું મીઠું રે નાંખ્યું, હરખ હરદળ ભળે. ઓ સંતો. ૩
અજ્ઞાન કેરો ઉભરો આવ્યો, ધરમ ઢાંકણ ધરે. ઓ સંતો. ૪
આ રે ખીચડીએ મારા હરિજન જમાડું, ભાગ્ય હોય તે મહીં ભળે. ૫
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરનાં ગુણ, ચરણ કમળ ચિત્ત ઠરે. ઓ.સંતો. ૬

**(૨૬) શ્રી મહાત્મા વિઠ્ઠલનગર. અમદાવાદ**

મીઠા વહાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલું તન;
તમથી બાંધેલું તન હો વાલા, તમથી બાંધેલું તન હો મીઠા. ટેક.
વાલો વસે એની વાટડી વહાલી, વાલાં લાગે વન હો. મીઠા. ૧
તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો. મીઠા. ૨
વાંઝીયાને જેમ પુત્ર જ વહાલો, નિરધનિયાને ધન હો. મીઠા. ૩
મીરાંને જેમ ગીરધર વહાલા, ચકોરને વહાલો ચંદહો. મીઠા. ૪
ગોપીયોને જેમ કૃષ્ણજી વહાલા, અમારે પુરુષોત્તમ હો. મીઠા. ૫

**ભજન (૨૭) શ્રી લલીતા બહેન - માણસા**

કઠણ ચોટ છે. કાળની રે, મરણ મોટેરું જાણ;
કંઈક રાજા ને કંઈક રાજવી, મેલી ચાલ્યા સંસાર;
હેતે હરી રસ પીજીએ. ૧
સંસાર ધૂમાડાના બાચકા રે, સાથે નહીં આવે કોઈ;
રંગ પતંગ ઉડી જશે, મહીં આકડા ને થોર. હેતે હરી. ૨
કોનાં છોરું ને કોનાં વાછરું, રે કોનાં માય ને બાપ;
અંતકાળે જાવું એકલાં, સાથે પૂન્ય ને પાપ. હેતે હરી. ૩
માળી વીણે રુડાં ફૂલડાં રે, કળીયો કરે છે વિચાર;

આજનો તે દિન રળિયામણો, કાલે આપણ શીરે ઘાત. હેતે. ૪
જાયા તે તો સરવે જશે રે, નથી કાયા રહેનારા;
મરનારને તમે શું રુવો, રોનાર નથી રહેનાર. હેતે હરી. ૫
દાસ ધીરો રમે રંગમાં રે, રમે દિવસ ને રાત;
હું મારું મિથ્યા કરો, રમો પ્રભુની સંગાત. હેતે હરી. ૬

**ભજન (૨૮) શ્રી સૂરજબા - બારેજા**

તમે રે ઉદ્ધવજી અમને જ્ઞાન બતાવ્યું,
વાહ રે વાહ જેવું, દાઝયા પર ડા'મ;
ઉદ્ધવ પાછો સંદેશો જઈને પ્રભુજીને કહેજો. ટેક.
અમે રે આહીરડાં તે ગળીએ શું જ્ઞાનમાં,
અધ્યાત્મ જોગ એ તો, કુબજાનું કામ. ઉદ્ધવ પાછો. ૧
અર્થ સાધીને ભલે સિદ્ધ હરિ થયા,
અમને સન્યાસી કરી, એ કરે રાજ. ઉદ્ધવ પાછો;
રોગ મટ્યો ને થયો વૈદ જ વેરી,
તાળું ખોલ્યું કે કારીગરનું શું કાજ. ઉદ્ધવ પાછો. ૨
કીયા રે અવતારે એણે કીધાં કૃતારથ,
છળબળમાં શોભા લેતાં, ફાવ્યો છે છેલ. ઉદ્ધવ પાછો;
વામન થઈને બાંધ્યો બળિરાય બાપડો,
પગલા પૃથ્વીને માટે, બહુ કીધાં ફેલ. ઉદ્ધવ પાછો. ૩
રામાવતારે સૂરપંખાને છેતરી,
કર ગ્રહવા આવી ત્યારે, કાપ્યા'તા કાન, ઉદ્ધવ પાછો;
સતી સીતાને રામે વનવાસ દીધો,
કોણ અક્કરમી ભલા, કહેશે ભગવાન ઉદ્ધવ પાછો. ૪
વૃંદા સતીને ઠગીને વિધવાપણ આપ્યું,
જડની જોડે જડ થઈને, પડિયા જદુનાથ. ઉદ્ધવ પાછો;
આવા આવા રે અવગુણ કેટલા ઉચ્ચારિયે,
અમે ચેત્યાં તે રહી ગયાં, એહેવાતન હાથ. ઉદ્ધવ પાછો. ૫
બીજી કહે છે કર્યામાં શું હતું બાકી,
સારૂં થયું કે શિઘ્ર, છુટી ગયો સંગ. ઉદ્ધવ પાછો;

ભોળાં ભરવાડાં અમને, ભોળવવા મોકલ્યા.
કાળી કાંબળને બીજો, ચઢશે નહીં રંગ. ઉદ્ધવ પાછો. ૬
અમે રે જોયો છે નટવર, છેલ છબીલો,
પ્રસુતિની પીડા વંધ્યા, કંઈ ના વિચારે. ઉદ્ધવ પાછો;
એ રસને તો જાણે, શુક દેવ સરખા,
કહે છે જગજીવન ઋષિરાજ આધારે. ઉદ્ધવ પાછો. ૭

પદ - ૨

તમે રે માન્યો છે આખા જગમાં હરિ એ,
અમે રે માન્યું છે આખું, જગત છે એમાં;
ઉદ્ધવ તમારે અમારે મળતો મેળ ન આવે. ટેક..
માટી ખાધી તો માયે, મુખડું તપાસ્યું,
જશોદાએ વિશ્વ બધું, જોયું છે એમાં ઉદ્ધવ તમારે. ૧
જાદુગરો તો જાણ્યો, ફૂલાવ્યો જ્યારથી,
પગને અંગુઠે કરી, ભાંગ્યું'તું ઝાડ. ઉદ્ધવ તમારે;
મહીની લાલચે એણે, પાળ્યાં'તાં માંકડાં,
કરતો કંઈ કામ ત્યારે, માગતો ભાડું. ઉદ્ધવ તમારે. ૨
પૂતનાના પ્રાણ શોધ્યા, પણ ના ધરાયો,
અમને ઉગાર્યા એ તો, એનો બહુ પા'ડ. ઉદ્ધવ તમારે;
ધાવંતાં તરછોડ્યો તો, ભાગી'તી ગોળી,
બાંધ્યા બે હાથ ત્યારે, પાડ્યાં બે ઝાડ. ઉદ્ધવ તમારે. ૩
માત ને તાતમાં એ, સર્વે સહોદર,
ભ્રાત ભરથાર ને એ, પુત્ર પણ આપ. ઉદ્ધવ તમારે;
અમને તજ્યાં રે એનો, કરિયે શું ઓરતો,
જીવતીનું જોર શું જ્યાં, બદલ્યાં મા બાપ. ઉદ્ધવ તમારે. ૪
કર્મે અમારે કુબજ્યા, કંકુ પગલી મળી,
વ્રજવનિતાનું તો એણે, વાળ્યું છે વેર. ઉદ્ધવ તમારે;
જશોદાએ જીવાડ્યા તો, સર્વે છે સારું,
દેવકી માતાને ભલે, થઈ લીલા લ્હેર. ઉદ્ધવ તમારે. ૫
તમે રે કહો છો કે કર્મો, વિષયથી વધશે,

અમારા કર્મોથી ક્યાં એ, રહેવાનો દૂર. ઉદ્ધવ તમારે;
ભોગવશું ફળ તો એને, ભેગો ગણીશું,
જ્ઞાનનું કામ શું જયાં, એ છે હજૂર. ઉદ્ધવ તમારે. ૬
ઉદ્ધવજી આવું સૂણીને, અચરજ પામ્યા,
દશમી ભક્તિનું બાઈઓ, ધ્યો મને દાન. ઉદ્ધવ તમારે;
કહે છે જગજીવન ઋષિરાજ કૃપાએ,
ઉપદેષ્ટા ઉધ્વજીનું, ગળી ગયું જ્ઞાન. ઉદ્ધવ તમારે. ૭

**ભજન (૨૯) ધોળ. શ્રી. પુંજાલાલ ભાવસાર.**

અક્ષર વાસી વાલો, આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામી, છતરાયા ચાલે રાજ. અક્ષરના. ટેક.
અવની પર આવી વાલે, સતસંગ સ્થાપ્યો;
મુમુક્ષુ જનને કોલ, કલ્યાણનો આપ્યો રાજ. અક્ષરના. ૧
બાઈયું ને દેખી ભાઈઓ, છતરાયા ચાલે;
પડી વસ્તુ રે કોઈની, હાથે ના ઝાલે રાજ. અક્ષરના. ૨
દેવોના દેવ વાલો, ધાંમના ધાંમી;
પ્રગટ પ્રભુનું નામ, પુરુષોત્તમ સ્વામી રાજ. અક્ષરના. ૩
પ્રેમા રે નંદનો વાલો, આનંદ કારી;
પોતાના જનની લાજો, પોતે વધારી રાજ. અક્ષરના. ૪

**(૩૦) શ્રી હરિદાસ મહારાજ-નરસંડાવાળાના શિષ્ય**
**શ્રી ભૂવાલવાડીવાળા છોટાભાઈ મહારાજ.**

અક્ષરના વાસી મારે મંદિરે પધાર્યા;
સૂરતાની શેરીઓ વળાવું-હો લાલ - અક્ષરના. ટેક.
ચીત્ત ચોકમાં મેં તો ચંદન લીંપાવ્યું;
તનનાં તે તોરણિયાં બંધાવ્યાં-હો લાલ-અક્ષરના. ૧
ધીરજના ઢોલિયા મારા હૈયામાં ઢાળ્યા;
પ્રેમનાં તે પાથરણાં પથરાવ્યાં-હો લાલ-અક્ષરના. ૨
ગુરુગમની ગાદી મારા ઘટમાં રે, ગોઠવી;
પ્રેમે પુરુષોત્તમ પધારાવ્યા-હો લાલ-અક્ષરના. ૩

દિલમાં રે દીવો મારા ગુરુજીએ પ્રગટ્યો;
તેનું તે તેજ કોટી લોકે-હો લાલ-અક્ષરના. ૪
સેવા ને સમરણ મારે, અખંડ સ્વામીનું;
અડસઠ તીરથ આંગણીએ આવ્યાં-હો લાલ-અક્ષરના. ૫
ગંગાને જાુમનાં મારે આંગણીઓ આવ્યાં;
સરસ્વતી મેળો ભરાયો. -હો લાલ-અક્ષરના. ૬
જ્યાં રે જોઈએ ત્યાં ત્યાં સનમુખ સ્વામી;
રહ્યા છે નેણાં પ્રકાશી. -હો લાલ-અક્ષરના. ૭
સતગુરુ મળિયા તેના સંતાપ ટળિયા;
દાસ હરિ ગુરુ સ્વામી મળિયા-હો લાલ-અક્ષરના. ૮

### પદ-૨

અનુભવ આવ્યો ને મારે થયું રે અજવાળું;
વસ્તુના દિલમાં દર્શાવી-મોટાના સંગ. અનુભવ. ટેક.
પ્રત્યક્ષ મળિયા મુને પુરુષોત્તમ સ્વામી;
જોઈને આનંદ હું તો પામી-મોટાના સંગ. અનુભવ. ૧
પતિવૃત્તાને પતિ સંગે રે પ્રીતી;
સંસાર ઝગડો હું તો જીતી-મોટાના સંગ. અનુભવ. ૨
ગણતરી બહાર મારા ઘરધણી ગાજે;
બીજાને એ વર ના છાંજે-મોટાના સંગ. અનુભવ. ૩
પીયુની સાથે મારે પ્રીત બંધાણી;
ઉરમાં અલખ લીધા જાણી-મોટાના સંગ. અનુભવ. ૪
અખંડ દ્રષ્ટિ મારે અંતરજામીમાં;
તે રે વરને પામી-મોટાના સંગ. અનુભવ. ૫
અખંડ આનંદ મારે હૈયે વિરાજે;
સઘળે દીઠા તે સરિયાં કાજે-મોટાના સંગ. અનુભવ. ૬
હરિના સ્વામીની સાથે સ્નેહ બંધાયો;
તે રે હૃદયમાં ઓળખાયો-મોટાના સંગ. અનુભવ. ૭

## ભજન (૩૧) જ્ઞાનની ગોળી !

જ્ઞાની રે ગુરુજી મળિયા રે, મને ગોળી મારી જ્ઞાન તણી;
મારી કંચન કાયા કીધી રે, ગુરુ તો મારા પારસમણી. ટેક.
હું તો જનમની આંધળી, મને ગુરુજીએ આપી આંખ,
ગુરુ ચરણનું અંજન આંજયું, મટી ગઈ સહુ ઝાંખ;
મેં આંખ્યો ખોલી જોયું રે, ઘટઘટમાં બેઠો અલખધણી. જ્ઞાની રે. ૧
ગુરુના ગુણને હું તે શું ગાઉં, એના ગુણનો ના'વે પાર,
ગુરુજી મારા આંખ્યની જયોતિ, ગુરુજી હૃદયના હાર;
ગુરુ દયાળુ દેવા રે, ગુરુકૃપા તો ઘણી રે ઘણી. જ્ઞાની રે. ૨
તન મન ધન મારા ગુરુજીને અર્પણ, હું તો ગુરુજીની દાસ,
ગુરુ ગરીબ નિવાજ અમારા, રાખે ગરીબોની લાજ;
ગુરુરચરણ કહેવું રે, ગુરુ તો મારા ધીંગા ધણી. જ્ઞાની રે. ૩
ગુરુનાં દર્શન કરતાં નિશદિન, અડસઠ તીરથ થાય,
દાસ સતાર ગુરુ સેવા કરતાં, હૈડે હરખ ન માય;
ગુરુ અમારા જ્ઞાની રે, પીધી છે પ્યાલી જ્ઞાનતણી. જ્ઞાની રે. ૪

## ભજન (૩૨) શ્રી. રામુભાઈ ભટ્ટ. મહેમદાવાદ.

અણું અણુંમાં નીરખું મારો નાથ-મારો નાથ-મારો નાથ;
હસતો ખેલતો મારી સાથમાં ને સાથમાં જી. ટેક.
નિર્ભય નિ:શંક હું તો વિચરું આ વિશ્વમાં રે;
સ્વામી તણો સંગ સેવી, દીનને રાત-દીનને રાત-દીનને રાત. હસતો. ૧
અમૃતરુપ હું તો બની ગયો આપે રે;
પ્રાણનો થાતાં કરૂણા પાત-કરૂણા પાત-કરૂણા પાત. હસતો. ૨
અવિચળ અવિકારી અને અજરામર હું થયો રે,
પ્રભુની પીંડીથી ભીડી બાથ-ભીડી બાથ-ભીડી બાથ. હસતો. ૩
જેની તેવી પણ મારી ઈચ્છાને જાણતો રે;
સામો આવી ઉભો રે જાતો જાત-જાતો જાત-જાતો જાત. હસતો. ૪
મારાં કર્મોને એ તો સ્વીકારી લે જાતે રે;
મુજને ફળ આપે હાથો હાથ-હાથો હાથ-હાથો હાથ. હસતો. ૫
ઉપેન્દ્ર સ્વરૂપે સિદ્ધ, મને ત્યાં પછી કહેવી રે;

કરવી રહી ક્યાં હવે બીજી વાત-બીજી વાત-બીજી વાત. હસતો. ૬

**ભજન -૩૩. શ્રી કાન્તિલાલ ભાવસાર રંગ રાસિયા !**

પ્રભુ આવો તે રંગ મને શીદ છાંટ્યો;
નથી અડતો બીજો કોઈ રંગ-પુરુષોત્તમ. આવો. ટેક.
હું તો મળવા આવીને મારું મન મોહ્યું;
મારી જાગી પૂરવની પ્રીત-પુરુષોત્તમ. આવો તે રંગ. ૧
મારે રહેવું અહીં ને મેળ તારો થયો;
મારે પેલા જનમની પ્રીત-પુરુષોત્તમ. આવો તે રંગ. ૨
મારે રહેવું અહીં ને મારગ જુદો;
અલ્યા કેમ કરી દહાડા જાય-પુરુષોત્તમ. આવો તે રંગ. ૩
રંગ એવો ઉડ્યો તે મારું તે મારું હૈયું રંગ્યું;
હવે હૈયું નહીં હાથ-પુરુષોત્તમ. આવો તે રંગ. ૪
અલ્યા છાંટ્યો તો છાંટ હવે પૂરેપૂરો;
એક તારા થઈને રહેવાય-પુરુષોત્તમ. આવો તે રંગ. ૫

**ભજન (૩૪) શ્રી મધુકાન્તા બહેન-સોડપુર.**

એક મને તારો આધાર શામળા (૨)
શામળા હો શામળા-ભાદરણવાળા ...એક મને. ટેક
તારે ને મારે બંધાણી પ્રિતડી,
તોડી નવ તૂટતી - છોડી નવ છૂટતી;
હૈયામાં તારો રણકાર-શામળા ...એક મને. ૧
ચિત્ત નથી ચોંટતું-ઘરમાં નથી ગોઠતું;
જાવું જાણે અક્ષરધામ-શામળા ...એક મને. ૨
નિંદ્રા ન આવતી-ઝબકીને જાગતી;
સ્વપ્નમાં તારો દેખાવ-શામળા ...એક મને. ૩
દુ:ખોના પહાડ પડે-દુશ્મનો આવી નડે;
તોય મને તારો વિશ્વાસ-શામળા ...એક મને. ૪
શ્યામ તણું નામ ગમે-બીજું કાંઈ ના ગમે;
અહોનિશ રટું તારું નામ-શામળા ...એક મને. ૫

### ભજન (૩૫) શ્રી ભરૂચી નાથાલાલ દવે.

### ગોમતીએ ગજબ કીધો રે - રાગ

પાતળીયા ઘેર પધારો રે, માણીગર મહેર વધારો રે. ટેક.
ઘેર આવો તો ગોષ્ટિ જ કરીએ, બેસીને એકાંત,
આ હસતાં રમતાં હેતે પ્રીતે, જાય દિવસ ને રાત;
વાલા મુને કાં વિસારો રે. પાતળિયા. ૧
તમ વિના મુને ત્રણ ભૂવનમાં, વહાલું નથી બીજું કોઈ,
આ એક તમે ને સંત તમારા, દીલમાં ગમે દોય;
ઉતરવા ભવનો આરો રે. પાતળિયા. ૨
મુખડું તમારું નીરખીને, હું હરખું છું મન માંય,
આ આનંદના ઉછાળા વાગે, પ્રેમ પુરો ઉભરાય;
લાગે મને સંસાર ખારો રે. પાતળિયા. ૩
હાથનું લટકું મનડું હરે, ચટકતી રૂડી ચાલ,
આ લટકતાં મારે ઘેર પધારો, લેરખડા ધર્મલાલ,
નાથાલાલ દાસ તમારો રે. પાતળિયા. ૪

### ભજન (૩૬) શ્રી વિમળાબહેન-ખમાર.હોળી.

હોળી તો વ્રજવાસી ખેલે, ખેલે વ્રજની નાર;
હોળી આવી રે. ટેક
પીળાં પીતાંબર પહેર્યાં પાતળે, પીચકારી તૈયાર. હોળી. ૧
મોર મુગુટ ને મુખડું મલકે, ઉડે અબીલ ગુલાલ. હોળી. ૨
કેસુડાંનો રંગ રૂપાળો, ઉડે મા'જમ રાત. હોળી. ૩
સાડી મારી કેસર ભીની, જોબન ઘેલી નાર. હોળી. ૪
વસંતના તો વાયુ વાયા; ચાલે ચમકતી ચાલ. હોળી. ૫
અંગે અંગે હું ઉમંગમાં, રસભીના વ્રજરાજ. હોળી. ૬
ભક્તોનો તો ભાવ કનૈયા, ઉતારો ભવ પાર. હોળી. ૭

### ભજન (૩૭) શ્રી બોટાદવાળા અમરસી મહારાજ.

મારે ઘેર આવ્યા રે, સુંદિર વર શામળિયો. ટેક.
હરખ ભરી હું હરિને નીરખું, પીયુ પ્રીતમ પાતળિયો. મારે. ૧

સુખડું દેવા ને મન હરિલેવા, અમપર અઢળક ઢળિયો. મારે. ૨
જાળવીયું જોબન જે સારું, તે અવસર આજ મળિયો. મારે. ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળિયો. મારે. ૪
અશ્ચર્ય વાત સેજડીએ આવ્યા, બોલે પોતાને પળિયો. મારે. ૫
મુક્તાનંદ મોહનવર મળતાં, ખોયા દિનો ખગ વળિયો. મારે. ૬

## પદ - ૨

મારે મન માન્યો રે, મોહન મોરલીવાળો. ટેક.
કસુંબલ પાઘ કેસરીઓ જામો, નીરખી નયનનો ચાળો મારે. ૧
કોઈ કહેશે તમે શું લઈ બેઠા, કુળનો ધરમ ના પાળો. મારે. ૨
ત્રિભોવનમાં એવી નાર ના દેખું, ન ચળે દેખી કાન કાળો. મારે. ૩
જેને વર્યે જમત્રાસ નાસે, તે વરને લઈ બાળો. મારે. ૪
એવું વિચારી લાડકડી લક્ષ્મી, વરીમોહન મરમાળો. મારે. ૫
મુક્તાનંદ મોહનને મળતાં, ઢળ્યો અલૌકિક ઢાળો. મારે. ૬

## પદ - ૩

સુખની સીમા રે, વ્રજના વાસી માંણે, ટેક.
લોકડિયાંની લાજે બંધાણી, અવળાને સવળું જાણે. સુખની. ૧
ખટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરીનેતરું તાંણે. સુખની. ૨
જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે, અગમ અગાધ વખાંણે. સુખની. ૩
વેદ વિવાદ કરી કરી થાક્યા, સુગમ થયું આ ટાંણે. સુખની. ૪
ચતુરાઈએ સ્વપ્નમાં ના'વે, ન મળે નટવર નાંણે. સુખની. ૫
મુક્તાનંદ એ મરમ અલૌકિક, પ્રેમી ઉરમાં આંણે. સુખની. ૬

## પદ - ૪

મારે મન વસીયો રે, ગુણવંતો ગીરધારી. ટેક.
શામ વિના મુને કામ ન સૂઝે, વિરહનો વેદના ભારી. મારે. ૧
કાનકુંવર સારું મેં સજની, લોકની લાજ વિસારી. મારે. ૨
કાળજડું કોરીને પેઠી, કાન નયન કટારી. મારે. ૩
દીવાની સરખી થઈ ડોલું, હાંસી કરે છે નરનારી. મારે. ૪
ઘાયલની ગતિ ઘાયલ જાંણે, શું જાંણે સંસારી. મારે. ૫
મુક્તાનંદ મોહનને મળતાં, થઈ રહી જગથી ન્યારી. મારે. ૬

### પદ - ૫

મારું મન હરિયું રે, શામળિયે સુખ દઈને. ટેક.
હાવ ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને. મારું. ૧
છોકરડે છેતરીઆ સજની, વિઠ્ઠલ વ્રજમાં રહીને મારું. ૨
વિરહનો તાપ દીધો વાલીડે, મોહન મથુરાં જઈને. મારું. ૩
ઘરના એ ન્હોતા, ધૂતારા, આવડ્યું ઉપદેશ લઈને. મારું. ૪
ધૂતપણું અધૂતામાં પેઠું, ધૂતિને સંગે થઈને. મારું. ૫
મુક્તાનંદ મોહન વિન વ્રજમાં, કેમ રહેશું દુઃખ સહીને. મારુ. ૬

### પદ - ૬

ઘરનો એ છે રે, ધૂતપણામાં પૂરો. ટેક.
કુબજાને કોઈ દોષ ન દેશો, નહીં વ્રજચંદ અધૂરો, ઘરનો. ૧
વૃંદાનું વૃત ભંગ કરાવ્યું, તે દિનો છળમાં શૂરો, ઘરનો. ૨
એને જે અનુસરીયાં સજની, જ્યાં જીવો ત્યાં ઝૂરો. ઘરનો. ૩
સુરપંખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલૂરો. ઘરનો. ૪
અમશું પ્રીત કરી એણે પહેલી, રહેતો હંમેશ હજારો. ઘરનો. ૫
મક્તાનંદ મખલખનો ગરજુ, ગરજ સરી રહ્યો દૂર. ઘરનો. ૬

### પદ - ૭

બાળ સનેહી રે, મોહન મુજને ગમતા. ટેક.
મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પહેલા તો ભેળા ભમતા. બાળ. ૧
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતાં. બાળ. ૨
વળી અણતેડયા વાંસે આવીને, રસિયો રંગભર રમાતાં. બાળ. ૩
જે કહેતાં જે કામ જ કરતાં, નટવર રહેતા નમતાં. બાળ. ૪
બાળ જોગી જેવો વેષ જણાવી, દેહ પ્રાણને દમતા. બાળ. ૫
મુક્તાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને સમતાં. બાળ. ૬

### પદ - ૮

પ્રીત પુરવની રે, નાથ ન મુકી દેજો. ટેક.
બહુનામી તમ સાથ બંધાણી, શ્યામ સંભાળી લેજો. પ્રીત. ૧
બોલ કોલ દીધા જે બળમાં, ગુણવંત દઢ કરી ગ્રહેજો. પ્રીત. ૨
નગણી નાર વરે સમરથને, અવગુણ એણી પેરે સહેજો. પ્રીત. ૩

પોતાની જાણીને પ્રીતમ, કહેવું ઘટે તેમ કહેજો. પ્રીત. ૪
પાસે રાખો તો પા'ડ ઘણો માનું, નજર કરતા રહેજો. પ્રીત. ૫
મુક્તાનંદ મહેર કરી તમારી, નિરભે ફરકે નેજો. પ્રીત. ૬

**ભજન (૩૮) ધોળ-બોટાદ વાળા અમરસી મહારાજ.**

સુણો સારંગપુરની વાત, રમે હરિ રંગતાળી,
ફુલ ડોળની કહું વિખ્યાત, રમે હરિ રંગતાળી,
પુરપતિ જીવા ખાચર. રમે, તેના ભાણોજી રાઠોડ ધાંધલ. રમે. ૧
તે ભુપ તણે ભુવન. રમે, રમે રંગ રંગ જીવન. રમે;
સવંત અઢાર સડસઠ સાલ. રમે, રમ્યા રંગ ઉત્સવ ધર્મલાલ. રમે. ૨
નાંખ્યો ભારે અલૌકિક ખેલ. રમે, રંગ રમવાને અલબેલ. રમે;
ઘણા સંત પાર્ષદ હરિજન. રમે, તેની સાથે રમે જીવન. રમે. ૩
સામસામી ચાલી પિચકારી. રમે, ઉડે રંગ સોરંગનાં વારી. રમે;
ધર્યો પોષાક તે ધર્મલાલ. રમે, રેંટો ફેંટો ડગલી સુરવાલ. રમે. ૪
વેઢ મીંટી પોંચી કરકડાં. રમે, કટી કંદોરામાં નંગ જડ્યા. રમે;
હીરાકંઠી કંઠે મોતી માળ. રમે, તરૂણ વયે શોભે છે દયાળ. રમે. ૫
ગુંઢો રેંટો વાળી પલવટ. રમે, જોતાં ચિત્તડું ચોરે ઝટપટ. રમે ;
સોનાછડી ધરી કરમાંય. રમ., સંત મધ્યે ફરે સુખદાય. રમે. ૬
છડી ફેરવતાં અવિનાશ, રમે, ઉભા રહે ગુણાતિત સાથ. રમે.;
છડી ઉંચી કરીને નાથ. રમે, છડી અડાડે છાતી સાથ. રમે. ૭
ગુણાતિત કર ગ્રહી શામ. રમે, સંતો જુઓ આ અક્ષરધામ.રમે;
ધામ ધામી ધણી ધામ મુક્ત. રમે, તેની સાથે તમે થયા યુક્ત. રમે. ૮
મૂળ અક્ષર સ્વામી ગુણાતિત. રમે, શામ સમજાવે સૌને ખચીત.રમે;
વળી પુરુષોત્તપણાની વાત. રમે, સ્વમુખે કહી સાક્ષાત. રમે. ૯
હું દિવ્ય સદા સાકાર. રમે, મારો સર્વોપરી અવતાર. રમે. ;
હું પૂરણ પુરુષોત્તમ. રમે, મારો પાર ન પામે નિગમ. રમે. ૧૦
કોટી કૃષ્ણ જોડે જેને હાથ. રમે, એવા હરિ રમે તમ સાથ. રમે;
સગુણ નિર્ગુણ મૂર્તિ દસ. રમે, એક એક બ્રહ્માંડે અવશ્ય.રમે. ૧૧
એવા અનંતકોટી ભુવન. રમે, તેનાં ઉપરી આ ભગવાન. રમે;
હરિ કહે સંતો હરિજન. રમે, તમે કર્યા છે મોટાં સાધન. રમ. ૧૨

તેનું ફળ મળ્યું છે આજ ભારી. રમે, મળ્યા પ્રગટ અક્ષરઅધિકારી. રમે;
મને ભજી ભજી તજે તન. રમે, જવા ધારે જે અક્ષરભૂવન. રમે. ૧૩
તે અક્ષર પુરુષોત્તમ. રમે, તેનો તમારો થયો સમાગમ. રમે;
મારું ધામ જાણો અક્ષર. રમે, હું તેમાં રહું ને તેથી પર. રમે. ૧૪
મારું ધામ તે અક્ષરધામ. રમે, ઉભયરુપે સેવે આઠું જામ. રમે;
એક રુપે રહે મુને ધારી. રમે, રાખે તેજમાં મૂરતિ મારી. રમે. ૧૫
બીજે રુપે ધરી નરતન. રમે, મુને સેવે કરીને જતન. રમે;
થયો રંગ ઉત્સવ પૂરો જ્યારે. રમે, ન્હાવા જાળીએ ઘેર ગયા ત્યારે રમે. ૧૬
કર્યા મીન સમાધીયે યુક્ત. રમે, ગયા સમાધિમાં ચાર મુક્ત. રમે;
મનભા ફૂલભા મનુભાઈ. રમે, ચોથા મીઠો ભગત ગણાય. રમે. ૧૭
જળ ક્રિંડા કરે જળમાંય, રમે. અશ્ચર્ય દેખાડે ત્યાંય. રમે ;
યુગલ ઘડી સમાધિ દેખાડી. રમે, સ્વામી દ્વારે લીધા છે જગાડી. રમે. ૧૮
નાહીં નિસર્યાં જળ બહાર. રમે, કરે દર્શન બહું નરનાર. રમે ;
કારીઆણીના નૃપ ખટવાંગ. રમે, તેણે ભારે ધરાવ્યો પોશાંગ. રમે. ૧૯
શેઠ સુરત તણા ભાઈચંદ. રમે, અર્પી ભુષણ પામ્યા આનંદ. રમે;
રાજા સારંગપુરના જીવાજી. રમે, લાવ્યા શણગારી અમૂલ્યવાજી. રમે. ૨૦
હરિ ઘોડે થઈ અસવાર. રમે, ગાતા વાતા આવ્યા પુર બહાર. રમે;
પૂર થકી તે દક્ષિણ દીશે. રમે, ઘોડો દોડાવ્યો જગદીશે. રમે. ૨૧
વળી કુંડે નાખ્યોં તોરંગ. રમે, પછી પુરમાં આવ્યા સખા સંઘ. રમે;
દિવ્ય દેહે ઉભા હનુમાન. રમે, તેને આપ્યા છે દર્શન દાન. રમે. ૨૨
ત્યાં આવી ઉભી કઈંક નારી. રમે, તેને ફગવા આપ્યા સુખકારી. રમે;
પછી પ્રેમેશુ પ્રાણ આધાર. રમે, આવ્યા જીવા ખાચર દરબાર. રમે. ૨૩
વૃક્ષઅમૃત આંમલી તણુ. રમે, તરૂણ વયે શોભી રહ્યું ઘણું. રમે;
ત્યાં ઢાળેલ રંગીત પાટ. રમે, સભા કર્યા બેઠા વર્ણીરાટ. રમે. ૨૪
પુરપતિજીવા ખાચર. રમે, તેને કહે છે મોહનવર. રમે;
આજ કુલ ડોળદિન ઉત્તમ. રમે, લાવો ફગવા કરી અનુક્રમ. રમે. ૨૫
દેખી ફગવાનો રંગ તૈયાર. રમે, ઉઠ્યા ફગવા દેવા કિરતાર. રમે;
ત્યારે દાસ કહે જોડી હાથ. રમે, ફગવા આપો અમાયિક નાથ. રમે. ૨૬

હરિ માયા ઘણી બળવાન. રમે, તેથી રક્ષા કરો ભગવાન. રમે;
તમે તમારા સંતમાં ભાવ. રમે, ના'વે હરિજનોનો અભાવ. રમે. ૨૭
એવાં વચન સુણી દાસ તણા. રમે, નાથ રાજી થયા ઘણા ઘણા. રમે;
જોઈ હરિને આનંદભર. રમે, દાસ કહે છે ધર્મ કુંવર. રમે. ૨૮
ઘોડો દોડાવ્યો તમે કેમ. રમે, વળી કુંડે નાખ્યો એમ નેમ. રમે;
શ્રીજી કહે સુણો તમે દાસ. રમે, અસુરો આપતા તમને ત્રાસ. રમે. ૨૯
તેથી કર્યું અસુરનું નિધન. રમે, હવે સુખે રહો હરિજન. રમે;
વળી ઘોડો ઉન્મત્ત બેહદ. રમે, તેથી હરણ કર્યો તેનો મદ. રમે. ૩૦
વળી કુંડાળાની સુણો વાત. રમે, કર્યું મોટા મંદિરનું ખાત. રમે;
ધામ સહિત રહેશું અમે આહીં. રમે, એવું મંદિર થાશે સુખદાયી. રમે. ૩૧
આજ થકી વિતે વર્ષ શત. રમે, થશે મોટું મંદિર તરત. રમે;
સુણી હરિના અગમ વચન. રમે, થયા રાજી પુરનાં હરિજન. રમે. ૩૨
બોલ શ્રીજી તણા બળવાન. રમે, આજ દેખાડે મુર્તિમાન. રમે;
મુક્ત અનાદિ સંત સીમાય. રમે, આજ પ્રગટ સત્સંગમાંય. રમે. ૩૩
સંતરૂપે પ્રગટ ભગવાન. રમે, બ્રહ્મનિષ્ટ સમાધિવાન. રમે;
સ્વામી શ્રીજી તણો અભિપ્રાય. રમે, કર્યો પ્રગટ નિજઈચ્છાય. રમે. ૩૪
મહાયોગી રહે યોગમાંય. રમે, જેના સંકલ્પ તે સિદ્ધથાય. રમે ;
સુખ દુઃખ માન અપમાન. રમે, તેમાં સદાય ધીરજવાન. રમે. ૩૫
ઉર્ધ્વરેતા નૈષ્ટિક બ્રહ્મચારી. રમે, ખોલી મોક્ષ મારગની બારી. રમે;
સત્ય સિદ્ધાંત સ્વામી શ્રીજી તણો. રમે, કરવા પ્રગટ લીધો શ્રમ ઘણો. રમે. ૩૬
ખીજી માયા તેનો નહીં રોષ. રમે, થાય ઉપાધિ તેમ સંતો. રમે;
લાભ અલાભ વૃદ્ધિ હાની. રમે, તેમાં તૂલ્ય વૃત્તિ પોતાની સંગ. રમે. ૩૭
ક્ષમા આદિક શુભ ગુણ સાર. રમે, અતિ દયાળુ સુખ ભંડાર. રમે;
સ્વામી ગયા જ્યારે નિજ ધામે. રમે, પુર પવિત્ર ગોંડળ ગામે રમે. ૩૮
ત્યારે કહ્યું અભેસિંહ પ્રત્યે. રહે, અમે રહીશું મુક્ત દેહ વતે. રમે;
પૂર્ણપાત્ર મહા પ્રતાપી. રમે. પીઠ પ્રગાજી ભક્તની સ્થાપી. રમે. ૩૯
જોઈ નિષ્કુળાનંદજીના બોલ. રમે, શબ્દ શોધી રચ્યો આ ધોળ. રમે;
શીખે સૂણે હેતે કોઈ ગાય. રમે, તે પર સ્વામી શ્રીજી રાજીથાય. રમે. ૪૦

## ભજન (૩૯) શતાબ્દિ ઉત્સવનું ભોજન-તા. ૧૬-૧-૧૯૬૩

છપૈયા ગામે પ્રગટ્યા. પુરુષોત્તમ-છપૈયા ગામે પ્રગટ્યા રે લોલ;
નામ સહજાનંદ સ્વામી. પુરુષોત્તમ-નામ સહજાનંદ સ્વામી રે લોલ. ૧
છપૈયા છોડી ચાલ્યા પુરુષોત્તમ, કઠિન તપઆદરિયાં. પુરુષોત્તમ.
ભૂજની ગાદીએ બેઠા. પુરુ. ગઢડા કીધો વાસ. પુરુષોત્તમ. ૨
યજ્ઞો કીધા મોટા. પુરુ. પહેલો નિશ્ચય કારાવ્યો. પુરુષોત્તમ.
ગઢડા છોડ્યાં ધામ. પુરુ. જુનાગઢ આવી વસ્યા. પુરુષોત્તમ. ૩
ગુણાતિતાનંદ સંત. પુરુ. વાતો કરી જ્ઞાન આપ્યું.પુરુષોત્તમ.
બીજો નિશ્ચય કરાવ્યો. પુરુ. પ્રીતે ત્યાંથી પરવરિયા. પુરુષોત્તમ. ૪
મહુવાના પ્રાગજી ભક્ત. પુરુ પાત્ર અનૂપ બનાવ્યું. પુરુષોત્તમ.
ત્રીજો નિશ્ચય કરાવ્યો. પુરુ. ત્યાંથી પ્રભુજી ચાલ્યા. પુરુષોત્તમ. ૫
ભાદરણ કીધાં ધામ. પુરુ. ડંકો વાગ્યો બધા દેશે. પુરુષોત્તમ.
ભાદરણમાં ભગવાન. પુરુ. ખેલ અલૌકિક ખેલ્યા. પુરુષોત્તમ. ૬
ચોથો નિશ્ચય કરાવ્યો. પુરુ. પાંચમાના પાયા પૂર્યા. પુરુષોત્તમ.
સંવત ઓગણી છન્નું. પુરુ. ભાદરવા સુદી પૂનમે. પુરુષોત્તમ. ૭
દેહ છોડીને ચાલ્યા. પુરુ. વીણાને વીણી લીધું. પુરુષોત્તમ.
કહ્યું છે કરી વિચાર. પુરુ. નડિયાદ નરસિંહકાકા. પુરુષોત્તમ. ૮
વિરહની વેદના ભારે. પુરુ. ચોરે જઈ હાથ પકડ્યો. પુરુષોત્તમ.
નરસિંહકાકા કેમ રડો. પુરુ. વિરહની વેદના ટાળી. પુરુષોત્તમ. ૯
મહારાજ કહેતા પુરુ. અંગ્રેજી ભણેલો થઈશ. પુરુષોત્તમ.
સુડતાલીસનો સમૈયો. પુરુ. કુબેરદાસ બોલ્યા કોડે. પુરુષોત્તમ. ૧૦
છ મહિના ધીરજ રાખો. પુરુ. પાત્ર અનુપમ ઘડિયું. પુરુષોત્તમ.
પાટણમાં પ્રભુ પહોંચ્યા. પુરુ. પરચા આપ્યા અપાર. પુરુષોત્તમ. ૧૧
શાન્તા પાર્વતી લીધાં. પુરુ. ક્રિષ્ણાલાલ જીવાડ્યા. પુરુષોત્તમ.
લીલાસાગર છપાવ્યાં. પુરુ. વિજ્ઞાનામૃત વહેંચ્યાં. પુરુષોત્તમ. ૧૨
ભજનાવલીની પ્રતો. પુરુ. શતાબ્દિ ઉત્સવ કીધા. પુરુષોત્તમ.
પેઢીનાં નામ રાખ્યાં. પુરુ. ગુણાતિત ડાયરી. પુરુષોત્તમ. ૧૩
ગોટકો કાઢ્યો ગોતી. પુરુ. પાંચમાં નિશ્ચયના પાઠ. પુરુષોત્તમ.
છઠ્ઠાનાં રોપ્યાં બીજ. પુરુ. મણિનગર ધામ કીધાં. પુરુષોત્તમ. ૧૪

મૂળ અક્ષર ભૂવન. પુરુ. ભક્તોને આનંદ આપે. પુરુષોત્તમ.
પૂનમે ભજન થાય. પુરુ. વિજ્ઞાન વરસે વહાલે. પુરુષોત્તમ. ૧૫
મોઘીં કંકોત્રી આવી. પુરુ. લાખો હરિજન આવ્યાં. પુરુષોત્તમ.
મંડપ બાંધ્યા મોંઘા. પુરુ. ઉત્તમનગરથી આવ્યા. પુરુષોત્તમ. ૧૬
ડાહ્યાભાઈએ રંગ રાખ્યો. પુરુ. ઉત્તમ સેવા બજાવી, પુરુષોત્તમ.
વીણાથી મંડળ આવ્યું. પુરુ. નડિયાદ નરસિંહકાકા. પુરુષોત્તમ. ૧૭
સોડપુર મંડળ શોભે. પુરુ. જીવણલાલનો ફોટો. પુરુષોત્તમ.
પધરાવ્યો છે પ્રીત. પુરુ. રૂપિયા ત્રણસો આપ્યા. પુરુષોત્તમ. ૧૮
રાજપારડીના ભક્તો, પુરુ. કેશવલાલ પધાર્યા. પુરુષોત્તમ.
બારેજા મંડળ આવ્યું. પુરુ. ડાહ્યાભાઈ મહારાજ. પુરુષોત્તમ. ૧૯
અમદાવાદના બીજા. પુરુ. ભારે મેળાની ભીડ. પુરુષોત્તમ.
મંડળના ફોટા લીધા. પુરુ. અપૂર્વ ઉત્સવ મહાલ્યા. પુરુષોત્તમ. ૨૦

**શ્રી શાન્તાબહેન પાટણ**

### ભજન (૪૦) શ્રી પાર્વતીબા - પાટણ

મારા વહાલા અત્યાર સુધી ક્યાં રે ગયા' તા;
ધર્મલાલા અત્યાર સુધી ક્યાં રે ગયા'તા. ટેક.
ગૌ દહોવાની વેળા થઈ છે, વાર લાગી ઝાઝી;
સર્વે ગોપીઓ ભેળી થઈને, મહી વેચવાને જાતી. મારા વહાલા. ૧
કઈ માનીતીના મ્હોલે ગ્યા'તા, મહી ને માંખણ ખાવા;
કઈ ગોપીએ રોકી રાખ્યા, ઊનાં દૂધ પાવા. મારા વહાલા. ૨
રાધાજીના મ્હોલે ગ્યા'તા, મહી ને માખણ ખાવા;
રુક્ષ્મણીએ રોકી રાખ્યા, ઊનાં દૂધ પાવા. મારા વહાલા. ૩
વૃંદાવન કુંજ ગલીમાં, રાસ રમવા ગ્યા'તા;
દહીં દૂધના કટોરા, માતા જશોદાજી પાતાં. મારા વહાલા. ૪
વૃંદાવનની કુંજ ગલીમાં, રાસ રચ્યો છે ભારી;
ખરા પ્રેમથી લાગી તાળી, પુરુષોત્તમ મોરારી. મારા વહાલા. ૫

### ભજન (૪૧) શ્રી તારાબહેન. પાટણ.

બેની મુને મળિયા પુરુષોત્તમ રે, જોતાં બની બાવરી રે જી;
હું તો લળી લળી લાગું છું પાય રે, જોતાં. ટેક.

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે;
સોળસો ગોપીને એક કાન રે, વાલીડો મારો નાચતો રેજી. બેની. ૧
જળ રે જમુનાનાં જળ ભરવા ગઈ તી,
બેની મારી મટુકી ચડાવે માથ રે, વાલીડો મારો દેખતો રે જી,
બેની મારી શુદ્ધ બુદ્ધ ગઈ છે સાન રે. વાલીડો... બેની. ૨
કર જોડીને પ્રભુ દાસી વિનવે;
હાં રે પ્રભુ રાખો ચરણની માંય રે, વાલીડો મારો... બેની. ૩

**ભજન (૪૨) શ્રી શંકર ભગત. કાંણીસા.**

જય પુરુષોત્તમ બોલો, ભાઈ જય પુરુષોત્તમ બોલો;
આ જીવન એળે જાય છે, જીવન એળે જાય છે. આ...જય. ટેક.
આજ નહીં ને કાલે બોલે, કાલ કેવી થાય છે;
ગાદી પલટાઈ જાતાં, એ રામ વનમાં જાય છે. જય પુરુષોત્તમ. ૧
બાપ કહે કે બેટો મારો, દિન દિન મોટો થાય છે;
મોટો મોટો કરતાં આવરદા, ઓછી થાય છે. જય પુરુષોત્તમ. ૨
શેખ ચલ્લીને ઘીને ગાડવે, વિચારો બહુ થાય છ;
ગાડવો ગબડી પડતાં, એ મનમાં મૂંઝાય છે. જય પુરુષોત્તમ. ૩
કમળ ઉપર ભમ્મર બેઠો, સૂરજ આથમી જાય છ;
સૂરજ આથમી જાતાં, એ ભમ્મર મરી જાય છે. જય પુરુષોત્તમ. ૪
શંકર કહે પ્રભુ ભજનથી, ચોરાશી ટળી જાય છે;
લક્ષ્મી ચાંલ્લો કરતાં, એ કપાળ ધોવા જાય છે. જય પુરુષોત્તમ. ૫

**ભજન (૪૩) શ્રી પરુષોત્તમ સ્તોત્ર. રાગ - ચોપાઈ.**

અક્ષરધામના રાજાધિરાજ, આવ્યા અવની પર સજી સાજ;
અવતારના આવતારી નાથ, લાવ્યાં કોટી મુક્ત વળી સાથ. ૧
ધ્યાની મુની જપે જેના જાપ, શરણાગતના સમાવો તાપ;
સચ્ચિદાનંદ પૂરણ બ્રહ્મ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૨
મોહનવર કરી ઘણી મહેર, ભક્ત કોડ પૂર્યા ધરણીધર;
અવિનાશીને સુખના રાશી, કોટી મુક્ત સેવે છે ઉપાસી. ૩
ગૌર વાને શોભો છો સુંદર, અતિ વહાલા લાગો નટવર;
અકળ મૂરતી ન પડે ગમ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૪

દ્રુષ્ટિ અનીમેષ વર્ણીવેશ, ભક્ત રક્ષા કરો છો હંમેશ;
નાશા નમણી ચંચળ લોચન, છાતી ઉપડતી સુંદર સ્તન. ૫
સુંદરી ભાલ દીસે ચંદો લાલ, લાલ ટીબકડી વળી ગાલ,
દેવ મનુષ્યમાં સર્વોત્તમ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૬
સહુના નિયંતા પૂરણકામ, સર્વે લોક રટે જેનું નામ;
કલ્યાણ કરવા ભીડી છે હામ, ખેંચ્યા મુક્ત મુમુક્ષુ તમામ. ૭
દ્વિભૂજ દિવ્ય સદા છો સાકાર, પ્રેમી જનના પ્રાણ આધાર;
અજ્ઞાનરુપી ટાળો છો તમ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૮
અણું અણું પ્રત્યે રહ્યા વસી, મંદ હાસ્યે વળી હસી;
સહુના પ્રેરક સહુના આધાર, આવ્યાં ઉતારવા ભૂમિ ભાર. ૯
મૂર્તિ તેજોમય ઘનશ્યામ, જાણે ઉગીયા કોટીક ભાણ,
નેતિ નેતિ કહે છે નિગમ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૧૦
શારદા શેષ મહા મુનિ મહેશ, જેના ગુણ રટે અહોનીશ;
અંતર્યામી કરુણા સાગર, બહુ નામી અધમ ઉદ્ધર. ૧૧
છોગાંવાળા સુંદરવર છેલ, વસો ઉરે આવી અલબેલ;
કાને કુંડળ નંગ નૌતમ, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૧૨
મંગળ મૂરતિ પ્રગટ સ્વરૂપ, સદા સંભારું રાખીને ચીત્ત;
ધ્યાને ધારૂં મૂરતિ કીશોર, છુટે શાન્તિ તણી ઘણી ફોર. ૧૩
સકળ શાસ્ત્ર કરે છે પ્રમાણ, મર્મ અર્થની કરાવે જાણ;
પુરુષોત્તમ પ્રાણજીવન, વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૧૪

### ભજન (૪૪) શ્રી કાન્તિલાલ બ્રહ્મભટ્ટ.

મોરલીમાં ગાયું એવું શું તેં કનૈયા;
મોરલીમાં પાયું એવું શું તેં કનૈયા. ટેક.
મોરલીના શબ્દે ભાન ભૂલી કનૈયા;
મોરલીને શબ્દે હું તો ફુલી કનૈયા. મોરલીમાં. ૧
અક્ષરધામની વાટે વહેલો આવજે કનૈયા;
ગોપીઓને રાસ રમાડજે કનૈયા. મોરલીમાં. ૨
હેતે ને પ્રીતે વહેલો આવજે કનૈયા;
અમને તું રંગમાં ભીંજાવજે કનૈયા. મોરલીમાં. ૩

મોરલીને શબ્દે શંકર ડોલ્યા કનૈયા.

અમારા અંતરના પડદા ખોલ્યા કનૈયા.મોરલીમાં. ૪

મોરલીને શબ્દે ધંધો ભૂલી કનૈયા;

અક્ષરધામે જઈને હું તો ડોલી કનૈયા. મોરલીમાં. ૫

અંતરના ઉમળકા અમને આવ્યા કનૈયા;

કોઈના તે ના રહે દબાવ્યા કનૈયા. મોરલીમાં. ૬

સોનાના સૂરજ મારે ઊગ્યા કનૈયા;

અમારે ભાગ્યે પુરુષોત્તમ પ્રગટ્યા કનૈયા.મોરલીમાં. ૭

માંખણ મીસરી ખાવા વહેલો આવજે કનૈયા;

જોઈએ તે મુખે લેજો કનૈયા. મોરલીમાં. ૮

### ભજન (૪૫) શ્રી પુરુષોત્તમ વીણાવાળા.

લટકાળા મંદિરીયે આવ્ય, લટકે મોહી રહી છું,
પાતળિયા મંદિરીયે આવ્ય, લટકે મોહી રહી છું;
છોગાળા મંદિરીયે આવ્ય, લટકે મોહી રહી છું,
રંગીલા મંદિરીયે આવ્ય, લટકે મોહી રહી છું. ટેક.

સોનાના લોટા જળે ભરાવું, દાતણ કરોને મારા નાથ,
મુખડું જોઈ રહી છું, લટકાળા મંદિરીયે...૧

ચીનાઈ ચલાંણાં અત્તાર ભરાવું, મરદન કરોને મારા નાથ,
આરતી ઉતારી રહી છું, લટકાળા મંદિરીયે...૨

સોનાની કૂંડીઓ જળે ભરાવું, તમે નાવણ કરોને મારા નાથ;
ડગમગ જોઈ રહી છું, લટકાળા મંદિરીયે...૩

સેવ સુંવાળી ને લાપસી રે, ભોજન કરોને મારા નાથ;
તન મન થઈ રહી છું, લટકાળા મંદિરીયે...૪

લવીંગ સોપારીને પાનનાં બીડલાં, તમે મુખવાસ કરોને માર નાથ;
મુખડું લોહી રહી છું, લટકાળા મંદિરીયે...૫

ગૌરી તે ગાયનાં દૂધડાં મંગાવું, પ્રીતે પીવોને મારા નાથ;
ગાવલડી દોહી રહી છું, લટકાળા મંદિરીયે...૬

સાવ સોનાના ઢોલિયા ઢળાવું, પોઢણ કરોને મારા નાથ;
પવન ઢોળી રહી છું, લટકાળા મંદિરીયે...૭

સોળ સોળ ગોપીનો ભેગી મળીને, વારી રમાડ્યાં રાસ;
રસબસ થઈ રહી છું. લટકાળા મંદિરીયે...૮

**ભજન (૪૬) શ્રી લીલાવતીબહેન શાન્તિલાલ. ભાદરણ.**

હાં રે હું તો આવી છું પૂજાને કાજ;
ફૂલમાળ લાવી છું થાળમાં. ટેક.
સબસે ગુલાબનો હાર મેં બનાવ્યો;
પુરુષોત્તમ તમારે કાજ. ફૂલમાળ. ૧
ચુવા ચંદન અને તુલસીનાં પત્ર છે;
આરતી લાવી છું સાથ. ફૂલમાળ. ૨
આરતી કરીને પ્રભુ માગું છું એટલું;
નિત્ય તમારા દર્શનની આશ. ફૂલમાળ. ૩
બેઉ કર જોડીને આ દાસી વિનવે;
સદાય તમારા ચરણોમાં વાસ. ફૂલમાળ. ૪

**ભજન (૪૭) થાળ-શ્રી અંબાબા - અમદાવાદ.**

જીવન આવો જમવાને, અમશું રંગભેર રમવાને;
ઓ અલબેલા છેલ છબીલા છોગાળા. ટેક.
સોના બાજઠ ઢાળ્યા છે, કંચનથાળ અજવાળ્યા છે. ઓ અલ. ૧
પેંડા પતાસાં ને પોળી છે, ઘીમાં રોટલી બોળી છે. ઓ અલ. ૨
કઢી વડીની કીધી છે, દાળમાં ખોયણી દીધી છે. ઓ અલ. ૩
ભાત કમોદનો કીધો છે, ઘીનો દોરો દીધો છે. ઓ અલ. ૪
કારેલાં કંકોડા છે, ડોડકડીનાં ડેંડા છે. ઓ અલ. ૫
જલેબીને ખાજાં છે, ઘી ગવરીનાં તાજાં છે. ઓ અલ. ૬
દાળ ભાત શાક ને લાડુ છે, જમવાનું બહ સારું છે. ઓ અલ. ૭
જળ જમુનાની ઝારી છે, આચમન મંગળકારી છે. ઓ અલ. ૮
લવીંગ સોપારી ને એલચી છે, પાનની બીડી વાળી છે. ઓ અલ. ૯

**ભજન (૪૮) શ્રી મહાત્મા - વિઠ્ઠલનગર.**

પાલવડો પકડી પ્રભુ મારી આગળ ફરે છે;
આગળ ફરે છે વાલો, નાચ કરે છે. મારો પાલવડો. ટેક.

જળ ભરવા જાઉં વાલો જમુનાં પર આવે;
વગર બોલાવે વાલો, બેડલાં ચઢાવે. મારો. ૧
ગાવલડી દહોવું વાલો વાછરડાં છોડે;
માગીને દૂધના પ્યાલા, મુખડામાં રેડે. મારો. ૨
ન્હવા બેસું તો વાલો પાણીડાં છાંટે;
વેણ વગાડી મારાં, કાળજડાં કોરે. મારો. ૩
ઉંઘમાં મીંચું વાલો આંખ ઉઘાડે;
નાચ કરીને ખોળી, ખાવાનું માંગે. મારો. ૪
લોકોની લજ્જાએ બેની હું તો મુખડું બગાડું;
વિશ્વના નાથને, મારે રૂદિયે રમાડું. મારો. ૫

### ભજન (૪૯) થાળ.

તમો આવોને મંદિર મારે, પધારો ગીરધારી ગીરધારી;
મારે એક તમારો આધાર, પધારો ગીરધારી ગીરધારી. ૧
બેસો બાજઠ કુંજ વિહારી, પધારો;
હું તો પીરસી લાવી છું થાળી. પધારો. ૨
રુડો મેંદા ને ચૂરમાનો લાડુ; પધારો. આવો પ્રેમે કરીને જમાડું. પધારો. ૩
સારો કંસાર કર્યો ચિત્તધારી; પધારો. ઉપર લાવી છું ઘીની વાઢી. પધારો. ૪
દાળ મરી મસાલે વઘારી; પધારો. તળી વાલોર કાચલી સારી. પધારો. ૫
ભરી મૂકી ગંગાજળ ઝારી; પધારો. પછી આપું છું પાન સોપારી. પધારો. ૬
નાથ પોઢો પલંગડા; પધારો. ગુરુદેવ પુરુષોત્તમ લ્હેરી. પધારો. ૭

### ભજન (૫૦) શ્રી ક્રાન્તિલાલ બ્રહ્મભટ્ટ.

સાંભળ સજની રે હો સુખડું, વાલાજીનું જોયા સરખું મુખડું;
વરણાગીમાં રે મારો વાલો, એ છે ધર્મપણો વળી લાલો. ૧
મહાવન મોરલી રે હો વાગી, ગોકુળની સર્વે જાગી;
ત્રિભોવન સાથે રે હો રમતાં, હવે નહીં મળે ચોરાશી ભમતાં. ૨
ચિત્તડું ચોંટ્યું રે હો ચરણે, નેપુર લઈ ને ઘાલ્યાં કરણે;
હાર હૈયાનો રે હો હાથે, કરનાં કંકણ મૂક્યાં માંથે. ૩
આભુષણ અવળાં રે હો અંગે, લઈ ચાલી પોતાને ઢંગે;

સ્વામીની સેવા રે હો ચૂકી, જઈ પહોંચી અક્ષરધામ ઢૂંકી; ૪
ચાલ સખી જઈ એ રે હો વનમાં, વાલોમારો નાચી રહ્યો છે રંગમાં;
હાં રે બેની આનંદ ન માય મારા અંગમાં;
શુદ્ધ બુદ્ધ ભૂલી હું તો રસિયાના સંગમાં. ૫

પદ - ૨

હાં રે મારો વાલો આવે પરભાતે, મુજને રમાડે રાતે રાતે;
હાં રે હું તો ગઈતી જાુમનાં પાણી, વાલે મારે મુજને જાતાં જાણી. ૧
ચૂંદડીને છેડલે રે હો વળગ્યો, રહેજે ધૂતારા અમથી અળગો;
તું તો નિર્લજ અમે નહિં એવા, કાના થાશે જેવા. ૨
હાં રે વાલે આંખ અણીયાળી કીધી, ધક્કો મારી હડસેલી લીધી;
હાં રે વાલા વાતો તમારી જાણી, પરનારી શું પ્રીત તમે આંણી. ૩
હાં રે મારા વાલા આ શું કીધું, એટલામાં ચુંબન કરી લીધું;
હાં રે મેં તો લીધાં હરિનાં ચરણો, હારે મારોવાલો મળ્યા એક પળમાં. ૪
સર્વે ચાલ્યાં રે હો વનમાં, તાલાવેલી લાગી મારા તનમાં;
મળીયા રે પુરુષોત્તમ સ્વામી, તન મન સોંપ્યાં અંતરજામી. ૫

ભજન (૫૧)

પુરુષોત્તમને પ્રેમથી પાયે લાગું;
વારે વારે હું દરદાન માંગુ: પુરુષોત્તમને. ટેક.
ગુણ ગાવાને આનંદ આંણું, જેના જશ જરા હુંના જાણું;
એક જીભ્યાયે શું રે વખાણું. પુરુષોત્તમને. ૧
ચાલો અક્ષરધામમાં જઈએ, પ્રભુ નીરખીને ન્યાલ જ થઈએ;
બધી વાત વિગતની કહીએ. પુરુષોત્તમને. ૨
કોઈ કાશીમાં કરવત લે છે, ચાર ધામની જાત્રા કરે છે;
દેહ અર્પણ ગંગાને દે છે. પુરુષોત્તમને. ૩
પૂન્ય પામવાનું મુખે બોલે, વળી મનના તે પડદા ખોલે;
ના'વે પ્રભુજીના દર્શન તોલે. પુરુષોત્તમને. ૪
આજુ બાજુ તે સંત બિરાજે, તેની મધ્યે પુરુષોત્તમ ગાજે;
તે તો સંસારનો ભય રાખે. પુરુષોત્તમને. ૫
આજ એકાદશી ભલે આવી, સત્સંગીના મનમાં ભાવી;

સર્વે સંતોએ પુષ્પે વધાવી. પુરુષોત્તમને. ૬
કહે દલપત દોષ જ ટળીયા, મારા મનના મનોરથ ફળીયા;
પૂર્વે પૂન્યે પુરુષોત્તમ મળીયા. પુરુષોત્તમને. ૭

**ભજન (૫૨) શ્રી કાન્તિલાલ બ્રહ્મભટ્ટ.**

જુગમાં જોયા જેવું છે રામ જેને તેને રે;
જાય છે પુરુષોત્તમના સંત જુગમાં. ટેક.
પ્રભુના પિત્તળ લોટા જળે ભર્યા રે,
પ્રભુ તમે દાતણ કરતા જાવ. જુગમાં;
દાતણ નહીં રે કરું મારા સંતોજી રે,
નડિયાદ જુએ નરસિંહકાકા વાટ. જુગમાં. ૧
હરિના ચીનાઈ ચલાણાં તેલે ભર્યા રે,
હરિ તમે મરદન કરતા જાવ, જુગમાં;
મરદન નહિં રે કરુ મારા સંતોજી રે,
અમદાવાદ જુએ છે બાઈબા વાટ. જુગમાં. ૨
પ્રભુની તાંબા તે કૂંડીઓ જળે ભરી રે,
પ્રભુ તમે નાવણ કરતા જાવ, જુગમાં;
નાવણ નહિં રે કરુ મારા સંતોજી રે,
વસો જુવે છોટાભાઈ વાટ. જુગમાં. ૩
પ્રભુને જરકશીઆ જામા ઘણા રે,
પ્રભુ તમે શણગાર સજતા જાવ, જુગમાં;
શણગાર નહીં રે સજુ મારા સંતોજી રે,
વડોદરા જુએ ઈચ્છા બા વાટ. જુગમાં. ૪
હરિની સેવ સુંવાળી લાપસી રે,
હરિ તમે ભોજન કરતા જાવ, જુગમાં;
ભોજન નહીં રે કરું મારા સંતોજી રે,
કુરાઈ જુવે કાન્તીલાલ વાટ. જુગમાં. ૫
હરીની લવીંગ સોપારી એલચી રે,
હરિ તમે મુખવાસ કરતા જાવ, જુગમાં;
મુખવાસ નહીં રે કરું મારા સંતોજી રે,

અમદાવાદ જુવે કેશવલાલ વાટ. જુગમાં. ૬
પ્રભુને સાવ સોનાનાં સોગટાં રે,
પ્રભુ તમે રમત રમતા જાવ, જુગમાં;
રમત નહીં રે રમું મારા સંતોજી રે,
પાટણ જુવે મેના બા વાટ. જુગમાં. ૭
હરિને સાવ સોનાના ઢોલીઆ રે,
હરિ તમે પોઢણ કરતા જાવ, જુગમાં;
પોઢણ નહીં રે કરું મારા સંતોજી રે,
ધરમપુરા જુવે હરખા બા વાટ. જુગમાં. ૮
હરિને સાવ સોનાના હીંચકા રે,
હરિ તમે હીંચકે હીંચતા જાવ, જુગમાં;
હીંચકે નહીં હીચું મારા સંતોજી રે,
બોટાદ જુવે દિવાળી બા વાટ. જુગમાં. ૯
હરીને સોળ સોળ ગોપીઓ કલવલે રે,
હરિ તમે રાસ રમાડતા જાવ, જુગમાં;
રાસ નહીં રમું મારા સંતોજી રે,
અસારવા જુવે મણિ બા વાટ. જુગમાં. ૧૦

## ભજન (૫૩) શ્રી દિવાળી બા - વીણા.

આવો આવો જશોદાના કાન, ગોઠલડી કરીએ રે;
રુડી વનરાં તે વનની, કુંજ ગલીમાં રમીએ રે. આવો. ટેક.
રુડો જમનાંજીનો આરો, કદમ કેરી છાંયા રે,
વાલે અમરત પાઈને ઉછેર્યા, વાલે મારે અમને રે;
હવે વીખડાં ઘોળી શીદ પાવો છો, ઘટે નહીં તમને રે. આવો. ૧
વાલે ફૂલ પછેડા ઓઢાડ્યા, વાલે મારે અમને રે;
હવે ખેંચી ખેંચી શીદ લ્યો છો, ઘટે નહીં તમને રે. આવો. ૨
વાલે ઉંડા કૂવામાં ઉતર્યા, વાલે મારે અમને રે;
હવે વરત વાઢી શીદ લ્યો છો, ઘટે નહીં તમને રે. આવો. ૩
પ્રભુ પડી રે રેશમ કેરી ગાંઠો, છોડી કેમ છૂટે રે;
વાલા બાળા તે પણની પ્રીતો, તોડી કેમ તૂટે રે. આવો. ૪

### ભજન (૫૪) ભલે આવ્યા પ્રગટ ભગવાન - રાગ

મા વાલાના વનમાંય, વાગે રુડી વાંસલડી;
હું તો ઘેલી ફરું ઘરમાંય, કોણે દીધી સાંકલડી. ટેક. ટેક.
કુંભ વિના જળ ભરવા ચાલી, શિર પર મેલી ઉઢાંણી રે;
ગળણું લઈ જળ ગળવા બેઠી, કુંભની શુદ્ધ બુદ્ધ ભૂલી રે. વાગે. ૧
દોણી વિના ગૌ દો'વા બેઠી, સાડી ભીંજાણી નવજાંણી રે;
વાછરું વાળતાં ગોપીઓએ, બાળક બાંધ્યાં તાંણી રે. વાગે. ૨
ઘી રે તાવીને છાશમાં રેડ્યાં, દૂધમાં રેડ્યાં પાણી રે;
નેતરું લઈ નાવલીઓ બાંધ્યો, ઘરનો ધણી નવ જાંણ્યો રે. વાગે. ૩
પાત્ર વિનાનાં ભોજન પીરસ્યાં, મોદક મરચાં ભેળી એ;
સાકર વડીનાં શાક વધાર્યાં, સેવોમાં સૂંઠ જ ભેળી રે. વાગે. ૪
સાસુ કહે વહુને વૈતર વળગ્યું, અવચરીઆ ઉતરાવો રે;
દિયર કહે ભોજાઈને બાંધો, સાન કરી સમજાવો રે. વાગે. ૫
તન મન ધન મારા પ્રાણ હરિને, મારો વાલો મથુરા જાય રે;
રામકૃષ્ણ પ્રભુ એ રસ પીતાં, વારે તેને સમજાવો રે. વાગે. ૬

### ભજન (૫૫) શ્રી મથુરભાઈ ભગત-અવીધા.

નટવર નેણની રે, થઈ અંતર આરમપાર. કટારી રે-નટ. ટેક.
હાં રે હો જમુના પાણી હું ગઈ, લઈ સંગ સખી દસબાર;
મુજ સામું જોઈ આંખડી મારી, કોડીલે ધર્મ કુમાર. કટારી રે. ૧
નેણ કટારી ધર્મ લાલાની, મુખ સજેલી ધાર;
કર્મની બંધન કાપીને ભીંતર, ભ્રમનો લાગેલ માર. કટારી રે. ૨
લાગતાં હું લોટપોટ થઈ બેની, રહી ન તન સંભાળ;
બ્રહ્મનંદ કહે મનડું વિંધ્યું, ડોલરીએ દીલદાર. કટારી રે. ૩

### પદ - ૨

સલુણા શ્યામનાં રે, લાગ્યાં લોચનીયાંનાં બાંણ, આવીને રે.સલુ. ટેક.
સર્વે સૈયરના સાથમાં જતાં, માથડે મહીની માણ;
આવી મારગમાં મુજને સામો મળીયો,
સુંદર શ્યામ સુજાણ. આવીને રે. સલુણા. ૧

વાટમાં વહેતાં વિઠ્ઠલે મુને, આવીને દીધેલ આંણ;
કરડી મીંટે જોઈને કાને, મહીનું માગ્યું દાંણ, આવીને રે. ૨
ચોટ લાગી મારા ચિત્તમાં, તેણે પરવશ થઈ ગયા પ્રાંણ;
બ્રહ્માનંદ કહે વાલમે વીંધ્યું, નેણ કરી નિશાન. આવીને રે. ૩

### પદ - ૩

પાતળિયાના પ્રેમની રે, લાગી છાતલડીમાં સાંગ. અટારી રે. ટેક.
કરવું ભૂલી કામડું ઘરનું, ભરવું ભૂલી ભોગ;
ઘાવ લાગ્યો મારું તનડું ઘૂમે, જાણે પીધી લીલી ભાંગ. અટારી રે. ૧
પ્રાણજીવન કેરા પ્રેમની બરછી, ખૂબ તીખી ખરસાંગ;
લાગતાં પે'લી નીકળી બૂડી, સૂંસરી સાંગો પાંગ. અટારી રે. ૨
ઘાવ ના રુઝે કાંઈ ના સૂઝે, લાગે જોર લુહાગ;
બ્રહ્મનંદ કહે અંતર ભેધ્યો, વેદના અંગો અંગ. અટારી રે. ૩

### પદ - ૪

કોડીલા કાનનાં રે, લાગ્યાં આંખલડીના તીર. હૈયામાં રે. કોડીલા. ટેક.
ગાયને વાડે ઘાંણીયો લઈને, દહોવા હું ગઈતી ખીર;
સામું જોઈ ચકચૂર કરી મુને, વ્રજલાલે બળવીર. હૈયામાં રે. ૧
ભાળતા પહેલાં મનડું ભધ્યું, રહી ન અંતર ધીર;
બહારનાં માણસ કોઈને બૂઝે, ઉંડો ઘાવ ગંભીર. હૈયામાં રે. ૨
બાણ નટવર નાથનાં લાગ્યા, રહ્યું નહીં હાથ શરીર;
બ્રહ્માનંદ કહે પીડ ઘણેરી, જેમ માછલું થોડે નીર. હૈયામાંરે. ૩

॥ શ્રી પ્રગટ પુરૂષોત્તમાય નમો નમઃ ॥

# વિભાગ પાંચમો



## —:શ્રી ગુરૂ જ્ઞાન ગીતા:—

**લેખક :— મુક્ત શ્રી. ગોવિંદભાઈ માસ્તર.**

પુરુષોત્તમને પ્રણમીને, કરૂં છું આ આરંભ;
શ્રી ગુરૂ જ્ઞાન ગીતા તણો, સહાય થજો સુખકંદ. ૧

**બ્રહ્મચર્ય (ચોપાઈ)**

નિશ્ચયના છે ઘણા પ્રકાર, તેમાં બે મુખ્ય છે નિરધાર;
સવિકલ્પ નિશ્ચય એક જાણો, બીજો નિરવિકલ્પ પ્રમાણો. ૨
સવિકલ્પ નિશ્ચયવાળા જેહ, ભક્તો તેનું બ્રહ્મચર્ય તેહ;
લખું છું સાંભળો રાખી ચિત્ત, જ્ઞાન ઉદે થશે રે ખચીત. ૩
એક ગવાં વસ્ત્રવાળા ભક્ત, જેને ઓળખે સઘળું જગત;
બીજા ધોળાંવાળા નિરધાર, તેમાં પડ્યા છે ત્રણ પ્રકાર. ૪
એક ભીખ માંગીને રે ખાય, બીજો ખાધા જેટલું કમાય;
ત્રીજો સંસારી સ્ત્રી પુત્રવાળો, દેખાય જંજાળીને ધનાળો. ૫
સ્ત્રીનો ત્યાગ અષ્ટ પ્રકાર, ભગવો ભક્ત રાખે નિરધાર;
કરે સ્વપ્નના ઉપવાસ, રટે મન સદા અવિનાશ. ૬
ધોળો ભીખવાળો જે છે ભક્ત, રહે અંતરમાંથી વિરક્ત;
બનતો ત્યાગે ત્રિયા પરસંગ, કદી ન કરે સ્ત્રી અંગ સંગ. ૭
નીમ રાખી કરે અલ્પ આહાર, સંભારે એક ચિત્તે મોરાર;
ભેગું કરી જમે દેહ દમે, જેમ તેમ દીન નીરગમે. ૮
ધોળો કમાઈ ખાનારો, જેહ, તેની વાત સૂણો કહું તેહ;

અવશ્યનું કામ પડે જ્યારે, સંગ કરે સાત પરકારે. ૯
રાખે આઠમો પ્રકાર ત્યાગ, ત્યારે તેનો સાચો વૈરાગ;
ભણાવવી કન્યાઓ નિશાળે, પાણી દયણું લીંપાવવા કાળે. ૧૦
આડે રહેવું પડે ડોબું દો'તે, દુકાને લેવા દેવામાં જો તે;
ઈત્યાદિ સંગ સાત પ્રકાર, કરે સ્ત્રી સંગ દેહ વહેવાર. ૧૧
તેથી સ્વપ્ન સુષુપ્તીમાં જાય. તેને જરૂર વીર્યપાત થાય;
હવે સ્ત્રી પુત્રવાળાની વાત, સાંભળો કહું છું સાક્ષાત. ૧
પર સ્ત્રી ત્યાગે સર્વ પ્રકાર, પોતાની વૃત્તાદિ મોઝાર;
એકાદશી પુનમ આદિ સર્વ, થાય માસમાં પાંચ છ પર્વ. ૧૩
રાખે પોતાની સ્ત્રીનો ત્યાગ, ત્યારે તેનો સાચો વૈરાંગ;
આ તો ભક્ત ખરા પણ ભોગી, સઘળા સવિકલ્પવાળા જોગી. ૧૪
ઉંઘ આહાર તણો પણ ભોગી, માટે એ તો જેવો તેવો જોગ;
ખરો જોગી તે તો ન કહેવાય, સમજી રાખો સહુ મનમાંય. ૧૫
નિર્વિકલ્પ વર્ણવું જોગી, જે છે અંતર સદા અરોગી;
આઠો પહોર રાખે હરિ જોગ, ત્યાગે સઘળા વિષય વૈભોગ. ૧૬
સુષુપ્તીમાં કદી નવ જાય, પરાણે ન જવાય જવાય;
સ્વપ્ન અવસ્થા ન હોય તેને, લાગી લગની હરી સંગ જેને. ૧૭
ત્રાણ અવસ્થા સાંભરે શામ, આઠ પહોર રટે હરિનામ;
મન નવ ઘડે બીજા ઘાટ, મટી જાય સરવ ઉચાટ. ૧૮
દેહ વહેવાર કરતાં તેહ, મૂરતી ધારવી ન મૂકે જેહ;
ખરો જોગી તે તો કહેવાય, હરી કૃપા પાત્ર તે ગણાય. ૧૯
આવો જોગી જો ગૃહસ્થ હોય, પોતાની સ્ત્રીનો સંગ કરે સોય;
તે પણ ઋતુ સમે એક વાર, સમજી રાખવું એ નિરધાર. ૨૦
પછે બીજે માસે માથે થાય, એક વાર તે સ્ત્રી પાસે જાય;
પણ ગર્ભ ધારણ કરે જ્યારે, રાખે બંધ સ્ત્રી સંગ ત્યારે. ૨૧
પ્રજા થયા પછી બીજી વાર, જ્યારે ઋતુ આવે નિરધાર;
ચોથે દીને નહાય જ્યારે તેહ, કરે સંગ ફરી સ્ત્રીનો તેહ. ૨૨
એમ શાસ્ત્રની છે મરજાદ, માટે પાળવી નિર્વિવાદ;
રોજ ભોગ ઈચ્છા સ્ત્રીને હોય, નિરવિકલ્પ જોગીની જોય. ૨૩

બાથમાં લઈ સ્ત્રીને સુઈ જાય, ભોગવે નહીં ભોગ જ જરાય;
ઝરી જાય વીર્ય ઝેર જ્યારે, કલેશ ઘરમાં ન થાય કોઈ વારે. ૨૪
આ તો સ્ત્રીવાળા ગૃહસ્થની વાત, સમજી રાખજો તે ભલી ભાત;
સ્ત્રી વિનાનો હવે ધોળો જોગી, જ્યાં સુધી નિંદરાનો છે ભોગી. ૨૫
સ્વપ્ન અવસ્થામાં આવે જાય, તેમાં સ્ત્રી તણો જોગ જો થાય;
વીર્યપાત જરૂર તેને થાય, તેનો શોક ન કરવો જરાય. ૨૬
સાત પ્રકારે રહ્યો છે સંગ, માટે બાધ નથી તેને અંગ;
સ્વપ્ન અપવાસનું લખ્યું જેહ, ભગવા જોગીનું જાણવું તેહ. ૨૭
શાસ્ત્ર સાર લોચો લગાર, મોટાઓએ રાખ્યો નિરધાર;
શાસ્ત્ર સાર સમજાય છે ત્યારે, સમજાવે સત પુરુષ જ્યારે. ૨૮
વચનામૃત પ્રથમ ચોત્રીસ, બ્રહ્મચર્ય રીત લખી ઈશ;
ત્યાગી ગૃહસ્થની નિરધાર, તેનો અહીં લખ્યો છે જ સાર. ૨૯

(દોહરા)

શ્રવણ કરી આ વાતનું, મનન કરો મનમાંય;
થશે વાત સાક્ષાતનો, નિદીધ્યાસ કરતાંય. ૩૦

।। ईति श्री गुरु ज्ञान गीतायां प्रथमोडध्याय: अ. १ ।।

## —: અન્નાદિક આહાર :—

(ઉપેન્દ્રવ્રજા)

આહાર કેવો દરરોજ લેવો, બીજે કહ્યો છે હરિ એ જ એવો;
શાથી ખવાડે હરિ તો પરાણે, મીઠા પદાર્થો હરિ જોગ ટાણે. ૧

(દોહરા)

છપ્પન ભોગ રોગ જાણજો, દુ:ખ દાયક છે એહ;
ઘી ગોળ તીખાં તમ તમાં, ભોજન ખટ રસ જેહ. ૨
વિઘ્નકારી જાણવાં, હરી જોગ ટાણે નિરધાર;
માટે રસના જીતવી, એમ લખ્યું શાસ્ત્ર મોઝાર. ૩
જીતે રસના ઈન્દ્રીને તો, બીજી બાકીની જીતાય;
મોકળી મૂકી રસના તો, બીજી મોકળી થાય. ૪
માટે ખટરસ સઘળાં ત્યાગવા, અન્ન પાણીથી રાખવો દેહ;
એક જ અન્નનું પ્રાશન કરવું, જોગ સાધવાવાળા જેહ. ૫

બ્રહ્માંડના ભગવાનના, નિશ્ચય વખતની વાત;
પીંડનાનો નિશ્ચય કરતાં, જૂદી છે સાક્ષાત. ૬
ખટરસ ભોજન ભેગાં કરીને, પાણી નાંખી જે ખાય;
સવાદ જુદા જાણે નહીં પણ, ઈન્દ્રીઓ સબળ થાય. ૭
જુદા જુદા જે પદાર્થો, તેના જુદા જુદા જે ગુણ;
જરૂર વ્યાપે દેહમાં, કહ્યું શાસ્ત્રે હરી નિરગુણ. ૮
અનંતકાળનો મહાવરો, ભોગ છપ્પનનો હતો જેહ;
તેને લાવ્યા નેમમાં, એકઠા કરાવી તેહ. ૯
બ્રહ્માંડની એ વારતા, સમજી રાખો સંતો મનમાંય;
પીંડનાની સખત તપની, નહીં રાખે લોચો ક્યાંય. ૧૦
આધાર પ્રાણનો જ્યાં સુધી, નથી હરી થયા નિરધાર;
અન્નપાણીનો રાખવો, ત્યાં સુધી પ્રાણાધાર. ૧૧
બંધાણ અનેક જનમનું, એકદમ પણ કેમ જાય;
બંધ કરે તો તરત જીવડો, અંતરથી અકળાય. ૧૨
દ્રોહ કરે હરી સંતનો, નવ જાણે પોતાનો દોષ;
શસ્ત્રો કરે શીર અળગાં, એમ મોટાએ જોયો જોષ. ૧૩
નૈમીશારણ્ય ક્ષેત્રમાં, હરી આપે છપ્પન ભોગ;
નિભાવવાને કારણે, નહીં તો નાસે મૂકી આવો જોગ. ૧૪
પણ અંતરજામી અંતરમાં, કહેશે છપ્પન ભોગ છે રોગ;
રોટલા પાણી વિના બીજા, સઘળા દુ:ખ દેશે ભોગ. ૧૫
દ્રોહ નહીં થાય હરી તણો, અંતરમાં થશે અભાવ;
રોટલા ખાઈને ભજન કરવા, મનડું કરશે ઠરાવ. ૧૬
મહારાજ બોલ્યા અમે પૂર્વે, ગોળા ખાવા દીધા સંતને;
મુક્તાનંદ આદીક પચીસ સાધુ, આવ્યા ઠપકો દેવા અમને. ૧૭
ત્યારે અમે કહ્યું જોશો નહીં, તમો ભીખ માંગવા હવે પછી;
રોજ તમને જમાડશું, જમો તમે ઘેર મોજથી. ૧૮
લાડવામાં કુટારો ઘણો, તેથી શીરો કરે દરરોજ;
લોટ ઘી ખાંડ સરખાં, ખાઓ સંત કરોને મોજ. ૧૯
ગળ્યું નિત્ય ભાવ્યું નહીં, શીરો જોઈને ઉલટી થાય;

સંતો સૌ કંટાળીઆ, ઘણું મૂંઝાયા મનમાંય. ૨૦
પછે ભેગા થઈ સૌ બોલીઆ, આજ્ઞા આપો જાવું ફરવા;
ત્યારે મહારાજ કહે થાઓ વિમુખ તમો, અમારે નથી પરવા. ૨૧
ત્યારે સંતો બોલીઆ, ખપ સત્સંગનો હશે અમને;
શીરો ખાઈને રહેવું પડશે, ત્યાગ ન કરીએ તમને. ૨૨
એમ અભાવ કરાવશે, મીઠાં ભોજનનો ભગવાન;
ખુશીથી જો ત્યાગશો તો, રાજી થાશે ઘનશ્યામ. ૨૩
બંધાણ થતા સુધી આપવા, જેવા ઘટે એવા ભોગ;
વળગે મન ભગવાનમાં, રાજી થઈને સાધે જોગ. ૨૪
ઉદાસી થઈ ભૂલે નાથને, ત્યાગી દેતાં જેવા ભોગ;
એવા ભોગનો ત્યાગ ન કરવો, હરીનો વધારવો જોગ. ૨૫

(ભૂજંગી)

આહારો લખ્યા આ, વિચારો હૃદામાં,
બને તેમ પાળો, થશે લાગ આમાં;
હરીએ કહેલા, નક્કી એમ જાણો,
વળી શાસ્ત્રમાંનાં મળે છે પ્રમાણો. ૨૬

।। ईति श्री गुरु ज्ञान गीतायां द्वितीयोऽध्याय अ. २ ।।

## —: ઉંઘ વિગેરે :—

(ઉજાપતિ)

નિદ્રા સંબંધી હરીના કહેલા, શબ્દો લખ્યા છે ત્રીજે ભણેલા;
સામાન્ય જ્ઞાની તથા કહ્યા છે, બુદ્ધિ પ્રમાણે અહીં વર્ણવ્યા છે. ૧

(રાગ - ચોપાઈ)

સવિકલ્પ નિશ્ચયમાં જાણો રે, ઉંઘનાં લખ્યાં છે જે પ્રમાણે રે;
પહોર રાત જાતાં સંતો સૂવું રે, પાછલી પહોર રાતે ઉઠવું રે. ૨
થયા બે પહોર ઉંઘના એમ રે, એ તો દેહાભિમાનના નેમ રે;
ઉંઘ મોટી માયા છે જરૂર રે, કામ ક્રોધ દોષે ભરપૂર રે. ૩
સર્વ દોષનાં બીજ છે એમાં રે, માટે માલ નથી ભાઈ તેમાં રે;
બહારના ભગવાનની વાત રે, દેહાભિમાની મારૂં સાક્ષાત રે. ૪

નિર્વિકલ્પ નિશ્ચય ટાણે રે, ઉંઘ ટાળવી એમ જે જાણે રે;
તે તો સંત ખરા બડ ભાગી રે, જેની લગની હરી સંગ લાગી રે. ૫
નવ થાવું સુષુપ્તિ માં લીન રે, એમ સંતો સમજે પ્રવિણ રે;
થાય નહી લીન તેમાં કદા રે, તો તો ટળે બધી આપદા રે. ૬
આઠે પહોર રટે હરી નામ રે, નાસે અંતર શત્રુ તમામ રે;
કથા કીરતન રાત દી કરે રે, કાળ માયાથી તે નવ ડરે રે. ૭
બ્રહ્મરૂપ માને, નહીં દેહ રે, હરી મૂરતીમાં લોભાણા જેહ રે;
હરી રાજી થાય તતકાળ રે, દેખે અક્ષર તેજ અંજાળ રે. ૮
તેને મધ્યે દેખે હરી રૂપ રે, ખરો જાણો તે સંત સ્વરૂપ રે;
તે તો કલ્યાણકારી છે સંત રે, એને સંગે ઓધરે અનંત રે. ૯
એકદમ એવું ન થવાય રે, રસ્તે રસ્તે ધીમેથી જવાય રે;
નવ માનવું દેહ આપણું રે, નીજ રૂપ, એમાં દુઃખ ઘણું રે. ૧૦
દેહ પંચભૂતનો વિકાર રે, માનો આત્મા છે અવિકાર રે;
રાખો હરી મૂરતીનું બળ રે, પાળો આજ્ઞા એની સબળ રે. ૧૧
અંતર સુખ જેમ જેમ વધશે રે, ઉંઘ આહાર તેમ તેમ ઘટશે રે;
એમ કરતાં કરતાં બંને જાશે રે, હરી મૂરતીમાં મન લોભાશે રે. ૧૨
પહેલાં જીતવાં નિદ્રા ને આહાર રે, પછે નાશ કરવો નિરધાર રે;
જેણે જીતી હોય નિદ્રા એમ રે, મને ભોગ ભોગવવા જેમ રે. ૧૩
જેવા ભોગથી હરી સાંભરે રે; તેવા આપવા જરૂર નરે રે;
જેના ત્યાગથી થાય ઉદાસ રે, એવા ત્યાગ ન કરવા વિલાસ રે. ૧૪
નિત્ય ઉઠી નારદજી ગાવે રે, ગુણ હરીજીના ભાવે ભાવે રે;
માટે જીતી હશે નિદ્રા જાણો રે, નહીં ગયેલી એમ પ્રમાણો રે. ૧૫
ગયેલી વાળા જોગી જે હોય રે, આઠ પહોર ગાય ગુણ સોય રે;
વીતે કીરતન કથામાં દિન રાત રે, પછે દેખે જો આત્મા સાક્ષાત રે. ૧૬
સાંખ્ય પુરો ભણી થયો જોગી રે, હરિ રસનો પુરો થયો ભોગી રે;
અંતર સુખ આવે નહીં જ્યારે રે, વિષય સારૂ વલખાં મારે ત્યારે રે. ૧૭
અંતર સુખે વિષય દબાય રે,, સાંખ્ય પુરો તેનો ન કહેવાય રે;
અંતર સુખ તેને જાણો યોગ રે, અંતર શાંતિ નહીં તે વિયોગ રે. ૧૮
બન્ને ટાણે વિષયમાં ન લોભાય રે, સાંખ્ય પુરો તેનો તો ગણાય રે;

થયું લખેશરીને બંધાણ રે, પાપડ ઘી ગોળ ખાંડનું જાણ રે. ૧૯
જોઈએ શાક અથાણાં ને ચટણી રે, રાયતાં આદીક ચીજો ઘણી રે;
ભૂખે સૂકાય પણ નવ ખાય રે, છાશ રોટલો જાણે મન માંય રે. ૨૦
ગરીબ છાશ રોટલો ખાય રે, તો પણ જાડો શરીરે તે થાય રે;
એ તો અભ્યાસની છે વાત રે, જાણી લેવી તે તો ભલી ભાત રે. ૨૧
અંતર શાન્તિ પમાડતા ભોગ રે, તરત નવ ત્યાગવા જોગ રે;
ત્યાગે તો સુખ જરા ન થાય રે, મૂળગો ભગવાનને ભૂલી જાય રે. ૨૨
એમ ભોગ ભોગવાય જ્યારે રે, વિર્યપાત જરૂર થાય ત્યારે;
ધોળાં લૂગડાવાળાનું કહ્યું રે, બીજાનું તો અધુરૂં રહ્યું રે. ૨૩
ધોળા ભગવા ભીખ વાળા જેહ રે, તેને તો મોટું વીઘન એહ રે,
સ્વપ્નમાં વિર્ય જાય તેને રે, અપવાસ જરૂર કરવો એને રે. ૨૪

**પુષ્પીતાગ્રા**

કરીઓ આમ અપાર પદ વારતાઓ, હરિએ જાણ વિચાર પાર પાઓ;
મળશે સુખ અપાર લાભ થાશે, ટળશે તાપ તમામ રોગ જાશે. ૨૫
।। ईति श्री गुरु ज्ञान गीतायां तृतीयोडध्याय अ. ३ ।।

## —: અખંડ ચિંતવન :—

(વલણ)

કરવું અખંડ ચિંતવન જ્યારે જી, કેમ વર્તન રાખવું ત્યારે જી;
લખ્યું ચોથા અધ્યાયની માંયજી, સાંભળો એક ચિત્તથી સોયજી. ૧

(દોહરા)

એના ચાર ઉપાય છે, લખ્યા વચનામૃત મધ્ય છત્રીશ;
પાંચમો તો હરી કૃપાનો, વાત કહેવાની નહીં લખ્યું ઈશ. ૨
કહીએ તો કોઈ માને નહી, કહેનારને ઠરાવે મૂરખો;
અનુભવે જે તે જ માને, બીજાને નવ પડે પરખો. ૩
માટે પુરૂષ પ્રયત્ન કરવો, સ્મૃતિ અખંડ રાખવા કાજ;
રાજી થાશે પ્રભુ કૃપા કરહે, અખંડ સાંભળશે વૃજરાજ. ૪
ભગત ને ભગવાન બન્ને, કહે છે વળી એમ;
થાય એટલું કરો તમે, પ્રભુ વળગે તમોને જેમ. ૫

નહી તો અમો બંને કૃપા કરશું, વળગશે પ્રભુ નિરધાર;
વચન મોટાનાં કેમ ફરશે, કૃપા કરશે પ્રાણઆધાર. ૬
મૂર્તિ દ્વારે જેણે અનેક જન્મે, કર્યું હશે હરી ભજન;
તન મન ધન દીધાં હશે, રાજી કરવા ભગવન. ૭
સાચી ભક્તિ દેખી જ્યારે, રાજી થયા પ્રભુજી આપ;
સંતરૂપ ભગવાનનો, તેને થયો પ્રત્યક્ષ મેળાપ. ૮
સેવક થયો પછી એહનો, પાળે જે કહે તે વચન;
ધ્યાન ભજન કરે એમનું, સંપૂર્ણ દઈ તન મન ધન. ૯
બાયડી છોકરાં દેહ સંબંધી, તેને અર્થે જેમ થાય;
તેવું જ કરી શકે ભગવાન અર્થે, પાત્ર એ તો ગણાય. ૧૦
પછી પ્રગટના પ્રતાપથી, થાય અતી મોટો તે સંત;
હરીકૃપાનું પાત્ર થઈને, તારે જીવ અનંત. ૧૧
તન દીધું કોને જાણવું, કરે સેવા તને કહે જેમ;
મન દીધુ એને જાણવું, મન વળે આજ્ઞા હોય એમ. ૧૨
સંશય કદી કરે નહી, હરી વચનમાં કોઈ કાળ;
તેણે જ પુરૂં મન દીધું, એમ કહે છે મરાળ. ૧૩
મન સંપૂર્ણ દીધું તેને, ધનનો ન હોય હિસાબ;
જેમ જેણે એમ વાપરે, પ્રગટના પરતાપ. ૧૪
પૂર્વે જેણે પ્રગટની, સેવા કરી હશે સાર;
તેને આજ પ્રગટમાં, ડગમગાટ ન થાય લગાર. ૧૫
છેલ્લો જનમ તેનો જાણવો, કૃપાપાત્ર થયો જે નાથનો;
અખંડ થાય ચીંતવન એને, ટળે વિઘન આ લોક સાથનો. ૧૬
મન સાથે જેણે વેર કરીને, સેવા કરી હશે પ્રગટની;
કહેતાં મનના ના કહેવા છતાં, જીવે સેવા કરી હરી રૂપની. ૧૭
પૂર્વના એવા બીજબળ વડે, નવ કરવું પડ્યું આજ વેર;
સ્વામી જેમ કહે તેમ, સેવા કરે મન રૂડી પેર. ૧૮
સ્વામીને વશ છે સાયબો, કરે જે કહે તે કામ;
જેમ આપણો ચાકર, આપણું કહ્યું કરે તમામ. ૧૯
પ્રગટના શિષ્ય જે થયા, દઈ પુરૂં તન મન ધન;

પરાણે પ્રભુ વળગાડશે, સ્વામી થઈને પ્રસન્ન. ૨૦
મનોરથો પૂરા થાય છે, અને થશે બાકી હશે જેહ;
પ્રગટના પ્રતાપથી, નવ રાખવો મન સંદેહ. ૨૧
સાચા ભક્ત બનાવશે, પ્રથમ ઓગણપચાસ અનુસાર;
ભગવાન રાખવા સહેલા થશે, દુઃખદાયક થશે સંસાર. ૨૨
બીજ બળનો અરથ રૂડો, સાંભળો સંતજન;
લીંબ બીજનો લીમડો, થાય કડવો કરો જતન. ૨૩
પાણી પાઈએ સાકરનું, પણ કડવાટ તે નવ જાય;
શેરડી બીજને ખાતર પાણી, લીંબ પાન અપાય. ૨૪
તો પણ રસ શેરડી તણો, થાય ગળ્યો એ બીજ બળ;
એમ સંતો સમજજો, બીજ બળ આપણે સબળ. ૨૫
વેર કર્યું હશે પૂર્વે, મન સાથે સ્વામી સેવા કાજ;
આ જનમમાં એ જ બળથી, નવ કરવું પડ્યું ભાઈ આજ. ૨૬
જેમ કહે એમ કરવું, સ્વામી વચન પાળવા માટ;
સ્વામી તેથી કૃપા કરશે, ટળશે બધા ઉચાટ. ૨૭
સ્વામીને વશ ભગવાન છે, કહેશે તેને વળગશે આપ;
ગમતું કરશો સ્વામી તણું તો, મટશે સૌ સંતાપ. ૨૮
પણ પાત્ર થયા વિના, વળગશે તો સુખ ન થાય લગાર;
પાત્ર થાઓ તો સુખ પૂરૂ, આવશે નિરધાર. ૨૯
જગત મિથ્યા વિષય ખોટા, ભગવાન સત્ય જણાય;
યથારથ એવું જ્ઞાન થાય તો, તે જન પાત્ર ગણાય. ૩૦
ભગવાન એકલા સત્ય રહે, અને વળગે જો ભગવાન;
સંપૂર્ણ સુખ પામે તે જન, એમ સમજવું ગુણવાન. ૩૧
અક્ષર પુરૂષના બુંદથી, બ્રહ્માંડ ઉપજે અપાર;
આત્યાંતિક નાશ પામે, લખ્યું છે શાસ્ત્ર મોઝાર. ૩૨
પીંડ ને બ્રહ્માંડ સર્વે, નાશવંત જરૂર;
માટે જગત મિથ્યા છે, એમ સમજજો ઉર. ૩૩
વિષય ખોટાની વાત કહું, કેવળ પ્રજા માટે છે દોષ;
બાળ વૃદ્ધમાં નથી જણાતા, તેનો નથી કાંઈ અફસોસ. ૩૪

બાળકને હોતા નથી, જુવાનીમાં એ જ જણાય;
ઘડપણમાં દેહમાં નથી, પણ પડ્યા રહે મનમાંય. ૩૫
વિષયમાં કાંઈ માલ છે, એમ રહે છે મન વાસના;
જનમ મરણ દુઃખ ભોગવે, પામે દેહ ચોરાશી જાતના. ૩૬
અનુભવ કરાવી સત્ય સુખનો, સુખ મનાવ્યું ભગવાનમાં;
પ્રગટના પરતાપથી, સંતો સમજજો તમે સાનમાં. ૩૭
એ સુખના પડઘા વડે, તાણી લેશે હરી નિરધાર;
હરખ શોક કોઈ વાતનો, નવ કરવો સમજી સાર. ૩૮
મધ્ય ચોથામાં હરી કહ્યું, અખંડ ચીંતવન કેમ થાય;
પ્રગટને નિર્દોષ જાણે, જેવા અક્ષરમાં છે રાય. ૩૯
સદા રહ્યા અક્ષરમાં, નથી આવ્યા ગયા એ કાંય;
શુભ અશુભ એનાં ચરિત્ર સર્વે, દેખાવા માત્ર મનાય. ૪૦
તરક મન કરે નહીં, કેમ થયું આ કેમ થાય;
મન કર્મ વચને કોઈ દી, નવ દોષ હરીમાં મનાય. ૪૧
બાજીગર કરે રૂપીયો, પણ કાંકરો મનાય મન;
નટ ચઢે પડે કકડા થઈ પણ, કપાયું નથી એનું તન. ૪૨
એમ હરીનાં સૌ ચરિત્રમાં, મન તર્ક ન કરે કોઈ કાળ;
અખંડ ચીંતવન હરી તણું, ત્યારે થાશે ભાઈ તત્કાળ. ૪૩
નિસ્તર્ક બુદ્ધિ કરવી પડે, કરવું પડે ત્યાં સુધી ભજન;
થઈ છે એટલું થાય છે, સૌ વિચારી જુઓ મન. ૪૪

## પુષ્પીતાગ્રા.

અકળ અપાર વાત હરીની જ કા'વે,
ભવ જળ રોગ તમામ, નાશ પાવે;
ફરી ફરી વાંચી વિચારી સાર શોધી,
રટ રસના હરિ નામ સુખ બોધી.
॥ ईति श्री गुरु ज्ञान गीतायां चतुर्थोऽध्याय अ. ४ ॥ ૪૫

# —: સંકલ્પ કેમ ટાળવા-વિગેરે :—

(વલણ)

સંકલ્પો કેમ ટાળવા, તથા બીજી બહુ વાત રે;
લખી પાંચમે જાણજો, બોલ્યા હરી સાક્ષાત રે.
(ચોંપાઈ) ૧
વચનામૃત પ્રથમ ત્રીસ, ઘાટ સંકલ્પનું લખ્યું ઈશ;
વાંચવું મનવૃત્તિએ એહ, ભગવાન સમજાવશે તેહ.
નવી નવી વિદ્યા નિરધાર, પીંડના હરી પ્રાણ આધાર; ૨
લીલા પ્રગટની જે જે થાય, રહે દિવ્ય ભાવ ત્યાં સદાય.
રાખવો નવ પડે એ જયારે, થાય દિવ્ય પોતે તે જ વારે; ૩
જેવો જાણે એવો પોતે થાય, એમ લખ્યું છે શાસ્ત્રનીમાંય.
આખા બ્રહ્માંડમાં જે જે બને, દેખે સાંભળે ઉપાડે તને; ૪
પામે સિદ્ધ દશા તતકાળ, જેના બેલી છે મરાળ.
ધ્યાન વચન બે છે ઉપાય, ઘાટ સંકલ્પો તો ટળી જાય; ૫
નીંદે નહીં જોઈ વૃત્તાંત, થઈ જાય જગત મન શાંત.
એમ વરતવું આપણે ભાઈ, થાય સર્વેને જે સુખદાઈ; ૬
વિષય માગે મન જયારે જોરે, પાછું વાળવું એ થોડે થોડે.
તોય વળે નહીં જયારે તેહ, આપવા ભોગ શાસ્ત્રે લખ્યા જેહ; ૭
પછે ધક્કો ખાઈ પાછું વાળશે, ત્યારે સર્વ આપદાઓ ટળશે.
ધક્કો એટલે નહીં મળે સુખ, જયાં જયાં દેખશે દુઃખ; ૮
માટે છાશ રોટલો તો સારો, પણ મનનો ટળે જો કૂટારો.
વિષય સુખ કેવળ દુઃખરૂપ, શાસ્ત્રમાં લખ્યું એનું સ્વરૂપ; ૯
પ્રથમ આડત્રીશ પ્રમાણ, મન નવરૂં ન રાખવું જાણ.
ઘાટ સંકલ્પ હરીના કરવા, મનને નવ જાવા દેવું ફરવા; ૧૦
એક ટળે બીજો રજુ કરવો, બીજો ટળે ત્રીજાને સાંધવો.
પરમહંસે સહિત મહારાજ, આંહીં ગયા આંહીં આવ્યા આજ; ૧૧
પૂજાયા આવી કરી વાત, સૂણી મેં જાતે સાક્ષાત.
ચરિત્ર રૂપી જાળા મોઝાર, મન ગૂંચવવું નિરધાર; ૧૨
નવરૂં રહેવા દેવું નહીં મન, એમ કહ્યું છે શ્રી ભગવાન.
૧૩

(વલણ)

કેવા પ્રગટને સમજવા, યથા શાસ્ત્ર નિરધાર રે;
વિકલ્પવાળા બોલને, નિર્વિકલ્પનો સાર રે,

(ચોપાઈ) ૧૪

આવ્યા પ્રકૃતિમાં ભગવાન, તોયે જાણવા પ્રતાપવાન;
માયા કરી શકે નહીં બાધ, મર કરે કોટી અપરાધ.
કરતા અકરતા જાણવા એને, સમજે જે રહી નીરબાધ તેને; ૧૫
નિશ્ચય સવિકલ્પ કહેવાય, નિર્વિકલ્પ નવ ગણાય.
નિર્વિકલ્પ ઘાટ ન થાય, કર્યું સાચું ખોટું હરીરાય; ૧૬
પાંચ સાત વરસ સુધી જેમ, બાળક સૂવે માતા પાસે તેમ.
સગાં વહાલાં ઘડે નહીં ઘાટ, નથી મનમાં કરતાં ઉચ્ચાટ; ૧૭
ભોગ બુદ્ધિ તણો નિરધાર, ઘાટ ઘડે નહીં કોઈવાર.
તેમ હરી ચરીત્રમાં થાય, સારો ભૂંડો ન ઘાટ ઘડાય; ૧૮
એ તો અક્ષરપતી અવિનાશ, વિરાજે છે સદા ચીદા કાશ.
એવી અખંડ સમજણ થાય, નિર્વિકલ્પ જ્ઞાન ગણાય; ૧૯
બાજીગર રૂપી ભગવાન, દેખાડે કાંકરો રૂપવાન.
સ્નેહ કરાવવાની એ લીલા, જાણી લેજો હો સંતો રસીલા; ૨૦
એ તો જન્મ્યા નથી નિરધાર, નથી કરતા અકરતા મોરાર.
નથી આવ્યા ગયા એમ જાણો, સદા અજનમા છે પ્રમાણો; ૨૧
નટ ચઢતો દેખાય આકાશે, પડે કકડા થઈ નૃપ પાસે.
બળે નટ સ્ત્રી કકડા સાથે, એ તો નટ વિદ્યાની છે ગાથ; ૨૨
નથી ચઢ્યો પડ્યો નથી બળ્યો, નટ ખેલ નવ જાય કળ્યો.
તેમ પ્રભુ કળા છે અનંત, કેમ પાર પમાય હો સંત; ૨૩
એમ નિસ્તર્ક બુદ્ધિ રહે જ્યારે, પાઠ નિર્વિકલ્પ ચાલ્યા ત્યારે.

(મંજુ ભાષિણી) ૨૪

નવ આવિયા, નવ ગયા હરી કદા, કરતા નથી અકરતા નથી સદા;
ભવરોગ નાશ કરવા જણાય છે,
ધરતાં જ ધ્યાન ભવરોગ જાય છે.
।। ઈતિ श्री गुरु ज्ञान गीतायां पांचमोऽध्याय । अ. ५ ।। ૨૫

# ભગવાનના સાચા સ્નેહી.

(દોહા)

શ્રી પ્રગટ સ્વરૂપને, પ્રણમી વાર હજાર;
જ્ઞાન વાર્તા હરી કરી, તેનો લખું છું સાર. ૧
સાચા સ્નેહી હરી તણા, કોણ કહ્યા મહારાજ;
સંતો સુણજો સ્નેહથી, સુધરશે સહુ કાજ. ૨

(ચોપાઈ)

મૂર્તિ દ્વારે ભજ્યા ભગવંત, સોંપી સર્વસ્વ તનમનધન;
અનંત જન્મ એમ સેવ્યા રાજ, રાજી થયા નહી મહારાજ. ૩
અર્પ્યું લીધું નહી એમ નાથ, બોલ્યા નહીં ન થયા સાક્ષાત;
રાખ્યો આધાર વિષયનો એણે, નવ લીધું નવ બોલીઓ તેણે. ૪
પણ કાલાવાલાઓ અપાર, કર્યા મૂર્તિ દ્વારે નિરધાર;
તેથી રાજી થઈ બોલ્યા આજ, લીધાં તન મન સૂધાર્યા કાજ. ૫
કાલા ઘેલા લાગે અતી વહાલા, કાલા બાળક બોલ રસાળા;
થઈ પ્રગટ માગીયું સર્વ, જેણે આપીયું મૂકીને ગર્વ. ૬
તેજ સાચા સ્નેહી એના જાણો, જેનાં લખીઆં શાસ્ત્રે પ્રમાણો;
એ જ જાણો હરીની કૃપાય, એ જ સાચો મિત્ર ગણાય. ૭

(દોહા)

સાચા મિત્ર શ્રી હરી તણા, વર્ણવીયા નિરધાર;
દિવ્ય ચરિત્રો નાથનાં, નીચે લખીએ સાર. ૮

# શ્રી હરીનાં દિવ્ય ચરિત્રો.

(ચોપાઈ)

જીવ ઈશ્વર તણો મેળાપ, કહો કેટલા શેરની વાત;
કીડી કુંજર મેળાપ એ જાણો, મોટું દિવ્ય ચરિત્ર પ્રમાણો. ૯
જીવ મોઢે પૂછે કાગળે જેહ, આપે ઉત્તર રાજી થઈ તેહ;
થયા મનુષ્ય જેવા નિરધાર, એ જ મોટું દિવ્ય ચરિત્ર સાર. ૧૦
વળી બીજું જે દિવ્ય ચરિત્ર, કીયું કહેવાય પરમ પવિત્ર;
વિષય સુખ કેવળ દુઃખ રૂપ, પ્રથમ સારંગપુરે લખ્યું અનૂપ. ૧૧

જીવ અર્થે કેવળ દુઃખમય, નરનાટક ભજવીયું ત્યાંય;
એ જ દિવ્ય ચરિત્ર કહેવાય, સૂણતાં જીવ પવિત્ર જ થાય. ૧૨
વિષય કેવળ દુઃખરૂપ નહીં, વિષય સુખ કેવળ દુઃખ સહી;
વિષય દુઃખરૂપ છે સાર, પણ કેવળ નહીં નિરધાર. ૧૩
કહેતાં કાંઈ સુખ એમાં ખરૂં, પછી અપાર દુઃખ આકરૂં;
વિષય સુખ કેવળ દુઃખરૂપ, સુખ લેશ નહી હે સ્વરૂપ. ૧૪
લખી ઈંદ્રની શાસ્ત્રમાં વાત, સૌ સુણજો તે સાક્ષાત;
હતી ઈંદ્રાણી ઘરમાં અનૂપ, ભોગવતો દુઃખે સોતું કંઈ સુખ. ૧૫
એનું નામ વિષય કહેવાય, કહું વિષય સુખ મહીમાય;
પેઠો ગૌતમ ઘરમાં તેહ, કેવળ દુઃખ રૂપ જાણો એહ. ૧૬
ભોગવ્યું એમાં દુઃખ અપાર, સુખ દીઠું નહી રે લગાર;
એવું વિષય સુખનું દુઃખ, સમજી રાખવું તેનું સ્વરૂપ. ૧૭
પરણી પંચે આપી જે નાર, વિષય દુઃખ સારૂં નિરધાર;
કામ પીડાથી દુઃખ જે થાય, તે દુઃખ સ્ત્રી થકી મટી જાય. ૧૮
પણ સ્ત્રીમાં નથી કાંઈ સુખ, કામ પીડાનું થયેલું દુઃખ;
તે દુઃખ સ્ત્રીથી ગયેલું જણાયું, એમાં સુખ છે એમ કહેવાયું. ૧૯
આત્મામાં સુખ રહ્યું છુ સાર, દુઃખે સુખ ન નીકળ્યું બહાર;
દુઃખ ગયું ને જણાયું સુખ, એ તો આત્માનું સુખ અનૂપ. ૨૦
ગુમડાની પીડા જે જે થાય, થઈ જ્યારે જ્યારે મટી જાય;
જાય પીડા ને સુખ મનાય, એ તો સુખ આત્માનું કહેવાય. ૨૧
દુઃખે સુખ દાટ્યું હતું જેહ, દુઃખ ગયું નીકળીયું તેહ;
પણ સુખ નથી નારી માંય, દઢ સમજજો મનમાંય. ૨૨
પરણેલીમાં છે કેટલું પાપ, ભોગવે ઘણાં દુઃખ સંતાપ;
કામ દુઃખ નિવારણ થાય, દુઃખ સંસારે ન વર્ણવાય. ૨૩
દુઃખ સ્થાનક સંસાર કહ્યો, શાસ્ત્રમાંથી એનો મર્મ કહ્યો;
બીજે દુઃખ આવે ને રે જાય, સ્થાન એનું છે સંસારમાંય. ૨૪
ભેખ આદી જે સ્ત્રીથી વિરક્ત, માગી ખાનાર સંસાર મુક્ત;
તેની પાસે આવે દુઃખ જાય, દુઃખ સ્થાનક સંસાર માંય. ૨૫
જીવે ત્યાં સુધી ત્રિવિધી તાપ, ભોગવે પોતાની સ્ત્રીનું એ પાપ;

સ્ત્રીને સ્ત્રીથી થઈ જે પ્રજાય, તેનું પોષણ દુઃખ સમુદાય. ૨૬
દેશ પરદેશ આથડે જીવ, થાય હેરાન રાત દી અતીવ;
અનેક વસ્તુઓ કમાવા કાજ, ધન પ્રાપ્તિના જુદા જુદા સાજ. ૨૭
એવાં દુઃખ સહે છે અપાર, એ જ પાપ ભોગવે સંસાર;
મૂઆ પછીના પાપની વાત, સૌ સાંભળજો સાક્ષાત. ૨૮
એક સ્થાને ઘણું રહેવાય, જીવ વાસના ત્યાં બંધાય;
કહ્યું મહારાજે શાસ્ત્રનીમાંય, એક સ્થાન ગોદોહન રહેવાય. ૨૯
ઝાઝું રહે તો બંધન થાય, જીવ વાસના ત્યાં બંધાય;
ગાળી ઉમ્મર પરણી સાથ, બંધાઈ વાસના એની સંગાથ. ૩૦
જન્મ મરણ ભોગવાવે એહ, મૂઆ પછીનું પાપ છે તેહ;
સમજી રાખવો પરમ સિદ્ધાંત, સાક્ષાત શ્રી મુખે કહ્યું છે વૃત્તાંત. ૩૧

**(મંજુ ભાષીણી)**

હરિ મૂર્તિમાં મન સદા ઠરાવજે, વચનો વિચારી હરનીશ પાળજે;
નવ ધારતાં જ વચનો વિસારતાં, દુઃખડાં વધે તનમને દિને દિને. ૩૨
।। ईति श्री गुरु ज्ञान गीतायां षड्डोडध्याय । अ. ६ ।।

**દોહા**

સાતમે પ્રગટ ને પ્રમાણના, અર્થ જે હરી કર્યા જ વર્ણવ્યા;
શિષ્ય પાપ ઘર ભંગ તે તણાં, દિવ્ય કામ ભગવાનનાં કહ્યાં. ૧
પ્રગટ ને પ્રમાણ જેવા, સ્નેહીની કહું વાત;
પ્રગટ કહેતાં જ્ઞાની અજ્ઞાની, દેખે તેને સાક્ષાત. ૨
ભગવાન રૂપ સંતને, તથા ભગત રૂપ જે સંત;
બંનેને સાક્ષાત દેખે, બધા પ્રગટ જાણે ગુણવંત. ૩
પરોક્ષને બધા દેખે નહિ, દેખે જ્ઞાની એકલા જન;
પ્રગટ ભાદરણ ગામના, જ્ઞાની અજ્ઞાની દેખે જન. ૪
નારદ દુર્વાસા હનુમાન આદિ, સંતરૂપ ભગવાન;
અજ્ઞાની નથી દેખતા, દેખે જ્ઞાની અને ગુણવાન. ૫
પરોક્ષ એને જાણવા, નવ પ્રગટ કહેવાય તેહ;
પ્રમાણ શબ્દનો અર્થ હવે, સાંભળજો કહું જેહ. ૬
શાસ્ત્ર પ્રમાણે લક્ષણ એનાં, મળતાં આવે નિરધાર;

પ્રમાણ એને જાણવા, સમજો અર્થ અનુપમ સાર. ૭

**વસંતતિલકા**

જાણી દયા હરિ તણી, અતિશે જ આજે,
જીવો તણા વિષયને હળવા જ કાજે;
રૂડા પ્રકાર સુખના હરિએ બતાવ્યા,
શીરે ચઢાવી સુજનો, સુખીઆ જ થાજો. ૮

॥ ईति श्री गुरु ज्ञान गीतायां सप्तमोडध्याय । अ. ७ ॥

**રથોદ્ધતા**

આઠમે હરિ તણાં કહેલ જે, લક્ષણો વરત પંચનાં જ તે;
પાળવાં નિર્વિકલ્પ નિશ્ચયે, વર્ણવ્યા મન વિષે ઉતારવાં. ૧

ચોપાઈ

નિર્વિકલ્પે પાંચ વર્તમાન, નિષ્કામ નીર્લોભ ને નિર્માન;
નિરસ્વાદ ને નીરસ્નેહ જાણો, લક્ષણ વિગતવાર ઉર આણો. ૨
પારકી ને પોતાની જે નાર, કાપે તન જેમ તલવાર;
નવ ભોગવવી જાણો એહ, ભોગવે તો લોપ્યું વર્તે તેહ. ૩
નીરલોભની સાંભળો વાત, કરી શ્રી હરીએ જે સાક્ષત;
દેહ નિર્વાહ કરવા કાજ, કરવો ઉદ્યમ ન રાખવી લાજ. ૪
જીવ પર્યત પોષણ થાય, એટલો જ ઉદ્યમ કરાય;
વધું કરે લોપાય વર્તમાન, સૌ સાંભળજો ગુણવાન. ૫
સૂણો નિરસ્વાદની હવે રીત, વર્ણવી છે જ પરમ પુનિત;
એક જમણે બે વસ્તુ હોય, ભેગું કરીને ખાવી સોય. ૬
હોય ઝાઝા છપ્પન ભોગ જ્યારે, બધું ભેગુ કરી ખાવું ત્યારે;
જુદુ જુદુ મુખમાં મૂકાય, તો તો નિરસ્વાદી વર્ત લોપાય. ૭
હવે નિરસ્વેદી વર્તમાન, વર્ણવું તે રાખજો ધ્યાન;
વગર ખપનો કરવો સહવાસ, માણસ પદારથ જોડે ખાસ. ૮
મન કર્મ વચને નિરધાર, તો તો લોપાયું વર્ત જાણે સાર;
હવે પાંચમાનો પરકાર, નિરમાની વરતનો સાર. ૯
સૌ સાંભળજો રાખી ચિત્ત, પાળ્યે લાભ થશે રે ખચીત;
હું માસ્તર ને પાટીદાર, લાવું મહીનો મોટો અમલદાર. ૧૦

મોટા કૂળનો કિર્તીમાન, હું તો આ લોકમાં ગુણવાન;
એવું રાખી મન અભિમાન, કરે ગરીબનું અપમાન. ૧૧
નીચ કૂળનો ભગવાન ભક્ત, પ્રગટ પ્રભુનો જગથી વિરક્ત;
એના આગળ કેફ જણાવી, કરે અપમાન હું પદ લાવી. ૧૨
તેણે લોપીયું એ વર્તમાન, માટે મોહે ન ભૂલવું ભાન;
પ્રગટનો મિત્ર આપે કદી માન, નવ રાખવું તેણે ગુણવાન. ૧૩
એની આગળ છોડવું માન, તો તો પળાયું વર્ત નીરમાન;
જગત જીવ પ્રતિમાના ભક્ત, બીજા આશરાવાળા જે જક્ત. ૧૪
તેની આગળ રાખવું માન, નવ રાખે તો બગડે કામ;
ઘટે એટલું રાખવું સાર, તો તો રાજી થાય કિરતાર. ૧૫
પંચ વર્તમાન પૂરા થયાં, લખ્યાં જંવાં હરીએ કહ્યાં;
સવિકલ્પ વર્તમાન પાર, દારુ માટી ચોરી ને છીંનાળ. ૧૬
પાળે તો મરીને મુક્ત થાય, સૌ સમજજો મન માંય;
નિરવિકલ્પે પાળે નવ (વર્તમાન) જયારે,
થાય જીવન મુક્ત એ ત્યારે. ૧૭
પાળે નહિ તેને તેટલી ખોટ, નવ પામે તે જીવતાં મોટ;
જીવ બળને પામતો જાય, વધારો વર્તમાન પળાય. ૧૮
સંત સમાગમ દુર્લભ ભાઈ, સુખ રહ્યું હરી ચરણમાંહી;
કાં સંતમાં રહ્યું નિરધાર, સમજી રાખોને આ સૌ સાર. ૧૯
કરો આદર ભજનનો ભાઈ, વાધે પ્રભુ સંગે સગાઈ;
એ જ સુખનો ઉપાય જાણો, લખ્યાં શાસ્ત્રમાં એના પ્રમાણો. ૨૦

(वैताल्यम्)

લખિયાં વચનો હરી તણાં, સમજીને જીવમાં ઉતારજો;
સુખિયા કરશે જરૂર એ, પળતાં દુઃખ તમામ પામશે. ૨૧

ईति श्री गुरु ज्ञान गीतायामष्टमोध्यायः। (अ. ८)

(वैताल्यम्)

જગના કરતા હરી દયાળા, પ્રગટ્યા છો અમ કાજ આજવા'લા;
કરવા તમને પ્રસન્ન સ્વામી, મનમાં છે અભિલાષા આજ નામી. ૧
ટળજો વિઘનો થતાં જ તેમાં, ફરમાનો પળજો તમે કહેલાં;

જપજો જીવ જાત રાતદા'ડો, બની ભક્તિ ભજનો તણો અખાડો. ૨

(દોહા)

પ્રથમ ચૌદમાં હરી લખ્યાં, દાસ લક્ષણો સાર;
વર્ણન કરવું તેહનું, સૂણજો રાખી પ્યાર. ૩

(ચોપાઈ - રામાયણની)

જાણે આત્મા સત્ય હરી દાસ, મીથ્યા દેહ જગતથી ઉદાસ;
કરે અર્પણ તન મન ધન, કરવા શ્રી હરીજીને પ્રસન્ન. ૪
દાસ ત્રણ પ્રકારના હોય, ઉત્તમ મધ્યમ કનિષ્ટ જોય;
લખું લક્ષણ જુજવાં જાણો, સ્થિર ચિત્તે મનમાંહી આંણો. ૫
વિષય ખોટા જાણ્યા નિરધાર, સત્ય પ્રભુજી મન મોઝાર;
તેથી વાપરે તન મન ધન, કેવળ રાજી કરવા જીવન. ૬
પણ ભૂંડા દેશ કાળે કરી, કાં તો કુસંગથી બુદ્ધિ ફરી;
અવળું વરતાઈ જો જવાય, મનમાં સારૂં કર્યું નવ થાય. ૭
કે'તાં સર્વે ઈચ્છા જેની ગઈ, એક પ્રભુ પ્રસન્નતાની રહી;
તે તો ઉત્તમ દાસની રીત, પરમ સત્ય આ વાત ખચીત. ૮
રાખે પુત્ર કલત્રમાં પ્યાર, અરધો રાખે હરી મોઝાર;
તે તો મધ્યમ હરીનો દાસ, અરધો રહે જગથી ઉદાસ. ૯
દાસ કનિષ્ટ લક્ષણ જેહ, સાંભળજો સૌ હવે તેહ;
પુત્ર પોષણ પ્રેમથી કરે, સ્ત્રીની સેવામાંહી મન ફરે. ૧૦
એમ કરતાં ખૂટે નહિકાળ, ત્યારે સંભારે મન મરાળ;
કરે સેવા તન મન ધન, કનિષ્ટ એવો જન. ૧૧
સવિકલ્પ નિશ્ચયમાં જાણો, દાસ ભાવ રહ્યા પરમાણો;
નિરવિકલ્પમાં નિરધાર, રહે આત્મ ભાવની જાણો સાર. ૧૨
ચોસઠ પ્રથમના અનુસાર, કરે સમજણ પાકી નિરધાર;
આત્મા અક્ષર હરીનું શરીર, શરીર જાણો હરી બળવીર. ૧૩
લખ્યું શિક્ષાપત્રી માંહી એમ, દેહમાં જીવ રહ્યો છે જેમ;
તેમ જીવનમાં રહ્યા ભગવાન, માટે જીવ હરિ દેહ માન. ૧૪
જીયાં સુધી રહે દેહ જીવ, દેહ બગડે નહીં જરાય;
જીવ જતાં દેહ સડી જાય, પડે કીડા પછે ધૂળ થાય. ૧૫

માટે જીવથી દેહ રહે સારૂં, જીવ ગયાથી દેહ નઠારૂં;
તેમ ભગવાનથી જીવ સારો, ભૂલે ભગવાન જીવ નઠારો. ૧૬
વિષય સુખની ઈચ્છા થયા, તે તો બગડ્યો જીવ કે'વાય;
તે તો (ઈચ્છા) જ્ઞાન પ્રલયથી બાળો, અખંડ ભગવાનને સંભારો. ૧૭
જીવ જીવન છે ભગવાન, જીવન જાતાં દુઃખ જીવ મન;
જીવ વિષય સુખમાં જાય, પ્રભુજી મનમાં કચવાય. ૧૮
આવેલું સુખ નાશી જાય, ફરી આવે નહીં જરાય;
જીવ આકુળ વ્યાકુળ થાય, આવ્યું મોત જાણ્યું મનમાંય. ૧૯
વિષય સુખની ઈચ્છાવાળો, મોટો રોગ એ મનનો ટાળો;
રહે સુખને શાંતિ સદાય, સદા હરી ભજન મનમાંય. ૨૦
હેતુ દેહમાં જીવન ધન, આત્મ જીવન છે ભગવાન;
જાય જીવન તો દુઃખ થાય, રાખો જતન કરી સદાય. ૨૧
આત્મા શરીરમાં નહીં ભેદ, બોલ્યા હરી જાણો તે વેદ;
દેહ ભાવમાં શાંતિ અન્ન ધન, આત્મભાવમાં શાંતિ જીવન. ૨૨
અન્નધનની શાંતિ કરતાં, થઈ વધારે હરી સમરતાં;
તેથી દેહભાવ ગયો જાણો, આવ્યો આત્મભાવ પરમાણો. ૨૩

(દોહા)

ભાવ કરી આ જ્ઞાનને, ઉતારો મન માંય;
સિદ્ધ કરો જો એહને, જીવન મુક્ત થવાય. ૨૪ ૨૪

।। ઈતિ શ્રી ગુરુ જ્ઞાન ગીતાયાં નવમોધ્યાયઃ। (अ. ९)

संपूर्णम्

# શ્રી ગુરૂ ગોવિંદ જ્ઞાન ગીતા (૨)

**લેખક : મુક્ત શ્રી ગોવિંદભાઈ માસ્તર.**

## હરીગીત

હે નાથ જગના તાત, પ્રભુ વિખ્યાત, અક્ષરના પતી,
શ્રી ગુરૂ ગોવિંદ જ્ઞાન ગીતા, સમારંભ આજથી; ૧
કરવો જ ધાર્યો ઉરથી, ઈચ્છા તમારી સાંભળી,
તો સહાય કરજો નાથજી, એ વિનંતી છે માહરી. ૨

## ચોપાઈ

ખેડા જીલ્લામાં ઉમરેઠ ગામ, રહે ભગત ગોવિંદ નામ;
કરે નોકરી રહી અમરેલી, કરે ભગત બની આવે એવી. ૩
તેના ગુરૂ રહે ભાદરણ ગામ, પેટલાદ મહાલે રૂડું ઠામ;
પુરૂષોત્તમ છે જેમનું નામ, નીરખી લાજે કોટીક કામ. ૪
સંવત ઓગણી ચોસટ સાલ, લખીઓ કાગળ એક વિશાળ;
શિષ્ય ગુરૂને મોકલ્યો જેહ, તેનો ઉત્તર દીધો છે તેહ. ૫
કરૂં વર્ણન વિગતવાર, ગૂઢ વાત છે એ નિરધાર;
જ્ઞાન ત્રણ પ્રકારનું કા'વે, ઉત્તમ મધ્યમ કનિષ્ટ જે આવે. ૬
તેમાં કહેવાય અને જે થાય, એમ ભેદ કેમ સમજાય;
એવા પ્રશ્નને સાંભળ્યો જયારે, ઉત્તર લખે છે ગુરૂજી ત્યારે. ૭
કનિષ્ટ જ્ઞાની કોણ કહેવાય, તેની વિગતવાર કથાય;
લખું છું તે વાંચી એક ચિત્તે, સમજયો કે નહીં તેહ રીતે. ૮
તેનો ઉત્તર લખવા કાજ, દીધી આજ્ઞા મને ગુરૂરાજ,
કનિષ્ટ જ્ઞાની ભક્ત સમોહ, પંચ ભૂતમાં ન પામે મોહ. ૯
મોહ કોને કહેવો તેની રીત, વાંચી સારી ઠરાવજે ચિત્ત;
દશ હજારની નોટ હોય, સાચવી રાખી મુકીએ સોય. ૧૦
નકલ લખેલી એના રે જેવી, નથી સાચવતા બુદ્ધિ એવી;
વહેવાર તણો એ છે વિવેક, મોહ તે ન કહેવો રતી એક. ૧૧
મોહ તો જુઓ આનું રે નામ, ઈન્દ્રિયોને જયારે વ્યાપે કામ;
રૂડી રૂપાળી શણગાર વાળી, કૂડી કૂબડી ને વર્ણે કાળી. ૧૨
અધિક ન્યૂન નથી તલભાર, કામ સમાવે બેઉ એક હાર;
સારા ખોટાપણાની જે ભ્રાંતિ, એવો મોહ કરે છે અશાંતિ. ૧૩
કૂડી ભોગવી શાંતિ નવ થઈ, તેથી વૃત્તિ રૂપાળીમાં ગઈ;
જાણે એમાં તો સુખ છે ઘણું, આવી મૂરખાઈ લક્ષણમોહતણું. ૧૪
એવો મોહ જેને નવ થાય, તે તો કનિષ્ટ જ્ઞાની કહેવાય;
અંગ્રેજી આઠ જે ભણ્યો, હલકી નોકરી લાયક બન્યો. ૧૫
પણ નથી ભણ્યો જે જરાય, તેને લાયક નવ ગણાય;
કોઠી થાંભલા ઘરમાંના જેહ, દેખ્યા નથી અનુમાન્યા તેહ. ૧૬

એ તો અનુમાન્યા કહેવાય, પણ તેને દેખ્યા ન ગણાય,
આવી સમજણ જેને ઉર થાય, દીવા જેવા જ્ઞાની કહેવાય. ૧૭
કનિષ્ટ દીવા જેવા તે એક, એમ સમજવું તે વિવેક;
કહેવાયાની લખી છે આ રીત, થયાની લખું સાંભળ ચિત્ત. ૧૮
જ્યારે હૃદયમાં થાય ઉજાસ, દીવા જેવો જણાય પ્રકાશ;
માલ દેહ ઘરનો જણાય, માટે મોહ તેને નવ થાય. ૧૯
પાંચ ભૂતનું બનેલું દેહ, સાક્ષાત દેખાઈ ગયું છે તેહ;
માટે રૂપ કરૂપનો એને, મોહ નવ થાય રતી તેને. ૨૦
જેમ આઠ ચોપડી ભણેલો, કહેવાય નોકર તે પે'લો;
પણ જ્યારે નોકરીએ જાય, ત્યારે નોકર થયો કહેવાય. ૨૧
પંચ ભૂતે બનેલી આ કાયા, માની મને દેખી ન જરાય;
માટે માની તે તો કહેવાય, દેખે અજવાળે થયો મનાય. ૨૨

### દોહરા

દીવા જેવા કનિષ્ટની, કહેવાય થયાની રીતે;
લખી છે જે વિગતે કરી, ઠીક ઠરાવજે ચિત્ત. ૨૩

॥ ईति श्री गोविंद गुरुगीतायां प्रथमोऽध्यायः । (अ. १)

### ઉજાપતિ

પરલોકનો લોભ થોડો જ તેથી, કનિષ્ટ દીવા જેવા ભગતને;
ઈચ્છા થઈ જે થાઉં જેમ હું છું, દીવે હૃદયમાં પ્રગટ્યો જ તેને. ૧
વધે નહીં તે પછી તો જરાય, નોકર થયો તે દશબાર કેરો;
સો વર્ષ જીવે પછી જ જો એ, વધે ઘટે નહી તલ એક ભાર. ૨
આ લોક પરલોક બંને જગાએ, કનિષ્ટ સુખીઓ તે તોજ થાયે;
નંબર ત્રીજો અક્ષર ધામે, કનિષ્ટ દીવા જેવો જ પામે. ૩
મશાલ જેવા મધ્યમ ભગતનું, બંને પ્રકારે વર્ણન કરેલું;
કહેવાય થયા તણું જ જે છે, હવે લખું છું સૂણ રાખી ચિત્ત. ૪
મધ્યમ થયાનો અધિકાર કોને, કહેવાય દીવા જેવો જ તેને,
દીવો થએલો ન વધે જરાય, મર્મ લખ્યો છે ધર ચિત્તમાંય. ૫

### દોહરો

કહેવાય દીવા જેવો તેણે, અનુમાન બાંધ્યું એમ;

પંચભૂત જેમ મારા શરીરમાં, બધાંના શરીરમાં તેમ. ૬
આખા બ્રહ્માંડમાં આકાર જેટલા, દીઠેલ સાંભળેલ હય;
અનુમાનથી પંચ ભૂતના, સઘળા બનેલા સોય. ૭
જીવો અને ઈશ્વર તણા, બન્યા જુજવા જૂજવા દેહ;
નાશવંત એ માયા સઘળી, મનમાં સમજે તેહ. ૮
પઠન કર્યું સદ્‌શાસ્ત્રનું, તેમાં સાંભળી વાંચી પાંચ ભેદ;
જીવ ઈશ્વર અને માયા, બ્રહ્મ પરબ્રહ્મ વદે વેદ. ૯
અનુમાને દઢ ચિત્ત બેસાડી, સમજી રાખ્યા સાર;
મોહ તેને કેમ ઉપજશે, જેના ઉરમાં ઊંડો વિચાર. ૧૦
રૂપ જોવાં ને ઘાટ જોવા, જોવા દેશ વિદેશ;
અનેક ઉરમી શમે તેને, જેને આવ્યો પરમ વિવેક. ૧૧
બ્રહ્માના એક દિવસમાં, થાય ચૌદ લોકનો નાશ;
મોહ ન પામે ભોગ સુખમાં, સદા રહે છે ઉદાસ. ૧૨
એવી પાકી સમજણવાળો, મધ્યમ મશાલ કહેવાય;
જેમ ભણેલો ગુજરાતનો, મધ્યમ નોકર ગણાય. ૧૩
પારકાં મોઢાં જોઈ સુખ લેવું, જેમ નારીઓ નર ઈચ્છે ઘણું;
એક બીજા પાસે સુખ ખોળે, એવું નહીં લક્ષણ મશાલ તણું. ૧૪
જેમ ભણતર ગુજરાતનું, જે જન ભણેલો હોય;
મધ્યમ જ્ઞાની મધ્યમ નોકર, સૌ કોઈ ગણે સોય. ૧૫
પણ નોકરી કરતો નથી, માટે જ્ઞાન થવાથી કહેવાય;
મધ્યમ જ્ઞાન જેને ઉર થયું, તે મધ્યમ જ્ઞાની ગણાય. ૧૬
એક બ્રહ્માંડનાં પદાર્થ જેટલાં, દેખે સાંભળે જેહ;
પાંચ ભેદમાં ભાગ પાડી, મોહ ન પામે તેહ. ૧૭
આવું જ્ઞાન જેને થયું યથારથ, મધ્યમ ભક્ત કહેવાય;
હવે કહેવાય એવો મધ્યમ જ્ઞાની, ક્યારે થયો ગણાય. ૧૮
ગુજરાતની વિદ્યા ભણેલો, નોકરી લઈ કરે મોજ;
ત્યારે તે તો નોકર થયો, ભણવાની મેલી રમૂજ. ૧૯
ઉત્તમ જ્ઞાન સમજ્યા વિના, ધરાઈ ગયો જેહ જન;
ઓછા સુખના લોભથી, પાંચ ભેદ જોવા ઈચ્છયું મન. ૨૦

કાં તો ઉત્તમ ગુરૂ મળ્યા નહીં, અગર શ્રદ્ધા પડી ગઈ મંદ;
ભેદ જોવાની ઈચ્છા થઈ, તેથી સમરીયા સુખ કંદ. ૨૧
જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ જે કહેવાય;
સાક્ષાત નજરે દેખીયા, રાજી થયો મન માંય. ૨૨
ભણવાનું અધુરૂં રહ્યું, અટકીઓ એ ત્યાંય;
મશાલ જેવો તે તો થયો, મધ્યમ જ્ઞાની માંય. ૨૩
પછી જીવે સો વરસ પણ, વધે નહીં તલ ભાર;
મરે ત્યારે અક્ષર ધામે, મધ્યમ સુખ મળનાર. ૨૪
મધ્યમ સુખ આ લોકમાં, અક્ષરમાં પણ તેમ;
મધ્યમ ભગત પામશે, સમજવું મન એમ. ૨૫

### શૈલ

કહેવાય જેને થયલા ગણાય, મશાલો તણી ઉપમા તો અપાય;
કહી વાત તેની લખી જેમ નાથ,
સૂણો જ્ઞાન, આ તો કહ્યું છે અમાપ. ૨૬

॥ ईति श्री गोविंद गुरुगीतायां द्वितीयोऽध्यायः । (अ. २)

### ઉપજાતિ

કહેવાય ઉત્તમ વિજળી સમાના, થયેલ એવા ભગતો કહ્યા છે;
વિસ્તાર તેનો કરવો હવે જે, તપાસી રાખો મનમાં તમે તે. ૧

### ચોપાઈ

મશાલ જેવા જેહ કહેવાયા, પંચ ભેદ જેને દઢ જણાયા;
તેને અરથે છે આ ઉપદેશ, થયા મધ્યમ જે નહીં લેશ. ૨
ગુજરાતની વિદ્યાવાળો જ્યારે, ભણવું છોડી નોકર થયો ત્યારે;
વિલાયતનું ભણવાનું તેનું ગયું, તેનું પ્રારબ્ધ બંધાઈ રહ્યું. ૩
માટે મધ્યમ જેહ કહેવાય, તેને આગળ જવાનો ઉપાય;
લખું સાંભળી રાખજો ચિત્ત, ઠીકઠીક કરીને ખચીત. ૪
પંચ ભેદ શાસ્ત્ર પ્રમાણ, તેને બેમાં સમજવા જાણ;
આવી શાસ્ત્ર વચનની ઘાંટી, તેની કેમ છુટી જાય આંટી. ૫
દાખલો દઈ સમજાવું તેહ, દૃઢ સમજજો તમે તેહ;
ઘરમાં પાંચ મનુષ્ય જે હોય, તેને બે જ સમજવાં સોય. ૬

મરદ મેરીમાં પાંચ સમાવે, બીજા ભેદ નજરમાં ન આવે;
માને પોતાને એક અક્ષર, ધણી એક પુરષોત્તમ વર. ૭
બીજા ભેદ નજરમાં ન આવે, થયા હલકા કેમ મન ભાવે;
કોઈ જન બજારમાં જાય, બનુસ રાખવું મનમાંય. ૮
ચાદરો તે નજરમાં ન લાવે, રાખી બનુસને ઘેર આવે;
તેમ શાલ ખરીદવા જાય, તેનું મન બનુસે ન ધા'ય. ૯
એ તો એની નજરમાં ન બેસે, રાખી સાલ ને ઘરમાં પેસે;
એમ હલકા ગણી ત્રણ ભેદ, માને બે જ ભેદ જે અભેદ. ૧૦
માયા નાશવંત એમ જાણે, દેહાભીમાની જીવ પ્રમાણે;
ઈશ્વરને છે બ્રહ્માંડાભીમાન, એમ ત્રણ તજે એ ધીમાન. ૧૧
માને અક્ષર પોતાનું રૂપ, ભજે પુરુષોત્તમનું સ્વરૂપ;
બીજા ભેદ નજરમાં ન આવે, ઉત્તમ વિજળી જેવા તે જ કહાવે. ૧૨
સાંખ્ય જ્ઞાન દ્રષ્ટિએ જે પૂરો, કા'વે ઉત્તમ વિજરળી તે શૂરો;
હવે ક્યારે તે ઉત્તમ થાય, સાંભળો તેની કહું કથાય. ૧૩
ઉત્તમ થએલા વીજળી જેવા, તેનો સંગ કરે વળી સેવા;
સમાગમ રૂપ ધ્યાન તેનું, કરે કહેવાયલા જયારે એનું. ૧૪
બ્રહ્મપણાના ગુણને પામે, બ્રહ્મતેજ ચીદાકાશ જામે;
શુકજી જેવો તે તો થાય, અનંત બ્રહ્માંડોમાં સમાય. ૧૫
મૂળ અક્ષર જે ચીદકાશ, તેમાં સઘળે વ્યાપી રહે પ્રકાશ;
પ્રથમ છેંતાલીસ પ્રમાણ, થાય પૂરો જયારે નીરવાણ. ૧૬
પૂરો બ્રહ્મ થયો તે કહેવાય, પૂરો સાંખ્ય થએલો ગણાય;
બ્રહ્મ થયો તેને નિરધાર, હરી મૂરતી ધ્યાન અધિકાર. ૧૭
એમ ઉત્તમ સમાગમે જયારે, થાય ઉત્તમ પોતે ત્યારે;
બન્ને સરખા થયા નિરધાર, શાસ્ત્ર વચનામૃત અનુસાર. ૧૮
સમાગમ કરવો તે છોડે, બરોબરીઆ થયા આવ્યા જોડે;
એમ જેટલા ઉત્તમ થાય, પ્રભુ મૂરતી શોધવા જા'ય. ૧૯
પરબ્રહ્મ મુરતીનું ધ્યાન, કરવા શોધે અક્ષરમાં નિદાન;
તેને માટે જો હોય અવતાર, પ્રભુ પ્રગટનો નિરધાર. ૨૦
તેની મૂરતીને બ્રહ્મમાં ધારે, અખંડ એ મૂરતી સંભારે;

,પણ જ્યારે અવતાર ન હોય, જેને ભગવાન વળગ્યા હોય. ૨૧
એની મૂરતીનું ધ્યાન ધરે, એમ કાજ પોતાનું એ કરે;
એમ કરતાં સાક્ષાત થાય, પુરુષોત્તમ અક્ષરમાંય. ૨૨

**હરિગીત**

કહેવાયેલ વિજળી સમાના, ભક્ત ઉત્તમ વર્ણવ્યા,
વળી થયા એવા જ કેરાં, લક્ષણો જે આ કહ્યા;
વાંચી વિચારી રાખજો, દિલમાંહી બહુ સુખ આપશે,
આ લોક ને પરલોકમાં, તે વિઘન સઘળાં કાપશે. ૨૩

**।। ईति श्री गोविंद गुरु गीतायां तृतीयोऽध्यायः । (अ. ३)**

**દોહા**

પ્રગટ ન હોય અવતાર તો, ધરવું કેનું ધ્યાન;
વર્ણન તેનું આ લખ્યું, સાંભળજો દઈ કાન. ૧
અનેક જે મોટા થયા, વિજળી સરીખા ભક્ત;
તેમાંના એક મુક્તમાં, ઉધ્ધારવા જન જક્ત. ૨
વળગે તેને શ્રી હરી, જયારે દેહ તજીને જાય;
રીત પ્રમાણે જુગની, ગાળી આવરદાય. ૩
અનેક જન તેથી તરે, શરણે તેને જાય;
કેમ વળગે એ શ્રી હરી, તેની કહું છું કથાય. ૪
વળગે ભૂત જેમ મનુષ્યને, તેમ વળગે અવિનાશ;
પ્રગટ રહી એમ મુમુક્ષુનાં, કલ્યાણ કરે કરી દાસ. ૫
ભૂત વળગે બે પ્રકારે, મનુષ્યને નિરધાર;
તેમ જ પોતે શ્રી હરી, વળગે છે બેય પ્રકાર. ૬
સાધ્યા વગરનું વળગે, દાબે જનનું જ્ઞાન;
સાધેલું જો વળગે તો, રહે બંનેનું ભાન. ૭
તેમ ઈચ્છા પ્રમાણે અવિનાશનો, કામ અમૂક કરવા કાજ;
પ્રવેશ થાય સાધ્યા વિના, સ્વતંત્ર ચલાવે રાજ. ૮
સાધેલાની રીત બીજી, વાસ કરે અવિનાશ;
હરીને હરી ભક્ત બન્ને, જુદા જણાવે ભાસ. ૯
પરસ્પર છે પ્રીતડી, કરે એક મેકનું કાજ;

એવા પ્રભુને ઓળખી, સમરવા વૃજરાજ. ૧૦
વડવાનળ એ તો થયા, જેમાં આવ્યા શ્રી અવિનાશ;
બે ભેદ એમાં નથી, કહેવાય ને થાય. ૧૧
વડવાનળ મોટા પુરુષનું, ઘરે અનંત ભગતો ધ્યાન;
કહેવાય તે ભગવાન ઉત્તમ, ઉત્તમ પમાડે જ્ઞાન. ૧૨
પ્રગટના પરતાપથી, જેને ભજને આવે સુખ;
અજ્ઞાન હોય મર અનંત ભેદનું, ભજને ભાગે ભૂખ. ૧૩
અનંત ભેદમાં મોહ ન પામે, રાખે અખંડ વરતી જ્યાહ રે;
મધ્યમ તે ભગવાન કહેવાય, સમજવું મનમાંહ રે. ૧૪
તે મધ્યમ જે ચેલા કરે, ભગત પણ કહેવાય;
કારણ વૃત્તિ તે ભગતની, અખંડ ભગવાન માંય. ૧૫
પૃથ્વી ભેદ અનંત વાળે, ચેલો કરેલો જે હોય;
બંન્ને જણાની વૃત્તિ ત્યારે, ભગવાન સન્મુખ જોય. ૧૬
જેમ સૂર્ય કાચ ને કોઈ પદાર્થ, એ ત્રણ તણો એક તાર;
બાળે છે તે પદાર્થને, એમ સમજવું નિરધાર. ૧૭
સૂરજ તે ભગવાન પોતે, કાચ મધ્યમ ભગવાન;
પદાર્થને તે ભગત સમજો, ચેલો મધ્યમનો નિરવાણ. ૧૮
એ પ્રમાણે એનું પણ, કલ્યાણ જરૂર થાય;
હવે કનિષ્ટ છેલ્લો ભેદ વર્ણવું, સમજજો મન માંય. ૧૯
દીવા જેવા મશાલ જેવા, વળી જેને પૃથ્વી ભેદ અનંત;
સમર્થ ગુરૂ પ્રતાપથી, રાખે વૃત્તિ જે અખંડ. ૨૦
અને અષ્ટ પ્રકારની મૂરતી, જેની શાસ્ત્રમાં લખી રીત;
કનિષ્ટ ચાર ભગવાન એ તો, કરે ચેલાનું રૂડું ખચીત. ૨૧
અનેક જન્મે કલ્યાણ કરે છે, આ ત્રીજો જે પરકાર;
શાસ્ત્રના વચનથી, એમ સમજવું નિરધાર. ૨૨

### ઈંદ્રવજા

છે માનવું ના, અરથો લખ્યા જે, વિચારી ધ્યાને સમજો ખરા તે;
પડે નહીં છે, મન માનવું તે, ખરું કહ્યું છે, ચિત્ત રાખજો એ. ૨૩

### સવૈયા

વિજળી ને વડનાવળ જેવા, સંત તેહમાં જે છે ફેર,
લખીયો છે તે મનમાં રાખી, સમજો તેને રૂડી પેર;
જ્ઞાન સાંભળવા જેવા ગુરૂ તો, વિજળી જેવા જે જે હોય,
વડનાવળ તો જ્ઞાન ધ્યાનમાં, બેય કામમાં આવે સોય. ૨૪
ભાગ્ય આપણાં ઉદય થયાં છે, વડનાવળને પામીને,
જનમ મરણનાં દુઃખડા ગયાં છે, મળીને અક્ષરધામીને;
જ્ઞાન ધ્યાનમાં મગન રહીને, સમરો શ્રી અવિનાશીને,
અખંડ સુખીઆ થાઓ તમો તો, મળી પરમપદ ગામીને. ૨૫

**॥ ईति श्री गोविंद गुरु गीतायां चतुर्थोडध्यायः । (अ. ४)**

॥ શ્રી પ્રગટ પુરુષોત્તમનારાયણ નમો નમઃ ॥

# વિભાગ  છઠ્ઠો

## નિર્વિકલ્પ

તા. ૧૫-૯-૧૯૧૪ નું શ્રી ગુરૂ ગોવિંદની સહાયતાથી શિષ્ય શ્રી નારાયણ મુની કૃત શ્રી પ્રગટ પુરૂષોત્તમ જ્ઞાનલીલામૃતનું તારણ :—

**અધ્યાય. (૧) વસંતતિલકા.**

જુઓ સદા મન વિષે અતિશે જ આજે,
આ છે ઉપાય સુખીયા કરવા જ કાજે;
જે જે કરે લીલા હરિ, મન ગુણકારી,
ફૂલે વસાય તિલ તો, અતિ સુખ ભારી. ૧

જો એકદમ મનમાં, સુખડું જ થાય,
ગાંડા થઈ ભુવનમાં, ભટકી જવાય;
માટે હરિ મનનથી, ઉરમાં ઉતારો,
સુખી થશો વળી જશે, સર્વે વિચારો. ૨

**રથોદ્ધતા**

એક કોર દુ:ખ કંઈ હોય જો, સુખ થાય મન માનજે જ તો;
દુ:ખથી અટકશે જ પાપ જો, પાપ નાશ થઈ પૂન્ય થાય તો. ૩

**દોહા**

જે કંઈ દુ:ખ આવે વળી, લાવે ભગવાન સાર;
અતિશે દુ:ખ હોય તો, ભોગવાવે નિરધાર. ૪

આવે જો એકદમ તો, ખમાય નહીં જરી વાર;
થોડે થોડે ભોગવે, એવો ઉપાય કરે કિરતાર. ૫
વિંછીનું જો હોય તો, આવે નહીં નિરધાર;
સૂળી જેવું હોય તો, વીંછી જેવે કરે પાર. ૬
સુખ દુઃખનો જોગ જે, ભોગવવો એ વાર;
શિક્ષાપત્રી મુક્તની, સાડત્રીસ કલમ અનુસાર. ૭

**રાગ - સુખ દુઃખ મનમાં ન લાવીએ.**

સનમુખ વિમુખની વારતા, સૌ સાંભળો સંત;
અર્થ કર્યો છે શ્રી હરિ, સમજી લેજો મહંત. સનમુખ. ૮
મુક્તમંડળમાં જે ના આવે, વિમુખ ગણ્યો નિરધાર;
અવગુણ લઈને જે પડ્યો, વિમુખ જાણજો સાર. સનમુખ. ૯
મુક્તમંડળમાં મન મળ્યું, સનમુખ સમજો આ વાર;
બીજો ભેદ વળી સાંભળો, કહે છે કિરતાર. સનમુખ. ૧૦
વાલામાં વૃત્તિ વળશે, જેટલી જે વાર;
તેટલો સનમુખ જાણજો, બીજો વિમુખ એ વાર. સનમુખ. ૧૧
સારમાં સાર આ વાત છે, ઉર કરવો વિચાર;
દાસને પોતે કહે છે, રુપ ઉરમાં ઉતાર. સનમુખ. ૧૨

**અધ્યાય - ૨ - પૂર્વછાયા.**

જે જે સંકલ્પ હોય તે, સુખ દુઃખનો દેનાર;
અચળ મુકામે આવે તો, મનમાં રાખી તે નિરધાર. ૧
ભજન કરે પાંચ દિવસે, રાખી સંકલ્પ સમરે શ્રી હરિ;
ભજનના પરતાપથી, સત્ય સંકલ્પ થાય તે વળી. ૨

**ચોપાઈ**

ભજનનું ફળ જાય તેમાં, ખર્ચ ઘણું વધી જાય એમાં;
જેજે પ્રકાની ઈચ્છા થાય, ભજન ફળ તેની મહીં જાય. ૩
વાસના એ તો પૂરી જ કહાવે, બીજો અર્થ ઈચ્છા તેનો આવે;
ઈચ્છા કહેતાં કામનાં છે જેહ, મોટી ખોટ પડાવે છે તેહ. ૪
ઈચ્છા એ તો નારી જાતિ કહાવે, સ્ત્રીનો અર્થ એની મહીં આવે;
નવ રાખવી તેને રે ભાઈ, ખોટ ઘણી છે તેની રે મહીં. ૫

આવો અર્થ લખ્યો હતો હરિ, ઈચ્છા નવ રાખવી એ જ;
પ્રસન્નતાની ઈચ્છા જ રાખવી, બીજી દૂર કરી જ નાંખવી. ૬
નહીં તો તમોગુણી એ તો કહાવે, એમાં માલ કાંઈ નવ આવે;
ધ્યાન ભજનનો રસ ચાખે, જેવી સ્થિતીમાં પ્રભુજી રાખે. ૭
સુખમાં કે દુઃખમાંય જાણો, તે તો પ્રસન્નતામાં રહ્યો ગણો;
ખોટું ફળ એમાં તો ન હોય, સારું કરશે હરિ જગરાય. ૮
તે તો નિષ્કામી ભક્ત કહાવે, ઈચ્છાવાળો તો સકામી થાવે;
કરાવે ગમતું હરિ પાસ, ભજન કરીને પોતાનું ખાસ. ૯
કહેવાય નહીંએ તો ભગત, વહેપારી કહાવે સાંભળો સંત;
માટે ઈચ્છા સઘળી તજીને, સંભારી સુખ લેવું ભજીને. ૧૦
સંસારીના પેટમાં સ્ત્રી હોય, ઘાલે છોકરાને વળી સોય;
સાધુના પેટમાં પ્રભુ રહે છે, ચેલાને ઘાલે પ્રભુ જ કહે છે. ૧૧
માટે ઈચ્છા રાખવી ન કાંઈ, પ્રભુ સંભારવા મન માંહી;
મરાય જીવાય કે રોગ થાય, સુખ થાય કે દુઃખ કહેવાય. ૧૨
સુખ દુઃખે માનવો આનંદ, નિષ્કામ ભક્તિ કહે છે પરમાનંદ;
આવી રીતે ભજન ધ્યાન કરે, આનંદથી નિશ દિન ફરે. ૧૩
એવી સમજણ સર્વથી શ્રેષ્ઠ, ઉત્તમ સમજણ કહે છે રે ઈષ્ટ;
આવી રીતે મુક્તિનો જ છેડો, સમજે તો વહેલો થાય બેડો. ૧૪
ફળ જે પ્રભુમાં વૃત્તિ રહે, ઉત્તમ ફળ હરિ તેને કહે;
સુખ દુઃખ આવી પડે જેહ, કહે નહીં કોઈને જ તેહ. ૧૫
ધીરજ રાખીને વેઠી જ લઈએ, કદી કાયર મન નવ કરીએ;
દુઃખ વેઠી લેવું કહે હરિ, સુખ ભોગવી લેવું જ ઠરી. ૧૬
કરાળીના ભક્ત નાથાભાઈ, તેહ પેઠે છકી જવું નહીં;
સૂણો દુઃખ બે જ પરકાર, દષ્ટાંત દઈ સમજાવવું સાર. ૧૭
એક વચન લોપાય તેનું, દુઃખ આવે પ્રભુ કહે એનું;
બીજું આવે વેચાતું જ લાવે, ભક્તિરુપી ધનનું જ કહાવે. ૧૮
વચન લોપાયાનું દુઃખ જેહ, કહેવાય વળી દુઃખ તેહ;
વેચાતું લાવ્યાનું જે દુઃખ, નહીં દુઃખ હોય તે તો સુખ. ૧૯
તે દુઃખ રોગ ઉપર સુખ કરે, કહેતાં દુઃખ કરી સુખ કરે;

કાળીજીરી ને મીઢી આવળ, લાવી પીવે કરવા સાવળ. ૨૦
પ્રથમ દુઃખ થાય વળી જેહ, ઝાડા ઉલટી થાય જ તેહ;
આવળે થાય ઝાડા જ જાણેં, કાળીજીરીએ ઉલટી ગણો. ૨૧
એ તો જાણી જોઈને કરે દુઃખ, દુઃખ કરીને આપવા સુખ;
પણ દુઃખ નહીં એને જાણો, સુખી કરવા એને પ્રમાણો. ૨૨
તેમ ભગવાન કરે જ દુઃખ, માનવું ભાઈ તેને જ સુખ;
દુઃખ દેવા નથી અભિપ્રાય, સુખ કરવાને શ્રીજી સહાય. ૨૩
જે ઘડીએ જેવું જેમ બને, હિંમત રાખીને સુખ જ ગણે;
એમ બહુ કર્યું હતું જ્ઞાન, કાઢી મેલવાને રે અજ્ઞાન. ૨૪

**રાગ-કઠણ વચન કહું છું રે-ચોસઠ પદીનો.**

સાંભળ એક વાત કહું છું રે, સમજી રાખજે મન;
માસ્તર જોડે તું તો રહું છું રે, પાળજે પ્રિતે વચન. ૨૫
બરોબરીઆપણું નવ લાવવું રે, ભુલે થઈ નવ જાય;
મન તો સ્થિર એમ રાખવું રે, ગરીબાઈ રખાય. ૨૬
જેમ દાબ રાખે છે નોકરો રે, ઉપરીની આગળ,
વળી એ આદિ ઘણા ચાકરો રે, એમ તું સાંભળ. ૨૭
લોક રીતે અમલદાર છે રે, સમજી રાખજે મન;
આ લોકનો એ તો વહેવાર છે રે, માટે રાખ જતન. ૨૮
ભક્તિ ભાવમાં એ છે ભગત રે, મરમ તને કહ્યા;
પ્રભુ અર્થે આખું જીવન રે, જનમારો ખોયો. ૨૯
વળી બાપ જેવા કહેવાય રે, ઘણા ગુણ વિચાર;
એ આદિક છે ઘણી સાય રે, માટે રાખજે ભાર. ૩૦
જેમ કહે તેમ કરવું રે, ખપ જેટલું બોલાય;
વચન ઉપર વચન ન લાવવું રે, વિચારી રાખજે ત્યાય. ૩૧
ગરીબાઈથી ઉત્તર આપજો રે, ઉતાવળે ન અપાય;
નારાયણને ચરણે રાખજો રે, એ વર આપો સદાય. ૩૨

**અધ્યાય - ૩ - ચોપાઈ.**

આત્મસત્તામાં સામનો ભાસે, સંકલ્પ કેવો કહ્યું અવિનાશે;
સામાના મનમાં સંકલ્પ થાય, પોતાનામાં ઉપજે તે જણાય. ૧

કહેતાં આવું જો આને કહેવાય, એવું કહેવાને મન ચહાય;
એ તો આતમ સત્તાનું કહ્યું, બ્રહ્મ સત્તાનું અધુરું રહ્યું. ૨
સામાના મનની જાણે વાત, કોની થઈ તે દેખે સાક્ષાત;
હવે બીજી વાત કહું એક, જે સાંભળવા લીધી છે ટેક. ૩
એકાદશનો અધ્યાય જાણો, પંદરમાં જરુર પ્રમાણો;
પ્રથમ આવી હતી એક વાત, નિયમમાં ઈંદ્રિયો સાક્ષાત. ૪
તેમાં રુડો નિયમનો અર્થ, કહેવા માંડ્યો પોતે સમર્થ;
સારા પંચવિષયમાં જ્યારે, મન ખેંચી જાય નહીં ત્યારે. ૫
તેનો ખરો નિયમ કહેવાય, ખરો અર્થ કરી દીધો રાય;
હવે સર્વમાં પહેલું તે શું છે, ઉપાસના પ્રભુજી કહે છે, ૬
કહેતાં ધારણામાં સર્વે થાય, બધી વાત એમાં સમાય;
જેમ સર્વે વિત્તમાં ધન, તેમ સર્વમાં શ્રેષ્ઠ જીવન. ૭

**અધ્યાય - ૪ - ચોપાઈ**

પીંડ બ્રહ્માંડ સાંભરે નહીં, ચોવીસ કલાક મુદત કહી,
શરુ થાય છે સિદ્ધયો જાણો, ડગાવવા માટે પરમાણો. ૧
ત્યાં સુધી ડગાવે નહીં જરી, વળી પૂરતી કરે પૂરેપૂરી;
જરુર જોડાવે પહેલાં પ્રીતે, છેવટ છેતરે છાની રીતે. ૨
વળી બોલ્યા હરિ આપોઆપ, કરી દીધો અર્થ કાપ્યાં પાપ;
જેમ આ લોકનું ધન જાણો, પથ્થર ઉપર પછાડે પ્રમાણો. ૩
પથ્થર ઠેંકાણે સિદ્ધિયો મારી, ખખડાવી જોઉં છું ભારી;
બ્હેરો બોલે તો કાઢું જ કોરે, રણકે તો રમાડું જોરે જોરે. ૪
હવે વાત વળી બીજી બોલ્યા, મનના મેલ સર્વે ખોલ્યા;
વાંચવાનું ના ગમે શા માટે, જેને વાંચતાં થાય ઉચ્ચાટ. ૫
તેનું કારણ પ્રભુજી કહે છે, સાંભળવા મન ઉભું રહે છે;
પ્રવૃત્તિ કરતાં પહેલાં સ્થિતિ, શાન્તિ કેવી હતી જેને વીતી. ૬
પછી પ્રવૃત્તિ કરીએ જ્યારે, મન વલખાં મારે જાણો ત્યારે;
પછી વાંચવાનું ગમે તેને, કામ કરતાં શાન્તિ ઘટે જેને. ૭
વાંચતાં વાંચતાં આવે જાણો, હતી સ્થિતિ પ્રથમ પ્રમાણો;
પહેલાં સ્થિતિ હતી જેટલી, આવે એને સમતોલે એટલી. ૮

ત્યાં સુધી વાંચવાનું ગમે, આવું સાંભળ્યું હતું અમે;
કેટલી શાન્તિ સામાની છે, હરિ વાટે દેખાડે છે એય. ૯
સામું જોવું ને બોલવું જેનું, સર્વે જણાઈ જાય છે એનું;
તમો ગુણીનો આકરો બોલ, સામું જોવું ન ગમે એ તોલ. ૧૦
જોવું બોલવું ન ગમે તેનું, પોતાથી ઉતરતું અંગ જેનું;
બરોબરીઆવળા હોય જેહ, સુખ દુઃખ નવ પડે તેહ. ૧૧
પોતાથી વધારે જેની શાન્તિ, જો મન થાય એની કાંતી;
વળી લાગે મીઠો એનો બોલ, તેથી થાય છે શાન્તિનો તોલ. ૧૨
વળી છાતીએ શીતળતા જાણો, તેનું નામ શાન્તિતો ગણો;
હોય શાન્તિ જેટલી જેને, તેટલું સુખ જાણજો તેને. ૧૩
જેનું જેટલું આનંદી મુખ, તેને તેટલું જાણજો સુખ;
કાંઈ દુઃખ હોય મન માંહી, મુખ ઝાંખું પડે ભૂલ નહીં. ૧૪
ખાતાં પીતાં ને કામ જ કરતાં, વળી વઢતાં ને કિર્તન ગાતાં;
કોને કયા કામમાં છે સુખ, કોને કયા કામમાં છે દુઃખ. ૧૫
મુખના ચહેરાથી ખબર પડે, વળી એથી સુખ શાન્તિ જડે;
પછી બીજી વાત કરી વાલે, સંભારવી તે તો કાળે કાળે. ૧૬
જબરાના સિપાઈને કાંય, નસાડી મૂકવા કોણ હોય;
તેમ હરિનાં મૂકેલાં દુઃખ, કરવા જાય ઔષધથી સુખ. ૧૭
વાલો બોલ્યા અમે નહીં રાજી, એમાં અમે તો અતી કુરાજી;
સામો થયો માટે એ તો જાણો, મારો વેરવી એને તો ગણો. ૧૮
વળી સાખી કહીએ એક સારી, સાંભળી લીધી ઉર ઉતારી;

**સાખીઃ — (ભાદરણના મગનભાઈ અને પોષ્ટ માસ્તરને)**
રામ નામકી ઔષધી, ખરી નેક્સે ખાય;
અંગ રોગ આવે નહીં, મહારોગ મટી જાય. ૧૯

**ચોપાઈ**

વળી સરવાળો કાઢવો જાણો, મૂરતી સંભારવામાં ગણો;
સુખ દુઃખ પડે જ્યારે જ્યારે, તથા અવાય નહીં અહીં ત્યારે. ૨૦
મૂર્તિ સંભારતાં સુખ થાય, ત્યારે મહાત્મ વધે મનમાંય;

ફરી મૂર્તિ ધારવાનું મન, અતિ સંભારે કરી જતન. ૨૧
સગુણ બ્રહ્માની વાત કહે છે, બ્રહ્મ થયા પણ દોષ રહે છે;
દેહાભિમાની બ્રહ્મ છે જેહ, સગુણ બ્રહ્મ કહ્યા જાણો તેહ. ૨૨
રાફડા ચઢી ઉધૈવ લાગી, તોય જોયું નહીં જુઓ જાગી;
પણ ફોડી કુમારીએ આંખ, ત્યારે થઈ ધૂળ બેન રાખ. ૨૩
સર્વના પેશાબ બંધ કીધા, જુઓ એવા છે પોતે રે સીધા;
છેવટ છોડી પરણ્યાનું કીધું, ત્યારે પોતે કીધું છે સીધું. ૨૪
સર્વ પ્રકારે નડે સ્વભાવ, માટે એનો કરવો અભાવ;
દેહાભિમાન હશે જ્યાં સુધી, ત્યાં સુધી સુખદુઃખ દશ દેશે રું ધી. ૨૫
નિર્ગુણ બ્રહ્મ કોણ કહેવાય, મૂરતીમાં લીન થઈ જાય;
એ તો ઉત્તમ ગણ્યો છે હરિ, બોલ્યા પ્રભુજી ધીરે રહી. ૨૬
પછી પ્રભુજી બોલ્યા પ્રીતે, કહી સંભળાવું રુડી રીતે;
વિષય વગરનો સંકલ્પ જેહ, ગણ્યો શુદ્ધ સત્વગુણ તેહ. ૨૭
વિષયના સંકલ્પ થાય, અશુદ્ધ સત્વગુણ કહેવાય;
વળી સવિકલ્પમાં જેમ, સંશય નિશ્ચય થતા હતા તેમ. ૨૮
નિર્વિકલ્પમાં થાય જાણો, ઐશ્વર્યના સંશય પ્રમાણો;
વળી કરૂણા કરીને કહ્યું, બીજું ઘણું અધુરૂં રહ્યું. ૨૯
જ્યાં સુધી ઉંઘમાં લે છે સુખ, પ્રભુની પડતી નથી ભૂખ;
હરિનું ઉંઘ આવતું નથી, ઘડી ઘડી શું કહું હું કથી. ૩૦
જેમ ઉંઘ ઓછી થતી જાય, તેમ સુખ હરિનું ભરાય;
જેટલી ઓછી થઈ છે જાણો, સુખ આવ્યું છે નક્કી પ્રમાણો. ૩૧
સવિકલ્પમાં જગત તોડે, નિર્વિકલ્પમાં તો તે જોડે;
આવી રીતે વાત કરે રાજ, આનંદ કરાવે છે મહારાજ. ૩૨
સર્વ ઉપરી થવા ફરે છે, મૂળમાં પાણી રેડવું કહે છે;
કોઈ કહે હું આખો ભગવાન, કોઈ અર્ધો કહી કરે સાન. ૩૩
કોઈ પુરુષોત્તમ કહે તું કૃષ્ણ, અક્ષરાતિત છું પૂછો પ્રશ્ન;
વિચાર રાખવો પડશે ભાઈ, અહોનિશ જાણો મનમાંહી. ૩૪
બે અક્ષર હું શીખ્યો જેનાથી, કેમ અદકો થયો હું તેનાથી;
પ્રભુ બોલ્યા પાત્ર જાઉં જોવા, વાનગી આપું તો જાય ખોવા. ૩૫

મોઈ ઈચ્છા નથી મૂર્તિ વિના, પાત્ર તે છે બોલ્યા પુત્ર જી. ના;
ઈચ્છાવાળો અપાત્ર કહ્યો, બીજી વાતનો થડ મંડાયો. ૩૬

## અધ્યાય-૫ - ચોપાઈ

મૂરતી ધારવાથી સુખ થશે, જેને ધારવાનું શરૂ થશે;
દેખાવા લાગશે તેજ જયારે, બ્રહ્મની સત્તા ચાલશે ત્યારે. ૧
ત્યાં સુધી શૂન્યમાં સુખ લેશે, પૂરેપૂરું પ્રભુજી કહેશે;
સ્વતંત્ર પરતંત્રની વાત, કરી દ્રષ્ટાંત સહિત સાક્ષાત. ૨
રાજા આગળ દિવાન જેમ, પરતંત્ર છે જાણજો તેમ;
દિવાન વિના બીજા જે છે, તેનાથી સ્વતંત્ર જાણો તે છે. ૩
માટે થવાનું નથી ઉપરી, એવી વાત હરીજીએ કરી;
બરોબરીઓમાં પણ ખામી, એવું કહે છે અક્ષરધામી. ૪
જીવને તેડવા અંત સમે, તે વખતે કોણ ત્યાં રમે;
ભગવાન કે ભગત હોય, જાણ્યા બરોબરીઆ કોય. ૫
કોઈ ઉતરતા જાણ્યા મન, પછી કોણ લે કરી જતન;
છેવટ છેલ્લો ધણી છે યમ, નાંખે નરકમાં જેમ તેમ. ૬
શાસ્ત્રમાં ઠેર ઠેર છે વાત, કહી પોતે હરીજી સાક્ષાત;
પોતે આત્મા જાણ્યો હોય ભાઈ, ઉપરી પરમાત્મા છે માંહી. ૭
ઈશ્વર થઈ પરમેશ્વર ભજે, જાણો દાસપણું નવ તજે;
પોતે બ્રહ્મ માનતો હોય, ઉપરી પરબ્રહ્મ છે સોય. ૮
અક્ષરને છે પુરુષોત્તમ, સ્વામી સેવક ભાવે એ નમ્ય;
એવું રાખી ભજે છે જે હરી, મૂળ પાણી રેડે નહીં જરી. ૯
આનું નામ રેડ્યું ન કહેવાય, ઉપરીના ભારથી રહેવાય;
બરોબરીઆ કે ઉપરી થાય, એનું નામ અભાવ કહેવાય. ૧૦
અભાવથી મૂળ કપાય, પછી જીવનો ધણી કોણ થાય;
એવી વાત કરી છે અપાર, આ તો લખાઈ છે રે લગાર. ૧૧
પછી બીજી વાત કરી વાલે, સંભળાવ્યા વિના મુને સાલે;
નિશ્ચયમાં પૂરતી જેટલું, ઐશ્વર્ય દેખાડું છું તેટલું. ૧૨
મહાત્મ વધવા સારું દેખાય, નિશ્ચય વધારવા એ છે સહાય;
ઈચ્છાઓ સઘળી પૂરી કરું, પડવા જાય તો ટેકો ધરું. ૧૩

પણ પડવા દેવું નહીં હાવે, ભાઈજી કાકાનું દૃષ્ટાંત કહાવે;
ઈચ્છાઓ વધારે જેમ જેને, ઉકળશે તેમ તેમ તેને. ૧૪
જોતાં જણાઈ આવશે કાન્તિ, ઈચ્છાઓથી અટકશે શાંતિ;
ઓછી ઈચ્છાઓ જેને હશે, તે તો પછીથી કહે છે બોલશે. ૧૫
જેને કાંઈ નથી જાણો જન, કાંઈ બોલશે નહીં મન તન;
તે તો પાર પડશે રે સાચા, ઉકળશે જે જે હોય કાચા. ૧૬
ઈચ્છાવાળાને શાન્તિ ન્યૂન થશે, દિને દિને તે તો ઉકળશે;
આજ સુધીમાં શાન્તિ આવતી, અંગવૃદ્ધિમાં ઈચ્છા આવતી. ૧૭
વળી કુસંગથી થાય પાપ, અંતર ધીકે નહીં બોલ્યા આપ;
એ જે એક વાત દ્રઢ થઈ, બીજી બાકીની સર્વે રહી. ૧૮
પણ મૂળમાં પાણી રેડે જયારે, ધીકી ઉઠશે જરૂર ત્યારે;
માટે એવું ન કરવું ભાઈ, સમજજો શાણા મનમાંહી. ૧૯
વળી વાલમે વાત કહી હતી, સ્વભાવ કરાવે ખોટી ગતી;
પોતાનું ગમતું જે કરાવે, ભક્તિ નહીં એવો અર્થ આવે. ૨૦
કેવળ પ્રભુ પ્રસન્નતા સારું, તન મન સોંપે છે હું ધારું;
સર્વ પ્રકારે મેલે ગમતું, જેનું મન એ ઉપર રમતું. ૨૧
જેમ હોકો તમાકુ સોપારી, ભભડાટ કરાવે છે ભારી;
તેમ વ્યસન થયું હોય જેને, સ્ત્રીનો ભભડાટ થાય છે તેને. ૨૨
ભાટે એ વ્યસન સારું નહીં, એવું બોલીઆ છે ધીરે રહી;
અક્ષરાતિત બોલીઆ ત્યારે, (વિશ્વાસ) અક્ષરરૂપનો આવે મારે. ૨૩
બીજા સર્વેનો લાવવો પડે, એ વિના સર્વે સ્થિતિથી ગડે;
પ્રભુને વિચાર છે આગલ્યો, પણ જીવ કરે છે પાછલ્યો. ૨૪

## અધ્યાય - ૬ - ચોપાઈ

ભણ્યો છે અને ભણે છે જેહ, હવે અર્થ કરે છે રે તેહ;
એની મેળે જયારે વૃત્તિ જાય, કહેતાં સેહેજે મૂર્તિમાં સમાય. ૧
દાખડો પડે જહી જરા જયારે, હરિજી કહે છે ભણ્યો ત્યારે;
જેટલી રાખવી પડે વૃત્તિ, નથી એની મેળે જોને જતી. ૨
તે તો ભણે છે જાણજો મન, સંભારવામાં કરે જતન;
એમાં સર્વે વાતો સમાય, જે જે લેવા જઈએ તે લેવાય. ૩

કહેતાં શ્રવણ મનન નીદીધ્યાસ, સાક્ષાત્કાર જેને અભ્યાસ;
જ્ઞાન વૈરાગ્ય ભક્તિને ધર્મ, એમાં સર્વે આ રહે છે મર્મ. ૪
પાપનો પૈસો પચે કેને, સંબંધી કે બ્રહ્મરુપ તેને;
બ્રહ્મરુપવાળો ચોરી જાય, પચવો ઘણો કઠણ થાય. ૫

**(અધ્યાય-૧૨) જાવ મારા વાલા તમશું નહીં બોલું-એ રાગ.**

ઓ મનવા તને શીખામણ દઉં,
આવ ઓરૂં મારી પાસે રે. મનવા;
સુખના રસ્તા કાગળ બતાવે, મોકલ્યો છે અવિનાશે રે. મનવા. ૧
હવે હરિના પત્ર પ્રમાણે, રહેશો તો સુખી થાશો રે. મનવા.
સ્વાદ તજજો સઘળા હાવે, નહીં તો દુઃખ વેઠશો રે. મનવા. ૨
એમ પાળ્યે પોતાનો ધર્મ રહે છે, બ્રહ્મચર્ય જે કહેવાય રે. મનવા.
ખીચડી રોટલા ને ભાતદાળ, કઢી મીઠેથી રહેવાય રે. મનવા. ૩
એ વિના ગોળ ખાંડ ઘી જે છે, સાકર રોટલી ને દૂધ રે. મનવા.
એ આદિ સઘળા સ્વાદ કહેવાય, વિષય વિસારે બુદ્ધ રે. મનવા. ૪
આવુંહરિનું વચન જે છે, પાળવું હિંમત ભેર રે.મનવા.
સહાય કરશે શામળિયો રે તમને, વળી થાશે મોટી મ્હેર રે.મનવા. ૫
એમાં વળી વિવેક જ રાખો, વધ્યું ઘટ્યુ હોય ખાજો રે.મનવા.
પણ સ્વાદથી તણાશો નહીં, હરીના રસમાં જાજો રે.મનવા. ૬
વચનામૃતનાં વચન જોજો, રસાસ્વાદ રસ જીતો રે.મનવા.
મુક્તની શિક્ષાપત્રી તો જુવો, પ્રત્યક્ષની પેખો રીતો રે.મનવા. ૭
અઠ્ઠાવીસ ત્રીસ કલમ જે છે, હારદ જાણો એનું રે.મનવા.
એ જાણીને ફાંફાં મારો બીજે, દુઃખ પડશે તેનું રે.મનવા. ૮
તમે કરશો તે તમે ભોગવશો, સમજીને પાળો તો સારું રે.મનવા.
વળી તમને કહું બીજી આ સાખ્ય, ભક્ત ચિંતામણી ધારું રે.મનવા. ૯
બીજા પ્રકરણ માંહી એ કહ્યું, ચૌદમી કડી વિચારો રે.મનવા.
કરે પવિત્ર અન્ન જોઈ આહાર, સ્વાદ રહિત એ ધારો રે.મનવા. ૧૦
વળી ઓગણત્રીસમી કડી વિચારો, મનન રાખો એનું રે.મનવા.
પંચ વિષય શું રાખ્યો છે દ્વેશ, ધન્ય ધન્ય જીવન તેનું રે.મનવા. ૧૧
વિષયમાં વેર કરજો રે સમજી, સુખે સંભારો શ્યામ રે.મનવા.
વળી એકસો સાત જ જાણો, ચોતરીસમી કડી છે નામ રે. મનવા. ૧૨

અન્ન જળ ને વસ્ત્ર છે જેહ, તેણે કરી રહે દેહ રે.મનવા.
અન્ન ખાવું તે ક્ષુધાને ખોવા, પ્રાણ ટોવા જળ તેહ રે.મનવા. ૧૩
એકસો આઠે સંપૂર્ણ કહ્યું, સર્વે રહ્યું એમાં શીખજે રે.મનવા.
વળી પ્રત્યક્ષ પ્રભુને કહેલું, દુઃખ જોવું હોય તો જોજે રે.મનવા. ૧૪
ગુરુગીતાનો અધ્યાય પહેલો, સાતમી કડીએ કહ્યું રે.મનવા.
ભેગું કરીને દેહ જ દમે, એ સઘળા સારમાં રહ્યું રે.મનવા. ૧૫
તથા બીજા અધ્યાયમાં વાંચો, પૂરા શીખી રાખો એ જ રે.મનવા.
અને વળી લીલા ચરિત્ર કાઢો, અધ્યાય સુડતાલીસ છે જ રે.મનવા. ૧૬
સાતથી નવ કડી વાંચી જોતાં, કેવું થયું છે દુઃખ રે.મનવા.
યાદ કરજો સ્વામીની વાતો, ગુણાતિતાનંદ સુખ રે.મનવા. ૧૭
અન્ન,જળ,નિંદ્રા એ છે, સ્વાદ મધ્યે મીઠું જાણ રે.મનવા.
એ પાંચ વિના ચાલે નહીં, બીજા ફેલની કરજે કાંણ રે.મનવા. ૧૮
કહી કહી તને કેટલું કહું, સાનેથી સમજું તો સારું રે.મનવા.
મુની મનવાને શીખામણ આપે, માનું નહીં તો દંડે મારું રે.મનવા. ૧૯

## શ્રી પ્રાગજી મહારાજના શિષ્ય શ્રી જેઠાલાલભાઈ અને તેમના શિષ્ય અમદાવાદના શ્રી મગનલાલ ભાઈ ને :-

## અધ્યાય (૧૩) ચોપાઈ

નટવર નંદના કુમાર, એનો અર્થ કરે છે મોરાર;
દેખાઉં છું નટની માયા જેવો, મધ્ય તેરનામાં કહ્યો તેવો. ૧
ગઢડું ઓસરી નથો દેખાતું, એમ અહીં નથી રે જણાતું;
પીઢો પાટડા ને બારી જાળી, નથી જણાતું કહે છે વનમાળી. ૨
અડતાલીની સાલમાંહી દેહ, હતો જે પાટીદારનો તેહ;
પડી અક્ષર ધામમાં ગયો, ઉત્ત ટોળી ભેળો સમાયો. ૩
અક્ષરમાં રહી જે મૂરતી, તેમાં આમાં ફેર નથી રહ્યો;
છૂટે માયાનો પડદો જ્યારે, દેખાય છે એ મૂરતી ત્યારે. ૪
શરણાગતના સાર છો વાલા, એનો અર્થ કરે છે જી વાલા;
જેમ સંસારમાં સ્ત્રી છે સાર, નોકરીમાં પૈસા છે નિરધાર. ૫
તેમ કલ્યાણના માર્ગ માંહી, સાર શ્યામ છે સમજો મનમાંહી;
હરિ વિના ઈચ્છા ન રાખવી, બલાને દૂર કરી નાંખવી. ૬
ઈચ્છા હશે નહીં આવે વારો, થાવા પુરુષોત્તમરુપ ધારો.
આ હિંચકા ઉપર છે હરી, એ વિના ન ઈચ્છવું જરી. ૭

પાત્ર કોનું નામ કહેવાય, એનો અર્થ હવે તો થાય;
ગમે એટલી સત્તા આવે, તેને અંતરે છાની છપાવે. ૮
જગત ભગતના વિવેકમાંહી, એથી વિરુધ્ધ ન ચાલો કાંઈ;
સૂણો જી ભરતનું દૃષ્ટાંત, કરુણા કરી કહે કમળાકાન્ત. ૯
જ્ઞાન કરવાનો વખત આવ્યો, રહુગણને જ્ઞાન રસ પાયો.
તેમાં રાખી નહીં કાંઈ ખામી, એમ બોલીઆ મુનીના સ્વામી. ૧૦
નવરા વખતે સ્થિર રહેતાં, જ્ઞાનની વખતે જ્ઞાન કહેતાં;
એમ સમો જોઈ કરવું કામ, એનું નામ કહે પાત્ર ઘનશ્યામ. ૧૧
નેણાં જોઈ જોઈને ઠરે છે, એનો અર્થ હવે તો કરે છે;
રાતે મૂરતિ સામું જોઈ રહે, આંખો બળે નહિં એમ કહે. ૧૨
ઠંડી આંખો રહે ત્યારે જાણો, પૂરાં નેણાં ઠર્યા પરમાણો;
નિંદ્રાથી જેટલાં ઠરે છે, એટલાં ઓછાં ઠરેલાં કહે છે. ૧૩
દર્શન વિના રોઈ જવાય, એનો અર્થ સ્નેહ કહેવાય;
કૂળ મર્યાદા ખોઈ નાંખી, એનો અર્થ કરે છે શોખી. ૧૪
પાટીદારને બ્રાહ્મણ નમે, ન નમાય તે નમ્યા આ સમે;
નયનની સાનમાં મન મોહ્યું, મોહ્યાનો અર્થ સૂણી દુઃખ ખોયું. ૧૫
હરિ કહે છે નથી મોહ્યા તમે, સૂણો અર્થ કહું આ સમે;
ચાર અંતઃકરણ ઈન્દ્રી દસ, બધાં થઈ જાય ઢીલા ઢસ. ૧૬
પછી મૂર્તિ સામી નજર રહે, નિંદ્રા આવે નહી નાથ કહે;
ઉંઘાય નહીં જરાય જાણો, ત્યારે તમે મોહ્યા પરમાણો. ૧૭
પણ આ તો મન મોહ્યું તમારું, એમ પ્રભુજી બોલ્યા પાધરું;
કામકાજ જરા સૂજે નહીં, એનો અર્થ કરે ધીરા રહી. ૧૮
વાલામાં વૃત્તિ વળે જ્યારે, કાંઈ કરવાનું ગમે નહીં ત્યારે;
મરજાદા નથી રહેતી હરીની, હરી અર્થ કરે વાણી ભીની. ૧૯
હુંકારા ટુંકારા થાય જેથી, હોય મિત્ર કે પતિ ભાવ તેથી;
જે જે કહીએ તે ભગવાન સાંખે, કદી હરિ તરછોડી ન નાંખે. ૨૦
તેથી ભક્ત પ્રભુને પી જાય, તેથી હુંકારો ટુંકારો થાય;
આખા અડધા ભગવાનનો અર્થ, હીંડોળે ઝૂલતાં કરે સમર્થ. ૨૧
કહેતા હતા મહુવાના મહારાજ, આખો ભગવાન થઈશ ભક્તરાજ;
હજુ થયા નથી માટે થશે, બાઈ ભાઈને અતિ સુખ દેશે. ૨૨
આ દ્વારે પુરુ કરીશું કામ, એમ બોલીઆ આત્મારામ;

ત્યાં લગી દેહ છોડવો નથી, હરી કહે શું કહું કથી કથી. ૨૩
કલ્યાણ કરવું દાઢી માથા પેઠે, વાત કરી મુનીના શેઠે;
પહેલું દાઢીનું કામ જ કરવું, ત્યાર પછી માથાનું આદરવું. ૨૪
વહેવારે ઠેલવો ઠેલાય તેમ, ભૂલી ભગવાન કરવો કેમ;
જાણે પહેલો વહેવારે કરીને, પછી ભજીશું સુખે હરિને. ૨૫
એમ રાખવું નહીં મન, એમ બોલ્યા પોતે જીવન;
મધ્ય ત્રીજું વાંચી કહ્યો સાર, રસિક લીલા કરી નિરધાર. ૨૬
નથી થયો આતમા સ્વરૂપ, હોય જયાં સુધી દેહરૂપ;
વિષય સુખે સુખી હશે જેહ, તેને લીલા ગવાશે તેહ. ૨૭
લાલની લીલા રસિક કહેવાય, દેહરુપમાં કલ્યાણ થાય;
આત્મરુપમાં નથી એ ક્યાંય, એમ સમજજો મનમાંય. ૨૮
પ્રથમ આડત્રીસ વાત પહેલી, વાંચી લંબાણ કરે છે છેલી;
વિષયસુખે સુખી હોય જેહ, લીલા ગાવાનો પાત્ર છે તેહ. ૨૯
ઝાઝું ન સમજે તે લીલા ગાય, ઝાઝું સમજવાનો અર્થ થાય;
અક્ષર રુપે પુરુષોત્તમ જુવે, વળી યોગનિંદ્રામાં જે સૂવે. ૩૦
તે રસીક લીલા ગાવો કે ના ગાવો, એમ બોલીઆ મુનીના માવો;
પણ મૂરતિમાં વૃત્તિ રાખતાં, પકડ મનરુપી ચોર ચોરતાં. ૩૧
તો તો થાય તેનું ભલું કાજ, એમ સંત જાણો કહે મહારાજ;
જયાં શાહ રહે હો હરિજન, ત્યાં ચોરવાનું ન કરે મન. ૩૨
શાહને ઠેકાણે સંત પ્રગટ, મન અવળું જાય તો ઝાલે ઝટ;
સંત સમોહમાં ચાળે ન ચડે, ચડે તો કકડા થઈ પડે. ૩૩
સંત આગળ મન થાય ઢીલું, જેના ભગવાન છે ભાઈ ભીલું;
મન જાણજો વંઢાની મહીં, ઢીલું થઈને બેસશે અહીં. ૩૪
મૂર્તિ વિના ઘાટ ન ઘડાય, સહેજે મૂરતિ માંહી ઘડાય;
મનરુપી ચોરનું ન ચાલે, ચાલે તો હરિજી ઝટ ઝાલે. ૩૫
પણ ઘેર મન ચોરી જાય, અંતરવૃત્તિ રહે તો ઓળખાય;
નહીં તો નાંખે વિષયની માંહી, જાતો રહે તે ક્યાંનો રે ક્યાંઈ. ૩૬
હરીના ગુણસાગર માંહી, ભૂખ્યાની ખબર ન રહે કાંઈ;
માટે સમજજો સંતો આ વાત, એમ બોલીઆ મુનીના તાત. ૩૭

## અધ્યાય - ૧૪. ચોપાઈ.

વાત કરવા માંડી વાલમે, કહું બુદ્ધિ પ્રમાણે આ સમે;
જેમ જેમ સમાગમ ઝાઝો, તેમ સુખનો છે રસ્તો તાજો. ૧
શ્યામ સંતોનો સમાગમ થાય, વધારે જ્ઞાન એને સમજાય;
જ્ઞાન સૂણીને સુખીઓ થાય, અજ્ઞાનનું દુઃખ નાશી જાય. ૨
જ્ઞાન કરીને ગ્રંથી કપાય, તેમ તેમ સુખ એને થાય;
થાય સુખ તો બોલ લાગે ગળ્યા, આવી વાત કરી અઢળક ઢળ્યા. ૩
શૂન્ય ભાવે સૂરતા એકલી, રજોગુણની જાય છે ટળી;
શૂન્યમાંહીં સ્થિરતા થાવે, માયીક ઉપાધિ મટી જાવે. ૪
એવા સર્વેને મારે કરવા, સાવધાન રહેવું પગ ટકવા;
તો તો આત્મારુપ થઈ ભજે જો હરિને કદી નવ તજે. ૫
દેહમાંહીં જે થાય તે દેખાય, બધે શરીરે સૂઝે ને સુણાય;
તો તો આત્મારુપ જ થયો, પછી બાકી એમાં નવ રહ્યો. ૬
કોઈક આત્મારુપે થાશે, કોઈક ઈશ્વર અક્ષર રુપે જાશે;
કોઈકે પુરુષોત્તમ રુપે થાય, એવા ભક્તના ભેદ કહેવાય. ૭
પુરુષોત્તમરુપે જે જે હોય, તેમાં એકને વળગે રાય;
અવસ્થા અને સ્થાનક જોઈ, વસે વાલમો પછી એ માંહીં. ૮
પછી ભક્ત ચિંતામણી લીધી, વાંચી સારી શિખામણ દીધી;
અઠાંણુંમું વાંચ્યું દયાળે, ભક્તો ભૂધર ભણી રે ભાળે. ૯
વસુધાનું વેજું કોઈ કરે, તેની ચોટ પાછી કેમ ફરે;
વસુધાને ઠેકાણે વાલમો, સાચવવો સમૈયાનો સમો. ૧૦
ગોપીની રજમાંહીં જે વેલી, મોટાં ભાગ્ય કહે છે આ છેલી;
આ તો શ્યામે સહિતં સંત, તેમાં સમાગમની રાખો ખંત. ૧૧
વેલીનાં મોટાં ભાગ્ય જો ગણ્યાં, હરિમાં તો અતિ મોટાં બન્યાં;
અતિ મોટાં ભાગ્ય છે આજ, એમ બોલ્યા પુરુષોત્તમ મહારાજ. ૧૨
માટે વિરહ વરતે જો ઘણો, આડે દહાડે આવવુ એ જાણો;
આડે દહાડે વિરહ ન હોય, તો પણ આવવું સમોહમાંય. ૧૩
સમોહ તે સમૈયો કહેવાય, સમોહમાં ઘેર કેમ રહેવાય;
સમોહમાં મળે ઝાઝું સુખ, આનંદ આનંદે ટળી જાય દુઃખ; ૧૪
વળી સમોહમાં નથી વાત, અનુભવથી થાય સાક્ષાત;

આડે દહાડે દર્શનનો લાભ, નવા જ્ઞાનનો ન તૂટે આભ. ૧૫
માટે સમોહમાં તો આવવું, નવું જ્ઞાન થયું હતું આવું;
સર્વે વાતે સરળ હવે થયું, નવી કલમ કાઢી એમ કહ્યું. ૧૬
માટે ધીરે ધીરે હું કાઢીશ, વહેવારની વાસના વાઢીશ;
દુઃખ જણાય નહીં ને સુખ થાય, ઉપાય કરીશ માનો મનમાંય. ૧૭
વહેલો વહેવાર જાય દુઃખી થાય, કાઢું તો નથી કઠણ ક્યાંય;
કાંઈ પણ કહેવાનું નથી, ઘણું ઘણું શું કહું હું કથી. ૧૮
મારા બાપ કોઈ ઈચ્છાશો નહીં, મારા બાપ કહેશો નહીં કાંઈ;
એમ ઝાઝું ઝાઝું ઝાઝી વાર, ઘણું કહ્યું મુનીના મોરાર. ૧૯
ખાવું પીવું ને રહેવું સૂઈ, એ જ કરવું પણ ઈચ્છવું નહીં;
સાધન કરશો નહીં અંગ વધશે, એકદમ વધશે તો દુઃખ થશે. ૨૦
અચળ મુકામે ને ચળ મુકામે, ન રાખો સંકલ્પ કોઈ ઠામે;
અલબેલો હોય ત્યાં અચળ જાણો, ચળ ઠેકાણે ઘર પ્રમાણો. ૨૧
આપણે અષ્ટાંગ યોગ નહીં, ધ્યાન ધારણા ને સમાધિ રહી;
મારી સામું જોવું એકતાર, એનું નામ ધ્યાન કહે મોરાર. ૨૨
યોગ સમાધિન ધ્યાન માંહીં, કહ્યું સર્વે દર્શનની માંહી;
હું તો વારી રે ગીરધરલાલ, એ કિર્તનમાં રહ્યો એવો ખ્યાલ. ૨૩
ઘેર અગર જુદા પડાય, ધારવા તે ધારણા કહેવાય;
એમ કરતાં સર્વે સમી જાય, તેનું નામ સમાધિ કહેવાય. ૨૪
એક હરી હરી દેખે હરી, ભૂલી જાય સર્વે જરા જરી;
સામું જોઈ રહેવું એ ઉત્તમ, એમ પ્રીતે બોલ્યા પુરુષોત્તમ. ૨૫
પ્રથમ ઓગણપચાસે કહ્યું, હરિ સામું જોવાનું રહ્યું;
પછી વાંચ્યું મધ્ય ઓગણીસ, સેવાનો અર્થ કરે જગદીશ. ૨૬
મૂર્તિ સામું જોવું એકતાર, ઉત્તમ સેવા સત્વની નિરધાર;
રજોગુણની મધ્યમ સેવા, મંદિરમાં વાળે ઝૂડે મળે મેવા. ૨૭
તમમાં કનિષ્ટ કિર્તન કહીએ, એવા સેવાના ભેદ જ લઈએ;
એવી રીતે તમે મને સેવો, જેવો હિંડોળે બેઠો છું એવો. ૨૮
હું પણ તમને સેવુ સંત, એમ મુખે બોલ્યા ભગવંત;
પણ આ લોકનું ઈચ્છવું નહીં, કરવો લોક રીતે વહેવાર સહી. ૨૯
અહીં આવવું જ્યારે સંત, એક નજરે જોવું રાખી ખંત;
એમ વાતો કરે છે ઘણી ઘણી, કહેતાં ઉછળે મુનીના ધણી. ૩૦

## અધ્યાય - ૧૫ - ચોપાઈ.

મધ્ય બાસટનું કાઢ્યું સંત, વાંચીને રાજી કર્યા અત્યંત;
કાશી સુધી વૃત્તિ લાંબી હોય, દેહમાં ઢૂંકડી આવે સોય. ૧
હરિભક્તને એમ જ વર્તે, મેં તો સૂણ્યું હતું એક શરતે;
અંતરવૃત્તિવાળાને ઓળખાય, સર્વેથી તૂટી દેહમાં જાય. ૨
તેના ઉપર સારંગપુર, બીજું વાંચીયું તે ભરપૂર;
બહાર કામ હોય તો વૃત્તિ જાય, ન હોય તો અંતરે પડી જાય. ૩
વૃત્તિ ઢીલી થઈને પડી રહે, એમ શ્રી મુખે પોતે કહે;
તેનો સરવાળો કાઢીને આપ્યો, અર્ધો નિશ્ચય થયો એમ થાપ્યો. ૪
વૃત્તિમાં વળી અરધે જાણો; જેમ ગણો તેમ અરધે પ્રમાણો;
સર્વે સર્વે વાતે અર્ધું થયું, ત્યાં તો મકનદાસે ઉછળી કહ્યું. ૫
હજુ ક્યારે એ આઘું આવશે, હવે ક્યારે એનું પુરું થશે;
ત્યારે પ્રભુજી પોતે બોલીયા, બોલ બોલીને પટ ખોલીયા. ૬
હવે નહીં પડે લોચા લાપસી, એમ કહ્યું હરિજીએ હસી;
લાંબો પંથ રહ્યો રે હો સંત, માટે ગભરાવું નહીં ગુણવંત. ૭
તેનો નથી તમારે ઉપાય, તેમાં શીદ મન દુઃખી થાય;
સામ દામ ભેદ જે કહ્યા, તેના અર્થ પછે તો થયા. ૮
સામ કહેતાં સમજાવું સારું, દામ જે લાલચે હું વધારું,
ભેદનો અર્થ છે ભાઈ એવો, સહુને એ છે સૂણવા જેવો. ૯
એક ફેરો આવવું બધે ફરી, સમજાય તો આવવું બોલ્યા હરિ;
આવવું ના આવવું તે તમારી ખુશી, પણ ઈચ્છાઓ નાંખજો ભૂંશી. ૧૦
ફક્ત એક નજરે જોઈ રહેવું, મને તને કાંઈ ના કહેવું;
પરવા નથી કોઈની રે મારે, ઈચ્છા વિસારી દેજો આ વારે. ૧૧
ઈચ્છાવાળો લાગે નહીં સારો, ઈચ્છાવાળાનો થાય ધખારો;
આજથી વાત જુદી રે થાશે, ઈચ્છા કાઢી નાંખો મને ભાસે. ૧૨
આ લોક પરલોકની ઈચ્છા જે છે, કાઢી નાંખો પ્રભુ એમ કહે છે;
જીવ લેવા આવ્યો છું જાણો, લઈ જઈશ એમ પ્રમાણો. ૧૩
આઘા પાછા ભટકાઈને આવશો, ઈચ્છા કાઢો તો સુખી થશો;
ફક્ત બે પાપ જાણો અડે છે, બરોબરીઆ ને રસિક નડે છે. ૧૪
રસિક કહ્યો મધ્યના ત્રીજામાં, નાથાભાઈ હતા બરોબરીયામાં;
વાતે વાતે નાથાભાઈનું નામ, ઘણું કોચે છે એમને શ્યામ. ૧૫

એમને દ્રષ્ટાંતે સિદ્ધાંત કરે, દ્રષ્ટાંતે દ્રષ્ટાંતે એમને ધરે;
લાતો વાગે ભીંત ખમે સંત, ટાટાથી ન ખમાય ભગવંત. ૧૬
થાવું નહીં નાથાભાઈની પેઠે, એવું કહ્યું નાથાભાઈના શેઠે;
સંકલ્પ હોય ઈચ્છાવાળાનો જ્યારે, હરિમાં હેત વધે નહીં ત્યારે. ૧૭
વળી શાન્તિ ઓછી થઈ જાય, શાન્તિ ઘટવાથી ઢીલો થાય;
સંકલ્પ સહિત સમાગમ કરે, અંગ વધે નહીં કહ્યું નટવરે. ૧૮
ઈચ્છા કાઢીને ચોખ્ખો જે થયો, એ જ મારગ વહેલો કહ્યો;
ઈચ્છા રાખીને આવો બે ફેરા, ઈચ્છા કાઢીને આવો બે ફેરા. ૧૯
પછી તેનો કરજો સમતોલો, સમતોલો જોઈ ઈચ્છા ભૂલો;
ગમે એટલું પાપ જો થશે, નડશે નહીં જગતનું જો હશે. ૨૦
ઈંદ્રિયોના માર્ગનું એ ખર્ચ, કમાઈ આગળ હિસાબ નથી રંચ;
જોગીના ભેદ છે ભાઈ ત્રણ, ધોળા બોડા જટાનું છે રણ. ૨૧
એ રણમાં સર્વે સાચવજો, સાચવો તો એ રણથી બચ્યો;
માટે મહીંનું રણ છે મોટું, એ તો કેમ કરી થાય ખોટું. ૨૨
ખોટું માનતાં લાગે એ છોટું, છોટું છાનું થઈ જાય મોટું;
માટે મોર્યેથી બી'વું મનમાં, ન પાપ થાય મન તનમાં. ૨૩
એમ વાત કરી હતી સંત, સભા આગળ કરી ભગવંત;
સૂણો મારે ગરજ છે કેવી, સૌને છે એ સાંભળ્યા જેવી. ૨૪
લાખ મણ લોઢાનો ગોળો આવે, ઘસાઈને રજ ભેળો થઈ જાવે;
આવ્યો છું હું એટલે દૂરથી, ગરજ એવી મારે જૂઠું નથી. ૨૫
તેમ પણ છે એવી તમારે, બંનેને છે તમારે અમારે;
પણ સંકલ્પવાળો જે જન, તેની ગરજ નથી મારે મન.
કાઢું નિસ્પ્રેહીનો વહેવાર, હવે સ્પ્રેહીમાં નહીં આવે પાર; ૨૬
રખે એને એકદમ જાય, એમ બીક મારે મન થાય.
જીવને કાઢવું છે એકદમ, તેમાં વિરોધ પડ્યો મારે એમ; ૨૭
માટે ઈચ્છા રાખવી નહીં, ઝાઝૂં કહી કહીને કહ્યું કહી.
ઘઉં સળ્યો ને વાંણીયો ડળ્યો, તેમ સમજજો સંત ગળ્યો; ૨૮
ખભે પોટલાં મૂકીને ફર્યા, મેં તો તમારા સમાગમ કર્યા.
સમાગમ કરતાં કરતાં ચોંટાડ્યું, સુખ આપ્યું તે ન જાય કાઢ્યું; ૨૯
એમ કરીને મન હરી લીધું, હવે થયું છે મારે સીધું.
માટે હવે તમે આવશો, મારે ફફડાટ નથી કશો; ૩૦

ઓ ભાઈ કંઈ કહેવાનું નથી, ઘણું ઘણું શું કહું કથી. ૩૧
અહીં આવવું સૂણોને જયારે, એકતાર જોઈ રહેવું ત્યારે;
છેટે અગર ઘેર ધારવા, મૂર્તિ વિના સંકલ્પ ન કરવા. ૩૨
સમૈયામાં મારો કેફ જુદો, મેં તો કહ્યો મારો આ મુદ્દો;
આડે દહાડે પૈસો પરમાણો, સમૈયાના ચાર આના જાણો. ૩૩
ખાવું ના ખાવું ખુશી તેની, આપવું સંપત હોય જેવી જેની;
વિવાહ વૈશ્ય નાટકે સણકો થાય, તો મારું મુખ જોવા કેમ ના ધા'ય. ૩૪
મારું મુખ જોઈ સુખ થાશે, નહીં આવવું હોય તો પણ અવાશે;
ભૂલે ભૂલેથી આવી પડાશે, મુખ જોઈને સુખડું થાશે. ૩૫
ઈચ્છા વિનાનો મુને ગમે છે, એ ઉપર મીઠી નજર રહે છે;
બોલાવું મીઠી વાણીથી તેને, અમૃત દ્રષ્ટિથી જાઉં એને. ૩૬
સંકલ્પ રાખીને આવે કોઈ કારણે, જોઉં હું એ ઉપર પરાંણે;
આવી વાત ઘણી ઘણી કહી, તેનો પાર કહેતાં આવે નહીં. ૩૭
પરકંમાનું હું છે કારણ, સંતો સૂણજો એનું તારણ;
ફરી ફરીને જોવી મૂરતી, જોવામાં ખોટ ન રાખો રતી. ૩૮
જેમ ગાડુ બળદિયા લે છે, ચારે તરફ ફરી જુઓ કહે છે;
તેમ જોઈ લેવી મૂરતિને, હરિ કહે મેતર દામાજીને. ૩૯
વળી દંડવત્‌નો અર્થ કરે, કરણ સહુ સાંભળવા ધરે;
તું કહીશ એમ હું કરીશ, જયાં ફેરવો ત્યાં હું ફરીશ. ૪૦
એનું નામ કહેવાય પગે લાગ્યા, પગે લાગીને માફ જ માગ્યા;
એમ કરે ને થાય નહીં કહ્યું, કરી મશ્કરી ને ફોગટ ગયું. ૪૧
અમારી પાર્ટી તો ભાઈ એવી, શ્યામ કહે સાંભળવા જેવી;
જગત મિથ્યા ને વિષય ખોટા, ભગવાન સત્ય વાળો નહીં ગોટા. ૪૨
ગોટાને ઠેકાણે ઈચ્છા જાણો, ઈચ્છાનો અર્થ વાસના ગણો;
વાસના તજી દેજો તરત, રાખી એની ઉપર ઘણી શરત. ૪૩

### અધ્યાય-૧૬-ચોપાઈ.

પછી વચનામૃત લીધું હાથ, પ્રથમ પચ્ચીસ વાંચીયું નાથે;
આત્મનિષ્ટામાં જાણો ત્રણ ભેદ, ઉત્તમ મધ્યમ કનિષ્ટ થયા છેદ. ૧
કનિષ્ટ ભેદ પ્રથમ પચ્ચીસ, મધ્યમનો તો હવે કહીશ;
સારંગપુર બીજે પરમાણો, એમાં લખ્યાં ઘણાં એ એંધાણો. ૨
ઉત્તમ આત્મનિષ્ટાની વાત, મધ્ય બાસઠે કરી સાક્ષાત;

રાખી સમજણ જેણે એવી, તેમાં ભેદ પડ્યા સૂરતા દેવી. ૩
રાખી છે અને રહી બે જાણો, પરાણે રાખે રાખી પ્રમાણો;
સહેજે રહી એ રહી કહેવાય, રહેતા જરાય બળ ના થાય. ૪
પરાણે રાખે તે છકી જાય, સહેજે રહે તે ન છલકાય;
રાખે તો તેને રે કેફ ચડે, કેફ ચડે તો વિઘન પડે. ૫
રહે તો આવે નહીં વિઘન, વિઘનમાં રાખવું જતન;
રાખીએ તે કનિષ્ટ કહેવાય, રહી એ તો ઉત્તમ ગણાય. ૬
છકે નહીં પુરુષોત્તમ રુપ, એમ બોલ્યા પુરુષોત્તમ ભૂપ;
પીંડના પ્રભુ પામવા માંય, ઉતાવળું ન બોલવું કાંય. ૭
ઉતાવળો શબ્દ એ ક્રોધ, અંતરવૃત્તિમાં પડે વિરોધ;
મૂરતિવાળા ભગતને હોય, અષ્ટાંગ યોગ સાધવો સો'ય. ૮
મનુષ્યરુપે વિચરે જેહ, તેને ત્રાણ જોઈએ સૂણો તેહ;
ધ્યાન ધારણા અને સમાધિ, પાંચની મટી ગઈ ઉપાધિ. ૯
સત્વગુણમાં સંભારવું, રજોગુણમાં સ્મરણ કરવું;
સ્મરણ તે મુખે હરિનું નામ, ધીમે ઉતાવળે કરવું એ કામ. ૧૦
તમો ગુણે વાત કહે માવા, સંત સહિત શ્યામ સંભારવા;
આંહીં ગયા અને આંહીં આવ્યા, વળી હરિજને અહીં જમાડ્યા. ૧૧
આવી રીતે ગુણ વર્તી કરવું, ગુણ જોઈને ધ્યાન જ ધરવું;
નહિ તો કંટાળો કરાવે ગુણ, અકળાય થાય રુણ મુણ. ૧૨
નાસ્તિક થાય તેથી મન, માટે ઓળખવું રાખી જતન;
પછી વાંચીયું પ્રથમ છવ્વીસ, એમાં વાત કરે જગદીશ. ૧૩
સારંગપુર સત્તાર કાઢી, ભક્તમાં ભેદ કહ્યા દેખાડી;
આત્મારુપ અને બ્રહ્મરુપ, ત્રીજો અક્ષરરુપ અનૂપ. ૧૪
આત્મરુપ દસ સૂર્ય જેવું, બ્રહ્મરુપમાં બ્રહ્માંડ જેટલું લેવું;
અનંતકોટી સૂર્ય જેવું તેજ, અક્ષરરુપમાં જાણો રહ્યું છે જ. ૧૫
ત્રણેયમાં સૂણો તેજ ને સુખ, ઘણો ફેર છે કહ્યું શ્રી મુખ;
એકથી ઉતરતું ચઢતું કહાવે, એમ વાત કરી હતી માવે. ૧૬
સહેવાસે સહેવાસે જે થાય, માગેલાં ઘરેણાં તે કહેવાય;
સાધનથી કરેલું હોય જેહ, ઘરનાં ઘરેણાં જાણજો તેહ. ૧૭
હાલમાં જે જે થાય છે જાણો, કૃપાથી થાય છે પરમાણો;
શૂન્યમાં ધારવાથી પ્રકાશ થાય, સંકલ્પ થાય તો ઓ'લાઈ જાય. ૧૮

ચોવીસ કલાક શૂન્ય થાય, ત્યારે તેમાં તો તેજ દેખાય;
વચ્ચે સંકલ્પ થયો જો જરા, ફેરથી ગણવું સરાધરા. ૧૯
જતું રહેલું વહેલું એ આવે, અભ્યાસથી સઘળું કામ થાવે;
માગેલ ઘરેણાંમાં દેવું વાળે, થોડે થોડેથી સદા કાળે. ૨૦
તો ઘરનાં થાય હો સંત, એમ બોલીયા શ્રી ભગવંત;
કૃપાથી થયું હોય તે માગેલ, અખંડ રહે તો દેવું વળેલ. ૨૧
કાયર ન થાવું એમાં કદી, દેવું વાળવા ધ્યાન ધરવું સદા;
દેવું વાળતાં જ્યારે સિલક થાશે, ત્યારે જાણજો આગળ વધાશે. ૨૨
શૂન્યનું લક્ષણ બીજું સૂણજો, ઈન્દ્રિયોનું ભાન જાય ભણજો;
સૂતો બેઠો છતો કે ક્યાં છઉં, કાંઈ ખબર ન પડે સૂણો સહુ. ૨૩
તો તો ઈન્દ્રિયોનું ભાન ગયું, દેહ તપે તો દેહનું રહ્યું;
તપે નહીં તો દેહનું ગયું, રહ્યું જીવનું ભાન એમ કહ્યું. ૨૪
મૂર્તિ વિના બીજું ન સાંભરે, તો જીવનું ગયું વાત ઉચ્ચરે;
ઉત્તમ યોગી ગુણ ગાય અહોનિશ, મધ્યમની વાત હવે કહીશ. ૨૫
પહોર રાત જાતાં સંતો સૂવું, પહોર પાછલી રાતે ઉઠવું;
એ તો મધ્યમની કહી વાત, કનિષ્ટની સૂણો રે સાક્ષાત. ૨૬
સુષુપ્તિ આવે તો સૂઈ જાય, નેકર ત્યાં લગી ભજન થાય;
બળે કરે કાન્તિ ઘટી જાય, જે જે જુવે તેને ઓળખાય. ૨૭
યોગી પુરુષ લાંબા ન થાવો, કે'ડ દુઃખે તો ઉપાય કરો આવો;
ટેકો મેલીને બેસી ન રહેવું, બેસી ન રહેવાય તો સૂઈ જવું. ૨૮
આંખ ઉઘાડી રાખીને સૂવું, શૂન્ય માંહીં જતું નવ રહેવું;
શૂન્યમાં રે જો પડી જવાય, તો તો જ્ઞાન દર્શન ઓછું થાય. ૨૯
માટે અહીંયાં તો એવું રાખવું, જ્ઞાન દર્શનનો રસ ચાખવું;
બનતા સુધી પળે એમ પાળો, ન ચાલે તો જ કરજો ઢાળો. ૩૦
પ્રથમ શાસ્ત્રમાં લખેલી હોય, વાત નવ પૂછવી તે કોય;
પૂછે તો હું કચવાઈ જઉં છું, નવીન પૂછે તો રાજી થઉં છું. ૩૧
એક નજરેથી જોઈ રહેવું, એથી ઉત્તમ નથી એકેય એવું;
જન્મ સુધાર્યા કિર્તન બોલ્યા, તેના અર્થ કરી પડદા ખોલ્યા. ૩૨
કોઈની રહી નહીં હું વારી, એનો અર્થ કરે ગિરધારી;
પ્રથમ લોકે વાળ્યા નવ વાળ્યા, ખાળ્યા તોય તમે નવ ખળ્યા. ૩૩
મધ્ય પીસ્તાલીનાં જે ઓળખશે, એ બાવન ભૂતાં તો ખાળશે;

મેલને છાલ નથી જોવું, ત્યાં જઈ જઈને શું કમાવું.
મનમાં શાન્તિ હશે જ્યાં સુધી, ભૂતાં ત્યાં સુધી રાખશે રુંધી; ૩૪
પછે વધવાનો મારગ રહેશે, શાન્તિ જશે ત્યારે શરણે થશે.
એ સવિકલ્પની વાત જાણો, ભૂતાં જીત્યા પછી વાત સૂણો; ૩૫
મધ્ય બાવીસ પરમાણે થશે, અલૌકિક દેખાડી ખાળશે.
એવાં એવાં રસ્તે ખાળનાર, રહી અપાર લખી લગાર; ૩૬
હરિ સાથે હેત રે બંધાણી, એનો અર્થ કરે જગદાણી.
હેતે બંધાયા તે નવ છૂટે, કોઈ પ્રકારે તોડે નવ તૂટે; ૩૭
હવે હેવાતનનો અર્થ થાય, બીજો ગુરૂ ન થાય કહે છે રાય.
કહેતાં નાતરું ન કરવું પડે, મને પામે તો કોઈ નવ અડે; ૩૮
મોટાનો ઘોડો કોણ લઈ શકે, લેવા જાય તો મારે ધક્કે.
શાન્તિ થાય તો આવે નહીં, પણ જાય નહીં બીજે કંઈ; ૩૯
જાય તો બીજે મન નવ માને, મર કુંવારા ઘેર પડી રહીને.
દેહ ને મને બંધાય જ્યારે, જરાય તૂટે નહીં જાણો ત્યારે. ૪૦

## અધ્યાય - ૧૭ - ચોપાઈ.

એક સમે લે'રી લે'રમાં, હતા નથી કંઈ વાત ફેરમાં;
ખાંતે ખાંતીલો બોલે ખેલમાં, બોલ્યા છેલ છબીલો છેલમાં. ૧
હવે ખૂંણે બેસી રહેનાર નથી, એમ હરીએ કહ્યું જૂઠું નથી;
હરી ખૂંણે બેસી નહીં રહે, એમ શ્રી પુરુષોત્તમ કહે. ૨
ક્રોધ રુપે આવ્યા છે અસુર, સંતમાં કલેશ કરે ભરપૂર;
માટે ધીરજ ધારીને રહેવું, મુખે કાયર વેણ ના કહેવું. ૩
જતી લાડી માંડવો વધાવે, માટે સહેજો સહેજો કહ્યું માવે;
હજુ તો એ થાય છે રે થોડી, પણ આગળની કહું છું ફોડી. ૪
ખાવા નહીં જોઈએ જ્યારે સંત, ત્યારે ઘેર નહીં જવાય ભગવંત;
ત્યારે ઘરનાં સાથે થશે કલેશ, એમાં જૂઠું નથી લવ લેશ. ૫
તે વખતે જે આજ્ઞામાં રહેશે, જે ઘડીએ જેમ કહીએ તેમ કરશે;
તેને નહીં આવે કલેશ જરા, તે તો ઉતરી જશે સરાધરા. ૬
શ્રાવણ વદીમાં થઈ, સૌ સાંભળજો ચિત્ત દઈ;
ઈંદ્રિયોમાં નિશ્ચય થયો, અંતઃકરણમાં બાકી રહ્યો. ૭
અહીં અવાય છે તે જાણજો, ઈંદ્રિયોમાં નિશ્ચય છે ગણજો;
મન મૂર્તિમાં જોડશો જ્યારે, અંતઃકરણમાં નિશ્ચય થશે ત્યારે. ૮

## આરતી

નારાયણ મુની પ્રભુ (૨) આરતી પ્રગટ પ્રભુ
દર્શન વિણ સુની - નારાયણ મુની - ટેક
અક્ષર માંથી આવ્યા, કરવા જીવ સુખીયા (૨) પ્રભુ
સરવે સંકટ હરશે, શા માટે દુઃખીયા - નારાયણ મુની - ૧
બ્રહ્મ વિદ્યાની શાળા, ભાદરણમાં ચાલે (૨) પ્રભુ
જોગી ભોગી રોગી અક્ષરમાં મહાલે - નારાયણ મુની - ૨
આલોકે પણ શાંતિ, તન દ્વારા ધનનું (૨) પ્રભુ
પ્યારા ઉપર પ્રીતી, મૂર્તિમાં મનનું - નારાયણ મુની - ૩
સુખનો સીધું ભરીયો, જે જેની શક્તિ (૨) પ્રભુ
જેને જેવી શ્રદ્ધા, છે તેવી ભક્તિ - નારાયણ મુની - ૪
સુખ દુઃખમાં ના ભૂલતાં, રાજી મહારાજ (૨) પ્રભુ
વર આપે વહાલો રહો સાજા તાજા - નારાયણ મુની - ૫
ઝાઝું શું સમજાવું અહીંથી સમજાશે (૨) પ્રભુ
દયાભાઈ જય નારાયણ ભજતાં સુખ થાશે - નારાયણ મુની - ૬

## આરતી

દયા કરીને દર્શન દો છો નમન કરૂ, મહારાજ (૨) વાલા
જરકશીયા તમે આજ બનીને સુધાર્યા સરવે કાજ - દયા - ૧
મુખડુ જોઈને મોહીની લાગી શી કહુ શોભા આજ - દયા - ૨
મુરતી આવી મનમાં ધારૂં, મટાડવાને દાઝ - દયા- ૩
આવાને આવા ઉરે ઉતારૂં, મહેર કરો શીરતાજ - દયા- ૪
વિનયથી વાલા વિનંતી કરૂં છું વહેલા આવો મુનીરાજ - દયા - ૫

## પ્રાર્થના

ધર્મકુંવર શ્રી કૃષ્ણજી તમે ભક્ત પતિ ભગવાન
એ વર માગું છું
દયા નિધિ તમ દાસને નિત આપો છો એ દાન
એ વર માગું છું
નિરવિકલ્પ ઉત્તમ અતિ એવું નિશ્ચયનાથ તમારૂં
એ વર માંગુ છું
અલબેલા તમ આંગણે હું અરજ કરૂં એ સારૂં
એ વર માંગુ છું
મહત્તમ જ્ઞાને સહિત હરિ એવી એકાંતિક જે ભક્તિ

એ વર માંગુ છું
ચિત્ત રહો તમ ચરણમાં બીજે રહો સદા વિરકિત
એ વર માંગુ છું
હું માં તમારૂ ભક્તપણું હરિ એમાં કોઈ પ્રકાર
એ વર માંગુ છું
દોષ ન રહે કોઈ જાતનો એ આપો ધર્મ કુમાર
એ વર માંગુ છું
તમારા કોઈ ભક્તનો મારે દ્રોહ કયારે નવ થાય
એ વર માંગુ છું
સંગ એકાંતિક ભક્તનો મુને નિત્ય આપો મુનીરાય
એ વર માંગુ છું
દાસ તમારા દાસનો મુને રાખો નાથ હજુર
એ વર માંગુ છું
પ્રેમાનંદની વિનંતિ સાંભળજો શ્યામ જરૂર
એ વર માંગુ છું

### ભજન

મારે માથે હજાર હાથ વાળો,
અંખડ મારી રક્ષા કરે
મને ચિંતા કરવા ન જરી દેતો
કલ્યાણ મારૂં ઝંખ્યા કરે – મારે માથે
કદી ઉતરૂ જો માર્ગે આડે તો
સત્યપંથ ચિન્હા કરે – મારે માથે
નાથ શ્રદ્ધાનાં પારખા લેતો
સદાય સાથ આપ્યા કરે – મારે માથે
કદી રક્ષકના ઉગ્રરૂપ વાળો
કસોટી મારી કપરી કરે – મારે માથે
ધૂળમાંથી કનક કરી દેતો
અજબ તારી લીલા ખરે – મારે માથે

### ભજન

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું રે
રહે જન્મો જનમ તારો સાથ...પ્રભુ એવું માગું રે
તારૂ મુખડુ મનોહર જોયા કરૂ, રાત દહાડો ભજન તારૂ બોલ્યા કરૂં

શ્વાસે શ્વાસે રટું તારૂ નામ - પ્રભુ એ વર માગું રે
મારી આશા નિરાશા કરશો નહિ, મારા અવગુણ હૈયામાં ધરશો નહિ
અંતકાળે રહે તારૂ ધ્યાન - પ્રભુ એ વર માગું રે
મારા પાપને તાપ સમાવી દેજો, તારા બાળને દાસ બનાવી દેજો
દેજો અક્ષરધામમાં વાસ - પ્રભુ એ વર માગું રે

### ભજન

પંખી થજો ભાદરણ ધામમાં રે
જઈને કહેજે પુરૂષોત્તમને વાતડી રે (૨)
તારા ભક્તો આવે છે તને ભેટવા રે
જાગે ઉર્મી અંતર જાત ભાતની રે... પંખી
શ્રી ચરણોમાં શરણ મને આપજો રે
મેં તો માન્યા છે પિતા માતડી રે (૨)...પંખી
અન્ન ઉંઘ કે આરામ નથી આવતા રે
ત્રિકમ તારાથી ચાલે મારી જાતડી રે (૨)...પંખી
થયુ મનડું અધીરૂ તને મળવા રે
તું તો જાણે છે અંતરની વાતડી રે (૨)...પંખી
તમે સખીઓના શ્યામ સોહામણા રે
જરા વરસાવો કૃપાની વાદળી રે (૨)...પંખી

### ભજન

વિનંતિ મારી આજ પ્રભાતની નાથ અંતર મહી આપ ધરજો
આજની જીંદગી રાત સુતા લગી ચિત્તડે ચરણાં પ્રીત ભરજો
- વિનંતિ
રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં જળ અને કમળની જેમ રાખો
પાળુ મુજ ધર્મને કરૂ સહુ કર્મને ફળતણી આશાથી દુર રાખો.
- વિનંતિ
સુખી રહુ સુખમાં, સુખી રહુ દુઃખમાં, સુખનો દુઃખના ભેદ રાખો
પાંખમાં રાખીને દુઃખડાં કાપીને,
જાણ અજાણના પાપ બાળો - વિનંતિ
રહેવું સત્સંગમાં રાચુ એ રંગમાં
અંગમાં ભક્તિના પૂર ભરજો - વિનંતિ
ઈચ્છુ કલ્યાણ હું મિત્ર દુશ્મન તણું,

જગતનું નાથ કલ્યાણ કરજો- વિનંતિ
આંખ છે આંધળી તુંજ શું ના ઢળી,
તે છતાં હે હરિ લક્ષ રાખો- વિનંતિ
દોડતા આવીને પુનિત સંભારીને,
અંતમાં દર્શન આપ રહેજો- વિનંતિ

**સ્તુતિ**

જે જે સ્થળે આ મન જાય મારૂં
તે તે સ્થળે સદ્‌ગુરૂ રૂપ તારૂં
જયાં જયાં મુકુ મસ્તક હે ગુરૂ હું
ત્યાં ત્યાં પદ દ્રંદ્ર તારા જ સોહે.

**ભજન**

વારે વારે ગુરૂદેવ યાદ જ આવે. (૨)
યાદ જ આવે મુને, ચેન ન આવે રે (૨) ... વારે વારે
સાકાર રૂપે ભલે ના નિહાળું
હરનિશ હૃદયમાં ગુરૂદેવ ભાવુ (૨) ... વારે વારે
શ્રદ્ધા ડગેના, મનડુ ચગેના (૨)
જયગુરૂ જયગુરૂ રટણ હટે ના (૨) ... વારે વારે
આશા એક ધારી શરણે હું આવ્યો
હરિનામ દેજો ગુરૂ યાચવાને આવ્યો (૨) ... વારે વારે
મનડુ સદાય મારૂ ચરણરજ સેવ રે
બાળક તમારો લખી લખી પાય ગુરૂ લાગે રે (૨) ... વારે વારે

**ભજન**

મન ફાવે ત્યાં તુ ફરવાજા
પણ એક ઘડી પ્રભુને ભૂલના
આવ્યો સમય ફરી ફરી નહી મળશે
માટે તુ હરદમ હરિ ગુણ ગા...મન ફાવે.
ધન્ય ધન્ય જેણે હરિગુણ ગાયા,
ધન્ય ધન્ય તેના માતા પિતા...મન ફાવે.
શંકર સાચો રાહ બતાવે
હરિને ભજી તું હરિરૂપ થા...મન ફાવે.